# વિલિયમ કેરી



આધુનિક
મિશનરી
કાર્યના
પિતામહ

- એસ. ડી. પરમાર

IBGW2 (२८)

# વિલિયમ કેરી

(અર્વાચીન મિશનોનો પિતા અને સ્થાપક)

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

લેખક
રેવ. એસ. ડી. પરમાર
એસ. ટી. સી., એલ. ટીએચ.

• **વિલિયમ કેરી**

• પ્રકાશક
**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવાસદન એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬.
ફોન નં. ૬૪૪૫૨૮૧

• લેખક
**રેવ. એસ. ડી. પરમાર**

• પ્રથમ આવૃત્તિ - ૧૯૮૮
બીજી આવૃત્તિ - ૧૯૯૨
ત્રીજી આવૃત્તિ - ૨૦૦૦

• **મૂલ્ય** : રૂ. ૧૫-૦૦

• **પ્રત** : ૧૦૦૦

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

© સર્વ હક્ક લેખકને સ્વાધીન

• મુદ્રક
**ફોટ્રોનિક્સ**
ભરવાડા હાઉસ,
જૂની હાઇકોર્ટ રેલવે ક્રોસિંગ પાસે,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૬૪૨૭૪૪૮



## સ્વ. સુશીલાબહેન બીજલભાઈ

તેમનો જન્મ તા. ૧૮-૬-૨૨ના રોજ ભરૂચના સ્વ. વડીલ બીજલભાઈ તથા સ્વ. લક્ષ્મીબહેનના ધાર્મિક કુટુંબમાં થયો હતો. તેઓ ચાર બહેનો અને એક ભાઈ હતાં. બાળપણમાં ધાર્મિક શિક્ષણને કારણે આ ધાર્મિક વારસો જીવનમાં અંત સુધી ટકી રહ્યો.

પ્રાથમિક શિક્ષણ ભરૂચમાં પ્રાપ્ત કર્યું. બોરસદ એમ.બી.એમ ટ્રેનિંગ કોલેજમાં ૧૯૪૩માં પી.ટી.સી. પાસ થયાં. ત્યાંની જ પ્રેક્ટીસીંગ સ્કૂલમાં શિક્ષિકા તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં.

સને ૧૯૪૫માં બેન્જામીન એ. રાઠોડ સાથે લગ્ન થયાં. અમદાવાદમાં સ્થાયી થતાં સને ૧૯૪૭માં મ્યુનિ. સ્કૂલમાં જોડાયા મિલનસાર સ્વભાવ, પ્રેમભર્યું વર્તન, કામની ધગશ, પરોણાંગત કરનાર, ધાર્મિક્તા, કાયમ પ્રાર્થના અને

પ્રભુ મંદિરમાં કાયમ જવું, બે દીકરા ને બે દીકરીઓને ઉત્તમ શિક્ષણ પૂરું પાડ્યું. દાદીમા બની બાળકોના બાળકોને પ્રભુમાં કેળવ્યાં. અને ૧૯૮૦માં આચાર્યા તરીકે નિવૃત્ત થયાં.

તા. ૩૧-૫-૯૪ના રોજ હૃદયરોગના નાજુક હુમલામાં સ્વર્ગીય ધામમાં પ્રભુને મળવા માટે હસતાં મુખે વિદાય લીધી.

**બેન્જામીન એ. રાઠોડ**
રાઠોડ કોટેજ ક્રિશ્ચિયન કોલોની
બહેરામપુરા, અમદાવાદ-૨૨

# પ્રસ્તાવના

વિલિયમ કેરીના જીવનચરિત્રનાં પુસ્તકની બાર વર્ષમાં આ ત્રીજી આવૃત્તિ પ્રગટ થઈ રહી છે. તે ખરેખર આનંદનો પ્રસંગ છે. રેવ. એસ. ડી. પરમાર સાહેબ લિખીત આ મહાન મિશનરીના જીવનનો પડકાર ઘણી બધી વ્યક્તિઓએ ઝીલ્યો છે. અને આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન સૌ સ્નેહીજનોના વાંચન અને સ્વીકારની અભિવ્યક્તિ છે.

આ પુસ્તક પ્રકાશન માટે શ્રી બેન્જામીનભાઈ રાઠોડ, અમદાવાદ તરફથી તેમના પત્ની શ્રીમતી સુશીલાબહેન બીજલભાઈની પ્રેમભરી યાદમાં રૂા. ૧૦,૦૦૦/- નું ખૂબ ઉદાર દાન પ્રાપ્ત થયું છે તે બદલ મુરબ્બી શ્રી બેન્જામીનભાઈ રાઠોડનો હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ.

**રેવ. નિકોલસ જી. પરમાર**

જાન્યુઆરી - ૨૦૦૦ **સેક્રેટરી**

# પ્રસ્તાવિક

આપણે ઈશ્વરનો આભાર માનીએ છીએ કે, સાહિત્ય પ્રકાશન ક્ષેત્રે ટ્રાક્ટ સોસાયટીએ જે સુંદર સેવાપ્રવૃત્તિ ઊપાડી છે તેને ખ્રિસ્તી અને બિનખ્રિસ્તી સમાજ તરફથી ખૂબ સારો પ્રતિભાવ મળી રહ્યો છે. જ્યાં વર્ષો તો શું પણ દાયકાઓ સુધી પુસ્તકો પડી રહેતાં ત્યાં હવે થોડાં જ ગણતરીના વર્ષોમાં પુસ્તકોની બીજી આવૃત્તિ થાય છે.

'વિલિયમ કેરી' એ રેવ. એસ. ડી. પરમાર સાહેબે માંદગીને બિછાનેથી કરેલું એક અમૂલ્ય સાહિત્યસર્જન છે. ખાસ કરીને યુવાનોના જીવનઘડતરમાં જીવનચરિત્રો જે અણમોલ સેવા બજાવી શકે છે તે સંદર્ભમાં 'વિલિયમ કેરી' જેવા સતમહાપુરુષના જીવનચરિત્રની ચોથા વર્ષે બહાર પડેલી આ બીજી આવૃત્તિ ઘણાંઓને ઉપયોગી નીવડે તે જ આપણા સહુની શુભેચ્છા અને પ્રાર્થના છે. દાતા શ્રી જસ્ટીનભાઈ જ્યોર્જભાઈ અને તેમનાં પત્ની બકુલાબહેનને પરમકૃપાળુ ઈશ્વરપિતા વધુ ને વધુ આત્મિક આશીર્વાદો આપો તે જ પ્રાર્થના.

ભગવતપ્રસાદ ચૌહાણ
સેક્રેટરી

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. બાલ્યાવસ્થા | ... | ૧ |
| ૨. ગ્રામશાળામાં | ... | ૪ |
| ૩. મોચી કામની તાલીમ | ... | ૧૦ |
| ૪. ઐચ્છિક ઉપદેશ તરીકે આરંભિક સેવા | ... | ૧૭ |
| ૫. મોલ્ટન અને મિશનરી તેડું | ... | ૨૨ |
| ૬. લીસેસ્ટર : કસોટી અને કલહના દિવસો | ... | ૩૨ |
| ૭. આત્મખોજ અંગે આવેદન : કેરીની પ્રથમ મહાન સિદ્ધિ | ... | ૩૭ |
| ૮. બાપ્ટિસ્ટ મિશનરી સોસાયટીની સ્થાપના | ... | ૪૨ |
| ૯. ભાવિ કાર્યક્રમની યોજના | ... | ૪૭ |
| ૧૦. મુશ્કેલીઓનો સામનો | ... | ૫૩ |
| ૧૧. ભારત તરફ સફર | ... | ૬૧ |
| ૧૨. ભારતમાં આગમન-અંધકારમય દિવસો | ... | ૬૪ |
| ૧૩. જંગલ મધ્યે | ... | ૭૨ |
| ૧૪. મદનાબટ્ટી | ... | ૭૯ |
| ૧૫. ભાવિ યોજના | ... | ૮૮ |
| ૧૬. ડેનિશ ધ્વજ હેઠળ આશ્રય | ... | ૯૪ |
| ૧૭. સીરામપુરમાં મિશનની સ્થાપના | ... | ૧૦૦ |
| ૧૮. નવા ખ્રિસ્તીઓ, કસોટીઓ અને પ્રગતિ | ... | ૧૧૦ |
| ૧૯. કેરી કૉલેજનો પ્રોફેસર બને છે | ... | ૧૧૮ |
| ૨૦. માનવસેવા | ... | ૧૨૩ |
| ૨૧. મહામંથનના દિવસો | ... | ૧૨૯ |

૨૨. ચાલીસ ભાષામાં પવિત્ર શાસ્ત્ર ... ૧૩૬
૨૩. દુર્ઘટના ... ૧૪૫
૨૪. કૉલેજની સ્થાપના ... ૧૫૦
૨૫. અંતિમ વર્ષો ... ૧૫૫
૨૬. કૌટુંબિક જીવન ... ૧૬૦
૨૭. મિશનરી કાર્ય ... ૧૬૪
૨૮. કેળવણીકાર અને ભાષાશાસ્ત્રી ... ૧૬૯
૨૯. વનસ્પતિશાસ્ત્રી તથા કૃષિકાર ... ૧૭૩
૩૦. વૈદકીય અને અન્ય સેવા ... ૧૭૭
૩૧. વિલિયમ કેરીના જીવનની અનોખી ભાત ... ૧૮૦
૩૨. કેરીના અનુવાદની યાદી ... ૧૮૨

# સમર્પણ

૧૯૮૬ની સાલ બાઇબલ સોસાયટી ઑફ ઇન્ડિયાની સેવા અને અસ્તિત્વને માટે ખૂબ જ મહત્ત્વની બની રહી. બરાબર ૧૭૫ વર્ષ પહેલાં એટલે કે ઈ.સ. ૧૮૧૧ની સાલમાં કલકત્તા ખાતે કેરી અને માર્શમેનની હાજરીમાં બાઇબલ સોસાયટીની ભારતમાંની સેવાની શરૂઆત કરવામાં આવી હતી.

માટે જ બાઇબલ સોસાયટી ઑફ ઇન્ડિયાની ૧૭૫મી જ્યંતિની ઉજવણી નિમિત્તે કોઈ સ્મૃતિગ્રંથ પ્રગટ કરવામાં આવે, તેવું ગુજરાત ઑક્ઝિલિયરી કમિટીએ ઠરાવ્યું. ઉજવણીના સમગ્ર આયોજનમાં આ પુસ્તકના પ્રકાશનને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું. આખરે વિલિયમ કેરીના ભવ્ય જીવનને ગુજરાતીમાં પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ પુસ્તકની હસ્તપ્રત તૈયાર કરવાની કપરી જવાબદારી રેવ. એસ. ડી. પરમારે સ્વીકારી. વૃદ્ધાવસ્થા, જવાબદારીઓનો બોજ અને અનેકવિધ મર્યાદાઓ વચ્ચે પણ ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી આ પુસ્તક તૈયાર કરવામાં તેમણે જે ભારે જહેમત ઉઠાવી છે તેની હું ઊંડી કદર કરું છું.

વળી ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીની કાર્યવાહક સમિતિએ ખૂબ ઉત્તેજન આપીને પ્રકાશનની જવાબદારી સ્વીકારી તે બદલ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનો, તેની કાર્યવાહક સમિતિના તમામ સભ્યોનો તેમ જ ટ્રાક્ટ સોસાયટીના સેક્રેટરી, પ્રિન્સિપાલ ભગવતપ્રસાદ ચૌહાણનો પણ હ્રદયના ઊંડાણથી આભાર માનું છું, કારણ કે બાઇબલ સોસાયટીએ

આ પ્રકાશનની જવાબદારી લેવામાં જે મર્યાદા અને મૂંઝવણ અનુભવી તેનો સુખદ ઉકેલ ટ્રાક્ટ સોસાયટીની પ્રેમભરી ઉદારતાને લીધે આવ્યો છે.

આધુનિક મિશનરી સેવાકાર્યના પિતામહ તેમ જ ભારતીય ભાષાઓમાં બાઇબલ ભાષાંતરની-અજોડ પ્રારંભની-અજાયબ જેવી આગેવાની પૂરી પાડનાર વિલિયમ કેરીની જીવનગાથાનું આ પુસ્તક બાઇબલ ભાષાંતરની સેવામાં સંકળાયેલ તમામ નામી-અનામી પ્રભુના સેવકો અને સેવિકાઓની મહામોટી સેવા બદલ ઊંડી આભારની લાગણી વ્યક્ત કરતાં આ પુસ્તકનું તેમને સમર્પણ કરું છું.

જોકે આ યાદી અપૂર્ણ છે પણ તે રજૂ કરતાં ઈશ્વરપિતા પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

**રેવ. શુલ્ઝ, ડૉ. વિલિયમ કેરી, રેવ. જેમ્સ સ્કીનર, રેવ. વિલિયમ ફાઈવી, રેવ. જોન વિલ્સન, રેવ. વિલિયમ કલાર્કસન, રેવ. વિલ્યમ ફ્લોવર, રેવ. એલેકઝાન્ડર કેર, રેવ. હોરમસજી પેસ્તનજી, રેવ. ધનજીભાઈ નવરોજજી, રેવ. રોબર્ટ મન્ટગમરી, રેવ. જી. ટી. રે., રેવ. રોબર્ટ ગિલેસ્પી, રેવ. જી. ટી. ટેલર, રેવ. વિલિયમ બીટી, રેવ. જોન શિલેડી, રેવ. સોરાબજી ખરદેસજી, ડૉ. જે. એમ. બ્લાઉ, રેવ. જયાનંદ ચૌહાન, રેવ. ટી. એચ. લાઇલ, શ્રી જયંત એમ. ક્રિશ્ચિયન, રેવ. નવીન ઑલિવર, ડૉ. અનિલ સોલંકી, ડૉ. આશિષ ક્રિસ્પાલ, શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ અને શ્રી વસુકાન્ત મેકવાન તેમ જ...**

આમ ગુજરાતને ઈશ્વરનાં વચનરૂપી પવિત્ર બાઇબલ પૂરું પાડવામાં છેક ૧૮૦૯થી માંડીને આજસુધી જેઓનાં નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અથવા આ યાદીમાં

સ્થાન પામ્યા નથી તે બધા પ્રભુભક્તોએ અવિરત શ્રમ કર્યો છે, જિંદગી ખર્ચી નાંખી છે અને જાનની કુરબાની આપતાં સુધી પણ પાછી પાની કરી નથી, તે સર્વને યાદ કરી આભારથી શિર ઝૂકી પડે છે. આ તમામ વહાલાઓને તેઓની અજાયબ જેવી ભાષાંતરની સેવાઓ યાદ કરતાં આ પુસ્તકનું ખૂબ જ પ્રેમથી સમર્પણ કરું છું અને આશા વ્યક્ત કરું છું કે તેમના પરિશ્રમના પરિણામે ગુજરાતીમાં પ્રસિદ્ધ થયેલા અને હવે પછી પ્રસિદ્ધ થનાર પ્રભુનાં વચનો મારફતે અનેક વ્યક્તિઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરી અનંત જીવન પામે.

**રેવ. નિકોલસ જી. પરમાર**
ઑક્ઝિલિયરી સેક્રેટરી,

તા. ૭-૧૧-૧૯૮૮

બાઇબલ હાઉસ,
એલિસબ્રિજ,

# લેખકનું નિવેદન

તારીખ ૨-૮-૧૯૮૬ના રોજ ગુજરાત ઑક્ઝિલિયરી બાઇબલ સોસાયટીના સેક્રેટરી સાહેબ રેવ. નિકોલસ જી. પરમારે ડૉ. વિલિયમ કેરીનું જીવનવૃત્તાંત લખવાની જવાબદારી મને સોંપી. આવી મહાન અને અનન્ય વ્યક્તિનું જીવનવૃત્તાંત લખવાને હું જરાય લાયક નથી તોપણ તે કાર્ય કરવાની પ્રેરણા મળવાથી તેનો નમ્રભાવે મેં આરંભ કરી દીધો. સતત બાર મહિનાના પ્રયાસ પછી તે કાર્ય પૂરું થઈ શક્યું તે માટે ઈશ્વરનો ઘણો જ આભાર માનું છું.

આ કાર્ય માટે જરૂરી સાહિત્ય મેળવી આપવામાં જેઓ મને સહાયરૂપ થયા છે તેઓનો આભાર માનું છું - રેવ. એન. જી. પરમાર, શ્રી વિલિયમ કેરાવાલા, શ્રી જે. એચ. ઠક્કર, રેવ. ડૉ. ટી. એચ. લાઈલ, શ્રી માર્ટિન એસ. ક્રિસ્ટી અને શ્રી રમણ પટેલ.

આખો હસ્તલેખ વાંચી જઈને શ્રી. સેમ્યુલ કે. ત્રાજકરે ખ્રિસ્તીબંધુ માટે લેખ મોકલી આપ્યા તે માટે તેમનો આભાર માનું છું. વળી હસ્તલેખ તૈયાર કરવામાં શ્રી ઈમાનુએલ સી. ક્રિસ્ટીએ જે મહેનત ઉઠાવી તે બદલ તેમનો આભારી છું.

સદરહુ જીવનવૃત્તાંત તૈયાર કરવામાં નીચેનાં પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

(1) Men Worth Remembering - William Carey by James Culross (1881)

(2) The Life of William Carey - Shoemaker and Missionary by George Smith (1887)

(3) William Carey - The Shoemaker who became "THE FATHER AND FOUNDER OF MODERN MISSION" - by John Brown Myers (1887)

(4) William Carey - by S. Pearce. 4th Edition (1934)

(5) William Carey - by F. Deavile Walker (1980)

(6) William Carey - by Kellsye M. Finnie (1986)

(7) The Story of Serampore and its College - by George Howells and members of the College Faculty (1927).

ડૉ. વિલિયમ કેરીનું જીવન પ્રત્યેક ખ્રિસ્તી માણસને માટે પડકારરૂપ છે. સદરહુ જીવનવૃત્તાંત વાંચતાં આપણને આપણી ન્યૂનતાનું ભાન થયા વિના રહેતું નથી. હું માનું છું અને મારી ખાતરી છે કે સદરહુ જીવન આપણ સર્વને સારુ પ્રેરણાજનક અને આત્મપરીક્ષા કરાવનારું નીવડશે.

માન તથા મહિમા ઈશ્વરને હોજો!

આઈ. પી. મિશન કંપાઉન્ડ,
એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

— એસ. ડી. પરમાર

## પ્રકરણ ૧

# બાલ્યાવસ્થા

(ઈ.સ. ૧૭૬૧-૧૭૬૭) (ઉંમર ૧-૬ વર્ષ)

અઢારમી સદીનો ઉત્તરાર્ધ ચાલતો હતો. તે સમયે ઇંગ્લાંડ આજના ભારતની માફક ગામડાંથી ભરપૂર હતું અને તેની વસ્તી આખા પ્રદેશ પર પથરાયેલી હતી. ઇંગ્લાંડની મધ્યમાં આવેલો નોર્ધમ્પટન નામનો પ્રાંત સૌથી વધુ વસ્તીવાળો હતો. બબ્બે કે ત્રણ ત્રણ માઈલને અંતરે ગામ આવે, જ્યાં પ્રાચીન દેવળની આસપાસ ઘાસથી છાયેલાં છાપરાવાળાં ઘરો નજરે પડતાં હતાં. આ પ્રાંતમાં પૌલર્સપુરી નામનું ગામ હતું. તે સમયે પૌલર્સપુરીની વસ્તી લગભગ આઠસો માણસોની હતી. આ ગામના એક નાના ઘરમાં ૧૭૬૧ના ઑગસ્ટ માસની ૧૭મી તારીખે વિલિયમ કેરીનો જન્મ થયો.

તેના પિતાનું નામ એડમન્ડ અને માતાનું નામ એલિઝાબેથ હતું. તેઓ વણાટકામનો ધંધો કરીને પોતાનું ગુજરાન ચલાવતાં હતાં. વહેલી સવારથી રાત પડે ત્યાં સુધી તેમની સાળનો અવાજ સંભળાતો હતો. તંગી અને ગરીબાઈની અવસ્થામાં એડમન્ડ કેરી ઉદ્યોગી બનવાનો અને કરકસરનો પાઠ શીખ્યો હતો. તે સાત વર્ષનો હતો, ત્યારે તેના પિતા મૃત્યુ પામ્યા અને તેથી તેનાં વિધવા મા તેને માટે દિલાસારૂપ હતાં. તેણે તેને વણાટનું કામ શીખવા ગામના એક વણકરને ત્યાં મૂક્યો. ત્યાં તે પોતાના પિતાનો ધંધો

શીખ્યો. તેનો પિતા સફેદ ઊનનું કાપડ બનાવતો. એડમન્ડે ૨૪ વર્ષની ઉંમરે એલિઝાબેથ વેલ્સ સાથે લગ્ન કર્યું, ત્યારે તેનાં આદરણીય મા તેની સાથે જ રહેતાં હતાં. એડમન્ડ ટૂંકા બાંધાનો હતો, પરંતુ શ્રમ કરીને તે આગળ વધ્યો હતો. તેને સંતાન થયાં, ત્યારે તેનાં વૃદ્ધ માતા તેમની સાર-સંભાળ લેતાં અને ઘણા જ વહાલથી તેમની કાળજી રાખતાં. બાળકોનાં નામ પણ તેમણે જ પાડેલાં. તેને પાંચ બાળકો હતાં. પ્રથમ બાળકને તેમણે વિલિયમ નામ આપ્યું. એડમન્ડ અને તેની પત્ની કામમાં રોકાયેલા હોય ત્યારે બાળકોનાં દાદી તેમને પોતાના ખોળામાં બેસાડીને તેમના પ્રત્યે બહુ વહાલ દર્શાવતાં અને પોતાની વૃદ્ધાવસ્થામાં ઈશ્વરે દર્શાવેલી પુષ્કળ ઉદારતા માટે તે આભાર વ્યક્ત કરતાં.

તે સમયે ઇંગ્લાંડમાં ગ્રામ્ય જીવન નીરસ અને ભયભરેલું હતું. મુખ્ય માર્ગો પણ ભયજનક હતા અને તેથી સેંકડો ગામડાં મુખ્ય શહેર લંડનના સંપર્કમાં બહુ રહી શકતાં નહિ.

ટપાલીઓ ઘોડા પર બેસીને ટપાલ લઈ જતા હતા, અને સામાન્ય રીતે કલાકના પાંચ માઈલની ઝડપે જતા હતા. સને ૧૭૮૪માં ટપાલની પ્રથમ ગાડી શરૂ થઈ.

પૌલર્સપુરીના ગ્રામ્યજનોને એક જ જાતનું અઠવાડિક ન્યુઝપેપર જોવા મળતું, જે ચામડાના બીબાથી હાથ વડે ઘણી મુશ્કેલીથી છપાતું હતું.

તે સમયે ગ્રામ્યજીવન કંઈ સરળ નહોતું. નાની વયથી જ બાળકોની પાસે કામ લેવામાં આવતું. અને તેથી શાળા કે રમતગમત માટે તેમને ઓછો સમય મળતો. વળી કામનું વેતન પણ ઘણું ઓછું મળતું. નાનો કેરી પણ ઝરણામાંથી પાણી ભરી લાવીને તથા પાસેના જંગલમાંથી લાકડાં વીણી લાવીને મદદ કરતો હતો. લોકો દરિદ્રતા અને અતિશય મજૂરીને કારણે અકાળે વૃદ્ધ થઈ જતા. એવા સંજોગોમાં બાળ કેરીનો જન્મ થયો.

ઘરના મોટામાં મોટા ઓરડાની બારી પાસે એડમન્ડની મોટી સાળ હતી. પોતાના વધતા જતા કુટુંબની જરૂરિયાતોને પહોંચી વળવા એ સાળ પર એડમન્ડ અને એલિઝાબેથ સવારથી સાંજ સુધી સખત પરિશ્રમ કરતાં હતાં. બપોરે થોડો સમય જમવા માટે મળે, તે સમયે બાળકોને પોતાનાં માબાપના ખોળામાં બેસવાનો લહાવો મળતો. એલિઝાબેથ અનેક વાર પોતાના પગ વડે બાળકોને હીંચકો નાખતાં નાખતાં કપડાંને થીંગડાં મારતી.

આ ઘરમાં ધાર્મિક વાતાવરણ હતું. પાસે આવેલા એક ઝરણાને પેલે પાર એક નાના ડુંગર પર ચોરસ મિનારાવાળું મંડળીનું પ્રભુમંદિર સ્પષ્ટ દેખાતું હતું. ઘણાં વર્ષો પહેલાં એડમન્ડનો પિતા એ મંડળીનો કલાર્ક હતો અને થોડો સમય બાદ એડમન્ડને પોતાને પણ એ જ સ્થાન મળ્યું હતું.

એડમન્ડ અને એલિઝાબેથ પોતાનાં બાળકોને લઈને નિયમિત રીતે પ્રભુમંદિરમાં હાજરી આપતાં હતાં. ઘરે તેમની પાસે બાઇબલ હતું, અને તેઓ તેનો ઉપયોગ કરતાં હતાં. તે દિવસોમાં ગામડામાં બાઇબલની સંખ્યા બહુ જૂજ જણાતી હતી કારણ કે ત્યાં સુધી બ્રિટિશ એન્ડ ફોરીન બાઇબલ સોસાયટીનો વિચાર સરખો પણ કરવામાં આવ્યો ન હતો, અને સામાન્ય વર્ગના માણસો માટે શાસ્ત્રની નકલ મેળવવી ખર્ચાળ હતી. પાછલાં વર્ષોમાં વિલિયમ કેરીએ આ પ્રમાણે લખ્યું હતું : "મારા બાળપણથી મને શાસ્ત્ર વાંચવાની ટેવ હતી" આ સાદા વાક્ય પરથી આપણને તેના નાનપણના જીવનનો કંઈક ખ્યાલ આવે છે. તેની બહેન મેરી જેને તે લાડમાં "પોલ્લી" કહેતો હતો, તેણે તેના બાળપણના દિવસો સંબંધી જણાવતાં કહ્યું કે, "વિલિયમ છ વર્ષનો હતો, ત્યારથી જ તેનામાં શિક્ષણ લેવાની તીવ્ર તમન્ના જણાતી હતી."

• • •

## પ્રકરણ ૨

# ગ્રામ્ય શાળામાં

(ઈ.સ. ૧૭૬૭) (ઉંમર ૬-૧૪ વર્ષ)

વિલિયમનું છઠ્ઠું વર્ષ ચાલતું હતું, ત્યારે તેનાં પ્રેમાળ દાદીમા મૃત્યુ પામ્યાં. વળી કુટુંબના સંજોગો પણ બદલાયા, અને તેથી તેના જીવન પર મહત્ત્વની અસર પડી. ગામની શાળામાં એડમન્ડ કેરીની શિક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી. પૌલર્સપુરી ગામના મોટા ભાગના લોકો કરતાં એડમન્ડ કેરી વધારે સારી કેળવણી પામ્યો હતો, એટલે શિક્ષકના કામની સાથે સાથે મંડળીના કલાર્ક તરીકે પણ તેણે સેવા આપવાની હતી.

ઉપરોક્ત નિમણૂકને કારણે એડમન્ડને પોતાના કુટુંબ સાથે સ્કૂલ હાઉસમાં જઈને રહેવાનું મળ્યું. જમણી તરફ મકાનને અડીને નાની શાળા હતી. અહીં વિલિયમ કેરીને પોતાની કિશોરાવસ્થાનાં અતિ મહત્ત્વના વર્ષો ગાળવાનાં હતાં. તેનો પિતા શિક્ષક હોવાથી તેને અનેક પ્રકારની સારી તકનો લાભ પણ મળતો હતો.

તેની ઉંમર તરફ જોતાં તેનું કદ જરા નાનું જણાતું હતું. તેનો પહેરવેશ અને રીતભાત ગામઠી હતાં, પરંતુ તેનો ચહેરો, તેની આંખો અને ખાસ કરીને તેનું કપાળ પ્રભાવશાળી દેખાતાં હતાં, અને તેનું વ્યક્તિત્વ પ્રકાશિત તથા મક્કમતાપૂર્ણ હતું. જોકે

તેનું શરીર પાતળું હતું, પરંતુ તે કસાયેલું હતું, અને તેનામાં કઠિન પરિશ્રમ કરવાની શક્તિ અને ચાલાકી હતાં.

નાનો વિલિયમ એક અસાધારણ ઉદ્યોગી વિદ્યાર્થી હતો. તેની બહેન મેરી જણાવે છે કે, "તે પોતાના બાળપણથી જ જ્ઞાન મેળવવા પાછળ મંડ્યો રહેતો, અને જે કંઈ કામ તે હાથ પર લે, તે તેને પૂરું કર્યા વિના રહેતો નહિ. મુશ્કેલીઓને કારણે તે કદી મનમાં નિરાશ થઈ જતો નહિ, અને જેમ જેમ તે પુખ્ત થતો ગયો, તેમ તેમ તેનામાં જ્ઞાનની તૃષા વધતી જ ગઈ." ગણિતના દાખલા કરતાં કરતાં તે મોડી રાત સુધી જાગતો હતો. કુટુંબનાં બીજાં માણસો જ્યારે ઊંઘતાં હોય, ત્યારે તે પોતાની સ્લેટમાં જે દાખલા ગણતો તેનો અવાજ તેની માને સંભળાતો હતો.

આ પરથી આપણને સમજાય છે કે પહેલેથી જ તેનામાં દઢતાપૂર્વક, અવિરતપણે કાર્ય કરવાની મનોવૃત્તિ હતી. વળી બાળપણથી જ તેનામાં સાહસવૃત્તિ હતી. જે ઝાડ બહુ ઊંચું હોય અને જે પર ચઢવાનું મુશ્કેલ હોય, તેવા ઝાડ પર ચઢવાની તે હંમેશાં તીવ્ર ઇચ્છા રાખતો હતો. એક પ્રસંગે પક્ષીનો માળો મેળવવા તેણે એક મુશ્કેલ ઝાડ પર ચઢવા નિર્ણય કર્યો. તે પર તેણે ચઢવાનો વારંવાર પ્રયત્ન કર્યો, અને તેમાં તે નિષ્ફળ ગયો હતો. આખરે એમ બન્યું કે, ચઢતાં ચઢતાં તે એક વાર લપસી ગયો અને અધમૂઓ થઈને નીચે પડ્યો. તે છોલાઈ ગયો હતો, એટલે તેને ઘેર લઈ જઈને તેની માએ તેની સારવાર કરી. કેટલાય દિવસો સુધી તેને કેદીની માફક ઘરમાં ભરાઈ રહેવું પડ્યું. પરંતુ સાજો થયો કે, તરત જ પોતાની માની નજર ચૂકવીને છટકી ગયો, અને ફરીથી પ્રયાસ કરીને તે ઝાડ પર ચઢી ગયો અને માળો લઈ આવ્યો.

તેની સાહસિક્તાનો બીજો પણ એક રમૂજ દાખલો છે. એક વખત તેનો દાંત દુખતો હતો. ત્યારે તે પોતે જ પોતાનો ડેન્ટિસ્ટ

બની ગયો. તેણે દળવાની ઘંટી સાથે દાંતને બાંધી દીધો અને કોઈ છોકરાને તે ફેરવવા કહ્યું. આથી દુખતો દાંત નીકળી ગયો.

વિલિયમ કુદરતપ્રેમી હતો. તેને તેના ઘરમાં એક અલાહિદો ઓરડો આપવામાં આવ્યો હતો, અને તેમાં તેણે એક નાનું સંગ્રહસ્થાન બનાવ્યું હતું. એ બનવાજોગ છે, કે દસ વર્ષ પર લંડનમાં જે મોટું બ્રિટિશ મ્યુઝિયમ ખોલવામાં આવ્યું હતું, તે વિષે સાંભળ્યું હશે અને એ પરથી વિલિયમને પોતાને પણ પોતાનું એક નાનું મ્યુઝિયમ બનાવવાનો વિચાર ઉદ્ભવ્યો હશે. વિદ્યાર્થી તરીકે તેનામાં જે હોંશ હતી, તેથી તેણે બધી જાતનાં જીવજંતુઓ, છોડવા, પક્ષીઓના માળા અને ઈંડા વગેરે જે કંઈ હાથ લાગે, તે સર્વના નમૂના તે એકત્ર કરવા મંડી પડ્યો. આ ઉત્સુક કુદરતીપ્રેમી છોકરાને મૃત જીવજંતુઓથી સંતોષ થયો નહિ. આથી જીવતાં જીવજંતુઓ, પક્ષીઓ વગેરે એકઠાં કરીને તેમના વિકાસનું તે અવલોકન કરવા લાગ્યો. તે ખેતરોમાં માઈલોના માઈલો ફરીને શોધ કરતો, અને ભાગ્યે જ ખાલી હાથે પાછો ફરતો. પાસેનું વ્હિટબરી જંગલ તેને માટે શિકારનું પ્રિય સ્થળ હતું. ઘણી વાર તેની બહેન મેરી તેની સાથે જતી હતી અને જીવજંતુ કે એક છોડવા માટે ગમે તેવા ગંદા રસ્તાઓ અને ભીના ઘાસમાં થઈને તેને જવું પડતું. જ્યારે જ્યારે બહાર જાય, ત્યારે ત્યારે તે બારીકાઈથી વાડોમાં નિરીક્ષણ કરે અને જો કોઈ નાનો છોડ જોઈ લે, તો તે તેને તરત ઊપાડી લઈને આનંદ સાથે પોતાની બહેનને દેખાડે અને તેની સુંદરતા તથા તેના વિકાસની રીત સમજાવે.

ડુંગર પર આવેલા પ્રભુમંદિરની તળેટીમાં એક ઝરણું વહેતું હતું અને તેની બન્ને બાજુએ વૃક્ષોની હારમાળા હતી. ગામના છોકરાઓની સાથે વિલિયમ પણ ત્યાં જતો, અને તેમાંથી માછલી, કરચલા, વગેરે જળપ્રાણીઓ પકડીને બાટલીઓમાં ઘેર લઈ જતો, અને પોતાના સંગ્રહસ્થાનમાં રાખતો.

તેને વનસ્પતિમાં ઘણો રસ હતો, અને તેમાં તેના કાકા પીટર કેરીએ તેને ઘણું ઉત્તેજન આપ્યું હતું, કારણ કે તે પોતે ગામમાં માળી હતો. તેને કોઈ સંતાન નહોતું એટલે તેના નાના ભત્રીજામાં તે ઘણો રસ લેતો. ગામ ફૂલઝાડ અને છોડવા અંગેનો તેનો કુદરતી ભાવ વિકાસ પામતો ગયો, અને તેને ઘણું શીખવાનું મળ્યું. હવે તો વિલિયમ પોતે એક ઉત્સુક માળી બની ગયો, અને તે ત્યાં રહ્યો, તે દરમિયાન નિશાળના બગીચાનો એકેય ખૂણો ખાલી રહ્યો નહોતો. આસપાસના પ્રદેશોમાં આવેલાં તમામ વૃક્ષોનો તે જાણકાર હતો. પાછલાં વર્ષોમાં ભારતમાં જઈને તેણે બોટાનિકલ ગાર્ડનમાં જે વૃક્ષો ઉગાડ્યાં તે દક્ષિણ એશિયામાં પણ મળતાં નહોતાં. પીટર કેરીને ખ્યાલ પણ નહોતો, કે આ તેનો ભત્રીજો એક દિવસ પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રી બની જશે.

અનેકવિધ વસ્તુઓથી તેણે પોતાના ઓરડાને મનોરંજક બનાવી દીધો હતો. તેમાં તેણે વિવિધ પ્રકારનાં પક્ષીઓ એકત્ર કર્યા હતાં. દીવાલો પર જીવજંતુઓ લગાડેલાં હતાં, અને વનસ્પતિના અનેક નમૂના બહુ જ કાળજીપૂર્વક સંભાળી રાખ્યા હતા. પક્ષીઓ તથા જીવજંતુઓની ખાસિયતોનું તે અવલોકન કરતો.

એ દરમિયાન વિલિયમ સામાન્ય શાળાની કેળવણીમાં પ્રગતિ કરી રહ્યો હતો. બાર વર્ષની ઉંમરે ગણિત ઉપરાંત તેણે લેટિન ભાષા શીખવાનું શરૂ કર્યું, અને ટૂંક સમયમાં ડાઈકસનો લેટિન શબ્દકોષ લગભગ આખો તેણે મોઢે કરી નાખ્યો. વળી તેને ચિત્રકલાનો પણ શોખ હતો, અને તેમાં તેણે સારી એવી પ્રગતિ કરી હતી.

તેના પિતાની માફક તેને પણ વાંચવાનો શોખ હતો. ઘરમાં જે પુસ્તકો હતાં, તે બધાં તેણે વાંચી નાખ્યાં, એટલું જ નહિ પણ ગામમાંથી જેટલાં ઉછીનાં મળ્યાં, તેટલાં પુસ્તકો લાવીને તેણે વાંચી

નાખ્યાં. નોવેલો અને નાટકોનાં પુસ્તકો પ્રત્યે તેને નફરત હતી, પરંતુ વિજ્ઞાન, ઇતિહાસ અને પ્રવાસનાં પુસ્તકો તેને બહુ ગમતાં હતાં. "કોલંબસનું જીવન" એ નામનું પુસ્તક તેણે એટલી બધી વાર આતુરતાથી અને ઉત્સુક્તાથી વાંચી નાખ્યું, કે તેના સાથી વિદ્યાર્થીઓ તેને 'કોલંબસ' કહીને બોલાવતા.

વિલિયમ કેરી પોતાને થયેલા ધાર્મિક અનુભવ વિષે પોતાના શબ્દોમાં નીચે પ્રમાણે જણાવે છે : "મારા જીવનનાં પ્રથમ ૧૪ વર્ષમાં ધાર્મિક ઉછેરના મને ઘણા જ લાભ મળ્યા હતા, પરંતુ ખ્રિસ્ત દ્વારા તારણની જે યોજના કરવામાં આવી હતી, તે વિષે હું પૂરેપૂરો અજાણ હતો. આ સમય દરમિયાન મારે ઘણાં ધાર્મિક પુસ્તકો વાંચવાં પડ્યાં હતાં, અને તેથી મારા મનમાં ઘણી ઉત્તેજના ઉદ્‌ભવી હતી. હું બાળપણથી જ શાસ્ત્ર વાંચવાને ટેવાયેલો હતો, અને ખાસ કરીને ઐતિહાસિક પુસ્તકોનો હું જાણકાર થયો હતો. તદુપરાંત મારે દેવળમાં નિયમિત જવાનું હોવાથી ત્યાં ગીતશાસ્ત્ર અને શાસ્ત્રપાઠોનું જે વાચન સતત થતું તેથી શાસ્ત્રનું સામાન્ય જ્ઞાન મને પ્રાપ્ત થયું. હું ૧૪ વર્ષનો થયો, ત્યાં સુધી ખરેખરા વ્યાવહારિક ધર્મ વિષે તો મેં ભાગ્યે જ સાંભળ્યું હતું. નિયમિત દેવળમાં જવાનું અને બાહ્ય વિધિઓ પાળવા, એ ફરજિયાત હતું, અને એ પસંદગીની બાબત નહોતી.

ધાર્મિક પુસ્તકો તેને ગમતાં નહોતાં, પરંતુ રોમાંચક અને અદ્‌ભુત પ્રસંગો જાણવા તે તીવ્ર ઇચ્છા રાખતો હોવાથી તેણે "યાત્રાકારી" નું પુસ્તક વાંચી નાખ્યું.

વિલિયમ હવે કટોકટીભરી વય તરફ જઈ રહ્યો હતો. તે અસ્થિર અને બેચેન બને છે, અને ઘરના અંકુશથી છૂટવા માગે છે. તેના સાહસિક સ્વભાવને કારણે તે તેના જેવા બીજા છોકરાઓની સોબત શોધે છે. આ સમય સંબંધી તે પોતે પોતાની વાત નીચે

પ્રમાણે જણાવે છે :- "આ સમયે મને એવા સોબતીઓ મળ્યા હતા, કે જે માત્ર મનને ભ્રષ્ટ કરીને અતિ ભૂંડા આચરણ તરફ દોરી જનારા હતા. આથી હું ભયંકર દુરાચારમાં પડી ગયો હતો. હું સમ ખાતો, જૂઠું બોલતો અને બીભત્સ વાતો કરતો હતો. આ બધું જુવાનોની ટોળકીમાં, ગાયકગણમાં ને ફૂટબોલની ટીમમાં ભળી જવાથી તેની છેલ્લી કક્ષાએ પહોંચ્યું હતું. અને જોકે મારા પિતા આવી સંગતથી દૂર રાખવા મને કડકમાં કડક હુકમ આપતા, તોપણ એક યા બીજા બહાના હેઠળ હું હંમેશાં છટકી જતો."

પરંતુ વિલિયમ કેરી માટે આ સંક્રાતન્તિનો સમય હતો. તેના આત્માની તૃષા છિપાવી, એના નિર્મળ જળનું તેણે પોતાના ગામમાં પાન કર્યું હતું. તેને ઘરમાં મળેલા શિક્ષણે, તેની મહત્ત્વાકાંક્ષાઓએ અને ઈશ્વરની કૃપાએ તેના હૃદયમાં કાર્ય શરૂ કરી દીધું હતું, જે વિષે તેને પોતાને ખબર નહોતી. અને આથી તેને નાસ્તિક જીવન સંતોષ આપે એ અશક્ય હતું.

● ● ●

## પ્રકરણ ૩

# મોચીકામની તાલીમ

(ઈ.સ. ૧૭૭૫-૧૭૮૪) (ઉંમર ૧૪-૨૩ વર્ષ)

એડમન્ડ કેરી એટલો બધો ગરીબ હતો કે, તે પોતાના દીકરાને ગામઠી શાળા સિવાય બીજું શિક્ષણ અપાવી શક્યો નહિ. આથી વિલિયમ ૧૪ વર્ષનો થયો ત્યારે પોતાનું ગુજરાન ચલાવવા માટે તેણે કામ કરવાની શરૂઆત કરી. અલબત્ત ગામમાંના તેની ઉંમરના છોકરાઓ કરતાં તેનું શિક્ષણ એકંદરે સારું હતું, તોપણ તે ખેતમજૂર બન્યો. એ બનવાજોગ છે કે, તેને બગીચાનો વનસ્પતિનો શોખ હતો, એટલે એવી પસંદગી કરી હશે.

પરંતુ એ કામ તેને માફક આવે એવું નહોતું. તે ૭ વર્ષનો હતો, ત્યારથી તેના હાથ અને ચહેરા પર થયેલા ચામડીના રોગથી તે પીડાતો હતો. તે કયા પ્રકારનો રોગ હતો, તેની પૂરતી વીગત મળી શકી નથી, કારણ કે તે દિવસોમાં એવું કોઈ વૈજ્ઞાનિક રોગનિદાન થતું નહોતું. પરંતુ એક બાબત સ્પષ્ટ જણાતી હતી, કે એ રોગને લીધે શરીર પર જે ફોલ્લા થવા જોઈએ, તે ભાગ્યે જ જણાયા હતા, તોપણ સૂર્યના કિરણો તેને માટે અસહ્ય હતાં. તેની બહેન પોલ્લી (મેરી) જણાવે છે કે, તેનો ભાઈ દિવસ દરમિયાન સૂર્યના તાપમાં જાય, તો તેની રાત અતિશય વેદનાભરી જતી, અને એનો કોઈ ઉપાય જણાતો નહોતો. આથી ટૂંક સમયમાં

એમ લાગ્યું કે, ખુલ્લાં ખેતરોમાં હવે તેનાથી કામ ચાલુ રાખી શકાય તેમ નથી, અથવા તો લાંબો સમય સૂર્યના તાપમાં તપી રહીને તેનાથી કોઈ કામ થાય તેમ નથી. તેનાં માબાપ ગરીબ હોવાથી તેઓ તેને માટે કંઈ કરી શકે તેમ નહોતું, પરંતુ તેની આવી દયાજનક સ્થિતિ જોઈને તેઓએ તેને યોગ્ય એવું કોઈ કામ શોધી કાઢવાનો પ્રયત્ન કર્યો.

એ દિવસોમાં નોર્ધમ્પટન પ્રાંતમાં ચર્મ ઉદ્યોગ મુખ્ય ધંધો હતો. કારખાનાનો યુગ હજી શરૂ થયો નહોતો, પરંતુ ઘાસનાં છતવાળા હજારો ઘરોમાં લોકો મોચીનો ધંધો કરતા હતા. તેનાથી ગ્રામ્યવિસ્તારની જરૂરિયાતો પૂરી પડાતી હતી, એટલું જ નહિ પરંતુ શહેરોમો અને પ્રાંતના અન્ય ભાગોમાં પણ પુરવઠો પહોંચાડવામાં આવતો હતો.

એડમન્ડ કેરીએ પોતાના દીકરાને પોતાનો જૂનો વણાટકામનો ધંધો શિખવાડવાને બદલે તેણે તેને પિડીંગ્ટનના ક્લાર્ક નિકોલ્સ નામના મોચીને ત્યાં કામ શીખવા માટે મોકલ્યો, કારણ કે એ પરગણાનો મુખ્ય ધંધો હતો, અને તેથી તેનું ભાવિ ઊજળું બને તેમ હતું. પૌલર્સપુરીથી એ ગામ નવેક માઈલ દૂર હતું.

આ ૧૬ વર્ષનો છોકરો હાથમાં લાકડી લઈને પોતાનાં થોડાંક કપડાનાં પોટલાં સાથે બાલ્યાવસ્થાનું પોતાનું ઘર છોડીને પોતાના શેઠને ત્યાં પિડીંગ્ટન જવા નીકળ્યો. ગામડાં અને નાળાં વટાવીને તે ત્યાં પહોંચી ગયો.

આ શિખાઉ કેરી ચામડાના કાર્યમાં વપરાતાં બધાં ઓજારો તથા સાધનોનો ઉપયોગ કરતાં શીખી ગયો. અઠવાડિયામાં એક વાર તો પાંચ માઈલ દૂર આવેલા નોર્ધમ્પટન શહેરમાં બૂટનું મોટું પોટલું લઈને તે ત્યાંના વેપારીને ત્યાં પણ જતો હતો.

વિલિયમ કેરી ક્લાર્ક નિકોલ્સને ત્યાં રહેતો હતો. તે દરમિયાન તેણે એક મહત્ત્વની શોધ કરી. પોતાના શેઠનાં પુસ્તકોમાંથી તેને નવા કરારનો એક ટીકાગ્રંથ મળી આવ્યો. તે ઉઘાડીને તેનાં પૃષ્ઠ ફેરવતો હતો, ત્યારે તેણે પ્રથમ વાર જ સુંદર ગ્રીક અક્ષરો જોયા. તે મનમાં વિચારવા લાગ્યો કે, હું લાટિન શીખ્યો છું, તો શા માટે ગ્રીક નહિ? તેનો શેઠ આ બાબતમાં કંઈ મદદ કરી શકે તેમ નહોતું એટલે તેણે બીજા એક શિક્ષકને શોધી કાઢ્યો. તેને યાદ આવ્યું કે, તેના પોતાના જ ગામ પૌલર્સપુરીમાં થોમસ જોન્સ નામનો એક વણકર રહે છે અને તેણે કિડરિમન્સ્ટરમાં સારી કેળવણી લીધી છે. વિલિયમ અવારનવાર રજા લઈને એ માણસને ત્યાં પહોંચી જતો, અને તેની પાસે ગ્રીક શીખતો. આ તેની બીજી પરભાષા હતી. તેણે તે પર સારો કાબૂ મેળવ્યો. પોતાના જીવનકાર્ય માટે તેણે અજાણતાં ભરેલું તૈયારીનું આ પગલું હતું.

યુવાન કેરીની માફક નિકોલ્સ પણ એક મંડળીનો સભ્ય હતો, પરંતુ તે ધાર્મિક માણસ નહોતો. કેટલીક વાર તે છૂટથી દારૂ પીતો હતો. એડમન્ડ અને એલિઝાબેથ કેરી સાબ્બાથની પવિત્રાઈ અંગે જે વિચારો ધરાવતાં હતાં, તેવાં તેના વિચારો નહોતો. આથી શું બનતું? નિકોલ્સ રવિવારની સવારે ભજનસેવાનો સમય થાય ત્યાં સુધી વિલિયમને બૂટનાં પોટલાં પહોંચાડવાનું કામ સોંપ્યા કરતો. કોઈ વાર કામ ન થાય, ત્યારે તેને ભારે ઠપકો મળતો, અને તેથી ઘણી વારે વિલિયમ ગુસ્સે થઈ જતો. ક્લાર્ક નિકોલ્સમાં જે એક ઉત્તમ ગુણ હતો, તે તો એ કે તે સત્યપ્રેમી હતો, અને જૂઠને ધિક્કારતો હતો. પરંતુ વિલિયમને ખરાબ સોબતીઓ મળી ગયા હતા, અને તેથી તેને જૂઠું બોલવાની ટેવ પડી ગઈ હતી. તે પોતે કહે છે કે, જૂઠના દુર્ગુણનો તે ભયંકર બંધાણી હતો.

આ દુકાનમાં વિલિયમ વોર નામનો બીજો એક વિદ્યાર્થી હતો જે કેરી કરતાં ત્રણ વર્ષ ઉંમરમાં મોટો હતો. તેણે જીવતા પ્રભુને પોતાના તારનાર તરીકે સ્વીકાર્યો હતો, અને નવો જન્મ પામવો, એટલે શું તેની તેને ખબર હતી. તેને અણમૂલ મોતી હાથ લાગ્યું હતું. તેના આત્મામાં ઈશ્વરની શાંતિ હતી, અને આથી આ વિષે તેણે કેરીને અને તેના શેઠને સાક્ષી આપી હતી. કેરી કહે છે : "તેણે મને પુસ્તકો આપવાનો આગ્રહ કર્યો, અને ધીમે ધીમે મારી વિચારસરણીમાં ફેર થવા લાગ્યો અને મારી આંતરિક બેચેની વધતી ગઈ."

કેટલાય સમયથી કેરીના જીવનમાં આધ્યાત્મિક મનોમંથન ચાલ્યા કરતું હતું, જાણે કે તે પોતાના જીવનની મહાન કટોકટીની પળોમાં થઈને પસાર થઈ રહ્યો હોય. સારાનરસાનાં પરિબળો તેના આત્મામાં યુદ્ધે ચઢ્યાં હતાં, અને હવે એવાં ચિહ્નો દૃશ્યમાન થતાં હતાં કે જે કંઈ સારું તે વિજયને માર્ગે હતું.

પરંતુ પોતાનો બચાવ થાય તે પહેલાં તેણે પોતાના પાપથી શરમાવું જોઈએ, અને તેથી પોતાના જીવનમાં બનેલો એક પ્રસંગ તે જાહેર કરે છે, અને જણાવે છે કે, તેણે એક પ્રસંગે પોતાના શેઠને છેતર્યો હતો. પોતાના શેઠનો શિલિંગનો એક ખરો સિક્કો લઈને તેને બદલે જૂઠો સિક્કો મૂકી દીધો હતો. આ બાબતમાં તેના શેઠે તેને પકડી પાડ્યો હતો, અને તેને જાહેરમાં શરમીંદો બનાવી દીધો હતો.

આ બનાવથી તે નમ્ર બની ગયો હતો, અને ત્યારથી ઈશ્વરે તેના હૃદયમાં કાર્ય કરવા માડ્યું હતું. તેને સમજાવવામાં આવ્યું હતું કે, માત્ર દેવળમાં હાજરી આપવાથી કે સારા બનવાથી કંઈ ખ્રિસ્તી બની જવાતું નથી. પરંતુ ખ્રિસ્તનો સ્વીકાર કરવાથી નવો જન્મ થાય છે.

હવે તે બાઇબલને રસપૂર્વક વાંચવા લાગ્યો.

તેનો આત્મા ઈશ્વરને માટે ઝંખતો હતો. પોતાના મનને શાંત પાડવા તેણે દર રવિવારે ત્રણ વાર દેવળમાં જવાનો નિશ્ચય કર્યો. તેણે જૂઠા સમ અને અન્ય પાપો તજી દેવાનો પોતાના હૃદયમાં નિશ્ચય કર્યો. તે એકલો હોય, ત્યારે તે માટે તે પ્રાર્થના પણ કરતો.

૧૭૭૯માં રાષ્ટ્રીય કટોકટી આવી પડી. ઇંગ્લાંડને ફ્રાંસ અને સ્પેન સાથે લડાઈમાં ઊતરવું પડ્યું હતું. ઇંગ્લાંડમાં કુટુંબો વિભિન્ન થઈ ગયાં હતાં અને હૃદયો ઉદાસ અને ગમગીન બની ગયાં હતાં. રાજાએ પ્રાર્થનાનો રાષ્ટ્રીય દિન જાહેર કર્યો. આથી સમગ્ર રાષ્ટ્રમાં ફેબ્રુઆરી ૧૦મીના બુધવારને ઉપવાસ અને પ્રાર્થના માટે ગંભીરતાપૂર્વક અલગ કરવામાં આવે એવો ઢંઢેરો પિટાવવામાં આવ્યો.

આ પ્રાર્થનામાં ભાગ લેવા માટે વિલિયમ વોરે કેરીને આમંત્રણ આપ્યું. આ પ્રાર્થનાસભા શેકલેટનના સભાગૃહમાં ભરવાની હતી. પ્રાર્થનાદિને પોતાનું મોચીકામ વેળાસર પતાવી દીધું અને સાંજના સમયે તે પ્રાર્થનાસભામાં ગયો.

એક સભ્યે હેબ્રી. ૧૩:૧૩નું વાંચન કર્યું : "માટે આપણે પણ તેનું અપમાન સહન કરીને છાવણી બહાર તેની પાસે જઈએ." આ વાક્ય કેરીનું જાણીતું હતું, પરંતુ આ સમયે તો તે તેના હૃદયમાં સોંસરું ઊતરી ગયું. તે કહે છે — "ખ્રિસ્તની પાછળ ચાલવાની મારી ઉત્સુક ઇચ્છા છે" અને આ ગંભીર પળોમાં તેણે નિશ્ચય કરી લીધો. સભા ચાલતી હતી તે દરમિયાન કેરીએ પોતાનું સંપૂર્ણ સ્વાર્પણ ખ્રિસ્તને કરવાનો નિર્ણય કરી લીધો. હવે તેનું ધ્યેય શું હતું? ઈસુ ખ્રિસ્તની સેવા કરવી, સુવાર્તા પ્રગટ કરવી અને માણસોને ખ્રિસ્તની પાસે લાવવા.

આ દરમિયાન કેરીના સંજોગો બદલાતા હતા. ૧૭૭૯માં કેરીને ધ્રાસ્કો પડે, એવો એક બનાવ બન્યો. તેનો શેઠ નિકોલ્સ

જેણે બે વર્ષ ઉપર લગ્ન કર્યું હતું, તે ઑક્ટોબરના આરંભમાં મૃત્યુ પામ્યો. આથી શેઠની વિધવાને અમુક રકમ આપીને ત્યાંથી તે છૂટો થઈ ગયેલ, પરંતુ એક ગૌરવભરી વાત એ હતી કે જે બે શિખાઉ તેની પાસે હતા, તેમને ખ્રિસ્ત તરફ દોરી લઈ જવામાં તે સાધનરૂપ બન્યો હતો.

ત્યાર પછી હેકલેટોનના મિ. થોમસ ઓલ્ડને ત્યાં કેરીને રોજના મજૂરીઆ મોચી તરીકે કામ મળ્યું, પરંતુ તેના બિન અનુભવને કારણે તેને ત્યાં બહુ ઓછું વેતન મળતું હતું.

થોમસ ઓલ્ડને ત્યાં કામ કરતાં કરતાં તેણે બીજી એક જવાબદારી પોતાના પર લીધી. તેના અગાઉના શેઠની સાળી ડૉરાથી પ્લેટક સાથે ૨૦ વર્ષની ઉંમરે ૧૭૮૧ના જૂન માસની ૧૦ના રવિવારે પિડીંગ્ટન ચર્ચમાં કેરીએ લગ્ન કર્યું. કેરી ઉંમરમાં ડૉરોથી કરતાં પાંચ વર્ષ નાનો હતો. ડૉરાથી ધાર્મિક કુટુંબની હતી. તેનો પિતા સભાગૃહનો એક વડીલ હતો, અને તેની બહેનો હેકલેટોનના નાના સમૂહના સભ્યો હતી. જોકે ડૉરોથીનું પોતાનું નામ સભ્યોની યાદીમાં જણાતું નથી, પરંતુ કેરી સાથે લગ્ન થયું, ત્યારે તે એક ધાર્મિક વલણવાળી જુવાન સ્ત્રી હતી, એમાં કંઈ શંકા નહોતી.

પાછળથી એમ માલૂમ પડ્યું કે, આ પગલું બહુ ડહાપણભરેલું નહોતું. વિલિયમ લગ્ન કરે એવી સ્થિતિ નહોતી. ડૉરોથી અભણ હતી. તે પોતાનું નામ પણ લખી શક્તી નહિ અને કેરી જેવા માણસની પત્ની થાય તે યોગ્ય નહોતું. વળી હાડમારી, સંકટ કે દુઃખ વેઠી શકે, તેવી તેનામાં શક્તિ નહોતી. તે નાજુક હોવાથી માનસિક રીતે બીમાર પડી જાય તેવી હતી. પરંતુ કેરી તેના પ્રત્યે હંમેશાં માયાળુપણે વર્તતો હતો. તેઓ લગ્ન પછી હેકલેટોનમાં એક નાના સ્વચ્છ ઘરમાં રહેવા ગયાં, જ્યાં કેરીએ એક સુંદર બગીચો બનાવી દીધો.

લગ્ન કર્યા પછી અઢી વરસે તેને નવી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો અને તે નવી જવાબદારીઓ ઉપાડવી પડી. મિ. ઓલ્ડનું અવસાન થયું. પરંતુ કેરીએ ખંતપૂર્વક તથા અવિરતપણે પોતાનો ધંધો ચાલુ રાખ્યો અને પોતાની દુકાનના બારણા પર સ્પષ્ટ કાળા અક્ષરોમાં નીચે પ્રમાણેનું પાટિયું લગાડ્યું.

**જૂના જોડા ખરીદાય છે,**
**અને વેચાય છે.**

• • •

## પ્રકરણ ૪

# ઐચ્છિક ઉપદેશક તરીકે આરંભિક સેવા

(ઈ.સ. ૧૭૮૨-૧૭૮૫) (ઉંમર ૨૧-૨૪ વર્ષ)

કેરીના બદલાણ અગાઉ થોડાં વર્ષ પહેલાં નોર્ધમ્પટન અને તેની આસપાસનાં પરગણાંમાં રહેતાં બાપ્ટિસ્ટ ધર્મસેવકોએ સંગત માટે એક એસોસિયેશનની સ્થાપના કરી હતી, જેનું નામ હતું – "એસોસિયેશન ઓફ ફેલોશીપ એન્ડ ક્રિશ્ચિયન સર્વિસ." આ ધર્મનિષ્ઠ માણસો ઉત્તેજન, પ્રેરણા અને સામર્થ્ય મેળવવા અવારનવાર એકત્ર થતા હતા. હેકલેટોનથી પાંચ માઈલ દૂર આવેલા ઓલ્નેનગર તેમને માટે કેન્દ્રરૂપ હતું. ત્યાંનો ધર્મસેવક જોન સુત્કલીફ એક હિંમતવાન અગ્રેસર હતો. વિલિયમ કેરી આત્મિક પ્રકાશ અને દોરવણીની શોધ કરતાં કરતાં હમણાં જ તેના સંપર્કમાં આવ્યો હતો.

એક પ્રસંગે ૧૭૮૨ના ઉનાળામાં ઉપરોક્ત બાપ્ટિસ્ટ એસોસિયેશનની જાહેર સભામાં હાજરી આપવા કેરી ચાલીને ઓલ્ને ગયો હતો. આ સભામાં તેને ત્રણ મહત્ત્વના માણસોની ઓળખાણ થઈ – જોન સુત્કલીફ, જોન રાયલેન્ડ અને આન્દ્રુ ફુલ્લર. હવે પછી કેરીનું જીવન આ માણસોનાં જીવન સાથે વણાઈ જવાનું હતું.

ગરીબાઈને કારણે કેરી પાસે તે દિવસે ખોરાક ખરીદવા જેટલા પણ પૈસા નહોતા. તે ધોરી રસ્તા પર ચાલ્યો જતો હતો, તેવામાં અર્લ્સ બાર્ટન ગામના મિ. ચાટર પોતાના મિત્રો સાથે તેને મળી ગયો. તેણે તેમની સાથે ભોજન લેવા આમંત્રણ આપ્યું. એક પખવાડિયા પછી આ લોકોએ કેરીને બાર્ટનમાં ભજનસેવા ચલાવવા માટે આમંત્રણ આપ્યું. નિખાલસપણે કેરી કહે છે – "એ આમંત્રણ મેં કેમ સ્વીકારી લીધું, તે સંબંધી હું કહી શક્તો નથી. પણ માનું છું કે, મારામાં અસ્વીકાર કરવાની હિંમત પણ નહોતી." આ તો જાહેર સેવાકાર્યનું પ્રથમ પગથિયું હતું.

બાર્ટનના લોકો કેરીના ઉપદેશથી એટલા બધા ખુશ થઈ ગયા કે, તેમણે તેને ફરી આવવાનું આમંત્રણ આપ્યું અને તે પછી દર પખવાડિયે તે આવીને ઉપદેશ કરે, તે માટે તેની નિમણૂક કરી દેવામાં આવી. આ રીતે તેણે સાડાત્રણ વર્ષ સુધી સેવા આપી. નિયમિત રીતે રવિવારે સવારે છ માઈલ ચાલીને ત્યાં જતો હતો, અને રાત્રે હેકલેટોનમાં પોતાને ઘેર પાછો ફરતો. નેન નદીની વિશાળ ખીણ પાસે આવેલા પહાડ પર બાર્ટનના નાના ગામમાં એકવીસ વર્ષની ઉંમરના મોચીએ સુવાર્તાના શિખાઉ ઉપદેશક તરીકે સેવા આપી.

આમ નિયમિત ઉપદેશ કરવાનો હોવાથી કેરીને સતત અભ્યાસની આવશ્યકતા જણાઈ. આથી તેની પોતાની પાસે જે થોડાં પુસ્તકો હતાં, અથવા બીજાં જે ઉછીનાં મળી શક્યાં, તે પુસ્તકોનો તેણે ખંતથી ઉપયોગ કરવાં માંડ્યો. નોર્ધમ્પટનમાં આવેલી ડૉ. રાયલેન્ડ લાઇબ્રેરીનાં પુસ્તકોનું વેચાણ થયું, ત્યારે પોતે ભૂખ્યો રહીને પૈસા બચાવ્યા, અને તેમાંથી થોડાંક પુસ્તકો ખરીદ્યાં.

જૂનો કરાર સમજણપૂર્વક વાંચી શકાય, તે માટે તેની મૂળ ભાષા જાણવી જોઈએ, અને તેથી તે નજીકના ધર્મસેવકોને બોલાવીને

તેમની પાસેથી હિબ્રૂ ભાષા શીખતો હતો. સુંદર હિબ્રૂ અક્ષરોમાં તેણે હાથથી લખેલ ગીતશાસ્ત્રની નકલ બ્રિસ્ટલ શહેરની બાપ્ટિસ્ટ કૉલેજમાં છે.

લાટીન, ગ્રીક, હિબ્રૂ અને ઈટાલીયન ભાષાઓ શીખ્યા પછી તેણે ડચ તથા ફ્રેન્ચ ભાષા શીખવાનું શરૂ કર્યું.

એક વૃદ્ધ સ્ત્રીના ઝૂંપડામાંથી ડચ ભાષાનું એક પુસ્તક મળી આવ્યું, અને ફ્રેન્ચ ભાષાનું પુસ્તક એક ફ્રેન્ચ પાસેથી થોડા પૈસા આપીને ખરીદી લીધું.

તેને ભાષાઓનું અસાધારણ દાન હતું, અને ગમે તેવા પ્રતિકૂળ સંજોગો હોય, તોપણ તે હંમેશાં તેનો વિકાસ કરવા પ્રયત્ન કરતો. તેની પાછળ એક જ હેતુ હતો કે, તે સર્વ ઈસુ ખ્રિસ્તની સેવા માટે વપરાય. સુવાર્તાનો એક કાર્યદક્ષ અને ઉપયોગી ઉપદેશક બનવાની ઇચ્છા રાખતો હોવાથી શ્રમ કરવામાં તે કદી પાછો પડતો નહિ. તેની આગળ ખુલ્લું પુસ્તક રાખ્યા સિવાય તે કદી કામ પર ચઢતો નહિ. થોમસ સ્કોટ જે હવે કેરીને બરાબર ઓળખતો હતો, તેણે હેકલેટોનમાં આવેલી તેની દુકાનની મુલાકાત લીધી હતી. ત્યાં આપણે શું જોઈએ છીએ? મોચીનું ઘર તે તો "કેરીની કૉલેજ" છે. એ અવ્યવસ્થિત નાની વર્કશોપમાં આપણે એને મજૂરના પોશાકમાં અને ચામડાનું એપ્રન પહેરેલો, બે ત્રણ ખીલીઓ તેના મોંમાં રાખેલી અને પાસે એક ખુલ્લું પુસ્તક જોઈએ છીએ. હથોડાના ફટકા પડતા જાય, ત્યારે વખતો વખત તે પુસ્તક તરફ નજર નાખે છે, અને પછી બોલ્યા વગર પોતાનું કાર્ય કર્યે જાય છે. તે વિચાર કરે છે, તેમ જ કાર્ય પણ કરે છે.

હવે બીજી બાજુથી પણ તેને માટે તેડું આવ્યું. પૌલર્સપુરીના થોડાક આસ્થાવાન લોકો તેની પાસે આવ્યા, અને કેરી મહિનામાં એક વાર પોતાના વતનમાં ઉપદેશ કરવા આવે, એવું તેને આમંત્રણ

આપ્યું. જોકે ત્યાં જવા માટે તેણે ૧૦ માઈલનો રસ્તો કાપવાનો હતો, તેમ છતાં એ જવાબદારી તેણે આનંદ સહિત સ્વીકારી લીધી.

આ મોચી-ઉપદેશકને હજી પણ સૈદ્ધાંતિક બાબતો અંગે મનમાં ગૂંચવણ રહ્યા કરતી હતી. તેની પ્રામાણિક પ્રેરકબુદ્ધિ પ્રમાણે તેને જેકોઈ નવો પ્રકાશ પ્રાપ્ત થાય, તેને આધારે તે હંમેશાં જીવન જીવવાનું પસંદ કરતો. બાપ્તિસ્મા વિષે તેણે જે કંઈ વાંચ્યું હતું તે અંગે વિશેષ વીગત મેળવવા તેણે નોર્ધમ્પટનના ડૉ. રાયલેન્ડ પર લખ્યું. નવા કરારનો અભ્યાસ કર્યા પછી તેને ખાતરી થઈ, કે આ વિધિ વિશ્વાસ અને સ્વાર્પણ પર આધારિત છે. આથી જોકે તે બાળ બાપ્તિસ્મા પામ્યો હતો, તોપણ ત્રેવીસ વર્ષની ઉંમરે ૧૭૮૩ના ઑક્ટોબરના પ્રથમ પ્રભુવારે તારીખ ૫મીએ સવારના છ વાગ્યે જોન રાયલેન્ડ દ્વારા નોર્ધમ્પટન ગામે નેન નદીમાં તે બાપ્તિસ્મા પામ્યો. તે એકલો જ ઉમેદવાર હતો, અને વળી ગામડાનો મોચી એટલે સભાજનોની હાજરી પણ ઓછી હતી.

આ સમયે તેના પોતાના ખાનગી જીવનમાં તે ઘણો ભારે બોજ લઈને ફરતો હતો. તેના ધંધામાં ખોટ આવી હતી, જે કદાચ તેના બિનઅનુભવને કારણે હોય. મિ. ઓલ્ડ મૃત્યુ પામ્યો તે અગાઉ એક મોટો ઓર્ડર મળ્યો હતો, અને તે ઓર્ડર મુજબ માલ મોકલી આપવામાં આવ્યો હતો, પરંતુ તે માલ તરત પાછો ફર્યો હતો. હવે આ યુવાન કેરીએ તો એટલું જ કરવાનું રહ્યું, કે જેમ જેમ તક મળે તેમ તેમ થોડે થોડે તેનો નિકાલ કરવો, અને આથી તેને ઘણો ગેરફાયદો થયો.

તેનું પ્રથમ બાળક-નાની બાળકી તાવથી મરણ પામી. કેરીને પોતાને પણ તાવ લાગુ પડી ગયો અને તેનો જીવ જોખમમાં આવી પડ્યો. તેની મા તેની બરદાસ અને સેવાચાકરી કરવા આવી પહોંચી. જોકે તાવ તો મટી ગયો, પરંતુ તે પછી અશક્તિ અને નબળાઈ ઘણી જ રહેવા લાગી, કારણ કે તેને મેલેરિયા હતો, અને

તે સાથે પીડાકારક ખાંસી થતી હતી. અઢાર માસની માંદગીના કારણે તેના વાળ ખરી પડ્યા, અને તે બાવીસ વર્ષની ઉંમરે એકદમ ટાલવાળો થઈ ગયો. આથી તેને બનાવટી કેશની કઢંગી ટોપી ખરીદીને પહેરવી પડી. દોઢ વરસ સુધી તે ઘણી દયાજનક સ્થિતિમાં હતો. બૂટના જથ્થાનો નિકાલ કરવા માટે એ ચામડાનો નવો પુરવઠો ઘરે લાવવા માટે ઘણી જ મુશ્કેલીથી ચાલીને તે એક સ્થળેથી બીજે સ્થળે જતો હતો. પોતાની તબિયત નાદુરસ્ત હોવા છતાં બધી ઋતુઓમાં કંટાળાજનક રસ્તાઓ પર ચાલીને બાર્ટનના લોકોને તે નિયમિત સેવા આપતો હતો. તેઓ ગરીબ હતા અને સાદડી બનાવવાનો ધંધો કરતા હતા. તેઓ તેનાં કપડાં માટે કે બૂટના ઘસારા પેટે પણ તેને કંઈ આપી શકતા નહિ. કેરીની આવી દયાજનક હાલત જોઈને તેનાં કુટુંબીજનોને ઘણી લાગણી થઈ. તેના નાના ભાઈ થોમસે પોતાની નજીવી આવકમાંથી રકમ બચાવીને તેને મદદરૂપ થવા યોજના કરી, અને તેને જરૂરી મદદ આપી. પૌલર્સપુરીના લોકોએ પણ તેને અન્ય રીતે મદદ કરી.

તેનું બાળક ગુજરી ગયું, તે અરસામાં તેણે ઘાસના બીડને પેલે પાર પિડીંગ્ટનમાં એક નાનું ઘર લીધું. પરંતુ એ ઘર તંદુરસ્તીને માટે યોગ્ય નહોતું. નીચલા ભાગમાં જે બગીચો તેણે પૂરા ખંતથી બનાવ્યો, તેમાં પણ પાણી ભરાઈ જતું, અને ચોમાસામાં ઘણો ભેજ રહેવાથી કેરીને જે બીમારી અને રોગ હતાં, તે વધવા લાગ્યાં.

પરંતુ કેરી પ્રતિકૂળ સંજોગોને આધીન થઈ જાય એવો માણસ નહોતો. તેણે પોતાની તમામ શક્તિ એકત્ર કરીને હિંમતપૂર્વક ગામનાં બાળકો માટે રાત્રિ-શાળા ચલાવવા પોતાના ઘરનો એક ઓરડો તૈયાર કર્યો. તેના પડોશીઓ તેને મોડી રાત સુધી મીણવાળા બરૂની સાંઠના દીવા પાસે બેસીને પુસ્તકો સાથે પરિશ્રમપૂર્વક કાર્ય કરતો જોતા હતા.

• • •

## પ્રકરણ ૫

# મોલ્ટન અને મિશનરી તેડું

(ઈ.સ. ૧૭૮૫-૧૭૮૯) (ઉંમર ૨૪-૨૮ વર્ષ)

૧૭૮૫ના આરંભમાં પોતાની સ્થિતિ સુધરી જાય, એવી એક તક કેરીને સાંપડી. બાર્ટનની ઉત્તરે પાંચ માઈલ પર આવેલા મોલ્ટન નામના નગરમાં સ્કૂલ માસ્તરની જગા ખાલી પડી હતી. શિક્ષણકાર્ય પ્રત્યે તેનામાં વારસાગત આવડત હોવાથી એ દિશામાં તેણે ઝંપલાવ્યું. કેરીના પિતા તેમ જ દાદા પણ શિક્ષકો જ હતા. મોલ્ટન નગર ઊંચા ટેકરા પર આવેલું હોવાથી તેનાં હવામાન દ્વારા તેની તંદુરસ્તી પણ વધારે સારી બની જાય, એ સંભવિત હતું. આથી તેણે કાર્ય હાથ પર લેવાનો નિર્ણય કર્યો, અને માર્ચ માસની પચ્ચીસમી તારીખે (LADY-DAY) * તેણે પોતાના નાના કુટુંબને નવા સ્થળે ખસેડ્યું.

તેણે ગામના છેડે આવેલી જગા સાફ કરી અને પરાળના છાપરાવાળી ઝૂંપડીમાં મોચીની દુકાન ખોલી. સમય જતાં તેણે પોતાની શાળા પણ શરૂ કરી. વોકર પોતાના પુસ્તકમાં જણાવે છે કે, ત્યાં ઘણાંખરાં જૂનાં ઘરો હજી હયાત છે, અને તે પૈકી એક

---

* ગ્રાબીએલ દૂતે કુંવારી મરિમયને ઈસુના આગમન વિષે ખબર આપી તે દિવસ.

ઘર કેરીનું પણ છે, જેમાં તે સાડાચાર વર્ષ રહ્યો હતો. છ ઘરોની એક લાઈનમાં વચ્ચે તે આવેલું છે.

હજી પણ હેકલેટોનના ખ્રિસ્તીઓ સાથે (તે મંડળીમાં) તેનું સભ્યપદ ચાલુ હતું, અને બાર્ટનમાં ઉપદેશ કરવા પણ તે જતો હતો. વળી મોલ્ટનમાં તેના ઘરની નજીક જ એક નાનું બાપ્તિસ્મા ચર્ચ હતું, અને તેના ગાઢ સંપર્કમાં તે રહેતો હતો. તેઓ ઘણાં વરસથી પાળક વગરના હતા. ટૂંક સમયમાં તેઓ કેરીને ઓળખતા થયા અને ધીમે ધીમે તેમને માટે પણ તે ઉપદેશક બની ગયો. બીજી બાજુ બાર્ટનના લોકો પણ તેને તેમનો બનાવી દેવા દબાણ કરી રહ્યા હતા. હવે શું કરવું? આથી આ બાબતમાં કેરીએ પોતાના મિત્ર અને સલાહકાર સુત્કલીફની સલાહ માગી. અને આખરે તેણે બાપ્ટિસ્ટ ચર્ચ સાથે જોડાવાનું પસંદ કર્યું.

નવેમ્બર માસમાં મોલ્ટનમાંની નાની બાપ્ટિસ્ટ મંડળીએ કેરીને પોતાના પાળક થવા માટે સ્પષ્ટ આમંત્રણ આપ્યું, અને ૧૭૮૭ના ઑગસ્ટની પહેલી તારીખે રાયલેન્ડ, સુત્કલીફ અને ફુલ્લર દ્વારા તેને દીક્ષા આપવામાં આવી. જે ગ્રામ્ય મોચી હતો, તે હવે સંપૂર્ણપણે માન્ય એવો બાપ્ટિસ્ટ ધર્મસેવક બની ગયો.

કેરીનો દરજ્જો બદલાયો. પણ તેથી તેની આર્થિક રીતે નાણાંકીય સ્થિતિમાં કોઈ ફેર પડ્યો નહિ. મોલ્ટનના બાપ્ટિસ્ટ લોકો ગરીબ હતા અને તેથી તેઓ વર્ષના ૧૦-૧૨ પાઉન્ડ જેટલો સાધારણ પગાર આપી શકે એમ હતું. પણ આનંદની વાત તો એ હતી કે, લંડનના સેન્ટ્રલ ફંડમાંથી તેને વર્ષના બીજાં પાંચ પાઉન્ડ ગ્રાન્ટ તરીકે મળવાના હતા. પરંતુ એ દિવસોમાં કોઈ પણ પરિણીત પુરુષ અઠવાડિયાના પાંચ શિલિંગ અને નવ પેન્સમાં પોતાનું ગુજરાન ચલાવી શકે નહિ. આથી ખોટ પૂરી કરવા માટે તેને શિક્ષણકાર્ય અને મોચીકામ કરવાની ફરજ પડી.

આરંભમાં તેની શાળા નિરાશારૂપ નીવડી, કારણ કે પહેલાં જે શિક્ષક હતો તે ગામમાં પાછો આવ્યો, અને તેણે પોતાનું કામ શરૂ કરી દીધું. તેણે ઘણા વિદ્યાર્થીઓ મેળવી લીધા, કારણ કે તે પોતે ત્યાંનો વતની હતો, અને ત્યાંના લોકો તેનું સન્માન રાખતા હતા. વળી તે ચર્ચ ઑફ ઇંગ્લાંડનો હતો, અને કેરી તો બાપ્ટિસ્ટ હતો. વળી તે શાળા ગામના મધ્યમાં હતી, અને કેરીની શાળા એક બાજુ પડી જતી હતી, અને છોકરાઓ પોતાના જૂના શિક્ષક પાસે જાય એ સ્વાભાવિક હતું. આથી કેરીને પોતાની શાળા ચાલુ રાખવા માટે ઘણું કઠણ પડ્યું, અને તે માટે તેણે તેનાથી થાય તેટલો પરિશ્રમ કર્યો. વિદ્યાર્થીઓને આપવાનું શિક્ષણ વધુ આકર્ષક અને રસિક બનાવવા તેણે પોતાની તમામ શક્તિઓ કામે લગાડી દીધી. ભૂગોળનો વિષય વધારે સારી રીતે શીખવી શકાય, તે માટે તેણે કાગળના મોટા કકડા ચોંટાડીને દુનિયાનો મોટો નકશો બનાવ્યો. ત્યાર પછી તેને એક નવો વિચાર સૂઝ્યો. એક દિવસ તેણે પેપરમાં જાહેરખબર વાંચી કે, શાળાઓમાં બાળકોને ભૂગોળ શીખવવા માટે હવે પૃથ્વીના ગોળા મળે છે. પરંતુ તે ખરીદવાની શક્તિ કેરીમાં નહોતી, આથી તેણે શું કર્યું? તેણે પોતે ચામડાનો એક મોટો ગોળો બનાવ્યો, અને તેના પર જુદાજુદા દેશો ચીતરીને દર્શાવ્યા. આ રીતે આવી પડેલી મુશ્કેલીનો તેણે સામનો કર્યો, અને તે શાળાનું કામ ચાલુ રાખી શક્યો, એટલું જ નહિ, પણ તેનાથી તો તેને સારી એવી નાણાંકીય મદદ પણ મળી રહી. તે આ પ્રમાણે કહે છે : "મેં શાળાને ટકાવી રાખી, ત્યારે શાળાએ મને ટકાવી રાખ્યો." આ રીતે અઠવાડિયાના લગભગ સાત શિલિંગ અને છ પેન્સની આવક કરી શક્યો, તેમ છતાં તેની નાણાંકીય મુશ્કેલી ઓછી થઈ નહોતી. આ કુટુંબને બહુ જ થોડા અને સાદા ખોરાકથી ચલાવી લેવું પડતું. ખાસા વખત સુધી તો તેમને માંસ જોવા પણ મળ્યું

નહોતું, પરંતુ કેરી પોતાની મુશ્કેલીઓ મોલ્ટનના લોકોને જણાવા દેતો નહિ.

અધૂરામાં પૂરું ગરીબાઈ સાથે તેના પર દુઃખ અને શોક પણ આવી પડ્યાં. મોલ્ટનમાં બે વર્ષ ગાળ્યા પછી તેનાં વહાલાં મા અવસાન પામ્યાં. આથી તેના મનને કેટલો ભારે ખેદ થયો હશે, તે આપણે કલ્પી શકીએ છીએ. તેમ છતાં આનંદનો એક પ્રસંગ પણ આવ્યો એટલે કે તેની પત્નીને ઑક્ટોબરમાં બાપ્તિસ્મા આપવામાં આવ્યું.

મોલ્ટનમાં ગાળેલાં ૪ વર્ષ તેને માટે મહત્ત્વનાં અને યાદગાર નીવડ્યાં હતાં. એ એકાંત નગરમાં પરાળના છાપરાવાળા ઘરમાં રહીને પરિશ્રમ તથા મહેનત કરતાં કરતાં તે પોતાનું કાર્ય કર્યે જતો હતો, ત્યારે તેણે મિશનરી થવાના તેડાનો અવાજ સાંભળ્યો. એ તેડું તેને કઈ રીતે મળ્યું? કેરી પોતે જણાવે છે : "મોલ્ટનમાં ગયા પછી મેં કેપ્ટન કુકની મુસાફરીનું વૃત્તાંત વાંચ્યું. તેની મારફતે સૌ પ્રથમ મારામાં મિશનરી કાર્ય માટે જાગૃતિ આવી."

કેપ્ટન કુક પોતાની ત્રીજી મુસાફરી કરી રહ્યો હતો, ત્યારે ૧૭૭૯માં ફેબ્રુઆરીની ૧૪મી તારીખે સેન્ડવીચ ટાપુઓમાં ત્યાંના વતનીઓએ તેનું ઘાતકી રીતે ખૂન કર્યું. તેના મૃત્યુના સમાચાર ઝડપથી ઇંગ્લાંડમાં ફેલાઈ ગયા. જોકે એ અંગેની વીગતો છપાતાં વાર થઈ, પણ આખરે ૧૭૮૫ના ડિસેમ્બરમાં તેની મુસાફરીઓ અંગેનું પુસ્તક બહાર પડ્યું. એ પુસ્તકની દેશ પર ભારે અસર થઈ અને એ વાંચીને કેરીના જીવનની દિશા પણ બદલાઈ ગઈ.

કુકને જોકે ધર્મમાં રસ નહોતો, પરંતુ તેણે જે સાહસભરી મુસાફરીઓ કરી, તે દરમિયાન બનેલા રોમાંચક બનાવો વિષે તથા વિવિધ દેશોના રીતરિવાજો અને તેમનાં ધર્મ વિષે તેણે નોંધપોથીમાં

લખ્યું હતું. આથી ઇંગ્લાંડમાં બીજાં બધાં પુસ્તકો કરતાં આ પુસ્તક વધુ પ્રિય થઈ પડ્યું હતું. આ પુસ્તક વિલિયમ કેરીને માટે એક મિશનરી ટેક્સ્ટ બુક સમાન હતું. કેરીને તેમાં માનવી જરૂરિયાતનું દર્શન થયું હતું. તેને મન શરીર પર છૂંદણાં પડાવેલા જંગલી લોકો વાસ્તવિક સ્ત્રીપુરુષો હતાં. આથી તેના મનમાં વિચાર સ્ફૂર્યો કે, આ દક્ષિણ સમુદ્રના ટાપુઓમાં રહેતા લોકોને સુવાર્તા મળવી જોઈએ. આ વિચાર તેના મનમાં ઘર ઘાલી બેઠો હતો, અને તેથી એ દિશામાં કામ કરવા તે લાગી ગયો, અને એ વિષય પર જે જે પુસ્તકો તેને હાથ લાગ્યાં, તેમનો તે ખંતથી અભ્યાસ કરવા મંડી પડ્યો. તેણે ભારત, ચીન તથા આફ્રિકા અને અમેરિકા તથા યુરોપના અન્ય દેશો વિષે વાંચ્યું. આ બધા પરથી તેને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો કે, દુનિયાના લોકોને ખ્રિસ્તની જરૂર છે. તેણે ધર્મપિતૃઓનાં લખાણો અને પ્રાચીન મંડળીએ મિશનરી કાર્ય અંગે કરેલા પ્રયાસો વિષે તેમ જ ડેવિડ બ્રેઈનર્ડ, એલિયટ અને જોનાથાન એડવર્ડનાં જીવન વૃત્તાંતો પણ વાંચ્યાં.

તેણે પોતે બનાવેલો દુનિયાનો મોટો નકશો જે તેની નિશાળના ઓરડામાં ટંગાયેલો હતો, તે હવે તેના નવા હેતુ તથા મનોરથ માટે કામમાં આવવા લાગ્યો.

તેણે બનાવેલો પૃથ્વીનો ગોળો તેને માટે બીજા બાઇબલ સમાન હતો જે તેને બેધારી તલવારની માફક વીંધતો હતો.

તે વિદ્યાર્થીઓને ભૂગોળનો પાઠ શીખવતો, ત્યારે તેનું હૈયું ભરાઈ આવતું, અને તેની આંખોમાં આંસુ આવી જતાં. ખંડો, ટાપુઓ અને લોકો વિષે શીખવતાં શીખવતાં તે ભારે હૈયા સાથે પોકારી ઊઠતો : "અરે, આ બધા મૂર્તિપૂજકો છે! હા, મૂર્તિપૂજકો છે! પ્રભુ ઈસુની તારણસાધક કૃપાની સુવાર્તા એમણે કદી સાંભળી નથી."

મોલ્ટન એ કેરીનું ત્રોઆસ બની ગયું હતું જ્યાં તેને વારંવાર સંત પૉલની જેમ એ જ સંભળાતું હતું કે, "મકદોનિયા ગ્રીસ આવીને અમને સહાય કરો."

પોતાના ઘરની બારીમાંથી તે પૃથ્વીના છેડા સુધી નજર કરતો. તેની સાળી કેથેરાઈન કહે છે : "મેં તેને અનેક વાર નાના બગીચામાં કલાક બે કલાક સુધી હલનચલન વિના સ્થિર ઊભેલો અને વિચારોમાં તથા પ્રાર્થનામાં મગ્ન થયેલો જોયો છે. આથી પડોશીઓ તેને પાગલ ગણી કાઢતા."

તેણે બનાવેલો દુનિયાનો નકશો તેને માટે પ્રાર્થનાનો ચાર્ટ હતો. આખા દિવસના પરિશ્રમ અને મહેનત પછી રાત્રિની શાંત પળોમાં ઘણી વાર પોતાની સમક્ષ આ નકશો ખુલ્લો મૂકીને ઈશ્વરની આગળ ઘૂંટણીએ પડીને પોતાનો આત્મા રેડી દેતો.

ખ્રિસ્તે આપેલી છેલ્લી મહાન આજ્ઞા તેના કાનમાં ગૂંજ્યા કરતી હતી. અને તેના હ્રદયનો પ્રત્યુત્તર આ હતો –

"હું આ રહ્યો, મને મોકલ!" આ તેડું વિલિયમ કેરીને કોઈ મિશનરી ધર્મજાગૃતિની સભામાં મળ્યું નહોતું, પરંતુ તેની પોતાની એકાંત દુકાનમાં તે મળ્યું હતું. જૂના કરારના પ્રબોધક આમોસને મળેલા તેડાના જેવી આ વાત છે. તેને જાણે કે આ પ્રમાણે બોલતો સાંભળીએ છીએ : "હું પ્રબોધક નહોતો, તેમ હું પ્રબોધકનો દીકરો પણ નહોતો... પણ હું મોચીનો ધંધો કરતો હતો, ત્યાંથી યહોવાહે પ્રભુએ મને બોલાવી લીધો, અને કહ્યું, "જા, મારા ઇસ્ત્રાએલી લોકોને પ્રબોધ કર." અને સાચું કહીએ તો તેનો પ્રથમ સંદેશ 'ઇસ્ત્રાએલ' માટે હતો. ઇંગ્લાંડની મંડળીઓમાં ઈશ્વરના લોકો ઊંઘતા હતા, તેઓને તેણે પ્રથમ જાગૃત કરવાના હતા.

થોડાં અઠવાડિયાં પછી નોર્ધમ્પટનમાં ધર્મસેવકોની એક સભા મળી, જેમાં કેરીએ પણ હાજરી આપી હતી. જાહેર ભજનસેવાનું

કાર્ય પૂરું થઈ ગયા પછી ડૉ. રાયલેન્ડે કહ્યું કે, "કોઈ પણ જુવાન કોઈ એકાદ વિષય સામાન્ય ચર્ચા માટે રજૂ કરી શકે છે" થોડીક ક્ષણ પછી કેરીએ ઊભા થઈને નીચેની બાબત રજૂ કરી : "પૃથ્વીના છેડા સુધી બધી પ્રજાઓને શિક્ષણ આપવાની જે આજ્ઞા પ્રેરિતોને આપવામાં આવી હતી, તે આજ્ઞા તે પછીના તમામ ધર્મસેવકોને માટે બંધનકર્તા છે કે કેમ?" સભા પર આ પ્રશ્ન વીજળીના કડાકા સમાન આવી પડ્યો. આવેશભર્યા અવાજ સાથે ડૉ. રાયલેન્ડે આ દરખાસ્તને તરત નકારી કાઢી, અને કહ્યું, "હે જુવાન, બેસી જા, બેસી જા, ઈશ્વર વિધર્મીઓનાં બદલાણ કરવા માગે, તો તે મારી કે તમારી મદદ વગર કરશે." કેરીને ટેકો આપનાર કોઈ નહોતો એટલે તે નિરાશ થઈને બેસી ગયો. પણ તે નાહિંમત નહોતો થયો, કારણ કે તેનો મુદ્દો બરાબર હતો, એની તેને ખાતરી હતી. જો કે શાંત કરી દેવામાં આવ્યો, તોપણ તે થોડા સમયને માટે જ. જે બાબતે તેના હૃદયને હચમચાવી મૂક્યું હતું, તેની માહિતી અન્યને આપવી એ તેનું પ્રથમ કર્તવ્ય હતું એ રીતે તે જોતો હતો. આથી જે કોઈના સંપર્કમાં તે આવતો, તે સર્વને તે વિષે વાત કરતો હતો. મોલ્ટનમાં આવેલી નાની મંડળીને પણ તેણે એ વિષે ઉપદેશ આપ્યો. તેની પ્રાર્થનાઓમાં પણ બે બાબતનો જ સૂર જણાતો હતો.

કેરીને હવે સ્પષ્ટ રીતે જણાતું હતું કે, મારા દિલનો મનોરથ પાર પાડવો હોય, તો મારે મારા સાથી ધર્મસેવકોનો સહકાર સાધવો જોઈએ. સને ૧૭૮૭ થી ૧૭૯૦ સુધીના ગાળામાં ધર્મસેવકોની જે જે સભાઓ મળી તેમાં તેનો મુખ્ય વિષય આ જ હતો. કેટલાક વૃદ્ધ માણસોને એમ લાગ્યું કે, કેરીના મનમાં જે યોજના છે, તે મૂર્ખાઈભરી અને અવ્યવહારુ છે, અને એમ કહીને તેઓ તેને ઉત્તેજન આપતા નહિ. પરંતુ નીડર કેરીએ પોતાના સાથી ધર્મસેવકોની સાથે વારાફરતી વ્યક્તિગત વાત કરીને અમુકને વિશ્વાસમાં લીધા.

શરૂઆતમાં તો તે એકલો જ હતો. મંડળીના આગેવાનો પણ તેની વિરુદ્ધ હતા, અને તેને ઉત્તેજન આપે એવું કોઈ નહોતું. તેમ જ જેની પાસેથી સલાહ મેળવી શકાય, એવી વ્યક્તિ પણ કોઈ જણાતી નહોતી.

વળી તે જૂજ કેળવણી પામેલો હતો, અને તેને કોઈ મોભો કે લાગવગ નહોતાં. માનવી દૃષ્ટિએ જોઈએ, તો બધું જ તેની વિરુદ્ધ હતું. સામાન્ય માણસે તો ક્યારનુંયે નમતું જોખી દીધું હોત, પરંતુ કેરીને એક વાતની ખાતરી હતી કે "ઈશ્વરે મને તેડું આપ્યું છે."

જાહેરમાં બહોળા પ્રમાણમાં લોકોને આ વાત પહોંચી શકે તે માટે તેણે એક પુસ્તિકા લખવાનો નિશ્ચય કર્યો. એ એક પ્રખ્યાત પુસ્તિકા થઈ ગઈ. જેનું નામ હતું, 'એન્કવાયરી'-'આત્મખોજ અંગે આવેદન.'

હવે તેણે બનાવેલો નકશો બળવાન માણસના હાથમાં એક શસ્ત્રરૂપ બની ગયો. શ્રમપૂર્વક એકત્ર કરેલી હકીકત જે તેના પર નોંધવામાં આવી હતી, તે હવે તેના ભાથામાં આંકડિયાળા બાણ સમાન નીવડી હતી. ધીમે ધીમે સઘળી માહિતી તેણે ક્રમ પ્રમાણે ગોઠવી દીધી અને પોતાની દલીલોને વિકસાવી, પોતાની માન્યતા અને સિદ્ધાંતો પ્રદર્શિત કર્યા અને જ્વલિત હૃદયે પોતાની અદ્‌ભુત અપીલ લખી નાખી. પ્રત્યેક વાક્ય પાંખિયાવાળા બાણ સમાન હતું. ડૉ. જ્યોર્જ સ્મિથ કહે છે, – "આ પુસ્તિકામાં દુનિયાની ભૂગોળ અંગે તથા તેમાં વ્યવસ્થિતપણે દર્શાવેલા આંકડા સંબંધી જે ખ્યાલ આપવામાં આવ્યો છે, તે ખરેખર અચંબો પમાડે તેવો છે."

એક અપ્રસિદ્ધ ગામડામાં વસતો માણસ પોતાના ઊંઘવાના સમય સિવાય બાકીનો બધો વખત પરિશ્રમ કરવામાં ગાળનાર, તેમ જ પુસ્તકાલયોના તથા સમાજના અન્ય માણસોને મળતા લાભોથી અલિપ્ત એવા ૩૦ વર્ષની અંદરનો એક મોચી દુનિયાનો નકશો

બનાવીને, એકેક ખંડ લઈને, એકેક ટાપુ લઈને, એકેક જાતિ લઈને, એકેક ધર્મ લઈને અને એકેક રાજ્ય લઈને ચોકસાઈપૂર્વક મોજણી કરે તે અર્વાચીન સમયના વિદ્વાન માણસને પણ આશ્ચર્ય પમાડે તેવી બાબત છે.

મોલ્ટનમાં કેરીએ જે નાનું ચેપલ બાંધ્યું હતું, તે અંગે દાન મેળવવા તે બર્મિંગહામ ગયો, ત્યારે પોટ્સ નામના માણસની સાથે તેને મુલાકાત થઈ, એ સમયે બંને જણ વચ્ચે જે વાર્તાલાપ થયો, તે નીચે પ્રમાણે છે :

પોટ્સ : "મિત્ર કેરી, મિશનો સંબંધી તારા મગજમાં શું શું છે? મને ખબર છે કે, દરેક વખતે તું એ વિષે વાત કરે છે."

કેરી : "સાહેબ, મને લાગે છે કે, મૂર્તિપૂજકો તથા અન્યધર્મીઓ માટે કંઈ કરવામાં આવે, એ અતિ અગત્યનું છે."

પોટ્સ : પણ તે કેવી રીતે કરી શકાય? અને એ કરે કોણ?

કેરી : "કોણ કરે, એમ જો આપ મને પૂછતા હો, તો એ વિષે મેં તો મારા મનમાં નિશ્ચય કરી દીધો છે. મને મોકલવા માટે જો થોડાક પૈસા મળી આવે, અને મારા પહોંચ્યા પછી બાર માસ મારો નિભાવ કરે, તો મારે માટે ઈશ્વર જે દ્વાર ખોલે, ત્યાં જવા હું તૈયાર છું."

પોટ્સ : "પણ તું ક્યાં જશે? કેરી, તેં શું એ વિષે વિચાર કર્યો છે?"

કેરી : "હા, એ સંબંધી મેં ચોક્કસ વિચાર કર્યો છે. જો સાધનસામગ્રી મળી જાય, તો "દક્ષિણ સમુદ્રના ટાપુઓને મારું" કાર્યક્ષેત્ર બનાવવા માગું છું. જો કોઈ સોસાયટી મને મોકલવા માગતી હોય અને ધારેલા સ્થળે પહોંચાડ્યા પછી એક વર્ષ સુધી મારો નિભાવ કરવા માગતી હોય તો હું રાજીખુશીથી જવા તૈયાર છું."

પોટ્સ : "મિત્ર કેરી, આ વિચાર નવો છે, અને ધાર્મિક જનતા આવી જવાબદારી લેવા તૈયાર નથી."

કેરી : "મને એ બાબતની ખબર છે. પરંતુ મૂર્તિપૂજક દુનિયાની દશા કે હાલત વિષે જાણ કરવા મેં એક પુસ્તિકા લખી છે. જો તેને પ્રસિદ્ધ કરવામાં આવે, તો એ સંબંધી ઘણા લોકોનો રસ જાગૃત થાય એમ છે."

પોટ્સ : "તો પછી શા માટે તું તેને પ્રસિદ્ધ કરતો નથી?"

કેરી : "તેનું એક જ કારણ છે કે, તે માટે મારી પાસે નાણાં નથી."

પોટ્સ : "આપણે જરૂરથી તે પ્રસિદ્ધ કરીશું. હું પોતે તેનો છપાવવાનો ખર્ચ ભોગવીશ."

આ બાબત વિષે મિ. પોટ્સ પર એવો પ્રભાવ પડ્યો કે, ત્યાં ને ત્યાં જ આ પુસ્તિકાના પ્રકાશન માટે તેમણે ૧૦ પાઉન્ડ આપવાનું વચન આપ્યું, અને તેથી કેરીને ઘણું ઉત્તેજન મળ્યું.

કેરીએ બર્મિંગહામથી પાછા ફરીને પોતાના મિત્રો રાયલેન્ડ, ફુલ્લર તથા સત્કાલીફને આ વાત કરી. વળી હોંશમાં ને હોંશમાં મિ. પોટ્સ પુસ્તિકાને છપાવવા માટે જે રકમ આપવાના હતા, તે પણ જણાવી દીધું. આ વાત જાણીને તેમને આનંદ થયો, પરંતુ તેને છપાવવાની બહુ ઉતાવળ કરવામાં આવે નહિ એવી સલાહ તેને આપવામાં આવી.

હવે માણસોનાં હ્રદયોમાં ઈશ્વરે કામ કરવા માંડ્યું છે, એવાં ચિહ્નો જણાવા લાગ્યાં. બાપ્ટિસ્ટ મંડળીઓમાં પ્રાર્થનાનું મોજું ફરી વળ્યું. કેરીસ ફુલ્લર, સત્કલીફ અને જુનિયર રાયલેન્ડ તથા અન્ય લોકો વિશ્વભરમાં સુવાર્તા પ્રચારાર્થે પ્રાર્થનાના આ મોજાને વેગ આપવા લાગ્યા. ખ્રિસ્તી માણસો પ્રાર્થના કરવાનું શરૂ કરે છે, ત્યારે બનાવો બનવાનું શરૂ થાય છે.

● ● ●

પ્રકરણ ૬

# લીસેસ્ટર : કસોટી અને કલહના દિવસો

(ઈ.સ. ૧૭૮૯-૧૭૯૧) (ઉંમર ૨૮-૩૦ વર્ષ

કેરી પોતાની મહાન યોજના માટે દઢતાપૂર્વક શ્રમ કરી રહ્યો હતો, પણ તેથી મોલ્ટન મંડળીની પાળકવિષયક સેવામાં કંઈ કમી આવવા દેતો નહિ. આરંભમાં એક નાનો "પ્રાર્થના રૂમ" બાંધવામાં આવ્યો અને તેની ધર્મસેવા વિકસિત થવાથી પ્રભુમંદિર બાંધવાની જરૂરિયાત ઊભી થઈ. આથી તે માટે જરૂરી દાન ઉઘરાવવામાં તેણે સખત શ્રમ કર્યો. ઘણી વારે તો એ કામ માટે તેને લાંબા લાંબા અંતરે ચાલીને જવું પડતું હતું. આ કામ માટે તે બર્મિંગહામ પણ ગયો હતો, એ આપણે જોઈ ગયા.

ત્યાર બાદ સેવાના એક નવા ક્ષેત્ર માટે તેને તેડું મળ્યું. ૧૭૮૯ના ફેબ્રુઆરી માસમાં તે પોતાના પિતાને લખી જણાવે છે કે, તેને લીસેસ્ટરની પાસ્ટોરેટ તરફથી આમંત્રણ મળ્યું છે. આ અંગે તેણે છ અઠવાડિયાં પછી મોલ્ટનની મંડળીને પણ જણાવ્યું. કેરી કોઈ સરળ કે સહેલું સ્થાન શોધતો નહોતો, કારણ કે જે કાર્ય માટે તેની માગણી કરવામાં આવી હતી, તે અસાધારણ મુશ્કેલીભર્યું હતું. લીસેસ્ટરની મંડળીનું નૈતિક રીતે અધઃપતન થયું હતું. તેમાં એક

પાખંડી મતે પ્રવેશ કર્યો હતો. લોકો સ્વચ્છંદી જીવન જીવતા હતા. તેઓ એમ માનતા હતા કે, કૃપાથી અમે તારણ પામેલા છીએ, માટે અમે ગમે તેવું જીવન જીવીએ તોપણ ચાલે. આથી મંડળી વેરવિખેર થઈ ગઈ હતી, અને ખ્રિસ્તી નામને કલંક લાગ્યું. ત્યાંના સભ્યો અને ડીકનો પણ ખ્રિસ્તની મંડળીમાં રહેવાને લાયક નહોતા. પરંતુ ત્યાં વિશ્વાસુ વ્યક્તિઓનો એક સમૂહ હતો, જે ચાલુ ભ્રષ્ટાચારની સામે ઉમદા રીતે જહેમત ઊઠાવીને લડત આપી રહ્યો હતો, અને એ લોકોએ જ કેરીને આમંત્રણ આપ્યું હતું.

મુશ્કેલીઓથી તે ડરી ગયો નહોતો, પરંતુ ઈશ્વરના આત્માની દોરવણી માટે તેણે થોડોક સમય રાહ જોઈ. આખરે તેણે તે તેડાનો સ્વીકાર કર્યો, અને ૧૭૮૯ની શરદ ઋતુમાં મોલ્ટનથી તે પોતાના નવા કાર્યક્ષેત્રમાં ગયો. અહીં પણ તે એક ઉમેદવાર તરીકે જ ગયો. ત્યાં એક વર્ષ અને દસ માસ પછી તેને ગંભીરતાપૂર્વક અલગ કરીને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું.

કેરી ચેપલની (નાનું પ્રભુમંદિર) સામે જ પરાળના છાપરાવાળા એક નાના ઘરમાં રહેવા લાગ્યો. તે કદીયે આવા નાના ઘરમાં રહ્યો નહોતો. આજે પણ તે ઘર તેની લગભગ અસલ સ્થિતિમાં જોવા મળે છે* જે બધા કેરીના જીવન અને કાર્ય સંબંધી જાણે છે, તેઓને માટે આ અર્થપૂર્ણ-પવિત્ર ભૂમિરૂપ છે. ઇંગ્લાંડમાં એ તેનું છેલ્લામાં છેલ્લું ઘર હતું.

મોલ્ટનમાં જે પગાર તેને મળતો હતો, તે કરતાં અહીં થોડો વધારે પગાર મળતો હતો, તેમ છતાં ગરીબાઈ સામે તેને ઝઝૂમવું પડતું હતું. તેના ત્રણ દીકરા મોટા થતા હતા. આથી પોતાની આવકમાં કંઈક કંઈક વધારો થાય, માટે કેરીને શાળા ચાલુ

---

* સને ૧૯૧૫માં બાપ્ટિસ્ટ મિશનરી સોસાયટીએ તે ખરીદી લીધું હતું અને હાલ કેરી મ્યુઝિયમ તરીકે વપરાય છે.

રાખવાની જરૂર પડી. તેનું જીવન અતિ ઉદ્યમી હતું, અને તે ઘણા ભારે બોજ વહન કરી રહ્યો હતો. ૧૭૯૦ના નવેમ્બરની ૧૨મી તારીખે પોતાના પ્રિય પિતા પર પત્ર લખતાં પોતાના અઠવાડિક કાર્યક્રમની રૂપરેખા તે નીચે મુજબ આપે છે :-

"સોમવારે હું સમૃદ્ધ ભાષાઓનો અભ્યાસ કરવામાં રોકાયેલો રહું છું, અન થોડોક અનુવાદ કરું છું. મંગળવારે વિજ્ઞાન, ઇતિહાસ, વગેરેનો અભ્યાસ. બુધવારે હું પ્રવચન કરું છું. બાર મહિનાથી પ્રકટીકરણનું પુસ્તક ચાલે છે. ગુરુવારે હું મિત્રોની મુલાકાત લઉં છું. શુક્રવારે અને શનિવારે પ્રભુવારને માટે તૈયારી કરું છું. રવિવારે ઈશ્વરનાં વચનનો ઉપદેશ કરું છું. દર પખવાડિયે વતનમાં ૩ વાર ઉપદેશ કરું છું. દર પખવાડિયે એક વાર સાંજે નજીકના ગામમાં જાઉં છું. મારી શાળા સવારે નવ વાગ્યે શરૂ થાય છે, અને શિયાળામાં ચાર વાગ્યા સુધી અને ઉનાળામાં પાંચ વાગ્યા સુધી ચાલે છે. આ બાર મહિના મેં કમિટીના સેક્રેટરી તરીકે કામ કર્યું છે.

હું મારો પોતાનો નથી, અને પોતે પોતાનો કરવા માગતો નથી. ઈશ્વરને જ્યાં યોગ્ય લાગે ત્યાં તે મારો ઉપયોગ કરે."

કેરીનું જીવન કાર્યરત હોવા છતાં એક બાબતની નોંધ કરવી જોઈએ, કે તે પોતાના ફાલતું સમયમાં મોચીનું કામ કરીને કંઈક આવક કરતો હતો, અને અઠવાડિયામાં નવથી દસ શિલિંગ કમાતો.

કેરી પર મંડળી તરફથી મુશ્કેલીઓ, ત્રાસ અને પજવણી આવ્યા કરતાં હતાં, અને તે વેઠતાં વેઠતાં એક વર્ષ ઉપરનો સમય થઈ ગયો હતો. પોતાના ખાસ મિત્ર ફુલ્લરને તેણે પોતાની અંગત અને ખાનગી વાત જણાવતાં કહ્યું : "કસોટીઓની જે પરિસ્થિતિમાંથી હું પસાર થઈ રહ્યો છું, તે અસહ્ય છે."

કેરી જ્યાં અભ્યાસ કરવા બેસતો, ત્યાં એક નાની બારી હતી. એ બારીથી છએક વાર દૂર ચેપલ આવેલું હતું. આ ચેપલ તેને

માટે માથાના દુ:ખાવારૂપ હતું, અને આથી તેને જોઈને પોતાની બારી આગળ ઘૂંટણિયે પડીને ભૂલાં પડેલાં પોતાનાં ઘેટાંને સારુ તે પ્રાર્થના કરતો હતો.

આખરે અડગતા, કૂનેહ, સહનશીલતા, ધીરજ અને વિશ્વાસ વિજયી નીવડે છે. સૌ પ્રથમ તો મંડળી માટે કેન્સરરૂપ જે ભાગ હતો, તેને કાપી નાખવો પડ્યો. તેને એ ઇચ્છવાજોગ લાગ્યું કે, મંડળીના પ્રત્યેક સભ્યનું સભ્યપદ રદ કરવું, અને નવેસરથી નવું રજિસ્ટર બનાવવું, અને તેમાં જે જૂના સભ્યો હોય, તેમને અને બીજા જેઓ નવા કરારના સિદ્ધાંતો સ્વીકારીને તે પ્રમાણે જીવન જીવવા ગંભીર પ્રતિજ્ઞા લે તેઓને તેમાં દાખલ કરવા. ત્યાર પછી નવું જીવન જણાવા લાગ્યું, અને પાછળથી તો સંખ્યા એટલી બધી વધી ગઈ કે, ગેલેરી બાંધવાની જરૂર પડી. ૧૭૯૧ના મે માસમાં તેણે પોતાના પિતા પર લખ્યું : ''અમારામાં ઈશ્વર પોતાનું કાર્ય કરી રહ્યો છે. કેટલાક જુવાનો પોતાના આત્મા વિષે ગંભીરતાથી વિચાર કરતા જણાય છે. ત્રણેક માઈલ પર આવેલા એક ગામમાં અજાયબ ફેરફાર થયો છે. કેટલાકનાં બદલાણ થયાં છે.''

આ મંડળીમાં થયેલી સ્પષ્ટ અસરને કારણે મેથોડિસ્ટ મંડળી પણ મજબૂત બની, અને પ્રાર્થનાસભામાં બાર માણસોની હાજરી રહેતી હતી, તેને બદલે ૧૦૯ માણસોની હાજરી થઈ ગઈ.

કેરી મંડળીના પ્રશ્નો અને સામાજિક મુશ્કેલીઓમાં રોકાયેલો હોવા છતાં તેના હ્રદયમાં રહેલો મુખ્ય મનોરથ-દુનિયાને સુવાર્તા પ્રગટ કરવાનો—ખસતો નહોતો, અને તેથી તેણે એ સંબંધી ધર્મસેવકોની સાથે વાત કરવાનું ચાલું રાખ્યું.

કેરીની વાતે ઘણા લોકોને અને ધર્મસેવકોને વિચાર કરતા કરી દીધા. કેટલાક એમ વિચારવા લાગ્યા કે, ''આવું મહાભારત કાર્ય આપણા જેવા ગરીબ માણસોથી કેવી રીતે હાથ પર લેવાય

છે?'' તેઓ કહેવા લાગ્યા કે, ''તે માટે આપણે પ્રાર્થના કરીને રાહ જોવી જોઈએ.'' તેમને વિશ્વદર્શન થયું હતું, પરંતુ કાર્ય કરતાં તેઓ પાછા પડતા હતા.

હવે એવું બન્યું કે, ૧૭૯૧ના એપ્રિલની ૨૭મી તારીખના ઇસ્ટર દિને કિલપ્સ્ટોનમાં ધર્મસેવકોની એક મિટીંગ મળી. તેમાં સત્કલીફે અને ફુલ્લરે બોધભાષણો કર્યા. ફુલ્લરે હાગ્ગાય ૧:૨ને આધારે બોધ આપ્યો : ''સૈન્યોનો દેવ યહોવા (પ્રભુ) કહે છે, કે આ પ્રજા કહે છે કે, વખત આવ્યો નથી, એટલે યહોવાનું મંદિર બાંધવાનો વખત હજી આવ્યો નથી. હજી વખત આવ્યો નથી, એમ કહીને લોકો બહાનાં કાઢતા હતા, અને એ રીતે ઈશ્વરનું કામ મુલતવી રાખવાનો લોક વિચાર કરે છે. ખ્રિસ્તને માટે અને માનવજાતના ભલાને માટે જે મહાન કાર્ય આપણે કરવાનું છે, તે આપણે મુલતવી રાખીએ છીએ. આથી આપણે સાવચેત થવાની જરૂર છે. આપણે મુશ્કેલીઓ નિહાળીએ છીએ, પરંતુ મુશ્કેલીઓને નિવારવા વિષે આપણે વિચાર કરતા નથી. જો લ્યુથરે આ સિદ્ધાંત ઉપર કામ કર્યું હોત, તો તે સુધારણાનું જે ગૌરવી કાર્ય કરી શક્યો તે તે કરી શક્યો ન હોત.''

• • •

## પ્રકરણ ૭

# આત્મખોજ અંગે આવેદન
# કેરીની પ્રથમ મહાન સિદ્ધિ

(ઈ.સ. ૧૭૯૧-૧૭૯૨) (ઉંમર ૩૦-૩૧ વર્ષ

ફુલ્લરે કિલપ્સ્ટોનમાં આપેલું ભાષણ ઘણું મનનીય અને માણસોને પોતાની ફરજનું ભાન કરાવનારું હતું. એ પછી થોડા દિવસોમાં ધર્મસેવકોની એક સભા લીસેસ્ટરમાં કેરીના પોતાના ચેપલમાં મળી. અઢાર મહિના પહેલાં કેરી ત્યાં ધર્મસેવામાં જોડાયો હતો, અને હવે ૧૭૯૧ના મે માસની ૨૪મી તારીખે તેને રીતસરની દીક્ષા આપવા માટે તેઓ એકત્ર થયા હતા. તે દિવસે સાંજે કેરીએ પોતાના થોડાક ખાસ મિત્રો સાથે પોતાના મહાન દર્શન અને મનોરથ વિષે ચર્ચા કરી. આ મિત્રોની માગણીથી કેરીએ તૈયાર કરેલી પુસ્તિકામાંથી ઘણોખરો ભાગ વાંચી સંભળાવ્યો. એકત્ર થયેલા તમામ મિત્રો તેનાથી ઘણા પ્રભાવિત થયા, અને થોડા જ મહિનામાં તે પુસ્તિકા પ્રસિદ્ધ કરવામાં આવી.

સદરહુ પુસ્તિકા કેરીના કાર્યક્ષેત્રની એક મહાન સિદ્ધિ હતી. એક રીતે જોતાં તે એક અનન્ય પુસ્તિકા હતી. તેની પાછળ આઠ વર્ષનો અભ્યાસ અને પરિશ્રમ હતો.

આ પુસ્તિકામાં પાંચ પ્રકરણ છે. આરંભમાં આપણા પ્રભુએ શીખવેલી પ્રાર્થના તરફ ધ્યાન દોરવામાં આવે છે. "તારું રાજ્ય આવો, જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તારી ઇચ્છા પૂરી થાઓ."— આ શબ્દો આપણે રોજ રોજ આપણા મુખે બોલીએ છીએ. પરંતુ એ દિશામાં શું આપણે કાર્યશીલ છીએ?

પ્રથમ પ્રકરણમાં કેરી ઈસુએ આપેલી મહાન આજ્ઞા તરફ ધ્યાન દોરે છે. તે કહે છે કે, આપણા પ્રભુએ પોતાના શિષ્યોને જે મહાન આજ્ઞા આપી, તે આપણને આજે બંધનકર્તા છે કે કેમ?

કેટલાક ખ્રિસ્તી લોકો આ પ્રશ્નનો ટૂંકોટચ જવાબ આપી દે છે. તેઓ એમ કહે છે કે, "ઈશ્વર વિધર્મીઓનો ઉદ્ધાર કરવા માગતો હશે, તો તે ગમે તે રીતે કરશે. તેમાં કંઈ આપણી જરૂર નથી." આમ કહીને તેઓ નચિંત રહે છે, અને જાણે કે તે બાબત સાથે તેમને કંઈ લાગતું વળગતું નથી, એ રીતે રહે છે. બીજા કેટલાએક એવી માન્યતા ધરાવે છે કે, આ બાબત માત્ર પ્રેરિતોને જ કહેવામાં આવી હતી.

ત્યાર પછી આગળ વધીને કેરી રોમન કેથોલિક મિશનેરીઓ તથા મોરેવિયન ભાઈઓ સંબંધી જણાવે છે. તેઓએ ખેડેલાં સાહસ અને વેઠેલી મુશ્કલીઓ તરફ આપણું ધ્યાન દોરવામાં આવે છે. વળી અંગ્રેજ વેપારીઓ વેપાર કરવાને માટે શું કંઈ ઓછું સાહસ ખેડે છે?

બીજા પ્રકરણમાં મિશનરી પ્રયાસો સંબંધી જણાવવામાં આવે છે. પચાસમાના દિવસથી માંડીને જે જે મિશનરી કાર્ય કરવામાં આવ્યું, તેનો ખ્યાલ આપવામાં આવે છે. પ્રેરિત પાઉલે કરેલી સુવાર્તિક મુસાફરીઓ તથા અન્ય પ્રેરિતોએ જુદા જુદા મુલકોમાં જઈને ઈશ્વરના રાજ્યના ફેલાવા માટે જે જે પ્રયત્નો કર્યા, તે અંગેની વીગત આપવામાં આવે છે. વળી ધર્મપિતૃઓએ કરેલી સેવાનો પણ ઉલ્લેખ કરવામાં આવે છે.

ત્યાર પછી ઇંગ્લાંડ, સ્કોટલેન્ડ, આયર્લાંડ અને ઉત્તર યુરોપમાં જેઓએ સેવાકાર્ય કર્યું, તેમની નોંધ આપે છે, વળી ઈસ્ટ ઈન્ડિઝ, ચીન અને જાપાન તથા દક્ષિણ અમેરિકા અને ઉત્તર અમેરિકા તથા આફ્રિકામાં થયેલ સેવાકાર્યનો ખ્યાલ આપે છે. અને છેલ્લે મોરેવિયન મિશને કરેલા કાર્યનો ખ્યાલ આપી પ્રકરણનો અંત લાવે છે.

આ બધી હકીકતો એકત્ર કરવા માટે કોણ જાણે કેરીને કેટલી બધી મીણબત્તીઓ બાળવી પડી હશે? અને કેટલાં બધાં પુસ્તકો વાંચવાં પડ્યાં હશે?

ત્રીજા પ્રકરણમાં તે સમયની જાણીતી દુનિયાની તેણે જે કાળજીપૂર્વક મોજણી કરેલી તેનો ખ્યાલ તે આપે છે. આંકડા દર્શાવતા કોઠા માટે પૂરાં ૨૩ પૃષ્ઠ વપરાયાં છે. આ તો તેના પરિશ્રમ અને તેના ખંતનું સ્મારક છે. દરેક કોઠામાં પાંચ કોલમ પાડવામાં આવે છે. (૧) દેશ કે ટાપુનું નામ, (૨) લંબાઈ, (૩) પહોળાઈ, (૪) વતનીઓની સંખ્યા, (૫) ધર્મ. યુરોપખંડની વીગત માટે ૭ પૃષ્ઠ લીધાં છે. નાનામાં નાના ટાપુ માટે પણ પૂરેપૂરી વિગત દર્શાવવામાં આવી છે. એશિયા ખંડની મોજણીમાં દક્ષિણ સમુદ્રના બધા ટાપુઓ આવરી લેવાયા છે. આફ્રિકા માટે ૩૫ અને અમેરિકા માટે ૫૫ શિર્ષક હેઠળ આંકડા આપવામાં આવ્યા છે.

તેણે તૈયાર કરેલા કોઠા વિષે વિચાર કરીએ છીએ, ત્યારે આપણને આશ્ચર્ય થયા વિના રહેતું નથી. બૂટ બનાવતો જાય, અને પુસ્તકોમાં જોતો જાય. જ્યારે બીજા લોકો ઊંઘતા હોય, ત્યારે તે એકત્ર કરેલ વીગતો કાળજીપૂર્વક પોતાના નકશામાં પૂરતો જાય.

ચોથા પ્રકરણમાં એમ બતાવવામાં આવે છે કે ગમે તેટલી મુશ્કેલીઓ હોય, તેમ છતાં અન્યધર્મીઓને ખ્રિસ્ત પાસે લાવી શકાય છે. પાંચ પ્રકારની મુશ્કેલીઓ છે. (૧) આપણાથી તેઓનું અંતર (૨) તેમનું જંગલી અને ઘાતકી જીવન, (૩) તેમનાથી માર્યા

જવાનું જોખમ, (૪) જીવનની જરૂરિયાતો મેળવવાની મુશ્કેલીઓ, (૫) તેમની ભાષા.

વિદેશો બહુ દૂર દૂર આવેલા છે, એ કંઈ મુશ્કેલી ગણી શકાય નહિ. માણસો હવે સહેલાઈથી વહાણ દ્વારા સમુદ્રમાં સફર કરી શકે છે. વેપારની કંપનીઓને જુઓ. તેઓ પોતાનો વેપાર કરવા સાહસ ખેડીને લોકોની પાસે પહોંચી જાય છે અને પવિત્રશાસ્ત્રમાં પણ એ રીત દેખાડવામાં આવી છે. "ખચીત દ્વીપો મારી વાટ જોશે... તારા પુત્રોને દૂરથી લઈને તાર્શીશનાં વહાણો પ્રથમ આવે છે." યશાયાહ ૬૦:૯. ઈશ્વરનું કામ આગળ ચલાવવા માટે નાવિકવિદ્યા એક સાધન છે. શું મોતનો ડર છે? શું પાઉલે અને બાર્નાબાસે પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામની ખાતર પોતાના જાન જોખમમાં નહોતા નાખ્યા? એલિયટ, ડેવિડ બ્રેઈનર્ડ અને મોરેવિયનો પણ શું તેમને પગલે નહોતા ચાલ્યા?

આ આખી યોજનાને વ્યાવહારિક બનાવી શકાય, એ વિષે આપણને પાંચમા પ્રકરણમાં કહેવામાં આવે છે. તે માટે પ્રાર્થના અને પ્રયાસની જરૂર છે. તે ખંત અને પરિશ્રમ માગી લે છે. આપણી પ્રાર્થના ચોક્કસ ધ્યેયવાળી અને સંયુક્ત હોવી જોઈએ. માત્ર પ્રાર્થના કરીને જ સંતોષ માનવાનો નથી, પરંતુ આપણને પ્રાપ્ત થયેલાં સાધનોનો ઉપયોગ કરીને કામે લાગી જવું જોઈએ. કોઈ વેપારી કંપનીને સનદ મળે છે, ત્યારે તેઓ પોતાથી થાય, તેટલા પ્રયત્નો કરે છે. તેમનો હેતુ સફળ થાય, તે માટે દરેક બાબતમાં કાળજી રાખે છે. તેઓ મોટા મોટા સમુદ્રો ઓળંગે છે, અને માફક ન આવે એવા વાતાવરણને વેઠવા તૈયાર થઈ જાય છે. અનેક વાર તેઓને ભયંકર હાડમારી અને વેદનામાં થઈને પસાર થવું પડે છે. મસીહના રાજ્યની વૃદ્ધિ કરવા માટે ખ્રિસ્તીઓને આ તમામ પ્રકારની પરિસ્થિતિમાં થઈને પસાર થવું પડે છે.

ત્યાર પછી તે એમ જણાવે છે કે, મિશનરી સોસાયટીની સ્થાપના કરવી જોઈએ. આ સોસાયટી કાર્યની યોજના કરશે, નાણાં એકત્ર કરશે, અને મિશનરીઓને મોકલી આપશે.

નાણાં એકત્ર કરવા અંગે તે જણાવે છે કે, પ્રત્યેક ખ્રિસ્તી માણસ પોતાની આવકમાંથી અમુક હિસ્સો ઈશ્વરના રાજ્યની વૃદ્ધિ અર્થે અલાહિદો કરે. છેલ્લે નીચેનું વાક્ય લખીને તે સમાપ્ત કરે છે - "કોઈ માણસ જે કંઈ વાવે, તે જ તે લણશે."

• • •

## પ્રકરણ ૮

# બાપ્ટિસ્ટ મિશનરી સોસાયટીની સ્થાપના

(ઈ.સ. ૧૭૯૨) (ઉંમર ૩૧ વર્ષ)

આપણે જોઈ ગયા કે, કેરીએ પ્રસિદ્ધ કરેલી પુસ્તિકા એ તેની સૌ પ્રથમ મહાન સિદ્ધિ હતી. કેરીને મન આ તો માત્ર આરંભ જ હતો. તેનું ધ્યેય શું હતું? મિશનરીઓને બહાર મોકલી આપે એવી સોસાયટી સ્થાપવાનો તેનો મુખ્ય હેતુ હતો, અને પુસ્તિકાનું પ્રકાશન એ હેતુ પાર પાડવાનું માત્ર પ્રથમ પગથિયું હતું. હવે પછીનું એનું કામ એ હતું કે, પુસ્તિકામાં દર્શાવેલા ધ્યેયને પાર પાડવા તાત્કાલિક પગલાં ભરવામાં આવે, એવી લોકોને વિનંતી કરવી.

સને ૧૭૯૨ની વસંત ઋતુમાં બાપ્ટિસ્ટ ધર્મસેવકોના એસોસિયેશનની બેઠક નોટિંગહામમાં મળવાની હતી, અને તે સમયે પ્રવચન આપવા માટે કેરીને અગાઉથી પસંદ કરવામાં આવ્યો હતો. કેરીએ પ્રાર્થના સહિત આધારવાક્ય પસંદ કરીને બોધભાષણ તૈયાર કર્યું, અને તેનો મહાન હેતુ સિદ્ધ કરવા માટે ઈશ્વર તેનો ઉપયોગ કરશે, એવો વિશ્વાસ રાખ્યો. ઈશ્વર શ્રોતાજનોનાં હૃદયોને સ્પર્શ કરે, તે માટે કેરી પોતે આગ્રહથી પોતાના ઘરમાં ઉપલી મેડીમાં બારીબારણાં બંધ કરીને ખંતથી પ્રાર્થના કરતો હતો.

સભાનો ઠરાવેલો સમય આવી પહોંચ્યો. મે માસની ૩૦મી તારીખે નોટિંગહામમાં બાપ્ટિસ્ટ ચેપલમાં સભા મળી. આ સાદા ભવ્ય સ્થાનમાં કેરીએ અતિ મહત્ત્વનું અને ઐતિહાસિક એવું બોધભાષણ આપ્યું. આ જુવાન ઉપદેશક જ્યારે પુલપીટ પર ચઢ્યો, ત્યારે લોકોને એ જરા વિચિત્ર વ્યક્તિ લાગી. તે પ્રમાણમાં ટૂંકા બાંધાનો અને પાતળો હતો. વળી મોચીનું કામ કરતાં કરતાં તેને સળંગ આગળ નમેલા રહેવું પડતું, એટલે તે વળી ગયેલો લાગતો. વળી માથા પર અકાળે પડેલી ટાલ લેવાથી તેને કૃત્રિમ વાળની ટોપી પહેરવી પડતી. પરંતુ તેના મુખ પર દૃઢ નિશ્ચય જણાતો હતો, અને તેને તેજદાર આંખો હતી. તેના અવાજમાં મક્કમતા અને ગંભીરતા હતી, તેમ જ ઈશ્વર તરફથી તેને મળેલા તેડા વિષે ખાતરી હતી, અને તેથી તે સંદેશો લઈને આવ્યો હતો.

તેણે જે આધાર વાક્ય પસંદ કર્યું હતું, તે આપણે કલ્પીએ તે કરતાં જુદું જ હતું. મિશનરી બોધભાષણ માટે ભાગ્યે જ કોઈ આવું આધારવાક્ય પસંદ કરે.

કેરીએ પોતાનું આધારવાક્ય જાહેર કર્યું :- "તારા તંબુની જગા વિશાળ કર, અને તેઓ તારાં રહેઠાણોના પડદા પ્રસાર, રોકીશ મા, તારાં દોરડાં લાંબાં કર, ને તારી મેખો મજબૂત કર, કેમ કે તું ડાબી જમણી ફેલાઈ જવાની છે, અને તારાં સંતાન અન્ય પ્રજાઓને કબજે કરશે, ને ઉજ્જડ નગરોને વસાવશે." (યશા. ૫૪:૨, ૩)

ટૂંકી પ્રસ્તાવના બાદ આ કલમોમાં રહેલું હાર્દ તેણે નીચેની બે બાબતોમાં જણાવી દીધું.

ઈશ્વર પાસેથી મહાન વાનાંની આશા રાખો.

ઈશ્વર માટે મહાન કાર્યો કરવાની કોશિશ કરો.

Expect Great Things From God.

Attempt Great Things For God.

કેરીએ જે ઉત્સાહ અને કૂનેહથી દલીલો સાથે પોતાનો સંદેશો રજૂ કર્યો, તેથી શ્રોતાજનો ઘણા પ્રભાવિત થઈ ગયા, અને એ સંદેશો તેમના હૃદયને સ્પર્શી ગયો. વર્ષોથી તેના મનમાં એકત્ર થયેલા વિચારો પ્રવાહરૂપે એક પછી એક જોરદાર રીતે પ્રદર્શિત થવા લાગ્યા, તેમ તેમ લોકોનાં મન પર વિશેષ અસર થતી ગઈ.

બીજે દિવસે સવારે ધર્મસેવકોની સામાન્ય સભા મળી, તે સમયે મિશનરી સોસાયટી રચવા અંગેની કેરીની દરખાસ્તો ચર્ચા માટે ખુલ્લી મુકવામાં આવી. પરંતુ આગલા દિવસના ભાષણથી જે જ્વલંત ઉત્સાહ અને હોંશ દેખાયાં હતાં, તે આજે વ્યાવહારિક મુશ્કેલીઓને કારણે ઠંડાં પડી ગયાં હતાં. અમુક લોકો તો કહેવા લાગ્યા કે, એ તો આપણી શક્તિની બહારની બાબત છે, અને આથી તેઓ એવા નિર્ણય પર આવ્યા કે હાલ પૂરતું કેરીની દરખાસ્તોને અમલમાં મૂકવી અશક્ય છે. આ રીતે એ વાતને પડતી મૂકવામાં આવી અને સભાજનો છૂટા પડવા તૈયાર થયા. ઘણા દુઃખ સાથે કેરીએ ફુલ્લરનો હાથ પકડીને તેને પૂછ્યું કે, "આ લોકો શું કોઈ પણ પ્રકારનો નિર્ણય લીધા વગર છૂટા પડી જવાના છે?" પછી સભામાં એકાએક ફેરફાર આવ્યો, અને કેટલીક ચર્ચા બાદ તથા કેરીનો ઉત્સાહ અને હોંશ તથા તેના હૃદયની લાગણી તરફ જોઈને નીચે પ્રમાણે ઠરાવ હેવાલમાં લેવાનો નિર્ણય કર્યો : "અન્યધર્મીઓ મધ્યે સુવાર્તા પ્રચાર કરવામાં આવે, તે માટે ધર્મસેવકોની બીજી બેઠક વખતે બાપ્ટિસ્ટ સોસાયટીની રચના કરવા એક યોજના ઘડી કાઢવામાં આવે."

નોટિંગહામની સભા વખતે કેરીને સખત સામનો કરવો પડ્યો હતો, એ સ્પષ્ટ દેખાય છે. તેની નીડરતા, તેનો ખંત અને તેની ઊંડી નિષ્ઠા તથા ચીવટને કારણે તે વિજયવંત બન્યો.

૧૭૯૨ના ઑક્ટોબરની બીજી તારીખે કેટરિંગ મુકામે આન્ડ્રુ ફુલ્લરના ચેપલમાં એસોસિયેશનની બેઠક મળી, અને કેરી ચાલીને ત્યાં ગયો. કેરી મોલ્ટનમાં રહેતો હતો, ત્યારે બૂટ વેચવા માટે અનેક વાર પગપાળો તે કેટરિંગ ગયો હતો, પરંતુ અત્યારે તો તે જુદા જ પ્રકારના હેતુથી ત્યાં ગયો હતો. દુનિયાભરમાં સુવાર્તા પ્રચારાર્થે કોઈ નિર્ણાયક વિજય મેળવવા તે ત્યાં જઈ રહ્યો હતો. આ સમયે સેમ્યુલ પીઅર્સ એક બોધક હતો. જે થોડા માણસોને વિશ્વદર્શન થયું હતું, તેઓ પૈકી તે એક હતો. કેરીની જે વિચારસરણી હતી, તેમાં સોએ સો ટકા પીઅર્સ સંમત હતો.

એ દિવસની જાહેરસભામાં પૂરેપૂરી રીતે મિશનરી કાર્યની યોજના અંગે ચર્ચા થઈ હોય તેમ જણાતું નથી. પણ સાંજના સમયે બાર ધર્મસેવકો, એક વિદ્યાર્થી અને એક લેમન વિડો વૉલિસના વિશાળ મકાનમાં એકત્ર થયા. આ એક સુંદર જૂનું ઘર હતું અને ઉપદેશકોની પરોણાગત માટે તે જાણીતું હતું. તેથી સામાન્ય રીતે તેને તેઓ "ગોસ્પલ ઈન–સુવાર્તિક ધર્મશાળા" તરીકે ઓળખાતા હતા. ઑક્ટોબરની એ યાદગાર સાંજે તેઓ પાછળના ભાગમાં આવેલાં એક નાના દીવાનખાનામાં એકત્ર થયા. આ ઓરડો ૧૮ ફૂટ લાંબો અને ૯ ફૂટ પહોળો હતો, એટલે આ ૧૪ મહાન વ્યક્તિઓથી તે ભરચક થઈ ગયો.

દુનિયાને ઈસુ ખ્રિસ્તનો સંદેશ પ્રગટ કરવાની જે તીવ્ર તમન્ના કેરીમાં હતી, તેને ટેકો અને અનુમોદન આપવા માટે આ બધા એકત્ર થયા હતા. આપણે એમ માની લઈએ, કે કેરીએ લખેલી પુસ્તિકા બધાંએ વાંચી હશે. પરંતુ હજી તેમાંના ઘણાખરા એવું માનતા હતા કે, આ મહામોટી યોજનાને પહોંચી વળવા માટે યોગ્ય સમય આવ્યો નથી. વળી આ પ્રોજેક્ટ માટે પુષ્કળ નાણાંની જરૂર પડશે. અને કદાપિ તે માટે ભોગ પણ આપવો પડે. આ મોટા

પ્રોજેક્ટને બંધ કરી દેવામાં આવે એવા તબક્કે પણ તેઓ એક વાર આવી ગયા. પરંતુ જ્યારે ગભરાટ, આનાકાની, ભય અને ભીરૂતા વિજય પામવાની તૈયારીમાં હતાં, ત્યારે કેરીએ એક વધારાની અપીલ રજૂ કરી. મોરેવિયન મિશનના કાર્યના હેવાલની એક નાની પુસ્તિકા પોતાના ખિસ્સામાંથી કાઢી, અને મોટેથી બોલી ઊઠયો, "જો તમે માત્ર આ જ પુસ્તિકા વાંચી હોત, અને ખ્રિસ્તની ખાતર આ માણસો કેવી રીતે તમામ પ્રકારના અંતરાયો પર વિજય પામ્યા, એ જાણ્યું હોત, તો તમે વિશ્વાસમાં આગળ વધ્યા હોત." એવો સમય આવે છે કે, જ્યારે એક માણસનો વિશ્વાસ ઘણાને મદદરૂપ થાય છે, અને એક માણસનું સામર્થ્ય ઘણાને માટે સામર્થ્ય બને છે. અને એવું જ આ નાના "દિવાનખાનામાં બન્યું. આ ચૌદ માણસોએ આ મહાન આહ્‌વાન ખરા હૃદયથી સ્વીકારી લીધું અને તેઓ છૂટા પડે તે પહેલાં સોસાયટીની સ્થાપના કરવામાં આવી. વળી તે જ સમયે ત્યાં ને ત્યાં જ એ કાર્ય માટે નાણાંનાં વચનો પણ લેવામાં આવ્યાં, અને ૧૩ પાઉન્ડ, બે શિલિંગ અને ૬ પેન્સનાં વચનો મળ્યાં. કેરીએ જણાવ્યું હતું કે, તેની પુસ્તિકાની જે આવક થશે તે તેમાં આપવામાં આવશે. વળી આ માટે નીચે પ્રમાણે એક કમિટી નીમવામાં આવી :-

જોન રાયલેન્ડ, રોનાલ્ડ હોગ, વિલિયમ કેરી, જોન સત્કલીફ અને આન્ડ્રુ ફુલ્લર. રેનોલ્ડ હોગને ખજાનચી અને આન્ડ્રુ ફુલ્લરને સેક્રેટરી તરીકે નીમવામાં આવ્યા. કમિટીમાં મોટે ભાગે જુવાનો હતા. જુવાનોને સંદર્શન થયું, અને તેઓએ ઝંપલાવ્યું.

• • •

## પ્રકરણ ૯

# ભાવિ કાર્યક્રમની યોજના

(ઑક્ટોબર, ૧૭૯૨ થી જાન્યુઆરી ૧૭૯૩) (ઉંમર ૩૧ વર્ષ)

બાપ્ટિસ્ટ મિશનરી સોસાયટીની સ્થાપના કરવામાં આવી, તે કેરીની બીજી મહાન સિદ્ધિ હતી. ઑક્ટોબર, ૨, ૧૭૯૨ની સભા માત્ર શરૂઆતનાં પગથિયારૂપ હતી. માત્ર ઠરાવો કરવાથી કોઈ ફાયદો નથી. કેટરિંગમાં મળેલા ૧૪ માણસોએ કેરીની યોજનાને મંજૂરી આપવામાં જ સંતોષ માન્યો હતો, તો દર્શન ઝાંખું પડી ગયું હોત, અને કોઈ સિદ્ધિ હાંસલ થઈ શકી હોત નહિ. એ યાદગાર ઠરાવ તો અમલમાં મૂકવા માટે હતો, અને તેથી તેઓએ હવે કામે લાગી જવાનો નિશ્ચય કર્યો.

કેરી હવે એક નવા તબક્કામાં પ્રવેશ કરે છે. અત્યાર સુધી તેના તમામ પ્રયત્નો ધર્મસેવકોને સમજાવીને વિશ્વદર્શન તરફ દોરી લઈ જવા કરવામાં આવ્યા હતા. હવે એ દિશામાં સક્રિય રીતે આગળ વધવાની યોજના વિચારવાના ગંભીર પ્રશ્નો હાથ પર લેવાના હતા, અને તે માટે પૂરતાં નાણાંની જોગવાઈ પણ કરવાની હતી.

કેરી ૧૦ વર્ષથી પોતે એકલા હાથે કાર્ય કર્યા કરતો હતો, પણ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. અગાઉ ત્રણ કે ચાર મિત્રો

તેને પડખે રહીને કંઈક સહાય કરતા હતા, પરંતુ કેટરિંગની સભા પછી તેને બીજા મિત્રો પણ મળી ગયા. હવે આપણે પ્રથમ વાર એ જોઈએ છીએ, કે તેના સાથીઓ તેની કાર્યપ્રવૃત્તિઓને વેગ આપવા ગમે તેટલો ભોગ આપવા તૈયાર થયા છે.

કાર્ય કરવા માટે હવે કોઈ સમય ગુમાવવાનો નહોતો. પાનખર ઋતુ શરૂ થાય તે પહેલાં આ નિષ્ઠાવાન માણસો કાર્યશૈલીની વિચારણા માટે એકત્ર થયા. સોસાયટીની કમિટીની આ પ્રથમ બેઠક નોર્ધમ્પટનમાં મળી. પરંતુ આ સમયે કેરી અને ફુલ્લર હાજર રહી શક્યા નહોતા. નાણાકીય બાબત વિષે પ્રથમ વિચારણા કરવામાં આવી. કમિટીના ખજાનચી હોગે રિપોર્ટ આપતાં જણાવ્યું કે, કેટરિંગની સભામાં જે વચનો આપવામાં આવેલાં, તે મુજબ રકમ મળી ગઈ છે. વળી બીજા સાત સભ્યો સોસાયટીમાં ઉમેરાયા છે, જેમાં લંડન અને ડર્બીના સભ્યો પણ આવી જાય છે.

કેરીએ મોકલેલો એક પત્ર પણ વાંચવામાં આવ્યો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે, દૂરના પ્રદેશના એક માણસે ૨૦ પાઉન્ડનું તેમ જ વાર્ષિક દાનનું પણ વચન આપ્યું હતું. વળી સેમ્યુલ પીઅર્સે બર્મિંગહામમાં લોકોનો સાથ મેળવીને ૭૦ પાઉન્ડ મેળવ્યા હતા. આથી કામ શરૂ કરવા માટે સોસાયટી પાસે ૮૮ પાઉન્ડ અને ૧૮ શિલિંગ હાથ પર હતા.

બીજી સભા પણ નોર્ધમ્પટનમાં નવેમ્બરની ૧૩મી તારીખે મળી. આ મિટિંગમાં ઘણા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી. આ કાર્યમાં ઝંપલાવવા કયા કયા માણસો તૈયાર છે? મિશનરીઓને કયા કયા સલાહસૂચનો આપવાં જોઈએ? તેમણે કયા કયા નિયમો પાળવા જોઈએ? કયા કયા મુલકોમાં કામ શરૂ થઈ શકે તેમ છે? વગેરે.

કેરીનો પ્રથમ વિચાર તાહિતીમાં કામ શરૂ કરવાનો હતો.

કેપ્ટન કુકની મુસાફરીનું વર્ણન વાંચીને તેને એ વિચાર સૂઝ્યો હશે, એ બનવાજોગ છે. પરંતુ આ મિટિંગની અગાઉ જ તેનું મન ભારત તરફ વળ્યું હતું. સને ૧૭૮૩માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સર્જન ડૉક્ટર તરીકે થોમસ ભારત ગયો હતો, અને ત્યાંના તેના વસવાટ દરમિયાન સુવાર્તા પ્રચારાર્થે તેણે જે શ્રમ કર્યો હતો, તે વિષે જણાવવામાં આવ્યું હતું. અને બંગાળમાં મિશન સ્થાપવાને માટે તે હાલ લંડનમાં ફંડ ઉઘરાવી રહ્યો હતો. કેરીએ જણાવ્યું કે, વિધર્મીઓને સુવાર્તા પ્રગટ કરવા માટે જો સંયુક્ત પ્રયત્ન કરવામાં આવે, તો વધારે સારું.

કેરીની સૂચનાનુસાર મિશનરી સોસાયટીના સેક્રેટરી તરીકે મિ. આન્દ્રુ ફુલ્લરે થોમસ પાસેથી બધી વીગતો મેળવી. આ પરથી જણાયું કે, થોમસ હિંદુઓમાં કાર્ય કરતો હતો, અને પોતે બંગાળી ભાષા શીખીને શાસ્ત્રભાગોનો તરજુમો કરવાની ઇચ્છા રાખે છે, લોકો દેહદમન કરીને ઈશ્વરની શોધ કરી રહ્યા છે, અને કેટલાક બ્રાહ્મણો ખ્રિસ્તી બનવાની તૈયારીમાં છે. અને ભારત પાછા ફર્યા પછી બે જણને બાપ્તિસ્મા આપવાની આશા રાખે છે.

આ પરથી જણાય છે કે, જે દૈવી દોરવણી માટે તેઓ પ્રાર્થના કરતા હતા, તેનો જવાબ અહીં આવી જાય છે. તેઓ યોગ્ય સ્થળ અને યોગ્ય વ્યક્તિ માટે પ્રાર્થના કરતા હતા, અને અહીં જોન થોમસ છે, જે ભારતને તેમના પ્રથમ મિશન ક્ષેત્ર તરીકે દેખાડી રહ્યો છે. આથી ૧૭૯૩ના જાન્યુઆરીની ૧૦મી તારીખે કેટરિંગમાં સભા રાખવાનો ઠરાવ કર્યો, અને તે સમયે તેમાં થોમસને આમંત્રણ આપવાનું નક્કી કર્યું.

ઠરાવેલા દિવસે લોકો એકત્ર મળ્યા. પરંતુ થોમસને પગે નજીવો અકસ્માત નડેલો હોવાથી તે હાજર થયો નહોતો. તેની ગેરહાજરીમાં તેના તમામ પત્રો વિષે તેણે આપેલી માહિતી વિષે

આખો દિવસ ચર્ચા કરી, અને પોતાનો પ્રથમ મિશનરી બનવા થોમસને આમંત્રણ આપવાનું નક્કી કર્યું. ત્યાર પછી કેરી થોમસની સાથે ભારત જવા ખુશી છે કે કેમ તે તેને પૂછવામાં આવ્યું, અને એક પળ પણ થોભ્યા વિના કેરીએ ઉમળકાથી હકારમાં જવાબ આપી દીધો.

મોડી સાંજે થોમસને પોતાને આ બાબતની જાણ કરવામાં આવી અને થોડા જ સમયમાં તે ઉતાવળથી ત્યાં આવી પહોંચ્યો. કેરી જે પોતાના સાથી કાર્યકરને મળવા બહુ જ આતુર હતો, તે પોતાની જગાએથી કૂદીને ઊભો થયો, અને તેને કોટે વળગી પડ્યો. બંને જણ એકબીજાને વળગીને રડ્યા.

થોમસે આપેલી વીગત પરથી ફુલ્લરે કહ્યું, "આપણે જોયું કે, ભારતમાં સોનાની ખાણ છે, પણ તે પૃથ્વીના પેટાળમાં છે. તેને ખોદી કાઢવાનું કાર્ય કરવા કોણ તૈયાર છે?" કેરીએ પોતાના ભાઈઓને કહ્યું, "હું ઊંડાણમાં જવાનું સાહસ ખેડવા તૈયાર છું, પરંતુ તમારે દોરડાં પકડી રાખવાં પડશે, એ યાદ રાખજો." બધા લોકો તેમાં સંમત થયા.

સભા પૂરી થાય તે પહેલાં કેટલીક કામચલાઉ વ્યવસ્થા કરવામાં આવી, અને વસંત ઋતુમાં બંને મિશનરીઓ વહાણ મારફતે ચાલી નીકળે, એવું ઠરાવ્યું.

પછી કેરી પોતાની પત્નીને સમાચાર આપવા લીસેસ્ટર ગયો. તે એકલો માર્ગમાં પોતાના ઘર તરફ ચાલ્યો જતો હતો, ત્યારે તેના મનમાં અનેક વિચારો ઘૂમવા લાગ્યા. પોતે જે નિર્ણય કર્યો હતો, તે વિષે તે પોતાની પ્રિય પત્નીને શી રીતે કહી શકે? શું તે સમજશે? શું તે ભારત જવાની મુસાફરી વેઠવા તૈયાર થશે? જેણે પોતાના વતનથી ૩૦ માઈલ જેટલી પણ કદી મુસાફરી કરી નથી, તે શું પંદર હજાર માઈલની કપરી મુસાફરી કરવા તૈયાર થશે? વગેરે.

કેરી પોતાના ઘેર પહોંચ્યો ત્યારે લગભગ સવાર થઈ હતી. તે શ્રમિત, ક્ષુધિત અને તૃષિત હતો. થોડી વારમાં ડૉરોથીએ ચા તૈયાર કરી નાખી. ચા પીતાં પીતાં કેરીએ પોતાની યોજનાની વાત કરી.

"શું ભારત જવાનું? ના, વિલિયમ, કદી નહિ." ડૉરોથી ગદગદ કંઠે બોલી. ખેદિત આંખોએ તે તેના તરફ જોઈ રહી, અને કહ્યું, "આપણે જઈ શકતા નથી, વિલિયમ. આપણે આપણાં બાળકોનો વિચાર કરવાનો છે. અહીં તમારી મંડળી અને તમારું ઘર છે. ઈશ્વર એવું ઇચ્છતો નથી, કે આ બધું તમે તજી દો." વિલિયમે કહ્યું, "ડૉરોથી, તું સમજતી નથી. હું જાણું છું કે, ઈશ્વરે મને તેને માટે ભારત જવાનું કહ્યું છે. તેણે મને તેડું આપ્યું છે, અને મેં તેનો જવાબ વાળ્યો છે. હું તે પાછો ખેંચી શકું નહીં, માટે આ બાબત તું સમજી લે."

ડૉરોથીની આંખમાંથી તેના એપ્રેન પર મોટાં ડબડબ આંસુ પડતાં હતાં, અને તે વિલિયમનો ખભો પકડીને તેને વળગી પડી. આ દુઃખજનક દૃશ્યમાં બાળકો પણ જોડાયાં હતાં. તેઓ પિતાના પગને અને કોટને બાઝી પડીને રડતાં હતાં. કેરીનું હૃદય દ્રવી ઊઠ્યું હતું, અને આંખો આંસુઓથી ભરપૂર હતી પરંતુ તેનો હેતુ અડગ હતો. તેણે ઈશ્વર પ્રત્યે પ્રતિજ્ઞા લીધી હતી, અને ગમે તેવો ભોગ આપવો પડે, તોપણ તેમાંથી તે પીછેહઠ કરવાનો નહોતો.

આ સમાચાર કુટુંબના અન્ય સભ્યોને પણ જણાવવાના હતા. તેણે પોતાના પિતા પર નીચે પ્રમાણે પત્ર લખ્યો :-

લીસેસ્ટર, જાન્યુઆરી ૧૭, ૧૭૯૩

પ્રિય અને માનનીય પિતા,

.... પાઉલ કહે છે, ભાઈઓ હું તમને વિનંતી કરીને કહું છું કે, દેવની દયાની **ખાતર તમે તમારાં** શરીરોનું જીવતું, પવિત્ર

તથા દેવને પસંદ પડે, એવું અર્પણ કરો, એ તમારી બુદ્ધિપૂર્વકની સેવા છે. પવિત્ર ઉપયોગને સારુ અર્પણ તરીકે પોતાને સોંપી દેવો, એ ખ્રિસ્તી માણસનું મહાન કાર્ય છે.... કેવળ ઈશ્વરની જ સેવાને અર્થે મેં મારું પોતાનું અર્પણ કરી દીધું છે, અને હવે મારે મારું કર્તવ્ય સમજવું જોઈએ. બંગાળ જઈને હિંદુઓ મધ્યે મિશનરી તરીકે કાર્ય કરવાની મારી નિમણૂક કરવામાં આવી છે. પ્રિય પિતા, મારી આશા છે કે, અતિ કઠિન, માનભર્યું અને મહત્ત્વનું કાર્ય કરવા માટે તમે મને ઈશ્વરને સમર્પિત કરી દેશો. મારે ઘણો ભોગ આપવાનો છે. મારે મારા પ્રિય કુટુંબથી અને સંખ્યાબંધ પ્રેમાળ મિત્રોથી વિદાય લેવી પડશે. પણ મેં મારો હાથ હળ પર મૂક્યો છે.

હું છું,
તમારો આજ્ઞાંકિત દીકરો,
ડબલ્યુ. કેરી

● ● ●

## પ્રકરણ ૧૦

# મુશ્કેલીઓનો સામનો

(જાન્યુઆરીથી નવેમ્બર, ૧૭૯૩) (ઉંમર ૩૨ વર્ષ)

વૃદ્ધ પિતાએ પુત્રનો પત્ર વાંચ્યો, ત્યારે તે બોલી ઊઠ્યો - "વિલિયમ પાગલ છે!" વૃદ્ધ માણસના મનની સ્થિતિ આપણે સહેલાઈથી સમજી શકીએ છીએ.

ચારે બાજુ મુશ્કેલીઓ જણાતી હતી. પ્રથમ તો અંગત મુશ્કેલીઓ જણાતી હતી, અને કેરીને પોતાને માટે તે ગંભીર હતી. એ એક પરિણીત માણસ છે, જેને ત્રણ બાળકો છે, - મોટામાં મોટા ફેલિક્સને હજી આઠ વર્ષ પણ થયાં નથી-એવા કુટુંબવાળા માણસને માટે આવું સાહસ ખેડવું, એ કંઈ નાનીસૂની બાબત ન કહેવાય. વળી એ પણ સ્પષ્ટ હતું કે, તેની પત્ની તેની સાથે જવાની નહોતી. આથી તે પોતાના પુત્ર ફેલિક્સને સાથે લઈને પહેલો જાય, અને એકાદ બે વર્ષમાં આવીને પોતાની પત્નીને તથા અન્ય બાળકોને સાથે લઈ જાય એવું નક્કી કરવામાં આવ્યું હતું. પ્રેમાળ પિતા માટે આ તો ખરેખર મહામોટો ભોગ કહેવાય!

બીજી મુશ્કેલી એ હતી કે, આ કાર્યમાં ઝંપલાવવા માટે પૂરતાં નાણાંની જોગવાઈ નહોતી. કેરીનો એવો વિચાર હતો કે, પ્રથમ તબક્કે સુવાર્તાના ક્ષેત્રમાં પહોંચવા પૂરતી રકમ મળે તો બસ.

પછી ત્યાં જઈને મિશનરીઓ પોતે પોતાના નિભાવ માટે ઈશ્વર શક્તિ આપે તે પ્રમાણે કામ કરે. પરંતુ અત્યારે તો જહાજની ટિકિટના પૈસા નથી. કેરી અને તેનો પુત્ર તથા મિ. અને મિસિસ થોમસ એ બધાંને માટે ભારત જવા નાણાં જોઈએ. વળી તે સમયે જહાજના નૂર માટે કોઈ ચોક્કસ નિયમો નહોતા. એવો અંદાજ કાઢવામાં આવ્યો હતો, કે ૫૫૦ પાઉન્ડ કરતાં ઓછો ખર્ચ થશે નહિ, અને એ રકમ ત્રણ કે ચાર મહિનામાં ઊભી કરવી જોઈએ. ઠરાવેલા આ સમય પ્રમાણે નીકળવું હોય, તો નાણાં મેળવવા મહેનત કરવી પડશે.

આથી આ સેવાકાર્ય માટે નાણાં એકત્ર કરવા થોમસને મોકલવામાં આવ્યો, અને તે ઠેઠ બ્રિસ્ટલ સુધી ગયો. કેરી એ જ હેતુ માટે ઉત્તરમાં ગયો. આ કાર્ય કરતાં કરતાં કેરી હલ બંદરે આવી પહોંચ્યો. ત્યાં તેને રવિવારની ભજનસેવા બાદ વિલિયમ વોર્ડ નામના ૨૩ વર્ષની ઉંમરના એક ખ્રિસ્તી યુવકનો મેળાપ થઈ ગયો. તે ડર્બીનો મુદ્રક હતો, અને ન્યુસ પેપરનો તંત્રી હતો.

બંને જણ સાથે ચાલતા ચાલતા જતા હતા, ત્યારે કેરીએ બાઇબલના તરજુમા અંગે પોતાની ઇચ્છા વ્યક્ત કરી. વિદાય લેતાં લેતાં વોર્ડના ખભા પર હાથ મૂકીને કેરીએ કહ્યું : "ચાર પાંચ વર્ષમાં બાઇબલ છાપવા માટે અમોને તારા જેવા માણસની જરૂર પડશે, માટે તું અમારી સાથે જોડાજે."

હવે આ શબ્દો વિલિયમ વોર્ડના મનમાં ઠસી ગયા, અને આપણે જાણીએ છીએ કે, પાછળથી આ માણસ કલકત્તા પાસે આવેલા સીરામપુરમાં કેરીનો સાથી કાર્યકર બની ગયો. ફુલ્લર પોતે લંડન ગયો, અને મંડળીઓના સભ્યોને ત્યાં ઘેરઘેર ફરીને આ કાર્ય અંગે વાતચીત કરી. જોકે લોકોમાં બહુ ઉત્સાહ જણાયો નહિ, પણ આખરે તે વિજયી બન્યો. લોકોમાં ઉત્સાહ અને રસ પેદા કરવા

માટે કેરીએ, ફુલ્લરે અને થોમસે ત્રણ મહિના મુસાફરી કરી. બાથ ગામે એમ માલૂમ પડ્યું કે, થોમસની અપીલ બહેરા કાન પર પડી હતી, કારણ કે દાન તરીકે માત્ર એક પેની (નાનામાં નાનો સિક્કો) મળ્યો હતો. થોમસે લોકોનો આભાર માન્યો, અને જણાવ્યું કે, દાનની ટીપમાં 'બાથ-એક પેની' એમ લખવામાં આવશે. આ જાણીને તેમણે પરિસ્થિતિ બદલી નાખી, અને તેને ૨૨ પાઉન્ડ મળ્યા. ફુલ્લરને આ કાર્યમાં ઘણો જ શ્રમ પડ્યો હતો, અને તેને પરિણામે તેના મુખની એક બાજુએ લકવો પણ થઈ ગયો.

એક બીજી મુશ્કેલીનો પણ સામનો કરવાનો હતો. મિશનરીઓ પોતાના ધારેલા સ્થળે કેવી રીતે જવાના હતા? ભારત તે સમયે ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું અધિકારક્ષેત્ર હતું, અને કંપનીનો પરવાનો મેળવ્યા સિવાય જવું, તે જોખમકારક હતું. કંપની ધીમે ધીમે શક્તિશાળી બની ગઈ હતી અને છેવટે તે સર્વોચ્ચ થઈ ગઈ હતી. તે વેપારીઓની કંપની હતી, અને પોતાનું જ હિત જોતી હતી. ભારતના નૈતિક અને ધાર્મિક ધોરણની તેમને પડી નહોતી, અને ત્યાં સુવાર્તા જાય, એવું તેઓ ઇચ્છતા નહોતા. પરવાનો મેળવવાના પ્રયત્નો કરવામાં આવ્યા, પરંતુ છેવટે તેમાં નિષ્ફળતા સાંપડી.

હવે એવું બન્યું કે, "અર્લ ઓફ ઓક્સફર્ડ" નામનું એક જહાજ હતું, અને તેના કેપ્ટનને થોમસ ઓળખતો હતો, કારણ કે તે જહાજમાં તેણે સર્જન તરીકે સેવા આપી હતી. આ જહાજ ઇંગ્લાંડ આવ્યું હતું, અને મુસાફરીમાં નીકળવાની તૈયારી કરી રહ્યું હતું. તેના કેપ્ટન વ્હાઈટે કહ્યું કે, "ગમે તે જાતનું જોખમ વહોરવું પડે, તોપણ પરવાના વગર હું થોમસ અને કેરીને કલકત્તા લઈ જઈશ." સદરહુ જહાજ એપ્રિલની અધવચમાં ઊપડવાનું હતું.

આથી તે માટે બધી તૈયારીઓ કરી નાખી. મિસિસ થોમસ અને તેની નાની દીકરી પણ સાથે જ જવાનાં હતાં. વિલિયમ

કેરીએ પોતાની પત્ની ડૉરોથીને અને બાળકોને તેના વતન પીડિંગ્ટનમાં સગાંવહાલાં સાથે રાખવાની વ્યવસ્થા કરી. આ પગલું લેતાં તેના મનમાં અતિ દુઃખ થયું અને તેમ કરવાનો તેનો જીવ ચાલતો નહોતો, તથા તેનું હૃદય ચિરાઈ જતું હતું, પરંતુ તેની આગળ મૂકેલી ફરજ સ્પષ્ટ હતી-ઈશ્વરે તેને ભારત જવા તેડું આપ્યું હતું, અને તે પવિત્ર તેડાને તેણે આજ્ઞાંકિત બનવું જોઈએ.

જોકે જહાજ એપ્રિલ ૩જી તારીખ પહેલાં ઊપડવાનું નહોતું, તોપણ લીસેસ્ટરમાં માર્ચની ૨૦મી તારીખે બુધવારે વિદાય સમારંભ ગોઠવવામાં આવ્યો, અને બે મિશનરીઓને મહાન કાર્ય માટે ગંભીરતાપૂર્વક અલગ કરવામાં આવ્યા. ઇંગ્લાંડમાં આ એક અપૂર્વ સમારંભ હતો, અને ઘણી ગંભીરતા સાથે તેનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ સમયે પાસેના તેમ જ દૂરના પ્રદેશના ધર્મસેવકો તથા અન્ય મિત્રો હાજર રહ્યા હતા. બપોર સુધીના સમયમાં વિદાય લેતા મિશનરીઓ માટે ખાસ પ્રાર્થના કરવામાં આવી.

સાંજની સભામાં ચેપલ ખીચોખીચ ભરાઈ ગયું હતું, ત્યારે સભાજનો ઉપર ઊંડી અસર થઈ હતી. પ્રારંભિક મિશનરી સોસાયટીના ખજાનચી હોગે પ્રવચન કર્યું, અને સેક્રેટરી ફુલ્લરે મિશનરીઓને નીચેની કલમ પર વિદાયનો સંદેશો આપ્યો – "તમને શાંતિ થાઓ, જેમ બાપે મને મોકલ્યો છે, તેમ હું તમને મોકલું છું" (યોહાન ૨૦:૨૨). તારનારના હુકમ પ્રમાણે જાઓ, ભૂલાં પડેલાં ઘેટાંને શોધી કાઢવાનો પ્રયાસ કરો, અને તેઓને ખ્રિસ્તના વાડામાં લાવો. અંતમાં જણાવવામાં આવ્યું કે "તમે ખ્રિસ્તના પોતાના કાર્ય માટે જઈ રહ્યા છો, એ યાદ રાખીને મુશ્કેલીઓ તથા કસોટીઓનો સામનો કરવાને માટે તૈયાર રહો." સમારંભ પૂરો થયો, ત્યારે સર્વત્ર ગંભીરતા છવાયેલી જણાતી હતી.

ચાર દિવસ પછી કેરી પોતાના દીકરા ફેલિકસને સાથે લઈને વિશ્વાસપૂર્વકના મહાન સાહસ માટે ચાલી નીકળ્યો.

આનંદ સહિત મિશનરીઓ જહાજમાં ચઢી બેઠા, અને જહાજ ઊપડવાની રાહ જોવા લાગ્યા, પણ શું બન્યું? જહાજના હિસાબનીશ અધિકારી કેપ્ટન પાસેથી એક પત્ર લઈને આવ્યો. તેઓએ ધાર્યું કે, જહાજ હવે ઊપડવાની તૈયારીમાં છે, માટે બધાને જહાજ પર આવી જવાનું કહેવામાં આવ્યું હશે. પરંતુ આ તો જુદા જ પ્રકારનો પત્ર હતો. કોઈકે, કેપ્ટન પર નનામો પત્ર લખીને ચેતવણી આપી હતી કે, "ઈસ્ટ ઈન્ડિયા કંપનીની પરવાનગી વગર તમે ઉતારુઓને જહાજમાં ભારત લઈ જઈ રહ્યા છો, એવી તમારી સામે ફરિયાદ છે." કેપ્ટન જોખમમાં છે, એવું તેને લાગવાથી તે મિશનરીઓને લઈ જઈ શક્તો નથી એવું તેમાં લખાણ હતું. આથી તેમના સરસામાન સાથે જહાજમાંથી ઊતરી જવું પડ્યું.

હવે પોતાની તમામ આશાઓ પડી ભાંગી છે એમ જાણીને કેરીને આંખમાં આંસુ આવી ગયાં. મે માસની અધવચમાં આ પ્રમાણે બન્યું, અને એ સમયે બીજું કોઈ જહાજ ઊપડે, એવી બહુ આશા જણાતી નહોતી. તેણે ભારે હૈયા સાથે પણ અડગ હૃદયથી આ મુશ્કેલીઓ અંગે ફુલ્લરને લખ્યું. — "આ સંબંધી હું એટલું કહી શકું કે, ઈશ્વરની દોરવણી ભલે અગમ્ય દેખાય, તોપણ મારી ખાતરી છે કે, સર્વજ્ઞ ઈશ્વરની નજર સર્વ પર છે." કેરીનો વિશ્વાસ કદી ડગી ગયો નહિ. જોકે તે અતિ વ્યગ્ર બની ગયો હતો, તોપણ નાહિંમત થયો ન હતો. આ અંધકારમય સમયમાં પણ ઈશ્વરના તેડા સંબંધી તેના વિચારો દૃઢ હતા.

મિશનરીઓ પોતાના સરસામાનની વ્યવસ્થા કરીને લંડન શહેરમાં ગયા. ત્યાં થોમસ એક કૉફી હાઉસમાં ગયો, અને કોઈ અન્ય જહાજ ભારત જવાનું છે કે કેમ, તે અંગે પૂછપરછ કરી. હોટલનો એક નોકર આ વાત સાંભળી ગયો. અને તેણે કાર્ડ

લાવીને થોમસના હાથમાં મૂકી દીધો. કાર્ડ પર નીચે પ્રમાણેનું લખાણ હતું.

A DANISH EAST INDIAMAN

No. 10 CANNON ST.

આ વાંચીને થોમસ એકદમ નંબર ૧૦ કેનન સ્ટ્રીટ દોડી ગયો. ત્યાં એમ જાણવા મળ્યું કે, કોપનહેગનથી ક્રોન પ્રિન્સેસા મારિયા (Kron Princessa Maria) નામનું જહાજ નીકળી ગયું છે, અને ટૂંક સમયમાં જ આવી પહોંચશે. તેના નૂર સંબંધી તપાસ કરતાં જણાયું કે, પ્રત્યેક પુખ્ત વયના માટે સો પાઉન્ડ અને બાળકો માટે પચાસ પાઉન્ડ. દઢ વિશ્વાસ ધરાવનાર કેરીને મન તો આ સો પાઉન્ડ નજીવી બાબત હતી કારણ કે ઈશ્વરે જ તેને માટે દ્વાર ખોલ્યું હતું એવી તેને ખાતરી થઈ હતી.

અર્લ ઑફ ઓક્સફર્ડ જહાજને ઊપડવાની રાહ જોવાની હતી, તે દરમિયાન કેરીને સમાચાર મળ્યા હતા કે, તેમને પુત્રદાન પ્રાપ્ત થયું છે. આથી કેરીએ (મે, ૬) તરત જ એક સ્નેહભર્યો પત્ર પણ પોતાની પત્ની પર લખી નાખ્યો. પોતાની પત્નીને સાત અઠવાડિયાં પહેલાં તે મળ્યો હતો એટલે તેને એવો વિચાર આવ્યો કે, ફરી એક વાર પોતાની પત્નીની પાસે જઈને સમજાવે.

જ્યારે માલૂમ પડ્યું કે, ડેનીશ જહાજ દ્વારા હવે ભારત જવાનું શક્ય બને તેમ છે, ત્યારે તેણે પિડીંગ્ટન જવાનો ઠરાવ કર્યો. આથી તે અને થોમસ એમ બંને જણ શુક્રવારે રાત્રે ૮.૦૦ વાગ્યે લંડનથી નીકળી પડ્યા, અને આખી રાત ઘોડા દોડાવી મૂક્યા. બીજે દિવસે સવારે વહેલા તે પિડીંગ્ટન પહોંચી ગયા.

કેરીને જોઈને ડૉરોથીને આશ્ચર્ય અને આનંદ થયાં. બાળકો તથા તેની માતાને જોઈને કેરીને હર્ષાનંદ થયો. કેરીએ અને થોમસે નાસ્તો લીધા પછી ડૉરોથી સાથે વાત કરી. આરંભમાં ઘણી આનાકાની ચાલી. પછી તેઓ ભોંયતળિયા પર ઘૂંટણે પડ્યા, અને પ્રાર્થના કરી, ડૉરોથીનું દિલ જરા નરમ પડ્યું, પરંતુ તે હજી

પોતાના વિચારોને વળગી રહી હતી. એ દિવસોમાં ભારત જવા માટે પાંચ માસની મુસાફરી કરવી પડતી. આ નાજુક બાઈને પોતાનું કુમળું બાળક અને બીજાં ત્રણ બાળકો લઈને આટલી લાંબી મુસાફરી કરવી, એ ખરેખર મુશ્કેલ બાબત હતી. ઘણી સમજાવટ પછી છેવટે આંસુ સાથે એક શરતે તે જવા તૈયાર થઈ કે, "જો મારી અપરિણીત બહેન કેથેરાઈન પેકેટ મારી સાથે આવે, તો હું આવવા તૈયાર થઈશ." આથી થોમસે અને કેરીએ કેથેરાઈન સાથે વાતચીત કરી. કેથેરાઈને ઉતાવળે ઉપલા માળે જઈને ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરી, અને દોરવણી માગી. તે નીચે આવી ત્યારે જોકે તેના ચહેરો ફિક્કો પડી ગયો હતો, પરંતુ તેના હેતુમાં તે અડગ હતી. તેણે શાંત મને કહ્યું કે, "હું જવા તૈયાર છું."

પોતાની પત્ની અને તેની બહેનને તૈયારી કરવાનું કહીને હવે ઊભરાતા અને છલકાતા હૃદયે કેરી ડૉ. રાયલેન્ડ પાસેથી વધારાનાં નાણાં મેળવવા નોર્ધમ્પટન જવા નીકળી પડ્યો. ચોવીસ કલાકમાં ભારત જવા માટે મુસાફરી કરવાની છે, અને તે માટે આ બે બહેનો ને બાળકો સાથે તૈયારી કરવાની હોવાથી તેમને કેટલી મુશ્કેલી પડી હશે! પોતાના જીવનમાં કદીયે તેમણે આવો ધમાલિયો શનિવાર જાણ્યો નહિ હોય! થોમસે તેમની સાથે રહીને મુસાફરી માટેની જરૂરી વસ્તુઓ ગોઠવવામાં મદદ કરી. બીજી સવારે તો તેઓ બે ઘોડાગાડીઓમાં પોતાનો સરસામાન લઈને લંડનના રસ્તે નીકળી પડ્યાં.

રવિવારે રાત્રે તેઓ લંડનમાં આવી પહોંચ્યાં. અને હવે નાણાંનો મોટો પ્રશ્ન ઊભો થયો હતો. રાયલેન્ડ પાસે નાણાં નહોતાં, એટલે રાયલેન્ડે લંડનના પોતાના મિત્રો પર કેરીની મારફતે માગણી મોકલીને જણાવ્યું કે, મિશનના કાર્ય માટે ૨૦૦ પાઉન્ડ એડવાન્સ આપવામાં આવે. પરંતુ તેનાથી નાણાંની મુશ્કેલી કંઈ ઓછી થઈ

નહિ. અત્યારે તેમની પાસે અગાઉના જહાજના રીફંડ મળેલા દોઢસો પાઉન્ડ અને બીજા બસો પાઉન્ડ મળીને કુલ ૩૫૦ પાઉન્ડ હતા. પરંતુ તાતી જરૂરિયાત માટે તે પૂરતાં નહોતા, કારણ કે હવે બે પુખ્તવયનાં અને ત્રણ બાળકોનો ઉમેરો થયો હતો, અને આથી લગભગ ૭૦૦ પાઉન્ડની જરૂર હતી!

ઉદાર અને પ્રેમાળ દિલના થોમસે શું કર્યું? આ મુશ્કેલીનો માર્ગ કાઢવા તે કેપ્ટન એજન્ટ પાસે ગયો, અને તેણે વિનંતી કરી કે કેરીને અને તેની પત્નીને ઉતારુઓ તરીકેનું સ્થાન અને સરભરા મળે. તેઓ કેપ્ટનના મેજ પર ખાણું લે, અને તેમને પોતાને માટે તેમ જ બાળકો માટે બે કેબિન આપવામાં આવે અને થોમસ તથા મિસ પેકેટ ખિદમતગાર તરીકે મુસાફરી કરે. તેઓ નોકરોની સાથે રહે અને ખોરાક લે. આ વ્યવસ્થાને કારણે નૂર ભરવામાં ખાસો તફાવત પડ્યો હતો. આનંદની વાત તો એ છે કે, આ બાબત સ્વીકારવામાં આવી. એક બાબતની નોંધ લેવી જરૂરી છે કે, આ વાત કેરીને જણાવા દીધી નહોતી. જો કે થોમસે કેથેરાઈનની તો સંમતિ મેળવી લીધી હતી.

• • •

## પ્રકરણ ૧૧

# ભારત તરફ સફર

(૧૩મી જૂનથી ૧૧મી નવેમ્બર ૧૭૯૩)

સને ૧૭૯૩ના જૂનની ૧૩મી તારીખે મિશનરીઓ કુટુંબ સાથે "ક્રોન પ્રિન્સેસ્સા મારિયા" નામના ૧૩૦ ફૂટ લંબાઈના જહાજ મારફતે ભારત જવા નીકળ્યાં. વિલિયમ કેરીએ પોતાના કુટુંબ સાથે હંમેશને માટે પોતાનું વતન છોડ્યું. દરિયાઈ સફરનો આ તેમનો પ્રથમ અનુભવ હતો. ડોરોથીએ અને તેની બહેને તો પોતાના ઘેરથી ભાગ્યે જ લાંબી મુસાફરી કરી હતી, અને મિશનરી સોસાયટીની સ્થાપના થઈ ત્યાં સુધી વિલિયમ પણ પોતાના વતનથી કદીયે સો માઈલ કરતાં વધારે દૂર ગયો નહોતો, પરંતુ કેરીએ ભૂગોળનો અભ્યાસ કરેલો હોવાથી તેને દુનિયાનું વિશાળ જ્ઞાન હતું.

આજના જમાનામાં અદ્યતન વ્યવસ્થાઓ અને સગવડો હોવા છતાં નાનાં બાળકો સાથે લાંબી મુસાફરી કરવા નીકળી પડવું, એ કંઈ સહેલું નથી. એ જોતાં એ સમયમાં ડૉરોથીની સ્થિતિ કેવી હશે? દરિયાઈ માંદગીમાં પણ તે સપડાઈ ગઈ. પરંતુ કેપ્ટન એક ભલો માણસ હતો, અને તેણે કેરીને તથા ડૉરોથી વગેરેને માટે સારી વ્યવસ્થા કરી આપી હતી. ડોરોથીને કુમળા બાળકની અને ત્રણ નાના છોકરાઓની સંભાળ રાખવાની હતી. માંદગીને સમયે

ભલો કેપ્ટન તેને માટે સુપ અને પુષ્ટિકારક ખોરાક મોકલતો, અને તેની સગવડ સાચવવા તે જાતે તેની મુલાકાત લેતો. આ બધું હોવાં છતાં દરિયાઈ તોફાનોને કારણે તેના મનમાં અનેક પ્રકારની બીક અને ગભરાટ હતાં, અને અનેક વાર પોતાને ઘેર પાછા જવાના વિચારો આવ્યા કરતા.

વિલિયમ કેરી હંમેશાં પોતાની શક્તિ અને સમયનો સદુપયોગ કરવામાં તત્પર રહેતો. થોમસની મદદ લઈને તેણે બંગાળી ભાષા શીખવાનું શરૂ કર્યું, અને એના બદલામાં કેરી થોમસને પણ મદદ કરતો. કેરીને હિબ્રૂ, લેટિન અને ગ્રીક ભાષા આવડતી હતી એટલે બંગાળી ભાષામાં ઉત્પત્તિના પુસ્તકનો તરજૂમો કરવામાં તે થોમસને મદદ આપતો.

દર રવિવારે આ બંને મિશનરીઓ ભજનસેવા ચલાવતા હતા. દસથી બાર માણસોની હાજરી રહેતી હતી. શરૂઆતમાં તો તેમનાં કુટુંબનાં જ માણસો આવતાં, પણ પછી ધીમે ધીમે ડેનીશ, ફ્રેન્ચ, નોર્વેજ્યિન અને હોલાંડના વતનીઓ પણ આવવા લાગ્યા.

મુસાફરીના દિવસો દરમિયાન તે પોતાના હ્રદયની પરીક્ષા કરતો. તેને પોતાના આધ્યાત્મિક જીવન વિષે ઘણું દુ:ખ થતું, અને તે માટે તે પ્રાર્થનામાં ઘણો સમય આપતો. તેના પત્રોમાં તથા તેની નોંધપોથીમાં વારંવાર તે પોતાને દોષિત ઠરાવીને કહેતો કે, "હું એક નકામા ચાકર જેવો છું, અને પ્રાર્થના માટે બહુ થોડો સમય ગાળું છું."

કેરી એક વાર ગંભીર માંદગીમાં સપડાઈ ગયો હતો, તેમ છતાં તે ભવિષ્યને માટે યોજનાઓ ઘડતો હતો. ઈશ્વર વિધર્મીઓ મધ્યે અમને મહાન વિજય પમાડે, તો કેવું સારું!

આફ્રિકાના છેક દક્ષિણ ભાગમાં કેપ ઓફ ગુડ હોપ આગળ એક મધરાતે પ્રચંડ તોફાન ચઢી આવ્યું, અને જહાજ લગભગ

ડૂબવા આવી રહ્યું હતું. મોજાં પચાસપચાસ કે સાઠસાઠ વાર ઊંચે ઊછળતાં હતાં, અને આ બધું સમી જતાં અગિયાર દહાડા લાગ્યા.

કેરીને માટે ઈશ્વરનાં બે મહાન વચનો ઘણાં આશાસ્પદ હતાં- "જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." "જેવા તારા દિવસો તેવું તારું બળ થશે."

બંગાળના અખાતમાં તેઓ દાખલ થયા, ત્યારે પવન અને પાણીના પ્રવાહો તેમને પાછા ખેંચી જતાં જણાયા, અને તેથી જહાજ ઘડીમાં એક દિશા તરફ જાય, તો ઘડીમાં બીજી દિશા તરફ જાય. વિઝાગાપટમમાં તો જાણે જહાજ ડૂબી જશે, એવો ડર કેપ્ટનને લાગ્યો હતો. તેથી છેલ્લા ૨૦૦ માઈલ કાપતાં કાપતાં ખાસો વખત ગયો.

પરંતુ છેવટે કષ્ટદાયક મુસાફરીનો અંત આવી ગયો. નવેમ્બર ૭મીએ હુગલી નદીની ખાડીમાં બાલાસ્યુર આગળ જહાજ થોભ્યું. નવેમ્બરની ૧૧મી તારીખે તેઓ કલકત્તા પહોંચ્યા. ત્યાંની નાળિયેરીઓ જોઈને કેરી ઘેલો ઘેલો થઈ ગયો, કારણ કે તેને તેમાં ઘણો રસ હતો. તે આતુરતાથી પ્રાર્થના કરવા લાગ્યો, - "હે પ્રભુ, મારા હૃદયને તારા કામ માટે તૈયાર કર, અને લાચાર હિંદુઓ મધ્યે ખ્રિસ્તનું રાજ્ય સ્થાપન થાય, એવું કર."

● ● ●

## પ્રકરણ ૧૨

# ભારતમાં આગમન-અંધકારમય દિવસો

(નવેમ્બર ૧૧, ૧૭૯૩થી જાન્યુઆરી ૩૦, ૧૭૯૪) (ઉંમર ૩૨ વર્ષ)

પાંચ માસની દરિયાઈ મુસાફરી પછી જહાજ હુગલી નદીના મુખ આગળ આવ્યું, ત્યારે બંગાળનો કિનારો નિહાળીને કેરીએ અને તેના કુટુંબે રાહતનો દમ ખેંચ્યો હશે, એમ આપણે કલ્પી શકીએ. કેરીની પોતાની લાગણીઓ ઘણી ઘેરી જણાતી હતી. તે મનમાં બોલી ઊઠ્યો, - "વર્ષોનાં શ્રમ અને તૈયારીઓ પછી આખરે ભારત આવી પહોંચ્યો!" હવે તેના જીવનમાં નવો યુગ શરૂ થવાનો હતો. પૂર્વના દેશો માટે તે ઈશ્વરનો દીવો સળગાવનાર થવાનો હતો.

આનંદ અને આભારીભાવની પળોમાં ભવિષ્યમાં આવનાર મુશ્કેલીઓ તે લગભગ વીસરી ગયો હતો. પરંતુ તે ખાતરીપૂર્વક આ પ્રમાણે વિચારતો હતો, – "અત્યાર સુધી ઈશ્વર આપણો સહાયકારી થયો છે, અને ભવિષ્યમાં તે જ કૃપા બક્ષનાર ઈશ્વર છે."

નવેમ્બરની ૭મી તારીખે બાલાસ્યુરમાં આવીને જહાજ થંભ્યું હતું.. બે દિવસ પછી માછલી વેચનારી હોડીઓ ત્યાં આવી પહોંચી,

અને કેરીએ પ્રથમ વાર જ બંગાળના લોકોના ચહેરા નિહાળ્યા. થોમસ એમની સાથે કેટલીક વાતચીત કરી શક્યો. પોતાની સમક્ષ મુકાયેલા કાર્યનો વિચાર કેરીને આવ્યો હશે, ત્યારે તે કેટલો રોમાંચીત બની ગયો હશે! ખ્રિસ્ત પરના પ્રેમની ખાતર ભારતમાં આવનાર પ્રથમ બ્રિટિશ મિશનરીઓ થોમસ અને કેરી હતા. કેરી તાહિતીમાં જવા માગતો હતો. પરંતુ ઈશ્વરનો અગ્નિસ્તંભ તેને ભારત દોરી લાવ્યો.

હુગલી નદીની ખાડીમાં જહાજે પ્રવેશ કર્યો, ત્યારે નદીમાં આગળ જવાને બદલે મિશનરીઓને જહાજમાંથી એક નાની સ્થાનિક હોડી - પાન્સી-માં બેસાડી દીધા. આ નાની ભારતીય હોડીમાં કેરીના કુટુંબે અને થોમસે બે દિવસ સુધી હુગલી તરફ પોતાની મુસાફરી ચાલુ રાખી. ભરતીનો ઓટ થવા લાગ્યો, ત્યારે હોડીવાળા માણસો આગળ જઈ શક્યા નહિ, એટલે તેમણે એક નાના ગામડાની નજીક થોભવું પડ્યું. કેરી અધિરાઈને કારણે કાંઠા ઉપર ઊતરી પડ્યો, અને ભારતના ગામડાનું પ્રથમ દશ્ય જોયું. આ અજાણ્યા માણસોને જોવા માટે ગામના માણસો ભેગા થઈ ગયા.

હવે જે લોકોની મધ્યે સુવાર્તાનો સંદેશો આપવાની કેરી ઝંખના રાખી રહ્યો હતો, ત્યાં તે આખરે આવી પહોંચ્યો છે, એ જોઈને તેનું હૃદય હર્ષથી નાચી ઊઠ્યું. તેને મનમાં સ્ફૂરણા થઈ કે, હું તેમને ઉપદેશ કરું, પણ તે શી રીતે બની શકે? મુસાફરી દરમિયાન તે થોડુંક બંગાળી શીખ્યો હતો, તે સિવાય બીજું કાંઈ તેને આવડતું નહોતું. આથી તેણે પોતાના સાથી મિશનરીને ઉપદેશ કરવા કહ્યું. ત્યાં ચોક બજારમાં થોમસે લોકોને ઉપદેશ આપ્યો. ચારે બાજુ લોકો ખરીદી કરતા તથા વેચતા હતા. ત્યાંથી તેઓ સાંભળવા સારૂ એકત્ર મળ્યા. થોમસે બંગાળી ભાષા પર લગભગ સારો કાબૂ મેળવ્યો હતો. કેરી લખે છે – "લોકોએ ઘણા ધ્યાનથી ત્રણ કલાક

સાંભળ્યું." લોકોએ તેમનો ઉષ્માભર્યો આવકાર કર્યો, અને તેઓ મિશનરીઓ માટે ખોરાક લઈ આવ્યા. જમીન પર બેસીને કેળનાં પાંદડાંમાં છરીકાંટા વગર દાળભાત આંગળીઓથી ખાવાં, એ કેરીને માટે નવો જ અનુભવ હતો.

ભરતી આવી ત્યારે મિશનરીઓ પાછા હોડીમાં બેસી ગયા, અને ગામના લોકો સલામ' કહીને ભાવભીની વિદાય આપતાં કહેતાં હતા કે, "ફરી આવજો." આ હતી કેરીના મિશન કાર્યની પ્રસ્તાવના. બીજે દિવસે તેઓ કલકત્તા ઊતર્યા.

આ સમયે નવેમ્બર મહિનો ચાલતો હતો, તેથી ઇંગ્લાંડના ઉનાળાના વાતાવરણ જેવું વાતાવરણ હતું. ભારતીય જીવનનો ખ્યાલ મેળવવા કેરી પોતાના સાથી મિશનરીને લઈને શહેરમાં ફર્યો. થોમસ કલકત્તાનો જાણકાર હતો, તેમ જ તે બંગાળી ભાષામાં વાતચીત કરી શક્તો, એટલે કેરીને ઘણી રાહત હતી. કેરી થોમસની સાથે બધે ફર્યો, અને કાલકાનું પ્રખ્યાત મંદિર પણ જોયું. લોકો સ્નાન કર્યા પછી કાલકાને બકરાનાં બલિદાન ચઢાવતા હતા. કાલકાના નામ પરથી શહેરનું નામ પડ્યું હતું. તે સમયે કલકત્તા ઘણું વૃદ્ધિ પામ્યું હતું, અને તેની વસ્તી બે લાખ જેટલી હતી. ત્યાં યુરોપિયનો પણ ઘણા વસતા હતા. કેરીને કલકત્તા "મૂર્તિઓથી ભરેલું શહેર" જણાયું, અને પાઉલની પેઠે તેનો આત્મા પણ ઊકળી ઊઠ્યો.

હવે તેઓએ બે કુટુંબ રહી શકે, એવું ઘર શોધી કાઢવાનું હતું. કલકત્તાનું જીવનધોરણ ઘણું ખર્ચાળ હોવાથી એકાદ પખવાડિયા પછી તેઓ હુગલી નદી પર આવેલા પોર્ટુગલ સંસ્થાનના બાંડલ શહેર ગયા. તે કલકત્તાથી ૩૦ માઈલ દૂર હતું અને તે રોમન કેથોલિકનું કેન્દ્ર હતું. બાપ્તિસ્ટ અગ્રગામી મિશનરીઓ આવું સ્થળ પસંદ કરવાન ઉઠચાય એ મુશ્કેલ હતું. પરંતુ ત્યાંનું જીવનધોરણ

ખર્ચાળ નહોતું, એટલે હાલ પૂરતું ત્યાં રહેવાનું પસંદ કર્યું. તેઓ કોઈ ઘર ખરીદી શક્યા નહિ, પરંતુ એક જર્મન હોટલવાળા પાસેથી એક મકાન ભાડે રાખ્યું. વળી તેમણે એક હોડી ખરીદી, કે જેથી કરીને નદીકિનારે આવતાં ગામોમાં જઈને સુવાર્તા પ્રગટ કરી શકાય. કેરી લખે છે, - "હિંદુઓમાં વારંવાર ઉપદેશ કરવાની ઘણી તક મળે છે, અને તેઓ ધ્યાનથી સાંભળે છે." કેરીએ ડિસેમ્બર ૪થી તારીખે લખ્યું, "અમે અહીં વસવા ઇચ્છીએ છીએ. બધા લોકો કેથોલિકો અને મુસલમાનો છે. વળી ઘણા હિંદુઓ પણ દૂરના ભાગમાં માઈલ બબ્બે માઈલના અંતરે વસે છે, એટલે અહીં અમારે પૂરતું કામ છે." ગયા પ્રભુવારે અમે પાસેના ગામમાં ગયા અને થોમસે લગભગ ૨૦૦ માણસો સમક્ષ બોધ કર્યો. વિદેશીઓમાં સુવાર્તા પ્રગટ કરવાની તક મળવાથી કેરીને અનહદ આનંદ થતો હતો.

કેરી ભવિષ્યના દર્શન વિષે પણ વિચાર કરવા લાગ્યો. ઈશ્વરની ઇચ્છા હોય તો મારા દીકરા મિશનરીઓ બનશે. તે પુખ્ત ઉંમરના થાય કે તરત જ તેમણે ભાષાઓ શીખવાનું શરૂ કરવું જોઈએ-સૌથી મોટો સંસ્કૃત, બીજો ફારસી અને ત્રીજો ચાઈનીઝ ભાષા શીખે.

ટૂંક સમયમાં કેરીને માલૂમ પડ્યું કે પૈસા તો ઝડપથી ચાલ્યા જાય છે, અને કોઈ આવક નથી, એટલે કોઈ યોગ્ય સ્થળ શોધી કાઢવું જોઈએ. કેરીનો એવો વિચાર હતો, કે ઉત્તરના ભાગમાં જવું અને ઝૂંપડી બાંધીને ત્યાંના વતનીઓની માફક જીવન જીવવું.

કેરીએ સાંભળ્યું હતું કે, કલકત્તામાં કંપનીનો જે બોટાનિકલ ગાર્ડન છે, તેની દેખરેખ રાખવા માટે બોટાનિસ્ટની જગા ખાલી પડી છે, અને ત્યાં ખુલ્લી જમીન પણ મળે તેમ છે. આથી તેઓ કલકત્તા પાછા આવ્યા. પરંતુ આથી કાંઈ ફાયદો થયો નહિ, કારણ

કે બોટાનિસ્ટની જગા પૂરી દેવામાં આવી હતી, અને કોઈ સ્થળે મફત જગા મળે તેમ નથી. આથી કલકત્તામાં તેઓ ખરી રીતે તો ઘર વગરના જ હતા. આથી તેણે પડતર જમીનની માગણી કરી.

આવી મુશ્કેલીમાં તેઓ હતા, એવામાં મનિકતુલ્લામાં તેલુદત્ત નામનો એક ભારતીય વાણિયો કેરીને મળી ગયો. તેના બગીચામાં એક ખંડિયેર ઘર હતું, જે તેણે વગર ભાડે કેરીના કુટુંબને રહેવા માટે આપ્યું. આ ઘર નાનું હતું, અને તેમાં હવા-ઉજાસ આવતાં નહોતાં. તેમ છતાં તે તેની કૃપાને કદી વીસરી ગયો નહિ. થોમસે શહેરમાં એક મકાન રાખ્યું, અને વૈદકીય સેવા શરૂ કરી.

જાન્યુઆરીના મધ્ય ભાગમાં કેરી પર કસોટીના દિવસો આવી પડ્યા હતા. થોમસ જે નાણાંનો વહીવટ કરતો હતો, તેણે જણાવ્યું કે, પ્રથમ વર્ષની આવક ખલાસ થઈ ગઈ છે, અને આવતી વસંત ઋતુ સુધી કોઈ રકમ ઇંગ્લાંડથી આવે તેમ નથી.

સાત જણના કુટુંબવાળા કેરીની મુશ્કેલીઓ કોણ કલ્પી શકે? ડૉરોથી અને બે મોટા દીકરા એક મહિના સુધી મરડાથી પીડાતાં હતાં. ફેલિક્સની સ્થિતિ એટલી બધી ગંભીર હતી કે, તેનો જાન જોખમમાં હતો. તેના પંડિતને દર મહિને રૂા. ૨૦/- આપવાના હતા. વળી બાર ટકાના દરે તેને નાણાં ઉછીનાં લેવાં પડ્યાં હતાં, અને દસ મહિના સુધી ઇંગ્લાંડથી કોઈ મદદ મળવાની નહોતી.

આ કઠિન સંજોગો હોવા છતાં કેરી નાહિંમત થયો નહિ. આ નીડર શૂરવીરે આ પ્રમાણે લખ્યું : "મારે એક જ મિત્ર છે, અને તે મારું સર્વસ્વ છે. તેથી હું હર્ષ પામું છું. અને તે મારી તમામ ભૌતિક તથા આત્મિક જરૂરિયાતો પૂરી પાડી શકે છે. દરેક બાબત ઈશ્વર જાણે છે, અને ઈશ્વર મિશનની કાળજી રાખે છે. ઈશ્વરને ધન્યવાદ હો. સેવાકાર્યની જવાબદારી ઉઠાવવામાં મને આનંદ થાય છે."

આખરે ૧૭૯૪ના જાન્યુઆરીના પાછલા ભાગમાં દેહાર્તા ગામે સુંદરવનમાં તેને કેટલાક એકર જમીન મળી. તે કલકત્તાથી ૪૦ માઈલ દૂર હતું અને હોડી મારફતે મુસાફરી કરવાની હતી. ત્યાં કેરીના શિક્ષક રામ બાસુનો કાકો જમીનદાર હતો. ત્રણ વરસ સુધી તે જમીનનું કંઈ ભાડું ભરવાનું નહોતું. ત્રણ વર્ષ પૂરાં થાય, ત્યાર પછી તે માટે નજીવી રકમ ભરવાની હતી. એ તો જંગલની જમીન હતી, એટલે તેને સાફસૂફ કરવાની જરૂર હતી. ત્યાં કોબરા, વાઘ અને અન્ય હિંસક પ્રાણીઓ હતાં. તોપણ કેરીએ ઉત્સાહપૂર્વક એ વાત સ્વીકારી લીધી, કારણ કે તેને રક્ષણ મળશે, એવું ખ્રિસ્તનું વચન હતું.

આથી આ અંગે સલાહ લેવા તથા મુસાફરી માટે જરૂરી નાણાં મેળવવા તે તરત જ થોમસ પાસે ગયો. પરંતુ થોમસે તેને જણાવ્યું કે : "નાણાં તો બિલકુલ ખલાસ થઈ ગયાં છે. આખા વર્ષનું એલાઉન્સ દસ અઠવાડિયાંમાં વપરાઈ ગયું છે, અને તે ઉપરાંત બીજાં નાણાં પણ વપરાયાં છે." આ સાંભળીને જરૂર તેને આઘાત લાગ્યો હશે. તેણે પોતાના કામચલાઉ ઘરે જઈને પોતાની નોંધપોથીમાં લખ્યું - "જાન્યુઆરી ૧૫, ૧૬ (૧૭૯૪) હું અતિ નિરાશ અને નાસીપાસ થઈ ગયો છું. હું અજાણ્યા પ્રદેશમાં એકલો પડી ગયો છું. કોઈ ખ્રિસ્તી મિત્ર નથી. મારા કુટુંબનું ભરણપોષણ કરવા મારી પાસે કંઈ નથી.

જાન્યુઆરી ૧૭... આખો દિવસ ગમગીન અને વ્યથિત રહ્યો. દુનિયાની કોઈ બાબતમાં રસ રહ્યો નથી. તેમ છતાં તેની ચિંતાઓમાં હું દબાઈ ગયો છું. સાંજ પડતાં ઈશ્વરની અપારશક્તિ અને તેનાં વચનોની અડગતાનું ખુશકારક દશ્ય નિહાળીને મારા મનને શાંતિ વળી. ઘેર જઈને રાત્રે મેં મારી સર્વ ચિંતાનો બોજ ઈશ્વર પર નાખ્યો, જેનામાં સર્વ કૃપા સમાયેલી છે."

જાન્યુઆરી ૧૯મીએ રવિવાર હતો. એકલવાયા તથા પરેશાન એવા મિશનરી માટે તે "વિશ્રામ અને આનંદ"નો દિવસ હતો. ચિંતા અને સંદેહ ઉપર વિજય પામીને તે દૂર ગામના લોકો મધ્યે ગયો. તેને મદદ કરવા તેની સાથે તેનો વિશ્વાસુ મુન્શી હતો, જેણે તેને માટે તરજૂમો કર્યો. મનીકતુલ્લા ગામના બજારમાં લોકોના સમુદાય સમક્ષ તેણે ઉપદેશ કર્યો, જેમાં મોટે ભાગે મુસ્લિમ લોકો હતા.

આ રવિવારે તેના દિલમાં કેટલેક અંશે શાંતિ અને દિલાસો આણ્યાં. સોમવારે ફરી પાછો નાણાકીય બોજ તેના પર આવી પડ્યો. તે લખે છે : "જાન્યુઆરી ૨૦. આ દિવસ તો નાણાં શોધવાનો હતો. તેને જણાયું કે, હવે પાંચસો રૂપિયા ઉછીના લીધા વગર છૂટકો નથી. જોકે, આ બાબતને તે ધિક્કારતો હતો, પરંતુ તેની વિપત્તિ તેને તે તરફ ઘસડી ગઈ હતી."

તેની નોંધપોથીમાં જણાવે છે : "જાન્યુઆરી ૨૨... દુન્યવી વાનાં સંબંધી ભારે મૂંઝવણ... આ એક બે દિવસમાં મારી પત્ની પોતાની માનસિક બીમારીમાં સપડાઈ ગઈ, અને અગાઉ કરતાં આ સમયનો હુમલો ભારે હતો, પરંતુ પર્વત પર ઈશ્વર દેખાય છે. મારા આત્મામાં ઈશ્વરની હાજરી વધારે હોય એવું હું ચાહું છું.

જાન્યુઆરી ૨૩... દુન્યવી મુશ્કેલીઓ હજી એવી જ છે. એક સ્થળ મારા ખ્યાલમાં છે. પરંતુ નાણાંના અભાવે હું મારા કુટુંબને ત્યાં લઈ જઈ શક્તો નથી."

કેરી પોતાની અતિ વિપરિત પરિસ્થિતિમાં પણ કદી પોતાનો મહાન હેતુ વીસરી ગયો નહોતો. તેણે હળ પર હાથ મૂક્યો હતો, અને તે પાછો વળવા માગતો ન હતો. મિશનરી કાર્ય કરવા માટે તે આ દેશમાં આવ્યો હતો, અને ઈશ્વરે તેને તે માટે જે તેડું આપ્યું હતું, તેમાં તેને કોઈ ડગાવી શક્યું નહિ.

ચારે બાજુ ઘેરાઈ ગયેલાં વાદળો હોવા છતાં તેણે પોતાની સર્વ ઉત્સુક્તા અને ખંત એકત્ર કરીને ભાષાનો તરજૂમો કરવામાં આવેલો, તેને હવે પોતાના મુન્શીની મદદ વડે સુધારવા માંડ્યો.

મુશ્કેલીઓનો માર્ગ કાઢવા માટે ફરીથી તે જાન્યુઆરી ૨૮મીએ કલકત્તા ગયો, પરંતુ તેમાં તેને સફળતા મળી નહિ. તે લખે છે : "નાણાં અંગે ફરીથી નિરાશા સાંપડી. હું ઘણો હતાશ અને દુ:ખી બની ગયો." તેને પ્રત્યેક દ્વાર બંધ થયેલું જણાયું. તે કલકત્તાના એક અતિ આદરણીય અને પવિત્ર ચેપ્લેઈનને મળવા ગયો. પરંતુ તેને થોમસ સાથે સારા સંબંધો નહિ હોવાથી તેનો કોઈ આવકાર કરવામાં આવ્યો નહિ. મિત્રાઈભરી સલાહ કે મદદ મેળવવાને બદલે બિચારા કેરીને ખાધાપીધા વગર સૂર્યના તાપમાં પાંચ માઈલ ચાલીને પાછા ફરવું પડ્યું.

• • •

## પ્રકરણ ૧૩

# જંગલ મધ્યે

(ફેબ્રુઆરીથી જૂન ૧૭૯૪)

જોકે થોમસમાં ઘણી ખામીઓ હતી તોપણ કટોકટીના સમયે હંમેશાં કેરીને તે મદદ કરતો હતો. પરેશાનભર્યા જાન્યુઆરી માસને છેલ્લે દિવસે થોમસે નાણાં ધીરધાર એક ભારતીય પાસેથી ૧૨ ટકાના વ્યાજે એકસો પચાસ રૂપિયા લીધા, અને દેહાર્તા જવાના કેરીના પ્રોજેક્ટ માટે આપ્યા. કેરી નાણાં લઈને ઝપાટાબંધ ઘેર ગયો. બીજે દિવસે (શનિવારે) કેરીએ અને રામ બાસુએ કોઈ અજાણ્યા સ્થળે જવાની મુસાફરી માટે તૈયારી પૂરી કરી.

સોમવારે એક હોડીમાં પોતાનો સરસામાન અને જરૂરી સાધનસામગ્રી ભરી દીધાં, અને બીજે દિવસે વહેલી સવારે કુટુંબ સાથે તે ચાલી નીકળ્યો. નિષ્ઠાવાન મુન્શી પણ તેમની સાથે ગયો.

આ કંઈ પિકનિક પાર્ટી નહોતી. કદાપિ હોડીમાં બેસીને નદીમાં મુસાફરી કરતાં કરતાં છોકરાઓને મજા પડતી હશે. કેરીનું પોતાનું હૃદય દઢ હોવા છતાં ભારે હતું. તે પરદેશમાં હતો. ચાર બાળકો સાથે તેની પત્ની અને વધારામાં તેની સાળી પણ હતાં. પોતાની પાસે નહિ જેવાં નાણાં હતાં. મિત્રવિહોણો અને કામધંધા વગરનો હોવાથી તેની સ્થિતિ ઘણી મુશ્કેલ હતી. વળી ડૉરોથી અને

તેની બહેન ઘણાં નાઉમેદ અને આશાહીન બની ગયાં હતાં. પરંતુ તેમાં એમનો કોઈ દોષ કાઢી શકાય નહિ, કારણ કે તેમને માટેની જરૂરી સુખસગવડતા સચવાય એમ હતું જ નહિ. આથી જ્યારે તેમને જંગલમાં ઘસડી લઈ જવામાં આવે છે, ત્યારે સ્વાભાવિક છે કે, હાડમારીઓની અસર તેમને લાગે જ.

હુગલી નદીના પાણીના બહોળા પ્રવાહમાં તેઓએ પ્રવાસ કરવાનો નહોતો, પરંતુ પાટનગરની પૂર્વમાં આવેલા મોટા સરોવરમાં થઈને ખારા પાણીના સાંકડા પ્રવાહોમાં થઈને જવાનું હતું. જોકે ફેબ્રુઆરી મહિનાની હજી શરૂઆત જ થઈ હતી. તોપણ આ લોકોને અને ખાસ કરીને મિસિસ કેરી અને બાળકોને ગરમી અસહ્ય જણાતી હતી. કેમ કે તેમને દેશમાં આવ્યાને હજી ત્રણ મહિના પણ પૂરા થયા નહોતા, અને મરડાની બીમારીને કારણે તેઓ ઘણાં નબળાં પડી ગયાં હતાં.

રસ્તામાં આવતી વિવિધ પ્રકારની વનસ્પતિ તરફ કેરીનું ધ્યાન જતું હતું. પરંતુ એ કરતાં વધુ રસ તો તેના વાંસની ઘાટી ઝાડીઓમાં તથા ડાંગરનાં ખુલ્લાં ખેતરોમાં અને નદીકિનારે આવેલાં ગામડાંમાં પડતો હતો. એક સ્થળે તે થોભી ગયો, અને લોકો સરસ્વતી દેવીને ફળ અને ચોખા ચઢાવતા હતા, તે જોયું. પૂજારીઓએ કપાળ, છાતી તથા હાથ પર સફેદ ટીલાંટપકાં કરેલાં હતાં. તેમને અને ઢોલવાંસળી વગાડીને ગાનારાની ટોળીને કેરી શાંત રીતે જોઈ રહ્યો. તેણે લખ્યું : "આ બિચારા લોકો પર મને દયા આવે છે, પણ હું તેમની સાથે વાત કરી શક્તો નથી."

તેમણે પોતાનો માર્ગ સુંદરવનમાં થઈને કાપવાનો હતો. ત્યાં તો માઈલોના માઈલ સુધી જંગલનો ભાગ હતો. આ સૂનકાર પ્રદેશમાં પુષ્કળ પ્રમાણમાં જંગલનાં અને જીવલેણ પ્રાણીઓ હતાં. વાઘ, દીપડા, ચિત્તા, અજગર, નાગ, મગરો વગેરે. વિલિયમ કહે

છે : "રાતને સમયે જંગલમાંથી થતા અવાજો ઊંઘમાં ખલેલ પહોંચાડતા હતા. દેડકાં, તમરાં, શિયાળવાં અને કોઈ કોઈ વાર વાઘની ગર્જનાઓ પણ."

આવા ભયંકર સ્થળમાં ડૉરોથી જેવી નાજુક અને બીકણ સ્ત્રી શી રીતે રહી શકે? વળી મચ્છરોનો ત્રાસ પણ ઘણો જ હતો.

ત્રીજા દિવસની સવારે તેઓ પોતાના ધારેલા સ્થળે દેહાર્તા આવી પહોંચ્યાં. નદીકિનારે આવેલા આ ગામમાં થોડાક યુરોપિયનો પણ વસતા હતા.

ઇંગ્લિશ ઢબનો એક બંગલો જોઈને તેમણે ધાર્યું કે તે કંપનીનો કોઈ ડાકબંગલો હશે, કે જે વિષે તેમણે સાંભળ્યું હતું. તે બંગલો તો મિ. ચાર્લ્સ શોર્ટનો હતો. કેરી હોડીમાંથી ઊતર્યો, ત્યારે તે તેને મળવા આવ્યો, અને તેનો ભાવભીનો આવકાર કર્યો. કેરીના હેતુ વિષે સાંભળીને અને તેની સંકડામણ અને મુશ્કેલીઓ જોઈને તેણે તરત જ આખા કુટુંબને પોતાને ઘેર આમંત્રણ આપ્યું અને તેને રહેવા લાયક ઘર મળે ત્યાં સુધી તેઓ ત્યાં રહી શકે એમ જણાવ્યું.

બે દિવસ પછી નદીની સામી બાજુએ આવેલા વિશાળ ભાગમાંથી કેરીએ જમીન પસંદ કરી. તે લખે છે : "જમીન સુંદર હતી અને સ્થળ આનંદજનક હતું, પરંતુ ત્યાંનું જંગલ સાફ કરવું, એ કંઈ સહેલું નહોતું." ત્યાં મોટી સંખ્યામાં વાઘ વસતા હતા. કેરી ત્યાં ગયો, તે અગાઉ થોડા જ મહિનામાં વીસ માણસોને ઊઠાવી જવામાં આવ્યા હતા. નાણાંની મૂડી વગર અને કોઈની મદદ સિવાય આવા સ્થળે ખેતીવાડીનું કામ ઉપાડવું, એ કંઈ સહેલું કામ નહોતું. પરંતુ કેરીએ પોતાનું ધ્યેય ધ્યાનમાં રાખીને તે શરૂ કર્યું. ભૂતકાળમાં પોતાનો હેતુ પાર પાંડવા તેને અનેકવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, અને ઈશ્વરની સહાયથી આ પરિસ્થિતિને

પણ તે પહોંચી વળશે, એમ તે માનતો હતો. તે પોતાના કુટુંબ સાથે હજી મિ. શોર્ટને ત્યાં રહેતો હતો, અને જંગલમાં જઈને ખોરાક માટે પોતાની બંદુક વડે ડુક્કર, હરણ અને પક્ષીઓને મારી લાવતો.

પોતાને માટે એક નાનું સરખું ઘર બાંધવાનું કામ તેણે સૌપ્રથમ કરવાનું હતું. આથી જે જે સાધનસામગ્રી મળી તે વાપરીને સતત ત્રણ અઠવાડિયાં સુધી તેણે કામ કર્યું અને ફેબ્રુઆરીના અંતમાં વાંસનું એક સારું ઝૂંપડું ઊભું કરી દીધું, અને તેણે પોતાના કામની શરૂઆત કરી દીધી. શ્રી. કુમારપાળ દેસાઈ તેના સંબંધી નીચે પ્રમાણે લખે છે.*

"વિલિયમ વીર હતો, ધીર હતો, હાર એ જાણતો નહોતો. વાંસના એક જંગલમાં વિશાળ વનપ્રદેશમાં એણે ઝૂંપડી બાંધી. રાતે બંગાળના કાળા વાઘ એ ઝૂંપડી ફરતા આંટા મારતા ને રોગનાં જંતુઓ ક્યારે ઝડપી લેશે, તે કહેવું મુશ્કેલ હતું. આ ભેજવાળા પ્રદેશમાં પ્રભુનો સંદેશો લઈને આવેલા એ પ્રભુભક્ત પાદરી વિલિયમે ખેતી શરૂ કરી. ગામડાંના લોકો પાસે બંગાળી ભાષા શીખવા માંડી. ભારે મુશ્કેલીઓના સામના સાથે એણે જીવન બસર કરવા માંડ્યું. એના બે સિદ્ધાંતો હતા.

(૧) મહાન સિદ્ધિઓની આશા રાખો.

(૨) પ્રભુને સર્વસ્વનું અર્પણ કરો.

વિલિયમ અર્પણ લઈને બેઠો હતો, એટલે ભયંકર દુઃખો ને યાતનાઓ એને એના માર્ગ પર ડગાવી શક્યાં નહિ. એને ખેતી આવડી ગઈ. બંગાળી ભાષા આવડી ગઈ. વાંસના ઝાડ નીચે, વાંસની ઝૂંપડીમાં તેલના દીવાના આશરે મોડી રાત સુધી વાઘોની ગર્જનાઓ સાંભળતાં સાંભળતાં કોઈ બાઇબલનો બંગાળીમાં અનુવાદ

---

* "ગુજરાત સમાચાર" તા. ૧૧-૯-૧૯૮૬.

કરતો જુઓ તો તે વિલિયમ જ માનજો. એને એનું કામ ખાનગીમાં કરવાનું હતું, કારણ કે અંગ્રેજો વેપારમાં ધર્મની દખલગીરી ચાહતા નહોતા. સત્તાધીશોને તો એ વાત સાવ નાપસંદ હતી.

વિલિયમે બંગાળીમાં બાઇબલનું ભાષાંતર તો કર્યું, પણ હવે એને છાપવું કેવી રીતે? એક અંગ્રેજ અમલદારના હૃદયમાં પ્રભુ વસ્યો, ને એણે એક છાપખાનું ભેટ મોકલ્યું. આજના પ્રૂફ કાઢવાના સાધન જેવું એ પ્રેસ હતું. વિલિયમે લાકડા પર બંગાળી બીબા કોતરી બાઇબલ છાપવાનું શરૂ કર્યું.

ભારતનું એ પહેલું છાપખાનું! દેશી ભાષામાં પડેલા પહેલા એ બીબા!

થોડા સમયમાં માલૂમ પડ્યું કે, આસપાસના જે લોકો વાઘની બીકને કારણે ત્યાંથી નાસી ગયા હતા, તેઓ હવે ધીમે ધીમે ત્યાં પાછા આવીને રહેવા લાગ્યા, કારણ કે ત્યાં હવે એક અંગ્રેજ રહે છે, જેની પાસે બંદૂક છે. બધા લોકો બહુ ખુશ થઈ ગયા, અને એક દિવસે એવું બન્યું કે, કેરી તેમની મધ્યે રહેવા આવ્યો છે, તેથી પાંચ છ બ્રાહ્મણો લોકોના પ્રતિનિધિઓ તરીકે તેનો આભાર માનવા આવ્યા હતા.

પરંતુ એવામાં એક અણધાર્યો બનાવ બન્યો. માર્ચની પહેલી તારીખે કેરીને થોમસ તરફથી એક પત્ર મળ્યો જેમાં અતિ મહત્ત્વના સમાચાર હતા. થોમસે મોકલેલા સમાચારથી કેરીની લાગણી દુઃખ અને આનંદથી મિશ્રિત બની. જાન્યુઆરીની શરૂઆતમાં કેરી કલકત્તામાં હતો ત્યારે થોમસે સાંભળ્યું હતું કે તેનો જૂનો મિત્ર જ્યોર્જ ઊડની ઘણા દુઃખમાં થઈને પસાર થઈ રહ્યો હતો. હવે એક વખત એમ બન્યું કે, ઊડનીના કુટુંબમાં એક દુઃખદાયક બનાવ બન્યો. તેનો ભાઈ પોતાની પત્ની સાથે હુગલી નદી ઓળંગતો હતો ત્યારે તેઓ તેમાં ડૂબી ગયાં. થોમસે આ સમાચાર સાંભળીને પોતાના મિત્ર પર

દિલાસાનો અને સહાનુભૂતિનો પત્ર લખ્યો. તેના તરફથી ટૂંક સમયમાં મિત્રતાભર્યો જવાબ આવ્યો, ત્યારે થોમસને અચંબો લાગ્યો. એ પત્ર ઉષ્માભર્યો હતો, એટલું જ નહિ પણ થોમસ માલ્ડા જઈને ઊડનીની સાથે રહે, એવું તેમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. થોમસ તરત ત્યાં જઈ પહોંચ્યો, અને અગાઉ તેના પ્રત્યે જે અણગમો હતો, તે વીસરી જઈને બંને જણ હેતથી મળ્યા. પરંતુ આટલેથી તેઓ અટકી ગયા નહિ. એ સમયે ઊડની ગળીની બે નવી ફેક્ટરીઓ ઊભી કરી રહ્યો હતો અને થોમસ તે પૈકી એક ફેક્ટરીની દેખરેખ રાખે એવું તેણે જણાવ્યું. તરત જ થોમસે કહ્યું કે, "બીજી ફેક્ટરીની દેખરેખ રાખવાનું કામ કેરીને સોંપવામાં આવે", અને ઊડનીએ એ બાબત મંજૂર રાખી. આથી એ સંબંધી કેરી પર પત્ર લખવામાં આવ્યો. સાથે સાથે કેરીને એમ જણાવવામાં આવ્યું કે, "તે માટે તેને પગાર મળશે, જેમાંથી તે પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકશે, એટલું જ નહિ, પણ મિશનરી કાર્ય માટે પણ તેમાંથી કંઈક બચાવી શકશે."

કેરીને આ સમાચાર મળ્યા, ત્યારે તેને કેટલો આનંદ થયો હશે? અચોક્કસ સંજોગો જે તેની આસપાસ ફરી વળ્યા હતા, તેને બદલે હવે આ ખાતરીપૂર્વકની જગા મળી જાય તો તેની નાણાંકીય મુશ્કેલીની ચિંતા મટી જાય, વળી તે પોતે ભાષાઓનો અભ્યાસ ચાલુ રાખી શકે, અને જે કાર્ય કરવાને તે આવ્યો હતો, તેમાં પણ તે આગળ વધી શકે. જે ફેક્ટરી પર તેણે દેખરેખ રાખવાની હતી, તેના કર્મચારીઓમાં પણ તે સુવાર્તા પ્રચાર કરી શકશે. આથી તેણે આ આમંત્રણ સ્વીકારી લીધું, અને પોતાના કામ માટે બીજા પત્રની રાહ જોવા માંડી.

આખરે એકાદ મહિના પછી જે પત્રની તે રાહ જોઈ રહ્યો હતો, તે તેને મળ્યો. તેનામાં સૂર્યપ્રકાશ પાછો આવ્યો, અને તેનું

હૃદય હર્ષિત બન્યું. હવે આ નવા સ્થળે જવા માટે ૩૦૦ માઈલની મુસાફરી હોડી દ્વારા કરવાની હતી. આ અંગેની તૈયારી કર્યા બાદ મે માસની ૨૩મી તારીખે પ્રભાત પહેલાં તેઓ મુસાફરીએ નીકળી પડ્યાં. આ સફર પૂરી કરવા તેમને ત્રણ અઠવાડિયાં લાગવાનાં હતાં. મે માસમાં ભર ઉનાળો ચાલતો હતો, અને છાયા હેઠળ ૧૧૦-૧૧૫ ડીગ્રી ગરમી રહેતી હતી. અજાયબ જેવું તો એ છે કે, નાજુક ડૉરોથી અનેક પ્રકારની અગવડતાઓ વેઠીને પણ આ મુસાફરી પાર કરી શકી. મુસાફરી દરમિયાન પણ કેરીએ પોતાના મુન્શીની સાથે બેસીને બંગાળી ભાષાનો અભ્યાસ કર્યો. ચોવીસમા દિવસે આશરે બપોરે (જૂન ૧૫, ૧૭૯૪) તેઓએ મુસાફરી પૂરી કરી, અને માલ્ડા આવી પહોંચ્યાં.

● ● ●

## પ્રકરણ ૧૪

# મદનાબટ્ટી

(જૂન ૧૭૯૪થી જૂન ૧૭૯૬) (ઉંમર ૩૩-૩૫ વર્ષ)

મિ. ઊડનીએ અને તેનાં વૃદ્ધ માતાએ કેરીનો તથા તેના કુટુંબનો ઉષ્માભર્યો આવકાર કર્યો. તે જ દિવસે સાંજે કૌટુંબિક પ્રાર્થનાસભા ચલાવવાથી કેરીને ઘણો આનંદ થયો. બીજે દિવસે વળી એથી પણ વિશેષ આનંદ થયો. એ તો રવિવાર હતો અને મિ. ઊડનીએ નજીકમાં વસતા થોડાક યુરોપિયનો માટે ભજનસેવા ચલાવવા કેરીને આમંત્રણ આપ્યું હતું. જોકે ભક્તિસભામાં સોળ માણસો હતાં, તોપણ કેરીને તેથી બહુ જ આનંદ થયો, અને બોધભાષણ આપવામાં જાણે કે તેની જીભ છૂટી ગઈ હોય, એમ તેને લાગ્યું.

તે રવિવારે થોમસ અને કેરી ફરી એક વાર મળ્યા, અને પોતાની મિશનરી સંગતમાં જોડાયા. કલકત્તામાં જે કંઈ બન્યું હતું, તે બધું દિલદાર કેરી વીસરી ગયો, કારણ કે થોમસના પ્રતાપે ગળીની ફેક્ટરીમાં તેને કામ મળ્યું હતું.

કેરીને મદનાબટ્ટીમાં આવેલી ફેક્ટરીનો ચાર્જ સંભાળવાનો હતો. તે માલ્ડાની ઉત્તરે બત્રીસ માઈલ પર આવેલું હતું, અને થોમસનું સ્થળ મોયપાલ્ડીગી એના કરતાં બીજા ૧૭ માઈલ છેટે

હતું. ગંગા નદી અને તેની શાખાઓમાંથી જે મોટાં મેદાનના ભાગોને પાણી પીવડાવવામાં આવતું હતું, તેની મધ્યે આ પ્રાંત આવેલો હતો. જંગલના જે સ્થળેથી તે આવ્યો હતો, તે કરતાં આ ભાગ જુદો જ હતો. આ તો ખુલ્લો રસાળ મેદાનનો ભાગ હતો, અને નજર પહોંચે ત્યાં સુધી ડાંગરનાં ખેતરો તથા આંબા તથા વડનાં ઝાડ અને અહીંતહીં વાંસનાં ઝાડનાં ઝૂંડ તથા કોઈ કોઈ તાડ નજરે પડતાં હતાં. ત્યાં જંગલી પ્રાણીઓની કોઈ ખાસ બીક નહોતી. તેમ છતાં નાસપતીના ઝાડનાં કાંટાળાં ઝૂંડોમાં પ્રાણઘાતક નાગ રહેતા હતા. તળાવોમાં અને નદીઓમાં અસંખ્ય મગરો માલૂમ પડતા હતા, પરંતુ લોકોને તેમની એટલી બધી બીક લાગતી નહોતી. કેરી લખે છે, - "મારા ઘરના બારણાથી દસેક વાર દૂર આવેલા એક તળાવમાં એક મગર છે. તેમ છતાં રાત્રે બારણું ઉઘાડું રાખીને હું ઊંઘી શકું છું."

કેરી પોતાના જીવનમાં હવે પછીનાં જે છ વર્ષ વિતાવવાનો હતો, તે પ્રદેશ આવો હતો. અહીં હવે તેની તાલીમનો બીજો તબક્કો શરૂ થયો. તેનું જીવન બે તબક્કામાં સામાન્ય રીતે વહેંચાયેલું જણાય છે, અને પ્રત્યેક તબક્કામાં ઈશ્વરના રાજ્ય માટે નોંધપાત્ર સેવાક્ષેત્ર જોવામાં આવે છે. પ્રથમ તબક્કો ઇંગ્લાંડમાં શરૂ થયો. તે સમયે અન્યધર્મી દુનિયા પ્રત્યે મંડળીઓની જે જવાબદારી રહેલી છે, તે જવાબદારીનું ભાન તેમને કરાવ્યું, અને મિશનરી કાર્ય સ્થાપવા તેને નવું કાર્ય સોંપાયું.

ત્યાં આવ્યા પછી એક મહિનામાં ગળીની સીઝન શરૂ થવાની હતી. ખેડવાનું અને બી વાવવાનું કામ તો કેરી આવ્યો, તે પહેલાં પતી ગયું હતું, અને હવે જ્યારે મે-જૂનમાં ધગધગતી ગરમી વરસી રહી હતી, ત્યારે ગળીનાં લીલાંછમ ખેતરો દષ્ટિગોચર થતાં હતાં.

કેરીના હાથ નીચે ૯૦ માણસો કામ કરતા હતા. એ અનુભવ

તેને માટે તદ્દન નવો જ હતો, અને સ્વાભાવિક રીતે તે તેને પોતાનું મિશનક્ષેત્ર સમજતો હતો.

તે ઇંગ્લાંડમાં હતો ત્યારે ચોક્કસપણે તે એમ માનતો હતો, કે મારું કામ મિશનરી સોસાયટીની સ્થાપના કરવાનું છે. મોચીનો ધંધો તો માત્ર પોતાનું ગુજરાન ચલાવવા માટે હતો. પણ ભારતમાં આવ્યા પછી તેને લાગ્યું કે, "મારું ખરું કામ તો સુવાર્તા પ્રચારનું છે, અને ગળીનું વાવેતર તો તે અંતિમ હેતુ માટે માત્ર સાધનરૂપ છે."

એક સાંજે કેટલાક કારીગરો કેરીની પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે, "આવતી કાલે ગળી બનાવવાની પ્રક્રિયા શરૂ કરવાની છે, માટે તમે આવીને કાલકા માતાને અર્પણ ચઢાવો, કે જેથી કરીને તમારું કામ સફળ થાય." કેરીએ કાળકાની ઘણી મૂર્તિઓ જોઈ હતી. કેરીએ આ તકનો લાભ લઈને તેઓને મૂર્તિપૂજામાં રહેલી મૂર્ખાઈ વિષે સમજાવ્યું, અને સત્ય ઈશ્વરને શોધવાનો બોધ આપ્યો. પણ બીજે દિવસે જ્યારે તેણે સાંભળ્યું, કે ક્ષુધિક દેવીને તેમણે લવારું ચઢાવ્યું હતું, ત્યારે તે મનમાં દુઃખી થયો.

બહારથી આવેલા લોકો માટે ભારતમાં પ્રથમ ચોમાસું હંમેશાં કસોટીરૂપ હોય છે. લોકોમાં તાવનું પ્રમાણ વધી જાય છે. મુન્શી પણ ત્રણ મહિના માંદો રહ્યો. ખાસ કરીને લોકો મરડાનો ભોગ વધારે બની જતા. ડૉરોથી, કેરી અને ફેલિકસ તેનાથી આઠ મહિના સુધી પીડાયાં હતાં. મિસિસ કેરી એકદમ નંખાઈ ગઈ હતી. હોડીની મુસાફરી દરમિયાન શ્રમ અને તાપ તેના પર ભારે અસર કરી ગયા હતા, અને તે પછી તેને કદી સંપૂર્ણ તંદુરસ્તી મળી નહોતી. વળી ભારતમાં તેનો વસવાટ કસોટીરૂપ હતો. જે બીકણ અને નાજુક એવી તે જ્યારે જંગલી પશુઓની ગર્જનાઓ સાંભળે, અને જ્યાં જુએ ત્યાં સાપ નજરે પડે, ત્યારે તેની સ્થિતિ કેવી થઈ જતી હશે! વળી તે પોતાની બહેન કેથેરાઈનને શોર્ટને ત્યાં મૂકીને આવી હતી,

એટલે તેને એકલતા પણ સાલતી હતી. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ તે વધારે બીમાર થતી ગઈ, અને આખરે ઘરનું કામકાજ કરવા માટે પણ તે અશક્ત બની ગઈ.

ઑગસ્ટ માસમાં મહોરમનો તહેવાર આવ્યો. લાગલગાટ બે દહાડા સુધી નગારાં, વાંસળી અને ઝાંઝનો અવાજ સતત ચાલુ રહ્યો. કેરી અને તેના કુટુંબને આ જોવાનું મળે, એવી લોકોને બહુ ઇચ્છા હતી. આથી તેમના ઘરનાં બારણાં આગળ ઓછામાં ઓછા હજાર લોકો એકત્ર થયા હતા. તેમાંના લગભગ અડધા લોકો તો જિજ્ઞાસાથી આવેલા, કારણ કે ઘણા લોકો જેઓ ગામડાંમાંથી આવેલા તેમણે કદી આવી ગોરી સ્ત્રી જોઈ નહોતી. અને કેટલાકે તો ગોરો માણસ પણ જોયો નહોતો. વળી તેમાં સાહેબ કોણ અને બીબી સાહેબ કોણ એ વિષે પણ તેઓ એકબીજાને પૂછતા હતા. બંગાળમાં પચાસ ટકા ઉપરાંત મુસલમાનોની વસ્તી હતી.

ત્યાં હિંદુ ધર્મ પણ ઘણો પ્રચલિત હતો, અને કેરીએ અનેક વાર લોકોને મૂર્તિપૂજા કરતા જોયા હતા. કેરી જણાવે છે કે, "તેના કારીગરોમાં એક કડિયો હતો, અને તે સરસ્વતી દેવીની પ્રતિમા બનાવતો હતો. આપણે જોઈ ગયા કે કેરીએ પોતાના કામદારોને મૂર્તિ અંગે સમજ પાડી હતી. તેમ છતાં આ પ્રમાણે ચાલતું હતું, તેથી તેને મનમાં દુઃખ થતું. પ્રથમ તેને એવા વિચાર આવ્યા કે મારી સત્તાથી આ બધું બંધ કરાવું. પણ તે ડહાપણભર્યું નથી એમ લાગવાથી તેણે એ પગલું ભર્યું નહિ. આથી કેરીએ ઘણી ધીરજપૂર્વક તેની સાથે વાત કરી, અને મૂર્તિપૂજા એ પાપ અને મૂર્ખાઈ છે તે સમજાવ્યું. આ માણસે એ વાત માન્ય રાખી, અને મૂર્તિને ફેંકી દેવાનું વચન આપ્યું.

આવા આવા પ્રસંગો લગભગ દરરોજ બનતા, અને તેથી કેરીને બે રીતે લાભ થતો હતો. તેને ભાષા બોલવાનો પ્રસંગ

મળતો, અને ચર્ચા-વાતચીત દ્વારા હિંદુ ધર્મ તેમ જ મુસ્લિમ ધર્મ વિષે વધુ જાણવાનું મળતું. એને માલૂમ પડ્યું હતું કે, અસરકારક રીતે મિશનરી કાર્ય કરવા માટે લોકોની ભાષા સમજવી જરૂરનું હતું.

મદનાબટ્ટીમાં ત્રણેક મહિના ગાળ્યા પછી કેરી ફરીથી સંતાપમાં આવી પડ્યો. વરસાદની ઋતુ પૂરી થતાં જ તાવની સીઝન શરૂ થઈ ગઈ. ઑગસ્ટમાં તેણે લખ્યું હતું કે "અહીંનું વાતાવરણ બરાબર માફક આવી ગયું છે." ચામડીનો તેને જે રોગ હતો, તેનું હવે નામનિશાન જણાતું નથી. પરંતુ સપ્ટેમ્બરમાં તો તેને વારંવાર તાવ હેરાન કરવા લાગ્યો. એકવાર તો તાવનો હુમલો ખૂબ જોરદાર હતો, અને તે સળંગ છવીસ કલાક સુધી રહ્યો. દૈવયોગે એમ બન્યું કે, એવામાં ઊડની તેને મળવા આવ્યો. ઊડનીએ દવા આપી અને તેથી તેને સારું થયું. બે દિવસ પછી બીજો એક વધારે ગંભીર હુમલો આવ્યો, જે વખતે તે સખત તાવ અને મરડાનો ભોગ થઈ પડ્યો હતો. આ તાવ આવ્યાને બીજે દિવસે જ્યારે કેરી પોતે લાચાર અવસ્થામાં હતો, ત્યારે તેના ત્રીજા નંબરના પાંચ વરસના દીકરા પીટરને પણ મરડો થઈ ગયો, અને તે સાથે તાવ પણ શરૂ થઈ ગયો. થોડા જ કલાકમાં આ દીકરો મૃત્યુ પામ્યો. અને તે જ દિવસે તેની દફનક્રિયા કરવામાં આવે, એ જરૂરનું હતું. જોકે તેની ફેક્ટરીમાં બે સુથાર હતા, તોપણ હૃદયભંગિત પિતા કોઈની પાસે શબપેટી બનાવડાવી શક્યો નહિ. ચાર મુસલમાનોએ આવી કબર તો ખોદી, પરંતુ ગામના મુખીએ કબર ખોદનાર ચાર જણને ન્યાતબહાર મૂક્યા. તેઓ બીજાની સાથે ખાઈ પી શકે નહિ કે બીડી પણ પી શકે નહિ. મૃતદેહના સ્પર્શથી અશુદ્ધ થવાય છે એવો હુકમ લોકોના મનમાં જડ ઘાલેલો હોવાથી અને ન્યાતબહાર થવાના ડરથી ફેક્ટરીના કોઈપણ માણસે આ છોકરાના શબને કબરે

લઈ જવાની હિંમત કરી નહિ. આથી વિલિયમ અને ડૉરોથીને એમ લાગ્યું કે અમારે પોતાને આ કીમતી બોજો ઊંચકીને તેના આશ્રયસ્થાને પહોંચાડવો પડશે. પરંતુ છેલ્લી ઘડીએ એક હરિજન-ભંગી તથા એક છોકરો જેને ન્યાતબહાર કરેલો હતો, તેઓ આ દુઃખદ ફરજ બજાવવા તૈયાર થયા. દુઃખી માબાપ જે પોતે ખાટલામાંથી નીકળીને બહાર આવવાને પણ શક્તિમાન નહોતાં, તેઓ કબરની પાસે જઈને ઊભા રહ્યાં અને પછી ખેદિત હૃદયે ઘેર પાછાં ફર્યાં. ખ્રિસ્તની ખાતર ભારતીય લોકોને જીતવા જે કિંમત ડૉરોથીને અને વિલિયમને ચૂકવવી પડી તેના ભાગરૂપ આ બનાવ હતો.

દુઃખના આ સમય દરમિયાન કેરી ઘણી વાર લોથપોથ થઈ જતો, અને અશક્તિને કારણે બહાર જઈ શક્તો નહિ. તે પોતાના ખાટલામાં પડ્યો પડ્યો આત્મપરીક્ષા કરતો, અને પ્રાર્થનાની મધુર પળોનો લહાવો માણતો. તે બંગાળી ભાષામાં બોધભાષણો તૈયાર કરતો, અને મોઢે કરી નાખતો. કલાકો સુધી તે મોઢે બોલી જતો, અને તે વખતે શબ્દ અને વાક્યરચના એકાએક આવી મળતાં, કે જે તંદુરસ્તીના સમયે પણ કદી સ્ફૂર્યાં નહોતાં. કસોટીના આ મહિનાઓ દરમિયાન કેરીના મનમાં તેના હેતુ અને કાર્ય અંગે ધીમે ધીમે ખરું સ્વરૂપ દેખાવા લાગ્યું. ભારતના લાખો લોકોને સુવાર્તા પ્રગટ કરવાની રીતરસમો વિષે તેના મનમાં સ્પષ્ટ ખ્યાલો રજૂ થવા લાગ્યા.

ઉપદેશ આપવા ઉપરાંત કેરીએ એક નાની શાળા ચલાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ શું બન્યું? થોડાએક મહિના થાય, એટલે માબાપો આવીને પોતાનાં બાળકોને લઈ જતાં, એ માટે કે તેઓ કામ કરીને કંઈક કમાણી કરે. આ રીતે શાળા નિષ્ફળ નીવડી. આથી કેરીના મનમાં ભારે ચિંતાનો બોજ રહેતો અને પોતાના હૃદયની આત્મપરીક્ષા કરતો. તે સુવાર્તા પ્રગટ કરતો હતો, અને

મહાન પરિણામોની આશા રાખતો હતો. શા કારણથી બદલાણ થતાં નથી? શું મારા પોતામાં કોઈ દોષ છે? પોતે કરેલા પ્રયત્નોની અને પોતાના પરિશ્રમની સ્પષ્ટ નિષ્ફળતાએ તેને વિચાર કરતો કરી દીધો હતો, અને કાર્ય કરવાની વધારે સારી રીતો શોધી કાઢવા અંગે વિચાર કરવા લાગ્યો.

કેરી જણાવે છે કે "અમે અમારા ખર્ચે ઇંગ્લાંડથી ટાઈપ મંગાવીને બાઇબલ તેમ જ અન્ય ઉપયોગી સાહિત્ય બંગાળી કે હિંદુસ્તાની ભાષાઓમાં છાપવા ઇચ્છા રાખીએ છીએ." કેરીને જે રૂા. ૨૦૦/-નો પગાર મળતો, તેનો છઠ્ઠો ભાગ મિશનરી કાર્ય માટે અલગ કરતો હતો. તે માનતો હતો કે, યહૂદીઓનો દશાંશનો નિયમ ઈશ્વરને આપવા માટે પૂરતો નથી.

ફેક્ટરીમાં પોતાની ફરજ બજાવવા ઉપરાંત કેરી તરજુમો કરવાના કાર્યમાં ખાસો સમય આપતો હતો, કારણ કે તેની મહાન જરૂરિયાત અંગે તે સજાગ હતો. તેની ભાષાશાસ્ત્રી તરીકેની શક્તિ વિકાસ પામી રહી હતી. ભારતમાં પહોંચ્યાને હજી એક વર્ષ પૂરું થયું નહોતું, ત્યારે તેણે સુત્કલીફ પર નીચે પ્રમાણે લખ્યું હતું :

"હું ટૂંક સમયમાં બંગાળી ભાષામાં તમારા પર ઉત્પત્તિ, માથ્થી, માર્ક અને યાકૂબનો પત્ર મોકલવાની ઇચ્છા રાખું છું, અને સાથે મેં રચેલો નાનો શબ્દકોશ તથા વ્યાકરણ પણ મોકલીશ."

કેરી માત્ર તરજુમાના કાર્યમાં જ નહિ પણ જાહેરમાં ઉપદેશ કરવાની બાબતમાં પ્રગતિ કરી રહ્યો હતો. ભારતમાં હજી તો તેને બે વર્ષ પણ થયાં નહોતાં, ત્યારે તે એક કલાક સુધી મુક્તપણે ઉપદેશ કરી શક્તો. આ સમયે તેણે ભાષા પર એટલો બધો કાબૂ મેળવ્યો હતો, કે લોકોના મોટા સમૂહ સમક્ષ ખુલ્લામાં તે ઉપદેશ કરી શક્તો. લોખંડના આંકડા વડે દેહદમન કરવાના મહાન પર્વ સમયે તે રિવાજની સામે હિંમતથી ઉપદેશ કરવાનો તેણે નિશ્ચય

કર્યો હતો અને બીજા રવિવારે સવારે પાંચસો જેટલા મુસ્લિમ અને હિંદુઓના મિશ્ર સમૂહ સમક્ષ અને સાંજે ચારસો જેટલા લોકોની સમક્ષ તેણે ઉપદેશ કર્યો. બીજા અઠવાડિયે દેહકષ્ટનાં દૃશ્યો જોઈને તેને ઘણું દુ:ખ થયું-લોખંડના અણીદાર ખીલા પર સૂઈ જવું, વાંસની ધારદાર ચીપો શરીરમાં ખોસીને નૃત્ય કરવું, લોખંડના અણીદાર આંકડા શરીરમાં ભોંકીને હવામાં ઝૂલાં ખાવાં. એ પર્વને છેલ્લે દહાડે તેણે બે વાર ઉપદેશ કર્યો-સવારમાં બસો ઉપરાંત અને સાંજે પાંચસો માણસો હતા. તે પછીના રવિવારોએ તેને ફેક્ટરીના માણસો સિવાયના વધારે ને વધારે માણસોની સંખ્યા મળતી રહી, તેથી તેને ઘણું ઉત્તેજન મળ્યું.

રવિવારના દિવસોએ કેરી બહુ જ કામમાં રહેતો. હવે કેવળ સભાઓથી તેને સંતોષ થતો નહોતો. પરંતુ સાંજને સમયે બહાર ગામ જઈને આજુબાજુના દૂરનાં ગામોમાં સુવાર્તાનો સંદેશો પ્રગટ કરવાની તેની રીત હતી. કોઈ ઝાડની છાયામાં કે કોઈ ઊંચા સ્થળે ઊભો રહીને કે ચોકમાં ગીત ગાઈને તે લોકોને એકત્ર કરતો.

આસપાસના વિસ્તારોમાં બસો જેટલાં ગામડાં આવેલાં હતાં, અને તેઓને સુવાર્તા પ્રચાર કરવાની જવાબદારી પોતાની છે એમ કેરી સમજતો હતો. ત્યાં જવા માટે માઈલોના માઈલ સુધી યોગ્ય રસ્તા નહોતા. આથી ડુંગરનાં ખેતરોની વચ્ચે વચ્ચે આવેલી સાંકડી કેડી પર થઈને તેને જવું પડતું. તે જણાવે છે કે, આ રીતે મારે કોઈક દિવસે વીસ વીસ માઈલ જેટલું પણ ચાલવું પડતું. નવેમ્બરથી ફેબ્રુઆરીનો સમય સુવર્ણ સમય ગણાતો, અને તે સમય દરમિયાન શિયાળામાં લગભગ અડધો અડધ ગામડાં તે ફરી વળતો. તે કહે છે - "સુવાર્તાપ્રચાર એ મારા આત્માના એક અંગરૂપ છે. વીસ ચોરસ માઈલના વિસ્તારમાં મેં ખ્રિસ્તનું નામ પ્રગટ કર્યું છે."

એ ઉપરાંત ત્યાં રહેતા થોડાઘણા યુરોપિયનોને પણ તે ભૂલી જતો નહિ. તેમની મધ્યે સેવાકાર્ય કરવામાં પણ તે સમય આપતો. માલ્ડામાં એક નાની બાપ્ટિસ્ટ મંડળી પણ સ્થાપવામાં આવી હતી.

કેરીને કોઈ સાથીની જરૂર હતી. કુટુંબ પર ગાઢ વાદળો ફરી વળ્યાં હતાં. તે પોતે લખે છે : "મારા કુટુંબમાં અતિ કપરી કસોટીઓ આવી પડી હતી." બાર મહિના પછી તેણે ફુલ્લર પર લખ્યું : "મારી બિચારી પત્ની માનસિક રીતે ઘણી કફોડી સ્થિતિમાં આવી પડી છે." વળી ટપાલ પણ અચોક્કસ સમયે આવે, અને તેમાં પણ ઢીલ થાય, એટલે પણ તેને ઘણું એકલવાયાપણું લાગતું. ભારતમાં આવ્યા પછી ૧૪ મહિના સુધી કોઈ પત્ર ઇંગ્લાંડથી આવ્યો નહોતો.

તે કહે છે :- "હું ખરેખર ગરીબ છું, બંગાળી અને હિંદુસ્તાની ભાષામાં બાઇબલ છપાય નહિ, ત્યાં સુધી હું ગરીબ જ રહીશ."

• • •

## પ્રકરણ ૧૫

# ભાવિ યોજના

(જૂન ૧૭૯૬થી ઑક્ટોબર ૧૭૯૯) (ઉંમર ૩૫-૩૮ વર્ષ)

"ઈશ્વર માટે મહાન કાર્યો કરવાની કોશિશ કરો. એ આહ્‌વાનને આધારે કેરી ભારતના લાખો લોકો મધ્યે કામ કરવાની આશા રાખતો હતો. સને ૧૭૯૬ની અધવચમાં તેને એમ લાગ્યું હતું, કે અત્યાર સુધી હું જે કંઈ કરી રહ્યો છું, તે કરતાં હવે મારે વધારે મોટા સાહસિક કાર્યમાં ઝંપલાવવું જોઈએ. તેને જોઈએ એવી સફળતા મળેલી નહિ હોવાથી એ વિષે તે વિચાર કર્યા કરતો હોય એમ જણાય છે. જૂનની ૧૭મી તારીખે તેણે ફુલ્લર પર લખ્યું – "જે કંઈ બની રહ્યું છે તે બધું જાણે અમારી વિરુદ્ધ થતું હોય એમ લાગે છે, એટલે સફળતાની તો વાત જ કેવી રીતે કરવી? ત્રણ મુસલમાનો બહુ જ આશાસ્પદ જણાતા હતા, પરંતુ તેઓનું બદલાણ થયું નહિ. વળી અમારો મુખ્ય મદદગાર રામ બોસુ વ્યભિચારના પાપમાં પડ્યો, એટલે તેને છૂટો કરવામાં આવ્યો. શાળાનો શિક્ષક જતો રહ્યો, અને શાળા બંધ કરવી પડી. ચારે બાજુથી નિરાશાનાં વાદળો ઘેરી વળ્યાં હતાં. મિ. ઊડની ભારે નાણાકીય ખોટમાં આવી પડ્યો હતો. રેલ આવવાને કારણે ગળીના ઉદ્યોગને ભારે નુકસાન પહોંચ્યું, અને હવે ઊડની કેરીને બહુ મદદ કરી શકે તેમ નહિ હોવાથી તેણે છૂટા થવાનું હતું.

પરંતુ કેરી હતાશ બની જાય, તેવો નહોતો. મુશ્કેલીઓથી તે ગભરાઈ જાય તેવો નહોતો. તે કહેવા લાગ્યો - "ચારે બાજુએ ઘણી ગંભીર મુશ્કેલીઓ દેખાય છે, અને બીજી વધારે આવે એવી પણ વકી છે, અને આથી જ આપણે આગળ ઝંપલાવવું જોઈએ."

તેણે લખ્યું : "મને લાગે છે કે, અહીં વધારે મિશનરીઓ મોકલવામાં આવે, એ અતિ અગત્યનું છે. અમે થોડા સમયમાં મરણ પામીએ, અને કામ ઊપાડી લેનાર કોઈ ન હોય, તો વિપરીત સંજોગો ઊભા થાય, અને સુવાર્તાપ્રચારના કાર્યને ઘણું વેઠવું પડે. જીવંત વચનને ધરી રાખનાર અમારી પછી અહીં કોઈ હોય એ ઘણું મહત્ત્વનું છે."

તેને આવી ખાતરી થઈ ચૂકી હતી, કે 'ઈશ્વરને માટે મહાન કાર્યોની કોશિશ કરવી હોય' તો મોટા પાયા પર આપણે ઝંપલાવવું પડશે. નવેમ્બર મહિના સુધીમાં કાર્યને માટે નવી યોજનાનો તેણે વિચાર કરી રાખ્યો હતો, અને તે અંગેની પૂરી વીગત તેણે ફુલ્લર પર લખી હતી. પોતાની પત્નીઓ અને કુટુંબ સાથે સાત-આઠ મિશનરીઓએ એક વસાહત સ્થાપવી જોઈએ. એક જ કમ્પાઉન્ડમાં મોરેવિયન મિશનરીઓની ઢબે તેઓએ સાથે રહેવું જોઈએ, અને ઓછો ખર્ચ થાય, તે માટે નોકરોનો એક જ સામાન્ય સ્ટાફ હોવો જોઈએ. આ યોજનામાં સ્ત્રીઓ ઘણી ઉપયોગી નીવડશે, એવું તે માનતો હતો. તેણે લખ્યું - "મિશનરીઓની પત્નીઓ પોતાના પતિઓના કાર્યમાં ખરા દિલથી રસ લે, આ અતિશય અગત્યનું છે. ભારતની સ્ત્રીઓમાં મિશનરીઓની પત્નીઓ તથા કુંવારી સ્ત્રીઓ મિશનકાર્યમાં મદદકર્તા હોવી જોઈએ."

આ પ્રકારની ઝૂંબેશ ચલાવવા માટે બીજું પણ એક કારણ હતું. નવા કરારના તરજુમાનું કાર્ય લગભગ પૂરું થવા આવ્યું હતું, અને હવે તેને છપાવવા માટે વિચાર કરવો જરૂરી હતો. કેરીની

એવી આશા હતી, કે શાસ્ત્રભાગો છાપવા માટે પોતાની આવકમાંથી તે પૂરતાં નાણાં બચાવી શકશે, પરંતુ ગળીનો પાક નિષ્ફળ ગયો, એટલે હવે તે તેની શક્તિ બહારની વાત બની ગઈ હતી.

૧૭૯૬ના ઑક્ટોબરના આરંભમાં જે વખતે કેરી પોતાની યોજનાની રૂપરેખા તૈયાર કરી રહ્યો હતો, ત્યારે એક અજાયબ જેવો બનાવ બન્યો. ઑક્ટોબરની ૧૦મી તારીખે સંસ્કૃતનો અભ્યાસ કરવા કેરી બેઠેલો હતો, અને તેનો શિક્ષક તેની બાજુએ ઊભો રહ્યો હતો, ત્યારે કોઈ અજાણ્યા માણસે બહાર બૂમ પાડી - ''સાહેબ!'' આ માણસ પરસાળમાં આવીને ઊભો હતો, અને તેણે પોતાની ઓળખાણ આપતાં કહ્યું કે, ''મારું નામ જોન ફાઉન્ટન છે, અને તમને મદદરૂપ થવા માટે મને કમિટીએ નવા મિશનરી તરીકે મોકલી આપ્યો છે.'' કેરીને તો એકાએક ભારે અચંબો થયો, કારણ કે આ નવા મિશનરીને મોકલવા વિષે તેણે કાંઈ જ સાંભળ્યું નહોતું. ફાઉન્ટન કંપનીના જહાજમાં નોકર તરીકે દાખલ થઈને કલકત્તા ઊતરી પડ્યો હતો. ઇંગ્લાંડની સોસાયટીએ તેને પૂરતાં નાણાં આપ્યા વગર મોકલેલો એટલે મદનાબટ્ટી જવા માટે તેને ઉછીનાં નાણાં લેવા પડ્યાં હતાં. કેરીએ આનંદથી આ યુવાન સાથીદારનો ભાવભીનો આવકાર કર્યો.

દરમિયાન કેરીએ અમુક મહત્ત્વની વ્યક્તિઓ સાથે મિત્રાચારી બાંધીને સારા સંબંધો કેળવવા માંડ્યા. દિનાપુરનો ન્યાયાધીશ તેનો મિત્ર બન્યો, અને કેરીને વનસ્પતિ શાસ્ત્રનું સારું જ્ઞાન હોવાથી કંપનીના બોટાનિકલ ગાર્ડનના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રોક્સબર્ગના સંપર્કમાં તે આવ્યો. એક પોર્ટગીઝ સદ્‌ગૃહસ્થ ફર્નાન્ડીસ, જેનો જન્મ ચીન દેશમાં થયો હતો, તે પણ તેનો ગાઢ મિત્ર બની ગયો. સભા માટે દિનાપુરમાં એક ઘર બાંધવામાં આવ્યું, જેનો ઉપયોગ યુરોપિયનો તેમ જ ભારતીય લોકો માટે કરવાનો હતો. આ નવા

મકાનમાં ઉપદેશ કરવા માટે તેણે કેરીને આમંત્રણ આપ્યું, અને પહેલી જ ભજનસેવા વખતે મુખ્ય જજ, ડિસ્ટ્રિક્ટ જજ, કોર્ટનો રજિસ્ટ્રાર અને પોતાની પત્નીઓ સાથે કેટલાક યુરોપિયનો હાજર થયા હતા. વળી કેરીએ બંગાળી ભાષામાં જે ભક્તિસભા ચલાવી તેમાં પણ ત્રણેય ન્યાયધીશોએ ભાગ લીધો હતો. ડિસ્ટ્રિક્ટ ન્યાયાધીશે કેરીને અને તેની સાથેના માણસોને પોતાને ઘેર જમવાનું આમંત્રણ આપ્યું. ત્યારે કેરીએ સુવાર્તા સંબંધી અને ખાસ કરીને મિશન કાર્ય વિષે ઘણી વાતચીત કરી. ત્યાર બાદ એવી વ્યવસ્થા કરવામાં આવી કે, દર મહિને ભારતીય લોકો માટે તેમ જ યુરોપિયનો માટે કેરી ભજનસેવા ચલાવવા દિનાપુર આવે.

૧૭૯૯ની સાલ મિશનકાર્ય માટે બહુ બારીક અને નિર્ણયાત્મક બનવાની હતી. આ સમયે એક જૂના પ્રિન્ટિંગ પ્રેસને ખરીદવામાં આવ્યું. એ એક મોટું પગલું ભર્યું કહેવાય. ૧૭૯૭ના ડિસેમ્બરમાં કલકત્તાના ન્યુસપેપરમાં તેની જાહેરાત જોઈને કેરીએ એ તકનો લાભ લઈ લીધો. અને ચારસો રૂપિયામાં તેને ખરીદી લઈને પોતાના ઘરમાં ગોઠવી દીધું. આ સમાચાર સાંભળીને પાસે રહેતા એક અંગ્રેજ મિત્રે તેને પેટે નાણાં આપ્યાં, અને ટાઈપ ખરીદવા તથા શાસ્ત્રભાગની પ્રથમ આવૃત્તિ છાપવાના ખર્ચ પેટે વધારાનાં નાણાં પણ તેણે આપ્યાં.

ઉનાળાની શરૂઆતમાં ઇંગ્લાંડથી સમાચાર આવ્યા, કે મદદ કરવા માટે જે વધારાના માણસોની વારંવાર માગણી કરવામાં આવી હતી તે માગણી કમિટીએ સ્વીકારી છે. આથી આવનાર માણસો માટે શી વ્યવસ્થા કરવી તે અંગે વિચાર કરવા લાગ્યો. પરંતુ એ સમયે મુશ્કેલીઓ તો વધે જ જતી હતી. તેની પોતાની સ્થિતિ પણ અતિ અચોક્કસ હતી. મદનાબટ્ટીમાં તેનું પોતાનું સ્થાન હવે રહેવાનું નથી, એમ તેને લાગતું હતું. પ્રતિવર્ષ ગળીનો પાક

નિષ્ફળ નીવડતો હતો, અને હવે સ્પષ્ટ જણાતું હતું કે કોઈ ખાસ ફેરફાર ન થાય, તો તે આગળ ચાલી શકશે નહિ. તેણે પોતે પોતાના ઉપર જવાબદારી લઈને કિરપુર જે મદનાબટ્ટીથી બારેક માઈલ દૂર છે, ત્યાં એક નાની ફેક્ટરી ઊડની પાસેથી ખરીદી લીધી, અને પાકમાંથી જે નફો થાય, તેમાંથી રફતે રફતે તેની રકમ ભરવાની હતી. પાંચેક વર્ષના અનુભવ પછીનું આ કૃત્ય તે ખરેખરું સાહસ હતું. તે એમ વિચારવા લાગ્યા, કે પોતાને ઊડનીની નોકરીમાંથી છૂટા થવું પડે, તોપણ આ પોતાના કુટુંબ માટે એક આશરા જેવું ગણાશે, અને મિશનની જે વસાહત કરવાની છે, તે માટે પણ તે સ્થાનનો ઉપયોગ કરી શકશે.

ત્યાર પછી આકસ્મિક નિષ્ફળતા આવી. ચોમાસામાં પાણીની મોટી રેલ આવી અને બધો પાક સદંતર નાશ પામ્યો. મિ. ઊડની આગળ ચાલી શકે તેમ નહિ હોવાથી સપ્ટેમ્બર (૧૭૯૯)મા મદનાબટ્ટી ફેક્ટરી બંધ થઈ ગઈ. આથી કેરીને આપોઆપ કામમાંથી છૂટા થવું પડ્યું, અને પોતાની જ આવકનાં સાધનો પર તેને આધાર રાખવો પડ્યો. આમ છતાં ઉદાર ઊડનીએ એ વર્ષના અંત સુધી કેરીને પગાર આપ્યો. કેરીએ લખ્યું : "અમારી મુશ્કેલીઓ ગમે તેટલી ભારે હોય તોપણ હું નિરાશ થતો નથી... આપણે ઘણું સહન કરવું જોઈએ. સખત શ્રમ અને મંથન કરવાં જોઈએ... કદાપિ સોસાયટી પાસેથી સોએક પાઉન્ડ મળે."

કેરીને ભારતમાં આવ્યાને હવે છ વરસ થયાં હતાં, અને તે સમય દરમિયાન એક પછી એક અનેક મુશ્કેલીઓનો તેને સામનો કરવો પડ્યો હતો. માર્ગમાં નિરાશાઓ અને નડતરો ખડકાયેલી હતી. તેણે ફુલ્લર પર લખ્યું - "મિશન કાર્યમાં અત્યારે જે હતાશા જણાય છે, તેવી કદી દેખાતી નહોતી." પછી કેરી કમર કસીને નવી પરિસ્થિતિને પહોંચી વળવા પ્રયત્ન કરવા લાગ્યો.

કિદ્દરપુરમાં તેણે જે જમીન લીધી હતી ત્યાં આગળ પોતાના કુટુંબ માટે ઘર બાંધવાનું તથા જે નવા મિશનરીઓ આવનાર છે, તેમને માટે વ્યવસ્થા કરવાની હતી. એક મહિના બાદ કેરીને સમાચાર મળ્યા કે, ચાર નવા મિશનરીઓ પોતાની પત્નીઓ સાથે ભારતમાં ઊતર્યા છે. આ ખરેખર મહાન સમાચાર હતા. હવે પછી એક નવો જ વળાંક શરૂ થશે.

• • •

## પ્રકરણ ૧૬

# ડેનિશ ધ્વજ હેઠળ આશ્રય

(ઑક્ટોબર ૧૭૯૯ થી જાન્યુઆરી ૧૮૦૦) (ઉંમર ૩૮ વર્ષ)

કેરીએ વધારે માણસો માટે કરેલી માંગણી બહેરા કાન પર પડી નહોતી. ફુલ્લર અને રાયલેન્ડ, સુત્કલીફ અને પીઅર્સ તેમ જ અન્ય લોકો એ માટે શ્રમ કરતા હતા. તેઓ ઘેર ઘેર ફરીને મિશનરી કાર્યમાં લોકોના રસને જાગૃત કરતા, તથા તે માટે ફંડ પણ એકત્ર કરતા હતા. ૧૭૯૮ની આખરમાં સોસાયટી પાસે ત્રણ હજાર પાઉન્ડ હતા. એ વર્ષની શરૂઆતમાં કેરીએ તેમને જણાવ્યું હતું, કે જે મિશનરીઓને મોકલવામાં આવે, તેઓ બંગાળમાં કેરીની ગળીની ફેક્ટરીમાં મદદગાર તરીકે પોતાનું રજિસ્ટ્રેશન કરાવે. આ સમાચાર મળ્યા પછી વધારે મિશનરીઓ મેળવવા આન્દ્રુ ફુલ્લરે શ્રમ કરવામાં કંઈ બાકી રાખ્યું નહિ. કેરીના પત્ર પછી નવ માસમાં ચાર મિશનરીઓ ભારત જવા તૈયાર થઈ ગયા. તે પૈકી એક વિલિયમ વોર્ડ-ડર્બીનો પ્રિન્ટર હતો. સાત વર્ષ પહેલાં કેરીએ તેને મળીને કહ્યું હતું, - "થોડાં જ વર્ષોમાં બાઇબલ છાપવા માટે ભારતમાં અમારે તારી જરૂર પડશે, અને તેથી અમારા પછી તારે આવવું જોઈએ." બીજી વ્યક્તિનું નામ જોશુઆ માર્શમેન હતું. તે શિક્ષક હતો. બીજા સાથીઓ ગ્રાન્ટ અને બ્રુન્સ્ડન હતા. તે બંને ઘણા

ઉત્સાહી અને આશાસ્પદ હતા. માર્શમેન અને ગ્રાન્ટ પરિણીત હતા, અને બંનેને બબ્બે બાળકો હતાં. ત્યાંથી નીકળ્યા પછી બ્રુન્સ્ડને લગ્ન કર્યું હતું, અને મિસ ટીડ ફાઉન્ટન સાથે લગ્ન કરવાની હતી.

દરિયાઈ સફરની વ્યવસ્થા કરવામાં કંઈ ઓછી મુશ્કેલી પડી નહોતી, કારણ કે ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું વલણ અગાઉની પેઠે જ વિરોધી હતું. કંપનીનાં જે વહાણ વસંત ઋતુમાં કલકત્તા જનાર હતાં, તેમાં મિશનરીઓ તરીકે જેવું મુશ્કેલ હતું. વળી ડેન્માર્કના જહાજ પણ નીકળી ગયાં હતાં.

એવામાં જાણવા મળ્યું કે, એક અમેરિકન જહાજ ક્રાઈટેરિયન (Criterian) બંગાળ જવાનું હતું. ફુલ્લરે ટિકિટ મેળવવા કેપ્ટનને એકદમ અરજી કરી. કુલ બાર જનાર હતાં-ચાર પુરુષો, ચાર બાનુઓ અને ચાર બાળકો. કેપ્ટન વિકસે અરજીનો તાત્કાલિક જવાબ આપ્યો, અને જણાવ્યું કે, "તે પોતે ખ્રિસ્તી માણસ છે, અને પૂર્વના મહાન રાષ્ટ્રોમાં સુવાર્તા પ્રચાર કરવા જનાર વ્યક્તિઓને પોતાના જહાજમાં લઈ જવામાં તે મોટો આનંદ અને હક ગણે છે." આથી ૧૭૯૯ના મે માસની ૨૯મી તારીખે મિશનરીઓને તેમનાં કુટુંબો સાથે લઈને જહાજ ક્રાઈટેરિયન પોર્ટસ્મથથી ઊપડ્યું.

જહાજ ઊપડ્યું તે પહેલાં એક પ્રશ્ન તેમને મૂંઝવતો હતો તે એ હતો કે, કલકત્તા પહોંચ્યા પછી શું કરવું? આથી તેમને એવી સલાહ આપવામાં આવી હતી કે, કલકત્તા ઊતરીને મુશ્કેલી વહોરી લેવી, તે કરતાં તેમણે ડેનિશ સંસ્થાન સીરામપુર સીધા ચાલ્યા જવું. આથી લંડનમાં રહેતા ડેનિશ પ્રતિનિધિ પાસેથી તેમણે સીરામપુરના ગર્વનર માટે ઓળખપત્ર મેળવી લીધો.

હવામાન અને પવનની દિશા અનુકૂળ હોવાથી જહાજ ચાર મહિના પછી ટૂંક સમયમાં ઑક્ટોબરની પાંચમી તારીખે હુગલી નદીના મુખ આગળ સેંગર રોડ્ઝ નામના સ્થળે આવી પહોંચ્યું.

યોગ્ય સમયે કેપ્ટન વિકસે મિશનરીઓને તથા તેમનાં કુટુંબોને સરસામાન સાથે બે ટોળીઓમાં સીરામપુર રવાના કરી દીધા. ઑક્ટોબરની ૧૩મીના રવિવારની પ્રભાતે તેઓ સીરામપુર આવી પહોંચ્યા. માર્શમેન સૌથી પહેલો હોડી પરથી કિનારે કૂદી પડ્યો અને ઘૂંટણે પડીને ઈશ્વરનો આભાર માન્યો.

મિશનરીઓએ એક નાની હોટલમાં ઉતારો મેળવ્યો, અને બીજે દિવસે સવારે ડેનિશ ગવર્નર કર્નલ બાય સમક્ષ હાજર થઈને પોતાને અપાયેલો ઓળખપત્ર રજૂ કર્યો. ગવર્નરે તેમનો ભાવભીનો આવકાર કર્યો, અને કેરીને ત્યાં જવા માટે મુસાફરી અંગે જે કંઈ કામ હોય, તેમાં સહાયરૂપ થવા પોતાની તત્પરતા દેખાડી. પરંતુ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અધિકારીઓ તેમને ત્યાં જવા માટે પરવાનગી આપશે કે કેમ એ એક મોટો પ્રશ્ન હતો. તેમ છતાં મિશનરીઓએ પોતાના આગમનની ખબર આપવા એકદમ એક પત્ર કેરી પર લખી નાખ્યો.

મિશનરીઓ ડેનિશ સરકારના મૈત્રીભર્યા રક્ષણ હેઠળ સીરામપુરમાં સલામત હતા. પરંતુ ત્યાં જ રહેવાનો તેમનો ઇરાદો નહોતો. કેરી તેમની રાહ જોતો હતો. કેમ કે તાજેતરમાં તેણે કિદ્દરપુરમાં મિલકત મેળવી હતી, અને તેથી જેમ બને તેમ જલદી તેઓ ત્યાં જવાની ઇચ્છા રાખતા હતા. પરંતુ તેમને એક બીજી બાબતનો પણ સામનો કરવાનો હતો. તેઓએ ઉત્તરના પ્રદેશમાં જવા માટે ગવર્નર જનરલની પરવાનગી મેળવવી જોઈએ. કેરીની યોજનાને તેઓ વળગી રહ્યા હોત, અને ગળીના વાવેતરમાં કેરીના મદદગાર તરીકે બંગાળમાં દાખલ થયા હોત, તો તેમને બહુ મુશ્કેલી પડત નહિ. પરંતુ હવે તો તેમણે પોતાને મિશનરીઓ તરીકે જાહેર કર્યા છે. આથી તેઓએ આ અંગે સલાહ મેળવવા કેરી પર પત્ર લખ્યો. પરંતુ જવાબ આવતાં તો બેત્રણ અઠવાડિયાં થઈ

જાય એમ હતું. એ દરમિયાન તેઓ કેપ્ટન વિકસ અને કર્નલ બાય પાસેથી જરૂરી સલાહ મેળવતા રહ્યા. કેપ્ટન વિકસ ભાવિક અને નિષ્ઠાવાન રેવ. ડેવિડ બ્રાઉનની રાહ જોતાં હતો, કે જેથી તે આવીને લોર્ડ વેલેસ્લીને આ અંગે વાત કરે. પરંતુ આ બાબતમાં પ્રયત્નો કર્યા છતાં નિષ્ફળતા મળી.

પછી સીરામપુરના ગવર્નર મિ. બાયે મિશનરીઓને આગ્રહપૂર્વક કહ્યું કે, તેઓ બીજા બધા પ્રયત્નો જતા કરે અને હવે સીરામપુરને તેઓ પોતાનું કાયમી કેન્દ્ર બનાવે, તો તે તેમને તમામ કામમાં મદદરૂપ થશે, એવું તેણે વચન આપ્યું. અત્યારે તો માત્ર એટલું જ કરવાનું કે તેઓ આ અંગે કેરીને લખી જણાવે. વળી તેમના પર આવેલી આણધારી મુશ્કેલીઓ દૂર કરવા માટે કેપ્ટન વિકસે વ્યાજ વગર એક હજાર રૂપિયા ઉછીના આપવા જણાવ્યું.

નાની હોટલનો ખર્ચ ભરવાનો તેમને કઠિન લાગવાથી તેમણે શહેરની પાછળ આવેલું એક ઘર ભાડે રાખ્યું. જોકે એ એટલું બધું સારું નહોતું, તોપણ તે તેમને સસ્તું લાગતું હતું. પ્રત્યેક કુટુંબને માટે ચૌદ ચોરસ ફૂટવાળો એકેક ઓરડો મળી રહેતો, અને એક બીજો મોટો સામાન્ય ઓરડો હતો, જેમાં તે બધા સાથે ભોજન લઈ શકતા. આઠ પુખ્ત વયનાં અને ચાર બાળકો માટે આ તો ખરેખર અગવડતાભર્યું લાગતું હતું, અને વળી ભેજ પણ રહેતો હતો. પરંતુ તેઓ ભારતમાં આવી પહોંચ્યા હતાં, તેથી જે અત્યાનંદ થતો હતો, તેની આગળ આ અગવડતાઓ કંઈ હિસાબમાં નહોતી.

સીરામપુરમાં પોર્ટુગીઝ રોમન કેથોલિક ચર્ચ સિવાય બીજું કોઈ ભજનસ્થાન ખ્રિસ્તીઓ માટે નહોતું. આથી શનિવારે ત્યાંના ખ્રિસ્તી લોકોને આમંત્રણ આપીને જણાવ્યું કે, બીજા દિવસે રવિવારે તેઓ તેમની સાથે ભજન કરવા ઇચ્છા રાખે છે. તેમની ધારણા

કરતાં વધારે લોકો હાજર થયા હતા. રવિવારે સવારે સફેદ પોષાકવાળા, ખુલ્લા પગે પોતાના અધિકારીઓની ખુરશીઓ ઊંચકીને ત્યાં આવ્યા. ઠરાવેલા સમય પહેલાં ગવર્નર પોતે અને અન્ય અમલદારોએ આવીને ઓરડો ભરી દીધો. તે દિવસ તો વોર્ડનો જન્મદિન હતો, અને તે પોતે જ બોધક હતો. આ સમયે અનેક પ્રકારની અચોક્કસતા અને નિરાશા મધ્યે મિશનરીઓના નાના સમૂહને કેટલો બધો આનંદ, ઉત્સાહ અને ઉત્તેજન મળ્યાં હશે!

પરંતુ થોડા દિવસો પછી એક ભારે ફટકો તેમને લાગ્યો. ગ્રાન્ટ તાવમાં સપડાઈ ગયો અને તે મરણ પામ્યો. બીજે દિવસે ઘણા દુઃખ સાથે તેને ડેનિશ કબ્રસ્તાનમાં દફનાવ્યો. ભારતમાં આવ્યાને તો તેને હજી વીસ જ દિવસ થયા હતા. તે પોતાની પાછળ તેની વિધવા અને બે બાળકોને મૂકી ગયો.

એક બાજુ જોતાં બ્રિટિશ સરકાર તરફથી અનેકવિધ અડચણો અને વિરોધ જણાતાં હતાં, ત્યારે બીજી તરફ ડેનિશ ગવર્નર તરફથી વધારે ને વધારે મૈત્રીભર્યો ભાવ દર્શાવવામાં આવતો હતો. વળી મિશનરીઓ સીરામપુરને પોતાનું મિશનક્ષેત્ર તેમ જ પોતાનું આશ્રયસ્થાન બનાવે, તે માટે તે આતુરતાપૂર્વક આમંત્રણ આપી રહ્યો હતો. મિશનરીઓને અંગત રીતે તેણે એવી ખાતરી આપી કે, આ નાની સંસ્થામાં કોઈ પણ જાતની હરકત વગર તેઓ પોતાનું કાર્ય આગળ ચલાવી શકે છે. તેઓ કોઈ શાળા ખોલીને મિશનના કાર્ય માટે તેમાંથી કાંઈક આવક કરી શકે. વળી તેઓ પ્રિન્ટિંગ પ્રેસની સ્થાપના કરીને પવિત્રશાસ્ત્ર અને ટ્રાક્ટો છૂટથી છપાવી શકશે. વળી ડેનિશ નાગરિકતાના હકો અને સામાજિક સ્થાન તેમને આપવા જણાવ્યું અને બ્રિટિશ ઈન્ડિયામાં જ્યારે જ્યારે તેમને મુસાફરી કરવાની ઇચ્છા થાય, ત્યારે ત્યારે પોતાના સહીસિક્કાથી પરવાનો આપવાનું તેણે વચન આપ્યું. વળી તેઓ પોતાનું પ્રભુમંદિર

પણ બાંધી શકે છે, અને પોતે તે સમયે તે માટે ફંડ પણ ઉઘરાવી રહ્યો છે, એવું જણાવ્યું.

આ બધું જોતાં વોર્ડને એમ લાગ્યું કે, તે ફાઉન્ટન અને તેની પત્ની સાથે મદનાબટ્ટી જાય, અને તમામ પરિસ્થિતિ વિષે કેરીની સાથે ચર્ચા કરીને તેને જણાવે, કે તે અત્રે સીરામપુર આવીને તેમની સાથે કાર્યમાં જોડાય. વોર્ડ ડિસેમ્બરની પહેલી તારીખે ગળીના કારખાને પહોંચી ગયો. તેઓએ ચારે બાજુનાં પાસાં સંબંધી ચર્ચા કરી. કેરીએ છેલ્લાં છ વરસથી આ ક્ષેત્રમાં શ્રમ લઈને જે જે કાર્ય કર્યું હતું, તે પ્રદેશને છોડીને બીજે સ્થળે તેને જવાનું મન થાય નહિ એ સ્વાભાવિક હતું.

પરંતુ તેઓ ચર્ચામાં રોકાયા હતા, તે દરમિયાન શું બન્યું? સીરામપુરથી એકાએક એક સંદેશિયો આવ્યો અને તે સરકારના સમાચાર લઈને આવ્યો હતો. મદનાબુટ્ટીમાં વોર્ડ આવ્યો છે એ સાંભળીને સરકારે એવી ધમકીભરી ખબર મોકલી હતી કે, તેણે કંપનીની હદમાં પ્રવેશ કર્યો છે, માટે તેની ધરપકડ થવી જોઈએ. આ બાબતને કારણે તેઓ એકદમ નિર્ણય પર આવી ગયા, અને કેરીએ સીરામપુરમાં રહીને મિશન કાર્ય કરવાનો નિશ્ચર્ય કર્યો. આથી કેરી પોતાના ત્રણ દીકરા અને પોતાની પત્ની સાથે નવા વર્ષની સવારે સીરામપુર જવા ચાલી નીકળ્યો. આ સમયે ડૉરોથીની માનસિક બીમારી બહુ વધી ગઈ હતી. કેરી હવે પોતાના કાર્યક્ષેત્રના નવા તબક્કામાં પ્રવેશ કરે છે. સને ૧૮૦૦ના જાન્યુઆરીની ૧૦મીના શુક્રવારે તે સીરામપુર આવી પહોંચ્યો.

• • •

## પ્રકરણ ૧૭

# સીરામપુરમાં મિશનની સ્થાપના

(જાન્યુઆરી થી ડિસેમ્બર, ૧૮૦૦) (ઉંમર ૩૯-૪૦ વર્ષ)

કેરીને માટે તાલીમનો બીજો તબક્કો હવે પૂરો થયો હતો. ભારતમાં આવ્યાને તેને છ વર્ષ કરતાં વધારે સમય થઈ ગયો હતો. હવે તે તમામ બાબતોથી વાકેફ થઈ ગયો હતો. બંગાળી ભાષા ઉપર તેણે સારો કાબૂ મેળવ્યો હતો, અને હવે તે લોકોના મોટા સમુદાય સમક્ષ છૂટથી બોલી શક્તો હતો. વળી ઉત્તર ભારતની ભાષાઓની મૂળ ભાષા સંસ્કૃતનો પણ તેણે ખાસો અભ્યાસ કરી નાખ્યો હતો. તેણે લગભગ આખા બાઇબલનો બંગાળી ભાષામાં અનુવાદ કરી નાખ્યો હતો, અને તેને પ્રેસમાં આપી શકાય માટે કાળજીપૂર્વક સુધારેલી આવૃત્તિ તૈયાર કરવામાં આવી હતી.

વળી લોકો સંબંધી તેમ જ તેમની વિચારસરણી અંગે અને આવા પ્રદેશમાં મિશનરી કાર્ય કઈ કઈ રીતે થઈ શકે, એ વિષે તેને ઘણું જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

મદનાબટ્ટીથી સીરામપુર આવ્યા પછી કેરીના જીવનનો એક નવો યુગ શરૂ થાય છે. પાછલા જીવન તરફ નજર કરીએ છીએ, ત્યારે આપણને માલૂમ પડે છે કે, તેને એકલે હાથે અનેક પ્રતિકૂળ સંજોગોનો સામનો કરવો પડ્યો હતો, અને તે દ્વારા ઈશ્વર તેને

પોતાના કાર્ય અને હેતુ માટે તૈયારી કરી રહ્યો હતો. જે જે પ્રસંગો દ્વારા કેરી અને તેના સાથીદારો સીરામપુરમાં રહેવા આવ્યા તે કંઈ આકસ્મિક રીતે બન્યું નહોતું, પણ ઈશ્વરની યોજના પ્રમાણે બન્યું હતું.

સીરામપુર હુગલી નદીના કાંઠે આવેલું એક શાંત સ્થળ છે. તેની સામે પશ્ચિમ કિનારે બારકપુર છે, જ્યાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું લશ્કર રાખવામાં આવતું હતું. વળી ગવર્નર જનરલ પણ ત્યાં રહેતા હતા.

ઈ.સ. ૧૭૫૫માં ડેન લોકોએ બંગાળી નવાબ પાસેથી વેપારી સ્થળ માટે સીરામ્પુર ખરીદ્યું હતું. તે સમયે તેનો વિસ્તાર ૨૦ એકર જેટલો હતો. બાપ્ટિસ્ટ મિશનરીઓને ગવર્નર બાયે જ્યારે આવકાર આપ્યો ત્યારે તેની જાહોજલાલી બહુ જ હતી, અને કંપનીની હદમાંથી નાસી આવેલા માટે તે આશ્રયરૂપ હતું. ઇસ્ટ ઈન્ડિયા કંપનીએ કેરી અને તેના સાથી મિશનરીઓને તેમની હદમાં દાખલ થવા દીધા નહિ, ત્યારે તેઓ ડેનિશ સત્તા હેઠળ રક્ષણ પામ્યા, અને છૂટથી પોતાનું કામ કરી શક્યા.

જે નવા મિશનરીઓ આવ્યા, તે આશાસ્પદ હતા. વિલિયમ વોર્ડ એક મેથોડિસ્ટ માતાનો પુત્ર હતો, અને ડર્બીનો મુદ્રક હતો. 'ડર્બી મરક્યુરી' નામના પેપરનો તે તંત્રી હતો, તેનું બદલાણ થયું, તે પછી તેણે રાજકારણ છોડી દીધું, અને ધાર્મિક કાર્યમાં ઝંપલાવ્યું. ઇંગ્લાંડ છોડ્યા પહેલાં કેરીની સાથે તેની થયેલી મુલાકાત વિષે આપણે અગાઉ જોઈ ગયા. તે સમયે કેરીએ તેને બાઇબલ છાપવા આમંત્રણ આપ્યું હતું. વોર્ડ ભારતમાં આવ્યો, ત્યારે તે ત્રીસ વર્ષનો હતો.

જોશુઆ માર્શમેન વિસ્ટશાયરમાં જન્મ્યો હતો. જોકે તેણે ગામઠી શાળામાં અભ્યાસ કર્યો હતો, પરંતુ તેને વાંચનનો ઘણો શોખ હતો. તે બાર વર્ષનો થયો ત્યાં સુધીમાં તો તેણે માગી

આણેલાં ૫૦ પુસ્તકો વાંચી નાખ્યાં હતાં. તેની યાદદાસ્ત નવાઈ પમાડે તેવી હતી. એ જેટલું વાંચતો, તે બધું તેને યાદ રહી જતું. લંડનમાં એક બુકસેલરને ત્યાં તેને કામ મળ્યું, ત્યારે તેને હજારો પુસ્તકો વાંચવાનો લહાવો મળતો હતો. મોટા ભાગનો સમય તેને ગ્રાહકોને પુસ્તકો પહોંચાડવામાં આપવો પડતો. તે શરીરે મજબૂત બાંધાનો નહિ હોવાથી પુસ્તકોનાં ભારે બંડલો બધે લઈ જવાનું તેને ગમતું નહિ. એક વાર તો ૩ મોટા બંડલ લઈને તે જતો હતો, ત્યારે થાકી જવાથી વેસ્ટમિન્સ્ટર હૉલ પાસે બેસી પડ્યો, અને જાણે કે મારે માટે આ સિવાય બીજું કંઈ કામ નથી, એવું વિચારીને ડૂસકાં ખાવા લાગ્યો. પરંતુ સામેની ઇમારત જોતાં ભૂતકાળના લોકોએ જે શૂરવીરતાભર્યાં કાર્યો કર્યાં હતાં તેનું સ્મરણ તેને થઈ આવ્યું. તે ઊભો થયો અને પોતાનો બોજો ખભા પર લઈને ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં તેણે પોતે હવે શું કરવું તેનો મનમાં નિર્ણય લઈ લીધો. તે પોતાના ગામમાં પાછો ફર્યો, અને વણકર બન્યો. તેના બદલાણ પછી તે સ્થાનિક મંડળીમાં સેવા આપવા લાગ્યો. પછી જે વર્ષે કેરી ભારત ગયો, તે વર્ષે માર્શમેન બ્રિસ્ટલની શાળામાં શિક્ષક બન્યો. શિક્ષકનું કામ કરતાં કરતાં તે મહાવિદ્યાલયના વર્ગો ભરવા લાગ્યો, અને હિબ્રૂ, સીરીયાક, વગેરે ભાષાઓનો તેણે અભ્યાસ કર્યો. એવામાં તેણે બાપ્ટિસ્ટ મિશનરી કાર્યના હેવાલની વીગત વાંચી, અને તેનું મન પૂર્વના દેશો તરફ વળ્યું, અને કેરીના સાથી કાર્યકર તરીકે સેવા આપવા તે તત્પર થઈ ગયો. ત્રણ અઠવાડિયાંમાં તો તે અને તેની પત્ની દરિયાઈ સફરે નીકળ્યાં. તે વખતે તેની ઉંમર ૩૧ વર્ષની હતી.

વિલિયમ ગ્રાન્ટ માર્શમેનનો વિદ્યાર્થી અને મિત્ર હતો, તે ભારતમાં માત્ર ત્રણ અઠવાડિયાં જીવવા પામ્યો હતો, તે આપણે જોઈ ગયા.

ડેવિડ બ્રુન્સ્ડન ભારતમાં આવ્યો, ત્યારે તેની ઉંમર બાવીસ વર્ષની હતી. તે ધાર્મિક અને ઉપયોગી ખ્રિસ્તી હતો.

કેરી પોતાના કુટુંબ સાથે સીરામપુર આવી પહોંચ્યો, ત્યારે અગાઉની માફક ગવર્નર મિ. બાયે તેનો પણ હાર્દિક આવકાર કર્યો. કેરીએ પોતાની રીત પ્રમાણે સમય ગુમાવ્યા સિવાય પોતાનું કાર્ય ખંતથી શરૂ કરી દીધું. તેના આવ્યા પછી બીજે દિવસે રવિવાર હતો. તે દિવસે તેણે યુરોપિયનોના મોટા સમૂહ સમક્ષ બોધભાષણ આપ્યું, અને બપોર પછી શહેરમાં ગયો. ત્યાં સીરામપુરના ભારતીય લોકોને પ્રથમ વાર તેણે ઉપદેશ આપ્યો.

કેરીએ અજાયબ જેવો વિકાસ કર્યો હતો. ગળીના કારખાનામાં છ વર્ષ મેનેજર તરીકે કામ કરીને મેળવેલ અનુભવ દ્વારા ઘણી ઘણી બાબતોમાં તે પાવરધો થયો હતો. કલકત્તાથી તે નીકળ્યો, ત્યારે તેની પાસે માત્ર દોઢસો રૂપિયા હતા. પરંતુ તેમાંથી ગળીની ખેતીવાડી કરીને તેણે ત્રણ હજાર રૂપિયામાં પોતાને માટે મિલકત ખરીદી અને હવે એ બધું તજીને સીરામપુરમાં નજીવા વેતનથી તેણે કામ કરવાનું શરૂ કરી દીધું. ઈશ્વર તરફથી તે મહાન વાનાંની આશા રાખતો હતો, અને ઈશ્વર માટે તે મહાન વાનાં હાથ પર લેવા માગતો હતો.

હવે રહેઠાણ અને કાર્ય માટે પૂરતી વ્યવસ્થા કરવાની જરૂર હતી. પાંચ કુટુંબ હતાં, તેમાં દસ પુખ્ત વયનાં અને નવ બાળકો હતાં. તે સર્વને માટે રહેવાના સ્થળની જોગવાઈ કરવાની હતી. વળી ભજનસેવા માટે એક મોટો ઓરડો હોવો જોઈએ. પ્રિન્ટિગ પ્રેસ માટે તેમ જ શાળાને માટે પણ મકાન જોઈએ. વળી શાળાનું કાર્ય એ રીતે ચલાવવું જોઈએ કે જે દ્વારા જરૂરી આવક મળી રહે, અને પ્રિન્ટિગ પ્રેસ પણ ટૂંક સમયમાં સ્વપોષિત બની જવું જોઈએ. તેને લાગ્યું કે, જો યોગ્ય મકાન ભાડે મળી શકે, તો ઓછામાં ઓછું

વર્ષે રૂા. ૧૪૪૦ ભરવા પડે. આથી કોઈ મકાન ખરીદી લેવામાં આવે, તો ફાયદાકારક નીવડશે, એમ કેરીને જણાયું. તેમને માફક આવે એવું એક મકાન નદીકિનારે હતું. વસવાટ માટે તેમાં જરૂરી વ્યવસ્થા તથા ચેપલ માટે એક મોટો ઓરડો હતો. વળી તેની પાછળ બે એકર જેટલી જમીન પણ હતી, તેની કિંમત છ હજાર રૂપિયા હતી. કેરીને તથા તેના સાથીદારોને એમ લાગ્યું કે, આપણે જેમ બને તેમ જલદી એ સોદો પતાવી દઈએ તો સારું. તે વખતે તેમની પાસે અડધાં નાણાં પણ નહોતાં. આથી તેમની પોતાની પાસે જે કંઈ હતું, તે બધું એકઠું કર્યું, અને ખૂટતી રકમ પૂરી કરવા તેમણે કલકત્તામાં લોન ઊભી કરી. ઘર ખરીદવાનો સોદો પૂરો થયો, ત્યારે તેમના નિભાવખર્ચ માટે માત્ર ૨૦૦ પાઉન્ડ હાથ પર હતા, પરંતુ શાળામાંથી અમુક આવક મળશે, તેવી આશા રાખવામાં આવી હતી. તેથી મિશનરી સોસાયટીના નામમાં મિલકત ખરીદવામાં આવી, અને કેરી તથા તેના સાથીદારો ટ્રસ્ટી તરીકે રહ્યા.

મિશનને માટે હવે બહુ સરસ સ્થાન મળી ગયું, એટલે કામ ઝપાટાબંધ ચાલવા માંડ્યું. કેરીને મન મિશન કૉલોની એટલે એક જ મકાનમાં સાથે રહેનારું મિશનરી કુટુંબ. પ્રત્યેક કુટુંબ જુદા જુદા ઓરડામાં રહેતું હતું. પરંતુ જમવાનું સામાન્ય હતું. તેનો સામાન્ય ખર્ચ સામાન્ય ફંડમાંથી લેવામાં આવતો, પરંતુ પ્રત્યેક કુટુંબને પોતાની અંગત જરૂરિયાત માટે નાની રકમ આપવામાં આવતી હતી. વળી એવું પણ નક્કી કરવામાં આવ્યું, કે શાળા દ્વારા કે પ્રેસ દ્વારા કે બીજી કોઈ પણ રીતે જે કંઈ આવક થાય, તે બધી સામાન્ય ફંડમાં જમા કરાવવામાં આવે. વળી એવો નિયમ કરવામાં આવ્યો કે, કોઈએ ખાનગી વેપાર કે ધંધો કરવો નહિ. સદરહુ 'કુટુંબના મુખ્ય ખજાનચી તરીકે કેરીને નીમવામાં આવ્યો.

જો કોઈ અંદરોઅંદર ગેરસમજ ઊભી થાય, કે કજિયાકંકાસ થાય, તો એ સર્વના નિકાલ માટે અને ગેરસમજ દૂર કરવાને શનિવારનો દિવસ ઠરાવવામાં આવ્યો, અને જરૂર પડે તો તે સમયે એકઠા મળવું-સંગતની પ્રતિજ્ઞા નવેસરથી તાજી કરવામાં આવે.

વળી મિશનરીઓના આ નાના સમૂહને એમ લાગ્યું કે, તેમણે પોતાની એક વ્યવસ્થિત મંડળી રચવી જોઈએ, જેમાં યુરોપિયન તેમ જ ભારતીય ખ્રિસ્તીઓ જોડાઈ શકે. આથી બાપ્ટિસ્ટ મંડળી સ્થાપવામાં આવી, અને પાળક તરીકે કેરી અને ડીકનો તરીકે ફાઉન્ટન અને માર્શમેન સેવા આપે.

એક વર્ષ પહેલાં કેરીએ પ્રિન્ટિગ પ્રેસ ખરીદેલું, તેને મકાનની સાથે આવેલા એક ઘરમાં વોર્ડે ગોઠવી દીધું. બંગાળી ટાઈપનું પારસલ બહુ કાળજીપૂર્વક ખોલવામાં આવ્યું, અને ઇંગ્લાંડથી કાગળનો જે સ્ટોક આવેલો, તેને ઊધઈ ન લાગે, એવા સલામત સ્થળે મૂક્યો. પછી થોડા જ દિવસમાં કંમ્પોઝનું કામ શરૂ થયું. એક જ પ્રેસ અને તે વળી જૂની ઢબનું હતું, એટલે એકી વખતે એક જ શીટ થઈ શક્તું. વોર્ડ પોતે પોતાના હાથે ટાઈપ ગોઠવતો હતો, અને ત્રણ મહિનામાં (૧૮, માર્ચ ૧૮૦૦) નવા કરારનું પ્રથમ શીટ કાઢીને કેરીને સુપરત કર્યું. વોર્ડના કામમાં મદદગાર તરીકે કેરીનો ૧૫ વર્ષનો પુત્ર ફેલિકસ હતો. તે બાળપણથી બંગાળી ભાષાનો માહિતગાર હોવાથી આ નવા મિશનરીઓ માટે તે કીમતી મદદરૂપ થઈ પડ્યો હતો. કેરીનો બીજો દીકરો વિલિયમ જે૧૩ વર્ષનો હતો, તે પણ ઉપયોગી થતો હતો.

છાપવાનું કામ આગળ ચાલવા લાગ્યું, ત્યારે મિશનરીઓને એક નવો વિચાર સૂઝયો, કે આપણે સૌ પ્રથમ એકલી માથ્થીની સુવાર્તા છપાવીને સુવાર્તા પ્રચારાર્થે લોકોના હાથમાં મૂકીએ.

વર્ષની અધવચમાં કેરીનો અગાઉનો મુન્શી રામ રામ બોશુ

પાછો આવ્યો. તે બંગાળી ભાષામાં નિષ્ણાત અને સારો લેખક પણ હતો તેથી તેને ટ્રાક્ટો લખવાનું કામ સોંપવાનો ઠરાવ કર્યો. ''સુવાર્તાનો સંદેશિયો'' એ શીર્ષક હેઠળ પ્રથમ ટ્રાક્ટ બહાર પાડવામાં આવી. તેમાં ભારતના લોકોને માટે ખ્રિસ્તી સંદેશા અંગે વિગત આપવામાં આવી હતી. બીજી ટ્રાક્ટમાં મૂર્તિપૂજાની મૂર્ખાઈ અંગે જણાવવામાં આવ્યું હતું. બંને ટ્રાક્ટોને મોટા પ્રમાણમાં છાપવામાં આવી, અને તે બહુ ઉપયોગી નીવડી હતી.

છાપવાનું કામ વોર્ડ અને ફેલિક્સ કરતા હતા. જ્યારે ઉપદેશ કરવાનું કેરી અને ફાઉન્ટન કરતા હતા. અઠવાડિયામાં પાંચ કે છ વાર નિયમિત રીતે કેરી ઉપદેશ કરવા જતો. તે વખતે અસંખ્ય લોકો સાથે સમૂહમાં કે વ્યક્તિગત વાતચીત પણ કરતો, અને એ રીતે સીરામપુર અને તેની આસપાસનાં ગામડામાં નિયમિત રીતે સુવાર્તાપ્રચાર થતો. આ અંગેની ઘણી રસિક બાબતો કેરીએ પોતાના પત્રોમાં તેમ જ પોતાની નોંધપોથીમાં લખી છે.

માર્શમેને યુરોપિયન બાળકો માટે બે બોર્ડિંગ સ્કૂલ ખોલી - એક છોકરાઓ માટે અને બીજી છોકરીઓ માટે. તેની જાહેરાત કલકત્તા ગેઝેટના તારીખ ૨૦મી માર્ચના અંકમાં આપવામાં આવી હતી. બોર્ડિંગ સ્કૂલ દ્વારા દર મહિને રૂ. ૩૦૦/-નો નફો થવા લાગ્યો. માર્શમેનની પત્નીએ આ કાર્યમાં કીમતી સહાય આપી હતી. હાન્ના માર્શમેનને આ દેશ માટે પ્રથમ સ્ત્રી મિશનરી તરીકે ગણવામાં આવે છે.

એક મહિના પછી બીજી એક શાળા ભારતના છોકરાઓ માટે ખોલવામાં આવી. જેમાં બંગાળી ભાષામાં શિક્ષણ અપાતું હતું. વેપારનો વિકાસ થતો હતો, અને અનેક વાર યુરોપિયનોના સંપર્કમાં આવવાના પ્રસંગો આવતા હોવાથી ભારતના લોકોમાં અંગ્રેજી શીખવાની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થઈ. એ અરસામાં ફાઉન્ટનને મરડો

થયો, અને ઑગસ્ટની ૨૦મી તારીખે તેનું અવસાન થયું. તેણે નવ માસ પહેલાં લગ્ન કર્યું હતું.

બાર માસ પૂરા થાય, તે પહેલાં તો માર્શમેન લગભગ દરરોજ શેરીઓમાં જઈને ઉપદેશ કરવા લાગ્યો. ફેલિક્સ કેરી જોકે માત્ર ૧૫ વર્ષનો હતો, તેમ છતાં તેણે શેરીઓમાં જઈને ઉપદેશ કરવાનું શરૂ કરી દીધું હતું.

૧૮૦૦ના મે માસમાં વોર્ડ લખે છે - "કેરી અને હું એક ગામમાં ગયા. જે સમૂહ સમક્ષ અમે ઊભા હતા તેમાં કંઈક ગરબડ થતી હતી. પરંતુ જ્યારે ઈસુ ખ્રિસ્તનાં દુઃખો તથા તેના મરણ વિષે વાત કરવા લાગ્યા ત્યારે તે બધાં શાંત થઈ ગયા." પ્રભુ ઈસુના મરણની વાત થતી હોય ત્યારે વોર્ડે ઘણીવાર બ્રાહ્મણોને પણ રડતા દીઠા છે અને કેરીની આંખમાંથી પણ આંસુ ટપકતાં નિહાળ્યાં છે.

આ અગ્રગામીઓ આતુરતાપૂર્વક કામમાં મચ્યા રહેતા હતા. તે બધા સવારે છ વાગે ઊઠી જતા. માર્શમેનની શાળા સાત વાગ્યે શરૂ થતી, તે જ વખતે વોર્ડ, બ્રુન્સ્ડન અને ફેલિક્સ પ્રિન્ટિગ ઓફિસમાં પોતાની ફરજ પર હાજર થઈ જતા. કેરી પોતે પોતાના બગીચામાં એક કલાક કામ કરતો. આઠ વાગે કૌટુંબિક પ્રાર્થના માટે ઘંટ વાગતો, અને તમામ નાનાંમોટાં હૉલમાં એકત્ર થતાં. પછી નાસ્તો લેતાં. ત્યાર બાદ કેરી તરજૂમાના કામે લાગી જતો. અન્ય મિશનરીઓ શાળા અને પ્રેસની ફરજ પર હાજર થતા. બાર વાગે બપોરનું ખાણું, નહાવાધોવાનું, વાંચવાનું વગેરે - અને ત્રણ વાગ્યા સુધી સૂઈ જતા. તે પછી તેઓ પોતાના પંડિતો સાથે ભાષાઓ શીખતા, અને અન્ય જરૂરી કામ કરતા. સાંજને સમયે તેઓ શેરીઓમાં ઉપદેશ કરવા જતા તેમ જ ઘરે શાસ્ત્રાભ્યાસ, સંગત અને પ્રાર્થનાસભામાં સમય ગાળતા.

પ્રથમ વર્ષના મધ્ય ભાગમાં પહોંચ્યા, ત્યાં સુધીમાં તો પ્રિન્ટિગ

પ્રેસે સારી પ્રગતિ કરી હતી. હવે વોર્ડ અને ફેલિક્સ ઉપરાંત તેમણે એક કંપોઝીટર, પાંચ પ્રેસમેન, એક ફોલ્ડર અને એક બાઈન્ડરને કામે લગાડ્યા હતા. આ જૂના જમાનામાં હેન્ડ પ્રેસ વડે દર અઠવાડિયે તેઓ છ હજાર શીટ છાપીને બહાર પાડતા હતા, એ કંઈ નાનીસૂની વાત ન કહેવાય. આથી તેમણે પોતાના ફંડનો પૂરવઠો વધારવાનો નિશ્ચય કર્યો. કલકત્તાના ન્યૂઝ પેપરમાં જાહેરાત આપીને જણાવ્યું કે, તેમણે બંગાળી ભાષામાં શાસ્ત્ર છપાવવાના હેતુથી એક પ્રેસ સીરામપુરમાં સ્થાપવામાં આવ્યું છે. અને આ સારા કામ માટે દાનની માગણી કરવામાં આવે છે. તેમની સૂચના એવી હતી, કે જે કોઈ આ અમારા કામને અનુમોદન આપવા ચાહે, તેણે તેને માટે પ્રત્યેક કોપી માટે બે મહોર (ચાર પાઉન્ડ) દાન તરીકે આપે.

આ હિંમતભરી હિલચાલ પ્રત્યે ગવર્નરને રોષ ચઢ્યો. તેને કોઈ પણ પ્રેસ પર ભરોસો નહોતો. તેથી કલકત્તા ન્યૂઝ પેપરને તે પોતાના કાબૂ હેઠળ રાખવાનો પ્રયાસ કરતો હતો. સીરામપુરના પ્રેસ પર પણ તેની નજર હતી. પરંતુ તે પર તે તકાદો કરી શકે તેમ નહોતું. સીરામપુરમાં મિશનરીઓ પોતાને ગમે તેવું સાહિત્ય છપાવી શકતા હતા. આથી તેણે ડેનિશ ગવર્નર પર વિરોધભર્યો કડક ભાષામાં એક પત્ર લખવાનો નિશ્ચય કર્યો. પરંતુ તે પહેલાં તેણે તે અંગે રેવ. ડેવિડ બ્રાઉન કે જેનામાં તેનો સંપૂર્ણ ભરોસો હતો, તેની સલાહ લેવા વિચાર કર્યો. આ સમયે રેવ. બ્રાઉન કેરીને બરાબર ઓળખતો. કેરીના ચારિત્ર્ય અને તેના ઉચ્ચ હેતુઓથી તે પૂરી રીતે પ્રભાવિત થયેલો હતો. તેથી તેણે વિના સંકોચે લોર્ડ વેલેસ્લીને જણાવી દીધું, કે તેનાથી જરા પણ ગભરાવાની જરૂર નથી, કારણ કે મિશન પ્રેસ કેવળ ખ્રિસ્તી ધર્મ અને નૈતિક ધોરણોનો પ્રચાર કરવા માટે જ છે. વળી તેણે કેરીની અને તેના

સાથીઓની સંપૂર્ણ વફાદારીની પણ બાંહેધરી આપી, અને એ રીતે ગવર્નર જનરલનું મન ઠંડું પાડ્યું. આ તો એક અતિ મહત્ત્વની આગેકૂચ હતી.

કલકત્તાના ન્યૂઝ પેપરમાં કરેલી અપીલ સફળ નીવડી. એને પરિણામે પંદરસો રૂપિયા મળવાથી તેમની નાણાકીય ભીડ મટી ગઈ. પરંતુ ગવર્નર જનરલનું વલણ બદલાયું, એ સૌથી અગત્યનું પરિણામ હતું. ત્યાર પછી કદીયે લોર્ડ વેલેસ્લીથી મિશનરીઓને ડરવાનો પ્રસંગ આવ્યો નહોતો.

આ રીતે ૧૮૦૦ની સાલ પૂરી થઈ અને વ્યવસ્થિત મિશનરી કાર્યનો આરંભ થયો. નાસતા-ફરતા નિરાશ્રિતોની માફક મિશનરીઓ સીરામપુરમાં આવી વસ્યા હતા. પરંતુ હવે ત્યાં મજબૂત પાયા પર રચાયેલ મિશનરી કૉલોનીની સ્થાપના થઈ ચૂકી હતી, અને મહત્ત્વની વ્યક્તિઓ સાથે સારો સંબંધ સ્થપાયો હતો.

• • •

## પ્રકરણ ૧૮

# નવા ખ્રિસ્તીઓ, કસોટીઓ અને પ્રગતિ

(૧૮૦૦-૧૮૦૩) (ઉંમર ૩૯-૪૨ વર્ષ)

સીરામપુરમાં એક વર્ષ પૂરું થાય, તે પહેલાં ઈશ્વરે તેમને આનંદના પ્રસંગો પમાડ્યા હતા. લોકોના હાથમાં ખ્રિસ્તી સાહિત્ય મૂકવામાં આવતું હતું, અને તેઓ આતુરતાપૂર્વક સ્વીકારતા હતા. ઘણી વાર એમ બનતું કે, માણસો સુવાર્તાના સંદેશાથી આકર્ષાતા હતા, અને મિશનરીઓમાં ઘણી આશા ઉપજાવતા હતા, પરંતુ પાછળથી તેઓ પાછા હઠી જતા હતા. એક માણસે એમ કહ્યું કે, તેણે પોતાની ચોપડી દૂરના એક મિત્રને વાંચવા આપી છે. બીજો એક માણસ મળ્યો, તે ગીતની એક કડી ગાતો હતો. અનેક વાર શોધકો તેમની પાસે આવતા હતા, પરંતુ અત્યાર સુધી તેમને નિરાશા જ મળી હતી. પરંતુ હવે કંઈક દ્વાર ખૂલતું જણાતું હતું.

સીરામપુરમાં કૃષ્ણપાલ નામનો એક ગરીબ હિંદુ સુથાર રહેતો હતો. તેણે થોમસ દ્વારા ખ્રિસ્તની સુવાર્તા સાંભળી હતી. હવે એવું બન્યું કે, નવેમ્બરની ૨૫મી તારીખે સવારમાં સ્નાન માટે તે ઘાટ પર ગયો હતો, ત્યારે ત્યાં તે ખસી પડ્યો, અને ખભાનું હાડકું ઊતરી ગયું. આ સાંભળીને થોમસ પોતાની સાથે માર્શમેન અને

લઈને તરત તેની મદદ ગયો. તેનું ઘર અડધોઅડધ માઈલ દૂર હતું. તે દિવસોમાં શારીરિક સારવાર અતિ કઠોર લાગણીહિન થતી હતી. આ માણસને ઝાડ સાથે બાંધવામાં આવ્યો, અને કેરીએ તથા માર્શમેને તેનો હાથ પકડી રાખ્યો. થોમસે આંચકો મારીને હાડકું બેસાડી દીધું. તે માણસ પોતાના દુ:ખમાં બોલી ઊઠ્યો. "હું મોટો પાપી છું, હું મોટો પાપી છું! મને બચાવો, સાહેબ, મને બચાવો!" થોમસ પોતાના કોઈ પણ દર્દીને ઈસુ ખ્રિસ્ત વિષે કહ્યા વગર રહેતો નહિ.

સાજાપણું પામ્યા પછી કૃષ્ણપાલ પોતાના મિત્ર ગોકુલ સાથે વારંવાર શિક્ષણ મેળવવા આવતો. એક દિવસે બજારમાં તે થોમસને મળ્યો, ત્યારે તેણે તેને કહ્યું, "ઓ સાહેબ, હું એક મોટો પાપી છું. પણ મેં મારાં પાપ કબૂલ કર્યાં છે... અને હવે હું મુક્ત થયો છું." ખ્રિસ્તી શિક્ષણ મેળવવા તે રોજ આવતો. તેની પત્નીએ તથા તેની દીકરીએ પણ ખ્રિસ્તની પાછળ ચાલવા નિર્ણય કર્યો.

ડિસેમ્બરની ૨૨મીના સોમવારે કૃષ્ણે અને ગોકુલે મિશનરીઓની સાથે ખાણું લઈને એવું જાહેર કર્યું, કે હવે તેમણે પોતાની જ્ઞાતિનો ત્યાગ કર્યો છે, અને તે જ સાંજે તેઓ કૃષ્ણની પત્ની તથા તેની દીકરી સાથે તેમનો વિશ્વાસ કબૂલ કરવા દેવળે આવ્યાં. ન્યાતના બંધન તોડવાની વાત જાહેર થઈ ગઈ, ત્યારે ધાંધલ થયું. બે હજાર લોકો કૃષ્ણ અને ગોકુલના ઘર આગળ જમા થયા, અને બંને જણને મેજિસ્ટ્રટ સમક્ષ ઘસડી ગયા. મેજિસ્ટ્રેટે ટોળાને વિખેરી નાખવા તરત હુકમ આપ્યો, અને જુલમ અટકાવવા ગવર્નરે તેઓના રહેઠાણ આગળ પોલીસ ગોઠવી.

ડિસેમ્બરની ૨૮મી તારીખના રવિવારે બાપ્તિસ્મા આપવાનું નક્કી કરવામાં આવ્યું. મિશન ચર્ચના દરવાજાની સામે જ આવેલ હુગલી નદીમાં બાપ્તિસ્મા આપવાનો ઠરાવ કર્યો. તેવામાં એક

નિરાશાજનક બનાવ બન્યો. શનિવારે ગોકુલ અને સ્ત્રી પાછાં હઠી ગયાં. પરંતુ કૃષ્ણ અડગ રહ્યો. તેથી કેરીના પુત્ર ફેલિકસની સાથે તેને બાપ્તિસ્મા આપવાનું નક્કી કર્યું.

કેરીને માટે એ મહાન દિવસ હતો. રવિવારે સવારે મિશનરીઓ ચેપલમાં એકઠા મળ્યા, અને ત્યાંથી હિંદુ, મુસ્લિમ અને યુરોપિયનોના ટોળામાં થઈ તે નદીમાં ઊતરવાના સ્થળે ગયા. ગવર્નર બાય અને તેમની સાથે ડેનિશ તથા પોર્ટુગીઝ લોકોનો સમૂહ પણ હાજર હતો. બ્રુન્સ્ડન ગંભીર માંદગીમાં સપડાયેલો હોવાથી તેને પાલખીમાં નદી નજીક લાવવામાં આવ્યો હતો.

પાળક તરીકે કેરી આ સંસ્કાર પળાવવાનો હતો. પ્રાર્થના પછી કેરી જમણે હાથે પોતાના પુત્ર ફેલિક્સને અને ડાબે હાથે કૃષ્ણપાલને લઈને પાણીમાં ઊતર્યો. કેરીએ એકત્ર થયેલા સમૂહને સંબોધન કરીને આ વિધિનો અર્થ સમજાવ્યો. પછી શાંત અને ગંભીર વાતાવરણ મધ્યે હિંદુ સુથારને અને અંગ્રેજ જુવાનને બાપ્તિસ્મા આપવામાં આવ્યું. પોતાના દીકરાને બાપ્તિસ્મા આપતાં અંગ્રેજીમાં અને કૃષ્ણપાલને બાપ્તિસ્મા આપતાં બંગાળી ભાષામાં ઉચ્ચારણો કર્યાં.

આ સમયે વૃદ્ધ ગવર્નર પોતાનાં આંસુ અટકાવી શક્યો નહિ, અને લગભગ દરેક વ્યક્તિ આ વિધિની ગંભીરતાની અસર હેઠળ આવેલી જણાતી હતી. કૃષ્ણપાલ પોતાના કપડાં બદલીને આવ્યો, ત્યારે એક ડેનિશ બાનુએ તેનો હાથ પકડીને હાર્દિક આભાર માન્યો. કૃષ્ણપાલ બંગાળનું અને ઉત્તર ભારતનું પ્રથમ ફળ હતો.

એ રવિવારે સાંજે પ્રભુભોજનનો પવિત્ર સંસ્કાર પળાવતાં પ્રથમવાર બંગાળી ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો.

બીજે દિવસે એવું બન્યું કે, વર્નાક્યુલર સ્કૂલમાં કોઈ વિદ્યાર્થી આવ્યો નહિ. તે બધાને ઉઠાડી લેવામાં આવ્યા, રખેને તે બધા ખ્રિસ્તી બની જાય.

પ્રથમ બાપ્તિસ્મા પછી ઝડપથી બીજાં બાપ્તિસ્મા થવા લાગ્યાં. નવા વર્ષના આરંભમાં (૧૮૦૧) કૃષ્ણની સાળી જયમણીનું બાપ્તિસ્મા થયું. સ્ત્રીઓમાં એ પ્રથમ બાપ્તિસ્મા હતું. ત્યાર પછી ફર્નાન્ડીઝનું બાપ્તિસ્મા થયું, જેને કેરીએ દીનાજપુરમાં ઘણી મદદ કરી હતી. એક મહિના બાદ કૃષ્ણની પત્નીએ અને એક બીજી સ્ત્રીએ બાપ્તિસ્મા લીધું. તે પછી ઑગસ્ટ માસમાં ગોકુલ પોતાનો વધસ્તંભ ઊંચકીને ખ્રિસ્તની પાછળ ચાલ્યો, અને નવેમ્બરમાં તેની પત્નીએ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો, ને બાપ્તિસ્મા પામી.

૧૮૦૨ના પ્રથમ પ્રભુવારે કાયસ્થ વર્ગમાંથી પ્રથમ માણસ પિતાંબરસીંગ બાપ્તિસ્મા પામ્યો. તે લગભગ ૬૦ વર્ષની ઉંમરનો હતો, અને ઘણો બુદ્ધિશાળી હતો. તેણે હિંદુ ધર્મના ઘણાં પુસ્તકો વાંચ્યાં હતાં, અને ઈશ્વરની શોધ કરવામાં ઘણી યાત્રાઓ કરી હતી. પરંતુ તેને સંતોષ નહિ મળવાથી તેણે મૂર્તિપૂજા છોડી દીધી, અને તે પછી ટૂંક સમયમાં વોર્ડની એક ટ્રાક્ટ તેને હાથ લાગી. તેના પર તેની એવી અસર થઈ કે, તે લઈને તે ૩૦ માઈલની મુસાફરી કરીને સીરામપુર આવ્યો, અને એ નવા 'માર્ગ' વિષે તપાસ કરી. તે બે-ત્રણ દિવસ સુધી મિશનરીઓની સાથે રહ્યો, અને પછી તેણે જે સાંભળ્યું તે વિષે પોતાના કુટુંબને કહેવા ઘેર પાછો ગયો. એક અઠવાડિયામાં તે ફરી સીરામપુર આવ્યો. તેણે તરત પોતાની ન્યાતને તજી દીધી, ને બાપ્તિસ્મા પામ્યો. એક મહિના પછી બે બીજા કાયસ્થ અને એક કુલીન તેના નમૂનાને અનુસર્યા. સ્વામીદાસ નામનો એક માણસ એ જ વર્ગમાંથી ખ્રિસ્તી બન્યો હતો. તે પોતાના કુટુંબની મુલાકાતે જતો હતો, ત્યારે તેનું ખૂન કરવામાં આવ્યું હતું.

જુવાન કૃષ્ણપ્રસાદ નાડિયાનો વતની હતો, અને દેહાર્તાથી ખ્રિસ્તની શોધમાં આવ્યો હતો.

૧૮૦૩ની શરૂઆતમાં પ્રથમ કુલીન બ્રાહ્મણ કૃષ્ણપ્રસાદનું બાપ્તિસ્મા થયું. મિશનની એક ટ્રાક્ટ વાંચીને તે સુવાર્તા વિષે જાણકાર થયો હતો. તેના બાપ્તિસ્મા દ્વારા હિંદુ વર્ગ ઉપર ભારે અસર થઈ. અત્યાર સુધીમાં ૧૩ બંગાળી માણસોનાં બાપ્તિસ્મા થયાં હતાં, અને આઠ શોધકો હતા.

કૃષ્ણપાલના બાપ્તિસ્મા પછી બે વર્ષે પ્રથમ બંગાળી ખ્રિસ્તી લગ્નવિધિ થયો. કૃષ્ણની દીકરી આનંદમયીએ બ્રાહ્મણમાંથી થયેલા ખ્રિસ્તી સાથે લગ્ન કર્યું. બ્રાહ્મણે શુદ્ર સાથે લગ્ન કર્યું.

છ મહિના પછી બંગાળી ખ્રિસ્તીનો પ્રથમ દફનવિધિ થયો. ગોકુલનું અવસાન થયું, તે સમયે કેરી કલકત્તામાં હતો, અને વોર્ડ દીનાજપુરમાં હતો. આથી માર્શમેને બધી વ્યવસ્થા કરવાની હતી. તેને ઊંચકીને કબરે લઈ જવા માટે હલકા ગણાતા વર્ણમાંથી માણસો બોલાવ્યા નહિ, પણ ખ્રિસ્તી ભાઈચારાનો દાખલો બેસાડવા તેમણે પોતે જ વ્યવસ્થા કરી. આથી લોકોની અજાયબી વચ્ચે માર્શમેને અને ફેલિક્સ કેરીએ, ભાઈરૂબે (બ્રાહ્મણમાંથી થયેલા ખ્રિસ્તી) અને પીરૂઓ (મુસ્લિમમાંથી થયેલ ખ્રિસ્તી) કોફિનને પોતાના ખભા પર ઊંચકીને, બંગાળી ભાષામાં ગીત ગાતાં ગાતાં ધીમે ધીમે સીરામપુરની શેરીઓમાં થઈને આ હલકી કોમમાંથી થયેલા ખ્રિસ્તી માણસના શબને કબ્રસ્તાને લઈ ગયા.

ભારતની ગરમીને કારણે બ્રુન્સ્ડનની તંદુરસ્તી બગડી ગઈ હતી. સમય જતાં જણાયું કે, હવે તેને માટે જીવવાની કોઈ આશા નથી. તે ૧૮૦૧ના જુલાઈની ૩જી તારીખે પ્રભુમાં ઊંઘી ગયો.

ત્રણ મહિના પછી બિચારા થોમસની તંદુરસ્તી બગડી ગઈ. દિનપ્રતિદિન તેની માનસિક બીમારી વધતી ગઈ. તેને સુવાર્તાપ્રચાર કરવાની ઘણી જ હોંશ હતી, પરંતુ હવે તે હતાશ બની ગયો હતો.

૧૮૦૧ના ઑક્ટોબરની ૧૩મી તારીખે તે પણ મૃત્યુ પામ્યો. તેને ફાઉન્ટનની કબર પાસે દાટવામાં આવ્યો.

બાપ્ટિસ્ટ મિશનરી સોસાયટી તરફથી સાત મિશનરીઓને મોકલવામાં આવ્યા હતા. તે પૈકી ચાર જણ મૃત્યુ પામ્યા અને હવે માત્ર ત્રણ જણ બાકી રહ્યા - કેરી, માર્શમેન અને વોર્ડ. તેમણે ૨૩ વર્ષ સુધી એક દિલે એકધાર્યું કાર્ય કર્યા કર્યું.

તમામ કાર્યનો વિકાસ થઈ રહેલો હતો. બોર્ડિંગ સ્કૂલ એટલી બધી ઝડપથી વૃદ્ધિ પામી કે, ૧૮૦૧ના ઑક્ટોબરમાં મિશનરીઓને મોટું મકાન અને તેની સાથેની જમીન ખરીદવાની જરૂર પડી. સદરહુ મિલકત રૂા. ૧૦૩૪૦/-માં ખરીદી લેવામાં આવી. શાળાનું કામ એટલું બધું સફળતાપૂર્વક ચાલ્યું કે, તેના ઉદ્‌ઘાટન પછીનાં બે વર્ષ દરમિયાન દર વરસે લગભગ એક હજાર પાઉન્ડની આવક થવા લાગી. જોકે મિશનનું કાર્ય વૃદ્ધિ પામતું હતું, તેમ છતાં જે કરકસરના ધોરણથી તેઓ પોતાનું જીવન જીવતા હતા, તે પ્રમાણે જ રહેવા લાગ્યા.

કેરીને માટે ૧૮૦૧ના ફેબ્રુઆરીની ૭મી તારીખનો દિવસ સ્મરણીય બની ગયો, કારણ કે તે દિવસે બંગાળી નવા કરારનું છેલ્લું શીટ મિશન પ્રેસમાંથી તેને મળ્યું. તમામ શીટ એકત્ર કરીને બાંધવામાં આવ્યાં, અને પ્રથમ બાંધેલા પુસ્તકને આદરભાવ અને આનંદ સાથે તેમના નાના ચેપલમાં પ્રભુભોજનના મેજ પર મૂકવામાં આવ્યું. તે સમયે સમસ્ત મિશનરી કુટુંબ અને નવા થયેલા ખ્રિસ્તીઓ ઈશ્વરની આભારસ્તુતિ કરવા એકત્ર મળ્યા. પ્રથમ આવૃત્તિની બે હજાર નકલો કાઢવામાં આવી. છાપવાનો ખર્ચ છસો બાર પાઉન્ડ થયો હતો.

સીરામપુરમાં મિશનનું કાર્ય હવે સ્થિર અને દઢ બન્યું હતું. કેરીએ મૂળ જે યોજના કરી હતી કે, મિશન કૉલોની સ્થાપીને

બધાએ સાથે રહીને અને સાથે મળીને કાર્ય કરવું જોઈએ. એ યોજનામાં આપણે કેરીની દીર્ઘદષ્ટિ, તેની કાર્યદક્ષતા અને તેની મુત્સદ્દીગીરી જોઈ શકીએ છીએ.

કાર્યરચના દઢ થતી જાય છે, એ જોઈને મિશનરીઓ બહોળા પ્રમાણમાં સુવાર્તાપ્રચાર કરવા અંગે વિચારણા કરવા લાગ્યા. કોઈ નવું સ્થળ સ્થાપીને નહિ, પરંતુ સતત પ્રવાસ દ્વારા એ કાર્ય થવું જોઈએ. આથી નક્કી કરવામાં આવ્યું કે, વખતોવખત મિશનરીઓમાંથી એકાદ બે જણે પ્રવાસમાં જઈને શાસ્ત્રનો અને ટ્રાક્ટનો ફેલાવો કરવો જોઈએ, અને તક મળે ત્યાં ઉપદેશ પણ કરવો જોઈએ. વળી આ કાર્યમાં નવા થયેલાં બંગાળી ખ્રિસ્તીઓને પણ કામમાં લેવા જોઈએ. કૃષ્ણપાલ એ માત્ર એક સુથાર હતો, પરંતુ તે છૂટથી બોલી શક્તો હતો, એટલે તેને પણ સાથે રાખવો. વોર્ડે પ્રથમ પ્રવાસ શરૂ કર્યો. એક પખવાડિયા સુધી પૂર્વ તરફ તેઓ નદીમાં હંકારી ગયા. તેમણે કેટલાંક ગામોમાં કામ કર્યું. છેવટે તેઓ દેહાર્તા જ્યાં થોડાં વરસો પહેલાં કેરીએ ખેતી કરી હતી, ત્યાં સુધી પહોંચી ગયા. ત્યાં કેરી ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો, અને પોતાના ફાલતુ સમયમાં સુવાર્તાનો ઉપદેશ કરતો હતો. પ્રવાસ દરમિયાન લોકો તેમનો આવકાર કરતા, અને તેમના સંદેશાની અસરને કારણે લોકો પુસ્તકો અને ટ્રાક્ટો એવી રીતે લેતા, કે જેની તેમણે કલ્પના પણ કરી નહોતી. લોકો તેમની હોડીની આજુબાજુ વીંટળાઈ વળતા, અને ટૂંક સમયમાં તેમનો પુરવઠો ખલાસ થઈ જતો.

આ પ્રયોગ આશાસ્પદ અને સંતોષકારક જણાવાથી પોતાનું કાર્ય એ રીતે ચાલુ રાખવાનો નિશ્ચય કર્યો. પરંતુ હંમેશાં એ જ રીતે ભાવભીનો આવકાર તેમને નહોતો મળતો. માર્શમેન પોતાની નોંધપોથીમાં લખે છે કે "એક પ્રસંગે ચુસ્ત બ્રાહ્મણના એક ટોળાએ

તેમનો સખત વિરોધ કર્યો હતો, અને તેમણે તેમની નજર આગળ આપેલી ટ્રાક્ટો ફાડી નાખી હતી."

સીરામપુરમાં અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલતી હતી. આ પ્રસંગે જણાવવું જરૂરી છે કે ભારતમાં સૌથી પહેલાં સન્ડે સ્કૂલની સ્થાપના સીરામપુરમાં કરવામાં આવી. કેરીના બે દીકરા - ફેલિક્સ અને વિલિયમે તથા તેમના મિત્ર જોન ફર્નાન્ડીઝે તેની રચના કરી હતી. સને ૧૮૦૩ના જુલાઈની ૯મી તારીખના રવિવારે પ્રથમ સન્ડે સ્કૂલ ખોલવામાં આવી.

• • •

## પ્રકરણ ૧૯

# કેરી કૉલેજનો પ્રોફેસર બને છે

(૧૮૦૧-૧૮૦૪) (ઉંમર ૪૦-૪૩ વર્ષ)

ભારતના ગવર્નર જનરલોમાં લોર્ડ વેલેસ્લી સૌથી વધુ કાર્યદક્ષતા ધરાવનાર હતો. વહીવટી તંત્રમાં તેણે શોધી કાઢ્યું કે, ઘણાખરા અમલદારો અને કાર્યકરો પોતાની ફરજો બજાવવા માટે લાયક હોતા નથી. સામાન્ય રીતે ઇંગ્લાંડની શાળાઓમાંથી સોળ કે અઢાર વર્ષના યુવાનોને પસંદ કરીને મોકલવામાં આવતા હતા, કે જેઓને કોઈ જાતનો અનુભવ હોતો નથી. તેમણે દિવસના થોડા કલાકો માટે સાદી ફરજો બજાવવાની હોય છે. તે પછી તેમના પર દેખરેખ રાખનાર કોઈ હોતું નથી. આથી મોટા ભાગનો સમય તેઓ વેડફી નાખે છે, અને અનેક પ્રકારનાં દૂષણો કે દુરાચારમાં તેઓ ફસાઈ જાય છે. સમય જતાં તેઓ સિનિયર બને છે, એટલે તેઓ મહત્ત્વનાં સ્થાન જેવાં કે મેજિસ્ટ્રેટ, કલેક્ટર અથવા ન્યાયાધીશ થવાને પાત્ર ગણાય છે. તેઓ ભારતની ભાષાની, તેના કાયદાશાસ્ત્રથી, ઇતિહાસથી અને નૈતિકશાસ્ત્રથી પણ અજ્ઞાત હોય છે.

આ મહાન ગવર્નર જનરલ આવી સ્થિતિ સાંખી લે, તેવો માણસ નહોતો. આથી તેણે કેટલાક વર્ષોના અનુભવ પછી કડક પગલાં લેવાનો નિશ્ચિય કર્યો. તેણે જાહેર કર્યું કે, "કોઈ પણ

બિનલશ્કરી સેવામાં નોકરી કરનારને કાયદાવિષયક અને સરકારી નિયમો તથા લોકોની વર્નાક્યુલર ભાષાનું જ્ઞાન નહિ હોય, તેને કોઈ જુમ્મેદારી કે જવાબદારીના સ્થાન પર નિમણૂક આપવામાં આવશે નહિ." તેણે એવો હુકમ બહાર પાડ્યો કે, "જરૂરી લાયકાત મેળવવા માટે જુવાન માણસોને બે વર્ષની મુદત આપવામાં આવે છે, અને એ બે વર્ષના અભ્યાસક્રમમાં નાપાસ થનારને નિમણૂક મળશે નહિ." આથી વેલેસ્લીએ કલકત્તામાં એક સેન્ટ્રલ કૉલેજ સ્થાપવાનો ઠરાવ કર્યો, અને જુવાન સિવિલ કર્મચારીઓ આપેલી મુદત દરમિયાન એ કોર્સ પૂરો કરે, એવો હુકમ આપ્યો.

પ્રોફેસર્સ અને ટ્યૂટરોની જગા માટે ભારતભરમાંથી અરજીઓ માગવામાં આવી. તે માટે પચાસ અરજીઓ આવી. ડેવિડ બ્રાઉનને પ્રિન્સિપાલ અને ક્લોડિયસ બુચનનને વાઈસ પ્રિન્સિપાલ બનાવવામાં આવ્યા. બંગાળી ભાષા શીખવનાર માટે અતિ મહત્ત્વનું સ્થાન હતું. તેઓ એ નિર્ણય પર આવ્યા, કે બંગાળી ભાષા શીખવી શકે તેવી લાયકાત ધરાવનાર માત્ર એક જ વ્યક્તિ હતી.

૧૮૦૧ના એપ્રિલની ૮મી તારીખે સવારમાં ડેવિડ બ્રાઉન તરફથી આવેલો એક પત્ર કેરીના હાથમાં આવ્યો, ત્યારે તેને કેટલું બધું આશ્ચર્ય થયું હશે? તેમાં તેને એવી વિનંતી કરવામાં આવી હતી કે, તે એકદમ નદીને પેલે પાર બારકપુર જાય અને ગવર્નર જનરલની નવી કૉલેજમાં તેને બંગાળી ભાષાના પ્રોફેસર તરીકે નિમણૂક આપવામાં આવી છે, એ વિષે વાતચીત કરે. કેરીએ તરત જ પોતાના સાથીદારોને બોલાવ્યા, અને આ અંગે સલાહ મેળવી. જે જુવાનો ટૂંક સમયમાં દેશના અધિકારીઓ બનવાના છે તેઓ પર અસર પાડવા માટે આવેલી આ તક એકદમ ઝડપી લેવામાં આવે, એવું તેને જણાવવામાં આવ્યું, તેઓનો એવો અભિપ્રાય હતો કે, કેરીએ આ નિમણૂક સ્વીકારી લેવી જોઈએ, પરંતુ તેથી મિશન

કાર્યને કોઈ આંચ આવવી જોઈએ નહિ.

આથી કેરીએ હોડી મંગાવી, અને નદી ઓળંગીને સામે કિનારે બારકપુરમાં એ મહત્ત્વની મિટીંગમાં હાજર થયો. ડેવિડ બ્રાઉન અને બુચનન સાથે વાતચીત કર્યા પછી કેરીને ખાતરી થઈ, કે એ કાર્ય દ્વારા મિશન કાર્યની પણ પ્રગતિ થશે. આથી તેઓના આગ્રહને લીધે તેણે તે જવાબદારી સ્વીકારી. સીરામપુર પાછા આવીને કેરીએ ઇંગ્લાંડ લખ્યું કે, ઈશ્વરનો હાથ તેને માટે નવું દ્વાર ખોલી રહ્યો છે.

બીજે દિવસે બ્રાઉન અને બુચનને ગવર્નર સમક્ષ કેરીનું નામ રજૂ કર્યું, અને સાથે સાથે જણાવ્યું કે, તેના મિશનરી કાર્યને કોઈ અડચણ નડે નહિ એ શરતે તે નિમણૂક સ્વીકારવા તૈયાર છે. આ વિષે લોર્ડ વેલેસ્લીએ કોઈ વાંધો લીધો નહિ. કેરીની વફાદારી તથા આ સ્થાન માટેની તેની કાર્યદક્ષતા વિષે સંપૂર્ણ સંતોષ થવાથી તેને આપેલી નિમણૂકને બહાલી આપવામાં આવી. ડેવિડ બ્રાઉને આ તકનો લાભ લઈને કેરીના બંગાળી નવા કરારની એક નકલ સન્માનીય ગવર્નર જનરલને આપી, જે તેમણે ભાવપૂર્વક સ્વીકારી.

૧૮૦૧ના મે માસની ચોથી તારીખે કેરીએ પોતાની આ નવી જવાબદારી સ્વીકારી લીધી. આ કામ માટે મંગળવાર સાંજથી શુક્રવાર સાંજ સુધી કલકત્તામાં રહેવાનું તેને અનુકૂળ લાગ્યું. અઠવાડિયાને અંતે તે સીરામપુર જતો હતો. તેર વિદ્યાર્થીથી બંગાળી વર્ગ શરૂ થયો, અને પહેલો ટર્મ પૂરો થાય, તે પહેલાં તો સંસ્કૃત ભાષાની જવાબદારી પણ તેને સોંપવામાં આવી.

ફોર્ટ વિલિયમ કૉલેજમાં સૌથી પ્રથમ મુશ્કેલી તો એ હતી કે, વિદ્યાર્થીઓના હાથમાં મૂકી શકાય એવાં કોઈ વર્નાક્યુલર પુસ્તકો કે સાહિત્ય નહોતાં. આથી પોતાના વર્ગોને જરૂરી સાહિત્ય પૂરું પાડવા તેને પોતાને તે સાહિત્ય તૈયાર કરવાની ફરજ પડી.

તેણે પોતાના જૂના મુન્શી રામ બોસુને મદદ માટે બોલાવ્યો. પછી બંગાળી વ્યાકરણ, સંસ્કૃત વ્યાકરણ તેમ જ વપરાતા રૂઢિપ્રયોગોની હારમાળા તૈયાર કરવા તે કામે લાગી ગયો.

ફોર્ટ વિલિયમ કૉલેજમાં કેરીની નિમણૂક થવાથી મિશન કાર્ય પર પણ મહત્ત્વની અસર પડી. સૌ પ્રથમ તો તેને સારો પગાર મળવાથી સીરામપુરના સામાન્ય ફંડની આવકમાં ખાસો વધારો થયો. મિશનરીઓએ એક નિયમ કર્યો હતો, કે જો કોઈ ખાનગી રીતે કંઈ કમાય, તો તેની એ આવક પોતાની અંગત ગણાશે નહિ. એકાદ મહિના પછી તેણે ફુલ્લર પર ઇંગ્લાંડ લખી જણાવ્યું કે, તેનો પોતાનો પગાર અને માર્શમેનની શાળામાંથી થતી આવક મારફતે હવે મિશનનું કામ ચાલી શકશે, અને ઇંગ્લાંડથી કોઈ મદદ માગવાની રહેશે નહિ.

બીજું પરિણામ એ આવ્યું કે, આ નિમણૂક મળવાથી મિશનને હવે ગવર્નર જનરલ તરફથી ખરેખરું રક્ષણ મળી ગયું હતું.

કેરીએ પોતાની આ નવી જવાબદારી મે માસની ચોથી તારીખથી શરૂ કરી. તે પછી આઠમી તારીખે શું બન્યું? એ સવારે મિશનરીઓ ઊઠ્યા, ત્યારે તેમને માલૂમ પડ્યું કે, રાત દરમિયન અંગ્રેજના લશ્કરે નદી ઓળંગીને છાની રીતે સીરામપુર ઉપર ચઢી આવીને તેનો કબજો લઈ લીધો હતો, અને ડેનિશ ગવર્નર બાય યુદ્ધનો કેદી બની ગયો હતો. પરંતુ આથી મિશનને કોઈ નુકસાન થયું નહિ, કારણ કે આ સમયે લોર્ડ વેલેસ્લીને કેરીમાં પૂરો ભરોસો હતો અને તે તથા તેના સાથીઓ બંગાળને જોખમરૂપ નહોતા. આથી કંપનીના ધ્વજ હેઠળ પણ તેઓ સલામત હતા. ચૌદ મહિના સુધી સીરામપુર બ્રિટિશ હકૂમત હેઠળ રહ્યું. પછી સંધિનો કરાર કરવામાં આવ્યો. ડેન્માર્કને તે પાછું સોંપ્યું, અને અંગ્રેજનું લશ્કર ત્યાંથી ખસેડી લેવામાં આવ્યું.

કૉલેજમાં કેરીની નિમણૂક થવાથી બીજું પણ એક સારું પરિણામ આવ્યું. તેને કારણે તે ભારતના પ્રખ્યાત પંડિતોના ગાઢ સંપર્કમાં આવ્યો. આથી તેને ઘણો લાભ થયો, અને થોડાં જ વર્ષોમાં બંગાળી નવા કરારની સુધારેલી આવૃત્તિ તે તૈયાર કરી શક્યો. પ્રથમ જે આવૃત્તિ તેણે મદનાબટ્ટીમાં તૈયાર કરી હતી, તે વખતે તેણે તેમાં જે ભાષાનો ઉપયોગ કર્યો હતો, તે ત્યાંની બોલીનો હતો, અને ત્યાં જે શુદ્ધ બંગાળી વપરાતી તે પણ જુદી જ હતી. તેથી એ આવૃત્તિમાં એટલો બધો સુધારો કરવો પડ્યો કે, આ નવો તરજુમો લગભગ નવી આવૃત્તિ જ બની ગઈ.

મિશનરી તરીકે કેરી પોતાના વર્ગોમાં આવતા જુવાન અંગ્રેજોમાં ઊંડો રસ લેતો હતો. વેલેસ્લીની વિચારપૂર્વકની એ યોજના હતી, કે સિવિલ સર્વિસ માટે તાલીમ લેતા આ જુવાન માણસો નૈતિક અને ધાર્મિક અસર હેઠળ આવવા જોઈએ, અને કેરી જેવો માણસ તેમના જીવનમાં ચારિત્ર્ય ઘડવાના કાર્યને ઘણું મહત્ત્વ આપતો હતો. સને ૧૮૦૪ સુધીમાં કૉલેજનું નૈતિક વાતાવરણ સંપૂર્ણ તંદુરસ્ત બન્યું હતું, એ સ્પષ્ટ છે.

અત્રે એક ઉલ્લેખ કરવો અસ્થાને નહિ ગણાય. કેરીના પ્રથમ પિસ્તાલીસ વિદ્યાર્થીઓ પૈકી એકવીસ જણ ન્યાયાધીશના સ્થાન સુધી પહોંચ્યા હતા.

• • •

## પ્રકરણ ૨૦

# માનવસેવા

(૧૮૦૧-૧૮૦૫) (ઉંમર ૪૦-૪૪ વર્ષ)

જ્યોર્જ ઊડની જે કેરીનો મિત્ર હતો, તેને ૧૮૦૧ની પાનખર ઋતુમાં ગવર્નર જનરલની કાઉન્સિલમાં સભ્ય તરીકે સ્થાન મળ્યું. તે હંમેશાં ભલાઈનાં કામને આગળ ધપાવવા તત્પર રહેતો. તેના હૃદય પર એક બાબતનો હંમેશાં બોજ રહ્યા કરતો હતો. હિંદુ સમાજના અમુક વર્ગમાં બાળહત્યા કરવાનો એક ખતરનાક રિવાજ પ્રચલિત હતો. નદીના મુખ આગળ ગંગાસાગર નામના સ્થળે એક મોટો હિંદુ ઉત્સવ ભરાતો હતો. તેની સાથે એ રિવાજ સંકળાયેલો હતો. દર વરસે જાન્યુઆરી માસમાં આવતી પૂનમે તે મેળો ભરાતો હતો, અને તે સમયે બંગાળના તમામ ભાગોમાંથી હજારો લોકો મહાન નદી-દેવીનું ભજન કરવા ત્યાં એકત્ર મળતા હતા. તેઓની આસ્થામાં અને ઘણી વાર માનતા ઉતારવા "ગંગા માતાની જય"ના પોકાર મધ્યે તેઓ પોતાનાં બાળકોને પવિત્ર નદીમાં ફેંકી દેતાં, જે મગરો અને માછલાંઓનો ભોગ બની જતાં.

ધાર્મિક બાબતોમાં ડખલગીરી થાય, અને હિંદુઓ પ્રત્યે દુશ્મનાવટ વધે, માટે સરકારે આ પ્રકારની પ્રથા બંધ કરવા કોઈ પગલું ભર્યું નહોતું. સમય ગુમાવ્યા વિના ઊડનીએ આ ભયંકર

રિવાજ તરફ લૉર્ડ વેલેસ્લીનું ધ્યાન દોર્યું. પરંતુ આ બાબતમાં એક અગત્યનો પ્રશ્ન ઉપસ્થિત થયો, 'આ બાળહત્યા શું કોઈ પવિત્ર પુસ્તકના આધારે કરવામાં આવે છે?' ગવર્નર જનરલે આ બાબત સંબંધી ઝીણવટભરી તપાસ કરવાનો નિશ્ચર્ય કર્યો. હવે આનું સંશોધન કરી લાવે, એવો યોગ્ય માણસ કોણ છે? સંસ્કૃત ભાષા જેમાં હિંદુ ધર્મના પવિત્ર પુસ્તકો લખાયેલાં છે, અને જેને એ સંબંધી પૂરતું જ્ઞાન છે, તથા જે યોગ્ય તુલના કરી શકે એવા માણસનું આ કામ છે. તેથી એ માટે વિલમય કેરી તરફ દષ્ટિ કરી, કારણ કે તેની પાસે આ જ્ઞાન અને લાયકાત હતાં. વળી તે કૉલેજમાં અધ્યાપક હતો, એટલે ત્યાં અનેક હિંદુ વિદ્વાનો અને પંડિતો પાસેથી તે જરૂરી માહિતી પણ મેળવી શકશે. કેરીને એમ લાગ્યું કે આ અતિ મુશ્કેલ કાર્ય હું હાથમાં લઉં, તો તે દ્વારા ભારતના લોકોની એક અતિ મહત્ત્વની સેવા હું કરી શકીશ. આથી ધગશ અને ઉત્સાહપૂર્વક તે બીડું તેણે ઝડપી લીધું.

તે ભારતમાં આવ્યો, ત્યાર પછી ટૂંક સમયમાં તેને એવા પ્રસંગો જોવા મળ્યા હતા, કે જેમાં બાળકોની હત્યા થતી હતી. એક વાર ગળીની ફેકટરીઓની નજીકના પ્રદેશમાં થોમસની સાથે તે ફરવા ગયો હતો. તે સમયે તેણે શું જોયું? એક ઝાડની ડાળીએ લટકાવેલા ટોપલામાં ખુલ્લું બાળક હતું, અને તેની ખોપરી સિવાય બાકીનો બધો ભાગ પક્ષીઓએ કે કીડાએ ખાઈ નાખ્યો હતો. બુચનન જણાવે છે કે, "એ દિવસોમાં માંદા બાળકોને માટે એવો સામાન્ય રિવાજ હતો, કે માંદગીને કારણે કે બીજા કોઈ કારણે જો બાળક માતાના દૂધનો નકાર કરે, તો એમ માનવામાં આવતું કે, તે કોઈ દુષ્ટ આત્માની અસર હેઠળ છે." ઉપરનાં દાખલામાં બાળકને ટોપલામાં મૂકીને ઝાડ પર ત્રણ દિવસથી લટકાવી રાખેલું છે. સામાન્ય રીતે એમ બને છે, કે એ સમય દરમિયાન તો બાળક

ગુજરી જાય છે... પણ જો ત્રણ દિવસમાં તે જીવી જાય, તો તેને ઘેર પાછું લઈ જવામાં આવે છે, અને તે જીવતું રહે, એવા ઉપાયો કરવામાં આવે છે.

કેરીને જે કામ સોંપાયું હતું, તે તેણે પૂરું કર્યું, અને પોતાના સંશોધનનો રિપોર્ટ તેણે સરકારને આપ્યો, અને એવો આગ્રહ રાખ્યો કે, બાળહત્યાની પ્રથા પર મનાઈ હુકમ લાવવામાં આવે. આથી ગવર્નર જનરલે તરત સત્તાવાર બાળહત્યા અંગે હુકમ બહાર પાડ્યો, અને એવું જાહેર કર્યું કે "તેવું કૃત્ય કરનાર ખૂની ગણાશે અને તે મરણની શિક્ષાને પાત્ર ઠરશે."

ફરીથી એ ઉત્સવ આવ્યો, ત્યારે સરકારી હુકમ પળાયો છે કે કેમ, તે જોવા માટે પચાસ સિપાઈઓને ત્યાં રાખ્યા. માલૂમ પડ્યું કે, એવો એક પણ બનાવ બન્યો નહોતો. સૈકાંથી ચાલતો આવતો એ રિવાજ પ્રથમ વાર જ બંધ થયેલો જણાયો. થોડાં જ વર્ષોમાં ત્યાં નદીકિનારે સરકારને સિપાઈઓ મોકલીને ચોકી રાખવાની જરૂર જણાઈ નહિ.

બાળહત્યા અંગે પ્રતિબંધ લાવવામાં જે સફળતા મળી, તે પરથી કેરીનું ધ્યાન બીજા એક મોટા અને સામાજિક દૂષણ તરફ દોરાયું. એ તો સતી થવાનો રિવાજ હતો. હિંદુ વિધવા પોતાના મૃત્યુ પામેલા પતિની સાથે ચિતામાં બળી મરતી હતી. કેટલાંક વર્ષોથી કેરીનું ધ્યાન એ તરફ દોરાયું હતું, અને તે વિષે તે વિચાર કર્યા કરતો હતો. પરંતુ એ રિવાજ એટલો બધો જડ ઘાલી બેઠો હતો, કે તે સંબંધી કંઈ કરવું મુશ્કેલ હતું. હવે કેરી ફોર્ટ વિલિયમ કૉલેજમાં મહત્ત્વનું સ્થાન ભોગવતો હતો. અને તે સારી લાગવગ ધરાવતો હતો. એટલે એ સંબંધી કંઈ કરવું, એ શક્તિ બહારની વાત નહોતી. આથી "ઈશ્વરને માટે મહાન કાર્યો કરવાની કોશિશ કરવા" તેણે ઠરાવ કર્યો.

૧૭૯૯માં જ્યારે તે ગળીનું વાવેતર કરતો હતો ત્યારે તેણે પ્રથમ વાર ચિતા પર જલી જતી વિધવાને નિહાળી હતી, તે પ્રસંગનું વર્ણન તે નીચે પ્રમાણે કરે છે.

"અમે નોયા સરાઈ ગામની નજીક હતા.... સાંજને સમયે અમે ફરવા માટે હોડીમાંથી બહાર આવ્યા, ત્યારે નદી કિનારે અમે સંખ્યાબંધ લોકોને એકત્ર થયેલા દીઠા. મેં પૂછ્યું, "આ લોકો શા માટે એકઠા થયા છે?" મને જણાવવામાં આવ્યું કે, એક માણસના મૃતદેહને બાળવાનો છે. મેં તેમને પૂછ્યું, "શું તેની પત્નીને પણ તેની સાથે બાળવાની છે?" તેઓએ જવાબ આપ્યો. "હા." અને તે સ્ત્રી તરફ આંગળી કરીને તેને બતાવી. લાકડાથી ખડકેલી ચિતાની પાસે તે ઊભી હતી, ચિતા લગભગ અઢી ફૂટ ઊંચી, ચાર ફૂટ લાંબી અને બે ફૂટ પહોળી હતી, અને તેના પર તે સ્ત્રીના પતિનો મૃતદેહ હતો. તે સ્ત્રીનો નજીકનો સગો તેની પાસે ઊભો હતો, અને તેણીની નજીક મીઠાઈની એક ટોપલી હતી. મેં તેમને પૂછ્યું કે, "શું સ્ત્રીએ પોતે જલી જવાનું પસંદ કર્યું છે કે પછી કોઈ અયોગ્ય રીતે તેને અહીં લાવવામાં આવી છે?" જવાબમાં તેઓએ જણાવ્યું કે, "તે પોતાની રાજીખુશીથી આવી છે." મેં ખાસો વાદવિવાદ કર્યો, પણ તે કાંઈ કામમાં આવ્યો નહિ. મેં તો તેમને જણાવી દીધું કે, "આ તો તમે ખૂન કરી રહ્યા છો." પરંતુ તેઓએ તો એવો પ્રત્યુત્તર વાળ્યો કે, "અમે આ એક મોટું પવિત્ર કાર્ય કરી રહ્યા છીએ, અને એ તમારે જોવું ન હોય, તો તમે અહીંથી ચાલ્યા જાઓ..." મેં તેમને જણાવ્યું કે, "હું અહીંથી જવાનો નથી, કારણ કે અહીં રહીને આ ખૂન જોવાનો મેં નિશ્ચય કર્યો છે, કે જેથી ઈશ્વરના ન્યાયાસન સમક્ષ હું તેની સાક્ષી આપી શકું." એ સ્ત્રી પોતાનો જાન ખોઈ ન બેસે માટે મેં સાચા દિલથી તેને સલાહ આપી. વળી મેં તેને જણાવ્યું કે, "તેણે કોઈ બાબતથી બીવાની જરૂર નથી, કે કોઈ ભૂંડો આત્મા તેને સતાવવાનો નથી."

પરંતુ તે તો બહુ શાંતિપૂર્વક ચિતા પર ચઢી, અને અચકાયા વિના મુક્તપણે પોતાના હાથ પ્રસારીને નાચવા લાગી. ચિતા પર ચઢ્યા અગાઉ તેનો જે સગો આગ લગાડવાનો હતો, તેણે તેને છ વાર ચિતાની આસપાસ ફેરવી. ચારેબાજુ ફરતાં ફરતાં તે પેલી મીઠાઈમાંથી વેરતી જતી હતી, અને લોકો પવિત્ર વસ્તુ માનીને તેને વીણી લઈને ખાતા હતા. આ પૂરું થયા પછી અગાઉ જણાવ્યું તેમ, તે ઉપર ચઢીને નાચવા લાગી. પછી તે મૃતદેહની પાસે સૂઈ ગઈ, અને એક હાથ તેના ગળા નીચે અને બીજો હાથ તેના ગળા ઉપર મૂક્યો. તે પછી નાળિયેરનાં સૂકાં પાંદડાં તથા બીજી વસ્તુઓનો તેમના પર ઢગલો કર્યો, અને તે પર ઘી વગેરે રેડવામાં આવ્યું. તેમના પર બે વાંસ મૂકીને દાબી રાખવામાં આવ્યા. અને પછી અગ્નિ સળગાવ્યો. અગ્નિ સળગાવતાંની સાથે લોકો "હરે બોલ, હરે બોલ" કહીને મોટા અવાજે પોકાર કરવા લાગ્યા. એ ગાંડાતુર અવાજને કારણે પેલી સ્ત્રીનો કણસવાનો કે બીજો કોઈ અવાજ સંભળાતો નહિ. વળી પેલા બે વાંસથી તેને દાબી રાખવામાં આવેલી એટલે તેનાથી હાલીચાલી શકાય પણ નહિ. વાંસના આવા ઉપયોગ માટે અમે વાંધો લીધો, અને આ રીતે તેને બાળી દેવા જબરદસ્તી અને જુલમ કરવામાં આવ્યો છે, એ તેમને જણાવ્યું. પણ તેમણે કહ્યું કે "એ તો ચિતા ખસી ન જાય, માટે એમ કરવામાં આવ્યું હતું." "આ દૃશ્ય જોવાનું અમારે માટે અસહ્ય બની ગયું, અને ખૂનની સામે વાંધો જાહેર કરીને અમે ત્યાંથી ચાલ્યા ગયા."

આથી મિશનરીઓએ આ ક્રૂર રિવાજ તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. કેટલાક ભરોસાપાત્ર ભારતીય માણસોને પસંદ કરીને કલકત્તાની આસપાસના પ્રદેશોમાં મોકલવામાં આવ્યા, એ માટે કે નજરે જોયા હોય એવા બનાવોની વીગતો તેઓ એકત્ર કરે. મળેલા હેવાલ પરથી માલૂમ પડ્યું કે, સતી થવાના ૪૦૦ કરતાં વધુ બનાવો બન્યા હતા.

વળી તપાસ કરતાં એમ માલૂમ પડ્યું કે, આખા બંગાળમાં દર વરસે આ રીતે દશ હજાર કરતાં વધારે સ્ત્રીઓ મરણને શરણ થતી હતી.

કૉલેજમાં વિદ્વાન પંડિતો પાસેથી હિંદુ ધાર્મિક પુસ્તકોનાં જે લખાણો પર આ ક્રૂર રિવાજ આધારિત મનાતો હતો, તે કેરીએ એકત્રિત કર્યા. સતિ થવાનો રિવાજ લોકોને માન્ય હતો, પરંતુ તેને ધાર્મિક નિયમ સાથે ચોક્કસપણે કોઈ સંબંધ નહોતો.

કેરીએ કરેલા સંશોધનનો રિપોર્ટ ઊડનીના હાથમાં મૂકવામાં આવ્યો. તેણે તેને યોગ્ય રૂપમાં મૂકીને ગવર્નર જનરલની કાઉન્સિલને સોંપ્યો, અને એવો આગ્રહ રાખ્યો, કે સતી થવાના રિવાજ પર એકદમ પ્રતિબંધ મૂકવામાં આવે.

ગવર્નર જનરલ વેલેસ્લી સદરહુ પ્રતિબંધની તરફેણમાં હતા. પરંતુ ગવર્નર જનરલ તરીકેના તેમના હોદ્દાની ટર્મ સાત દિવસમાં પૂરી થવાની હતી, અને આ બાબત વિચારણા માગી લેતી હોવાથી તેમણે પોતાના અનુગામીને એ બાબત સોંપવાનો નિશ્ચય કર્યો. ઑગસ્ટની ૧૫મી તારીખે વેલેસ્લી ઇંગ્લાંડ જવા ઊપડી ગયા, અને લોર્ડ કોર્નવોલિસે સરકારની લગામ હાથમાં લીધી.

હાઉસ ઑફ કોમન્સમાં વિલ્બરફોર્સે જણાવ્યું - "જો વેલેસ્લી એકાદ વર્ષ ભારતમાં ચાલુ રહ્યા હોત, તો મને વિશ્વાસ છે કે આવા સતી થવાના બનાવોના દેખાવો બંધ થઈ ગયા હોત."

અત્રે જણાવવું જોઈએ કે ભારતની પ્રાદેશિક ભાષામાં "સમાચાર દર્પણ" નામનું સૌપ્રથમ અઠવાડિક સમાચારપત્ર બંગાળી ભાષામાં ૧૮૧૮ના મે માસની ૩૧મી તારીખે સીરામપુરથી પ્રગટ થયું, અને સદરહુ સમાચારપત્રમાં સતી થવાના રિવાજ અંગે સતત ઉલ્લેખ કરીને એ પ્રત્યે લોકોનું અને સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

• • •

## પ્રકરણ ૨૧

# મહામંથનના દિવસો

(૧૮૦૫-૧૮૧૩) (ઉંમર ૪૪-૫૨ વર્ષ)

૧૮૦૫ના આરંભમાં બીજા ચાર નવા મિશનરીઓ એક અમેરિકન જહાજમાં આવ્યા. મુર, રોવે, બિસ અને માર્ડન. હવે સીરામપુરની મિશન કોલોનીમાં આઠ કુટુંબો થયાં. શાળાને માટે અને પ્રેસને માટે પણ વધારે જગાની જરૂર હતી. આથી તેઓએ પોતાના ૧૪૨૦ પાઉન્ડ કાઢીને ચેપલની સાથે આવેલી મિલકત સોસાયટીના નામમાં ખરીદી લીધી.

મિશનની પ્રવૃત્તિઓ વૃદ્ધિ પામે માટે સીરામપુરના મિશનરીઓ વિચાર કરવા લાગ્યા, અને તેઓએ મોટા પાયા પર એક યોજના ઘડી કાઢી. બંગાળા અને ઓરિસ્સા તથા તેમની આસપાસ આવેલા મુલકોમાં કેટલાંક વધારે મિશન સ્ટેશનો ખોલવા વિચાર કર્યો. સો સો કે પચાસ પચાસ માઈલને અંતરે એવાં સ્ટેશનો હોવાં જોઈએ, અને પ્રત્યેક સ્ટેશને એક મિશનરી તથા ભારતીય મદદગાર રાખવામાં આવે.

લોર્ડ વેલેસ્લીની વિદાયનાં ત્રણ અઠવાડિયાં પછી નવા મિશનરી વિલિયમ મુર પોતાની સાથે જુનિયર વિલિયમ કેરીને લઈને હુગલીની પૂર્વમાં મુસાફરીએ નીકળ્યો. પ્રથમ સિત્તેર માઈલ કાપ્યા ત્યાં સુધી એમ જણાયું કે, લોકો આપણી ટ્રાક્ટો અને સુવાર્તા વિષે જાણકાર છે.

તેઓ ઢાકા પહોંચ્યા, ત્યારે માલૂમ પડ્યું કે ત્યાંના લોકો અજાણ છે. ત્યાંના લોકોએ તેમનો ઘણો સારો આવકાર કર્યો છે. પરંતુ બીજે દિવસે સવારે મિશનરીઓએ શહેરમાં કામ શરૂ કર્યું, ત્યારે બ્રિટિશ મેજિસ્ટ્રેટ તરફથી એક સંદેશવાહકે આવીને તેમના પાસપોર્ટ માગ્યા, પરંતુ તે તેમની પાસે નહોતા, એટલે મેજિસ્ટ્રેટે અને કલેક્ટરે તેમને ધમકી આપી, અને એકદમ એ મુલકમાંથી જતા રહેવાનું કહ્યું.

બે મહિના પછી વોર્ડ જેસ્સોર ગયો, અને ત્યાં મિશનક્ષેત્ર માટે કોઈ થોડી જગા મળી શકે કે કેમ, તેની તપાસ કરી. ત્યાંનો સ્થાનિક મેજિસ્ટ્રેટ ભલો માણસ હતો, પરંતુ મિશનરીઓ પ્રથમ સરકારી મંજૂરી મેળવી લે, એ જરૂરનું છે, એમ જણાવ્યું. સર જ્યોર્જ બાર્લો મિશનરીઓને ઓળખતો હતો, અને કેરીની સાથે તેનો સારો સંબંધ હતો. વળી જ્યોર્જ ઊડની પણ તેમનો મિત્ર હતો. આથી એક અરજી ઘડી કાઢી, અને ગવર્નર જનરલ પર મોકલી આપી. સર જ્યોર્જ બાર્લો પોતે તો મિશનરીઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારો હતો, પરંતુ કોર્ટ ઓફ ડાયરેક્ટરની સામે તે કોઈ પગલું લેવા માગતો નહોતો.

સીરામપુરના સ્વાર્પિત માણસોએ હવે સરકારની પરવાનગી વગર કામ આગળ ધપાવવાનો ઠરાવ કર્યો. આથી તેમણે માર્ડનને માલ્ડા અને મુરને દિનાજપુર મોકલ્યા. માલ્ડા એક સલામત સ્થળ હતું, કેમ કે ત્યાં કોઈ મેજિસ્ટ્રેટ કે કલેક્ટર રહેતા નહોતા. પરંતુ દિનાજપુરમાં એક ન્યાયાધીશ હતો, અને તેનું વલણ મિશનરીઓ પ્રત્યે સારું નહોતું. તેણે પાસ માગ્યો, પણ તે નહિ મળવાથી તેણે સીરામપુર પાછા જવા કહ્યું.

ત્યાર પછી તેઓએ ૧૮૦૬ના ઉનાળામાં કલકત્તાના બાઉ બજારમાં એક કેન્દ્ર ખોલ્યું, કે જ્યાંથી પ્રાદેશિક ભાષામાં ઉપદેશ

કરી શકાય. જૂનની ૧લી તારીખે વોર્ડે એ કેન્દ્રનું ઉદ્‌ઘાટન કર્યું. તે સમયે પુષ્કળ માણસો ત્યાં એકત્ર થયા હતા. કલકત્તાના રહેવાસીઓને તેમની પોતાની માતૃભાષામાં જાહેરમાં સુવાર્તા સાંભળવાનો આ પ્રથમ પ્રસંગ હતો. પરંતુ તે સમયે કેટલુંક ધાંધલ થયું, અને વોર્ડને માટે અપમાનજનક શબ્દો વાપરીને તેના પર હુમલો કર્યો. થોડાંએક અઠવાડિયાં પછી શાંતિ થઈ.

થોડાં અઠવાડિયાં બાદ કેપ્ટન વિક્સે જહાજ ક્રાઈટેરિયન મારફતે બે નવા મિશનરીઓને કલકત્તા ઉતાર્યા - ચાર્ટર અને રોબિન્સન. પોલીસ ઑફિસના અધિકારીએ જણાવ્યું કે સ્પષ્ટ પરવાનગી સિવાય આ નવા મિશનરીઓએ કલકત્તા છોડવું નહિ. તે દરમિયાન સરકારી અધિકારીઓ તરફથી ઘણા અપશબ્દો સાંભળવા પડ્યા. આખરે કેરી કલકત્તા ગયો, અને આ નવા મિશનરીઓને તેમના કુટુંબ સહિત સીરામપુર લઈ આવ્યો, અને ડેનિશ ધ્વજના આશ્રય હેઠળ તેમને મૂક્યા.

કલકત્તાના પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટે આ અંગે ગવર્નર જનરલને રિપોર્ટ કર્યો, અને સર જ્યોર્જ બાર્લોએ એવો હુકમ આપ્યો, કે કોઈ પણ જાતનો વિલંબ કર્યા વગર, તેમણે ભારત છોડવું જોઈએ. મિ. ઊડની પણ આમાં કંઈ કરી શક્યા નહિ.

માર્ચ માસના આરંભમાં યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના એક પત્ર દ્વારા કેરીને જણાવવામાં આવ્યું કે, બ્રાઉન યુનિવર્સિટી તરફથી તેને ડૉક્ટર ઓફ ડિવિનિટીની ડીગ્રી એનાયત કરવામાં આવે છે.

૧૮૦૭ના જુલાઈ માસના છેલ્લા દિવસે સર જ્યોર્જ બાર્લોને બદલે નવા ગવર્નર જનરલ લોર્ડ મિન્ટો કલકત્તા ઊતર્યા. બંગાળામાં લોર્ડ મિન્ટોના આગમન પછી એક મહિને કેરી અને તેના સાથી કાર્યકરો પર એક નવું જ તોફાન તૂટી પડ્યું.

સપ્ટેમ્બરની બીજી તારીખે કેરીને એક પત્ર મળ્યો. આ પત્રમાં એવી વિનંતી કરવામાં આવી હતી કે, કે કેરીએ કાઉન્સિલના ચીફ સેક્રેટરીની ઑફિસે હાજર થવું. સદરહુ હુકમ પ્રમાણે તે ત્યાં એકદમ હાજર થયો. તે વખતે તેને જણાવવામાં આવ્યું કે, "સીરામપુર પ્રેસમાંથી પ્રસિદ્ધ થયેલી એક ફારસી ટ્રાક્ટ સરકારના હાથમાં આવી છે, જેમાં ઇસ્લામ અને તેના સ્થાપક વિષે વાંધાજનક વીગત લખેલી છે, અને તેનો ખુલાસો માગવામાં આવે છે." કેરીએ જણાવ્યું કે "એવી કોઈ ટ્રાક્ટ મેં જોઈ નથી, પરંતુ હું તે વિષે તપાસ કરીશ." તેણે ચીફ સેક્રેટરીને ખાતરી આપી કે, "મિશનરીઓએ એવી અપમાનજનક ભાષા વાપરી હોય, તેને હું બહાલી આપી શકું નહિ." વળી તેણે જણાવ્યું કે, "ભવિષ્યમાં જે બધાં પ્રકાશનો પ્રેસમાંથી બહાર પડશે, તો તેની બહાલી માટે સરકારને મોકલી આપીશું." આમ છતાં સેક્રેટરીને સંતોષ થયો હોય, એમ લાગ્યું નહિ.

આ ટ્રાક્ટ સંબંધી એવું બન્યું હતું કે, સેલ્સનો કુરાનનો જે જાણીતો તરજુમો હતો, તેની પ્રસ્તાવનામાંથી મહમદ સાહેબના જીવનની વિગત લીધી હતી. મિશનરીઓએ તેનો બંગાળી હસ્તલેખ એક મુન્શીને (જે પોતે મુસ્લિમમાંથી ખ્રિસ્તી થયો હતો) ફારસી ભાષામાં અનુવાદ કરવા સોંપ્યો હતો. અને એ અનુવાદમાં મિશનરીઓની જાણ બહાર તેણે પોતે પોતાની કેટલીક અપમાનજનક ટીકા તેમાં ભેળવી દીધી હતી. એવા ફકરા અંગે સરકારે વાંધો લીધો હતો. મિશનરીઓના પ્રેસમાંથી આવી ટ્રાક્ટ બહાર ગઈ, તે બદલ તેમણે દિલગીરી દર્શાવી, અને ત્રણસો જેટલી નકલો જે બહાર જતી રહી હતી, તે સિવાય તમામ નકલો સરકારને સ્વાધીન કરી.

મિશનરી વિરોધી જુવાળ વધતો જતો હતો, કારણ કે લોકો આ ફારસી ટ્રાક્ટનો આધાર લઈને મિશનના સેવાકાર્ય વિરુદ્ધ

ગવર્નર જનરલના મનમાં ઉગ્ર ક્રોધ સળગાવતા હતા. લોર્ડ મિન્ટોને ભારતમાં આવ્યાને એક મહિનો થયો હતો એટલે કેરી તથા તેના સાથી કાર્યકરો વિષે તેને કંઈ ખબર નહોતી. તેથી તેઓ રાજ્યને જોખમકારક છે, એવી તેના મન પર છાપ પાડવામાં આવી હતી. વળી જ્યોર્જ ઊડની પણ હવે કાઉન્સિલનો સભ્ય રહ્યો નહોતો.

દોષારોપણની વીગતો એકઠી કરવા માટે સરકારે કેટલાક મિશનરી વિરોધી તરીકે જણાતા મેજિસ્ટ્રેટોને અને પોલીસ અધિકારીઓને નીમ્યા. આ માણસોએ જાસૂસો રાખ્યા કે, જેઓ ધાર્મિક શોધકો છે, એવો ઢોંગ કરે, અને મિશનરીઓનાં પ્રવચનોનો રિપોર્ટ કરે, અને જે કંઈ પ્રકાશન કરવામાં આવ્યું હોય, તેની નકલો મેળવે. તે પછી કાઉન્સિલે સેક્રેટરીને એવી સૂચના આપી, કે ડૉ. કેરી ઉપર તાકીદનો પત્ર લખીને તેને કલકત્તામાં ઉપદેશ કરવાની મના કરે, તેમ જ ભારતવાસીઓને ખ્રિસ્તી બનાવવા માટે કોઈ સાધનોનો ઉપયોગ ન કરે. વળી એવું પણ ફરમાવ્યું કે, સીરામપુરની પ્રેસને કલકત્તા ખસેડવામા આવે કે, જેથી તે સરકારની સીધી નજર હેઠળ રહે.

વળી ગવર્નર જનરલે ડેનિશ ગવર્નરને સત્તાવાર જણાવ્યું કે, પ્રિન્ટિંગ પ્રેસને અને મિશનરીઓને સીધેસીધા ભારત સરકારની સત્તા હેઠળ મૂકવામાં આવે. પરંતુ ડેનિશ ગવર્નર કર્નલ ક્રેફિંટગ હિંમતવાન અને બહાદુર હતો. વળી તે મિશનરીઓને ઓળખતો હતો, જ્યારે લોર્ડ મિન્ટો તેમને ઓળખતો નહોતો. આથી તેણે એવું જાહેર કર્યું કે, તે પ્રિન્ટિંગ પ્રેસને ખસેડવા દેશે નહિ, અને બ્રિટિશ અધિકારીઓ ફરજ પાડવામાં પગલાં ભરશે, તો તે હું જોઈ લઈશ.

આમ પરિસ્થિતિ ઘણી ગંભીર હતી. આખું મિશન જો કલકત્તા જાય, તો પછી થઈ રહ્યું. આવા સંજોગોમાં ડેવિડ બ્રાઉને એવી સલાહ આપી કે આ અંગે એક અરજી કે નિવેદનપત્ર ગવર્નર

જનરલને કાઉન્સિલમાં આપવામાં આવે. કેરી અને માર્શમેને એવો વિચાર કર્યો, કે આ બાબત કર્નલ ક્રેફિંટગના હાથમાં સોંપી દેવામાં આવે. વોર્ડે એવી સલાહ આપી કે, લોર્ડ મિન્ટોની સાથે એક અંગત મુલાકાત ગોઠવવામાં આવે, કારણ કે હજી સુધી તે આપણા વિષે જાણતા નથી.

આથી એવો ઠરાવ કરવામાં આવ્યો કે, કેરી અને માર્શમેન જેઓએ સંયુક્ત રીતે હિંદુશાસ્ત્ર રામાયણનો તરજુમો કર્યો છે, તેઓ ગવર્નર જનરલને મળીને તેની એક નકલ ભેટ તરીકે તેને આપે. લોર્ડ મિન્ટોએ બંને જણનો વિવેકપૂર્વક આવકાર કર્યો, અને રામાયણની નકલ સ્વીકારી. વળી તેઓ પોતાના કાર્યની સંપૂર્ણ રીતે સમજૂતી આપે, એવી તેમને રજા આપવામાં આવી. તેણે ઘણા પ્રશ્નો પણ પૂછ્યા, અને આખરે તેમનું નિવેદનપત્ર સ્વીકારવામાં સંમત થયા, અને એવું વચન આપ્યું કે, પોતાની કાઉન્સિલ સમક્ષ તેને રજૂ કર્યા પહેલાં તે પોતે તેનો અભ્યાસ કરી લેશે. સદરહુ મુલાકાતની સારી એવી અસર પડી હતી, એવું સ્પષ્ટ જણાયું હતું. વળી કેરી તથા માર્શમેન વિષે તેના મનમાં જે છાપ હતી, તેવા પ્રકારના તે માણસો નથી, એવું તેને સમજાયું.

સીરામપુર પાછા આવ્યા પછી માર્શમેન નિવેદનપત્ર તૈયાર કરવા બેસી ગયો. તેમાં મિશનની સ્થાપના અને તેના હેતુઓ વિષે તથા લોર્ડ વેલેસ્લી તરફથી મળેલા સૌજન્ય અંગેની વિગતો દર્શાવવામાં આવી હતી. વળી સાથે સાથે જણાવવામાં આવ્યું હતું, કે અત્યાર સુધીમાં સો જણને બાપ્તિસ્મા આપવામાં આવ્યું છે, જેમાં ૧૨ બ્રાહ્મણ, કાયસ્થ ગર્વના ૧૬ અને ૫ મુસ્લિમોનો સમાવેશ થાય છે. નિવેદનપત્રમાં તમામ મિશનરીઓએ સહી કરી, અને ઑક્ટોબરની પહેલી તારીખે લોર્ડ મિન્ટોને સુપરત કરવામાં આવ્યું. તેમના કહ્યા મુજબ તે પોતે તેને કાળજીપૂર્વક વાંચી ગયા, અને બીજે દિવસે

કાઉન્સિલ સમક્ષ તેને રજૂ કર્યું. વળી તે સાથે કર્નલ ક્રેફિંટગ તરફથી આવેલો પત્ર પણ રજૂ કરવામાં આવ્યો. નિવેદનપત્રે લોર્ડ મિન્ટોના મનમાં કાર્ય કર્યું હતું. વળી તેમણે જોયું કે, મિશનરીઓ સુબુદ્ધિ તથા શક્તિ ધરાવનાર ભરોસાપાત્ર માણસો છે. આમ તેમની દરખાસ્તથી અગાઉનો હુકમ ફેરવવામાં આવ્યો, અને ભવિષ્યનાં પ્રકાશનો બહાલી માટે સરકાર સમક્ષ રજૂ કરવામાં આવશે, એવી કેરીની જે માગણી હતી, તે સ્વીકારવામાં આવી. વળી આ અંગે ચીફ સેક્રેટરી ડૉ. કેરી પર પત્ર લખે, એવી કાઉન્સિલે સૂચના આપી.

આ સમાચાર મળ્યા, ત્યારે સીરામપુરમાં ઉપકારસ્તુતિની ખાસ સભા રાખવામાં આવી, અને કેરી નદી ઓળંગીને ડૉ. મિન્ટોનો આભાર માનવા ગયો. થોડા દિવસ પછી કેરીએ ફુલ્લર પર પત્ર લખીને જણાવ્યું કે "તોફાન બંધ થઈ ગયું છે."

જે હુમલાથી મિશનને ઉથલાવી પાડવાની ધમકી આપવામાં આવી હતી, તે વડે હવે મિશન વધારે સારી સ્થિતિમાં મુકાયું હતું.

હવે ઇંગ્લાંડના લોકોમાં મિશનરી કાર્ય પ્રત્યે જાગૃતિ આવી હતી, અને આગેવાનો તેમાં રસ લઈ રહ્યા હતા. આથી કંપનીની સનદ ૧૮૧૩માં જ્યારે સુધારવામાં આવે, ત્યારે કેરીની સૂચના અનુસાર તેમાં ફેરફાર કરવામાં આવે, એવું તેમને જણાવવામાં આવ્યું હતું. પાર્લામેન્ટની સમક્ષ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સનદનો પ્રશ્ન આવ્યો, ત્યારે તેમાં સુધારો કરવામાં આવ્યો, અને ૧૮૧૩ના જુલાઈની ૨૧મી તારીખે પાર્લામેન્ટમાં બીલ સ્વીકારાયું. આખરે લાંબાં યુદ્ધનો અંત આવ્યો, અને ભારત મિશનરી કાર્ય માટે ખુલ્લું મુકાયું.

● ● ●

## પ્રકરણ ૨૨

# ચાલીસ ભાષામાં પવિત્રશાસ્ત્ર

૧૮૦૯માં ઇંગ્લાંડના એક કવિએ સીરામપુરની ત્રિપુટીના કાર્ય અંગે નોંધ કરતાં આ પ્રમાણે લખ્યું – "વિદેશીઓમાં પવિત્રશાસ્ત્રનું જ્ઞાન ફેલાવવા માટે ચૌદ વર્ષના ગાળામાં આ માણસોએ જે કર્યું છે, તેવું કોઈ કરી શક્યું નથી. તેમાંનો એક ગામડાનો મોચી હતો, બીજો ડર્બીનો મુદ્રક હતો, અને ત્રીજો હતો બ્રિસ્ટલની શાળાનો એક શિક્ષક."

સદરહુ નોંધ ચોંકાવનારી છે, છતાં તે સત્ય છે. સીરામપુરમાં આ ત્રિપુટી પોતે જ એક બાઇબલ સોસાયટીરૂપ હતી.

વર્ષો પૂર્વે નોર્ધમ્પટનશાયરમાં કેરીને ભાષાઓનું જે કુદરતી જ્ઞાન હતું, તે તેણે ખંતથી વિકસાવ્યું હતું. પ્રથમ વિદ્યાર્થી અવસ્થામાં તે લાટીન, ગ્રીક અને હિબ્રૂ શીખ્યો, અને પછી ફ્રેન્ચ, ડચ અને ઈટાલિયન શીખ્યો. આ ભાષાઓમાં બાઇબલ વાંચવાને તે ટેવાયેલો હતો. હજી તો તે એક ગામડાના મોચી તરીકે કામ કરતો હતો, ત્યારે બાઇબલનો દરરોજ એક અધ્યાય વાંચવાની તેણે ટેવ પાડી હતી. પ્રથમ અંગ્રેજીમાં વાંચે, અને પછી તેને આવડતી પ્રત્યેક ભાષામાં તે વાંચે. ભારતમાં આવ્યા પછી તેને સૌથી પહેલો એ વિચાર આવ્યો કે, બંગાળી ભાષા જે તેને પ્રિય હતી, તેમાં બાઇબલનો તરજુમો કરવો. ગળી બનાવવાના કારખાનામાં કામ

કરતાં કરતાં તેણે ધીરજ અને ખંતથી પોતે પોતાની મેળે એ કાર્ય કરવા માંડ્યું. ૧૭૯૬ સુધીમાં મૂળ ભાષા ગ્રીકનો આધાર લઈને તેણે નવા કરારનો પ્રથમ અનુવાદ કર્યો.

નવો કરાર પૂરો કર્યા પછી કેરીએ બંગાળી જૂના કરારનું કામ હાથ પર લીધું અને ૧૮૦૨ થી ૧૮૦૯ સુધીમાં વિભાગવાર તે પ્રસિદ્ધ કર્યો. તમામ તરજુમાઓમાં બંગાળી આવૃત્તિ તેને હૈયે વસી ગયેલી હોવાથી તેને તે હંમેશાં સુધારતો જ રહ્યો. છેલ્લી આઠમી આવૃત્તિ તેની વૃદ્ધાવસ્થામાં પ્રસિદ્ધ થઈ. વળી બંગાળી જૂના કરારની પાંચ આવૃત્તિઓ પણ તેણે પ્રસિદ્ધ કરી.

કેરીને ટૂંક સમયમાં માલૂમ પડ્યું, કે લોકોનો સામાન્ય વર્ગ બંગાળી આવૃત્તિનો સારો સ્વીકાર કરે છે. પરંતુ દંભી બ્રાહ્મણો તે પ્રત્યે ઓછું લક્ષ આપે છે, અથવા આપે તો ઘણું જ નજીવું. સામાન્ય લોકોની ભાષામાં જે પુસ્તક હોય, તેની તેઓ ઠેકડી ઉડાવતા હતા. તેઓની માન્યતા એ હતી, કે જો કોઈ પુસ્તક અસલ સંસ્કૃતમાં લખાયેલું ન હોય, તો તે પવિત્ર કહેવાવાને યોગ્ય જ નથી. આથી જેમ બને તેમ જલદી કેરીએ બાઇબલનાં પુસ્તકોનો તરજુમો સંસ્કૃત ભાષામાં કરવા માંડ્યો. તેણે જ્યારે જાણ્યું કે, સંસ્કૃત ભાષામાં છપાયેલાં શાસ્ત્ર તરફ બ્રાહ્મણો એકદમ આકર્ષાયા છે, ત્યારે તેને ઘણો આનંદ થયો. અને ૧૮૦૮માં સંસ્કૃત નવો કરાર પૂરો કરવામાં આવ્યો અને ૧૮૧૧ થી ૧૮૧૮ સુધીમાં જૂનો કરાર પૂરો કર્યો. કેરી ઘણા વખતથી જાણતો હતો, કે સંસ્કૃત ભાષા એ ભારતની સર્વશ્રેષ્ઠ કોટિની ધાર્મિક અને સાહિત્યિક ભાષા છે, તે હવે સમજવા લાગ્યો, કે દેશની અર્વાચીન પ્રાદેશિક જે ભાષાઓ છે, તેનું મૂળ પણ સંસ્કૃત ભાષામાં રહેલું છે. તેણે સંસ્કૃત ભાષા પર કાબૂ મેળવ્યો, ત્યારે તેને લાગ્યું, કે હવે મને ભાષાવિષયક ચાવી હાથ લાગી છે, અને તરજુમાના કામની વિશાળ શક્યતાઓ છે.

આથી તેણે બાઇબલના તરજુમાની એક વિસ્તૃત યોજના ઘડી કાઢી, અને તેમાં ઝંપલાવ્યું. આ સંબંધી કેરીએ લખ્યું - "આવતા પંદર વર્ષના ગાળામાં અમે પૂર્વની તમામ મુખ્ય ભાષાઓમાં બાઇબલનો તરજુમો કરીને છપાવવાની આશા રાખીએ છીએ." ત્રિપુટીએ પોતાની યોજના આગળ ધપાવવાનું શરૂ કર્યું. મુખ્ય અનુવાદ તરીકે કેરી હતો, જેને આજે આપણે 'જનરલ એડિટર' કહી શકીએ. કેરીનો મુખ્ય મદદગાર માર્શમેન હતો. વોર્ડ મોટે ભાગે છાપકામ સાથે વધારે સંકળાયેલો હતો. કેરી અને માર્શમેનને મદદરૂપ થવા માટે ભારતના બધા ભાગોમાંથી મોટી સંખ્યામાં પંડિતોને અને મુન્શીઓને ધીમે ધીમે સીરામપુરમાં એકત્ર કરવામાં આવ્યા. તેઓને જુદી જુદી ભાષાઓમાં તેમ જ પ્રાદેશિક ભાષાઓમાં શાસ્ત્રનો તરજુમો કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું. આ લોકો પોતાને સોંપાયેલાં પુસ્તકનો કાચો તરજુમો લખીને આપતા, ત્યાર પછી પ્રત્યેક પોતાનો તરજુમો વાંચી જાય, અને કોઈ મુશ્કેલી હોય, તો તે અંગે એકબીજાની સલાહ મેળવતા. એ રીતે પોતે કરેલો તરજુમો સુધારી નાખતા.

તરજુમો કરવાનું કાર્ય આપણે ધારીએ એટલું સહેલું નથી. તે માટે ભાષાઓ અંગેનું ઘણું સંશોધન માગી લે છે, અને તેમાં ખાસ્સો સમય આપવો પડે છે. ૧૮૧૧ના ડિસેમ્બરમાં કેરીએ ડૉ. રાયલેન્ડ પર લખ્યું : "જે અનેક ભાષાઓનું જ્ઞાન મેં પ્રાપ્ત કર્યું છે, તે પરથી મને લાગે છે કે ભાષાની ત્રુટીઓ દૂર કરવા માટે વ્યાકરણની ખાસ આવશ્યક્તા છે. આથી મેં ત્રણ વ્યાકરણ પ્રસિદ્ધ કર્યાં છે : સંસ્કૃત, બંગાળી અને મરાઠી. બીજી ભાષાઓમાં પણ વ્યાકરણ લખવાની ઇચ્છા રાખું છું. હાલમાં તેલુગુ અને શીખ લોકોની ભાષાનાં વ્યાકરણ પ્રેસમાં છે. તેમ જ ઉરિયા ભાષાનું તૈયાર થાય છે. એ પછી નીચેનાં વ્યાકરણો તૈયાર કરવાનો ઇરાદો

રાખું છું. : કર્ણાટક, કાશ્મિરી તેમ જ નેપાળની ભાષાઓનાં અને કદાચ આસામની ભાષાનું પણ.''

૧૮૧૧ના ડિસેમ્બરની ૧૦મી તારીખે ડૉ. રાયલેન્ડ પર લખતાં જણાવ્યું કે ''હાલમાં બંગાળી ભાષાનો શબ્દકોશ છાપવાનું ચાલુ છે. એ ખાસ્સું મોટું પુસ્તક થશે. હું ૨૫૬ પૃષ્ઠ સુધી આવ્યો છું, અને હજી પ્રથમ મૂળાક્ષર પણ પૂરો થયો નથી.''

પૂર્વની ભાષાઓ જે સંસ્કૃતમાંથી ઊતરી આવેલી છે, તે માટે એક સર્વસામાન્ય શબ્દકોશ તૈયાર કરવા વીગતો એકત્ર કરી રહ્યો છું. તેની સાથે સાથે અનુરૂપ હોય, તેવા ગ્રીક અને હિબ્રૂ ભાષાના શબ્દો પણ આપવા માગું છું. આ એક મહાન કાર્ય છે, અને તે પૂરું થાય, ત્યાં સુધી હું જીવતો રહીશ કે કેમ તે વિષે મને શંકા છે. પરંતુ બંગાળી શબ્દકોશનું કામ પૂરું થાય કે, તરત એ માટે એકત્ર કરેલી સામગ્રીને વ્યવસ્થિત રીતે ગોઠવવાની ઇચ્છા રાખું છું. આ કાર્ય તેમ જ હાથ પર લીધેલા તરજુમાના કાર્યને પૂરું કરું, ત્યાં સુધી જીવું, તો પછી હું આમ કહીશ - 'ઓ સ્વામી, હવે તું તારા દાસને શાંતિથી જવા દે.'

પંદર મહિના પછી ફુલ્લરને લખતાં તે કહે છે - ''અત્યારે હું જેટલા કામમાં રોકાયેલો છું, તેટલો કદીયે રોકાયેલો નહોતો. હમણાં જ તેલુગુ વ્યાકરણનું છાપકામ પૂરું થયું છે. પંજાબી વ્યાકરણનાં છેલ્લાં પૃષ્ઠો પ્રેસમાં છે. કર્ણાટક વ્યાકરણમાં આગળ જઈ રહ્યો છું, અને તે પ્રેસ માટે લગભગ તૈયાર છે. કાશ્મીરી, પુશ્તો અને બિલોખી ભાષાઓનાં વ્યાકરણો માટે સામગ્રી પણ તૈયાર કરવા લાગ્યો છું. ફેલિક્સના બર્મી વ્યાકરણને પ્રસિદ્ધ કરવાની અને સુધારવાની જવાબદારી પણ મારે શિરે છે. આ બધી ભાષાઓ શીખવા ઉપરાંત મારે તરજુમા સુધારવા, બંગાળી શબ્દકોશ લખવો, અને મારી અંગત જવાબદારીઓ પણ હોય છે. અઠવાડિયામાં મારે

પોતાને માટે ભાગ્યે જ એકાદ કલાક મળતો હશે. તેમ છતાં મને મારા કામમાં રસ પડે છે. આ તો રસ્તો સાફ કરવા બરાબર છે. અમારા પછી જેઓ પોતાને શિરે જવાબદારી લેશે, તેમને માટે સામગ્રી તૈયાર કરવા જેવું છે."

સીરામપુરની ત્રિપુટીને ટાઇપ અંગેની પણ ભારે મુશ્કેલી હતી. પ્રથમ બંગાળી નવા કરાર માટે કેરી ટાઈપ ખરીદી લાવ્યો હતો. પરંતુ પ્રકાશનનું મોટા પાયા પર કામ હાથ પર લીધું, ત્યારે ભાષાઓના ટાઈપ મળી શક્યા નહિ. સંસ્કૃત અને બીજી ભારતીય ભાષાઓમાં કંઈ છાપકામ થયું ન હતું, અને તેથી મિશનરીઓ લગભગ હતાશ બની ગયા હતા. પરંતુ એવા સમયે જ પચનન નામે એક વૃદ્ધ માણસ સીરામપુર આવ્યો. જે ઘણાં વર્ષો પહેલાં સર ચાર્લ્સ વિલ્કીન્સ પાસેથી ટાઈપ પાડવાનું કામ શીખ્યો હતો. તે ધાતુ કામનો કારીગર હતો, અને તે પંચ કરવાનું તથા ટાઈપ પાડવાનું હુગલીમાં શીખ્યો હતો. મિશનરીઓએ માન્યું કે, ખરેખર આમાં ઈશ્વરનો હાથ છે. તેઓએ તે માણસને તથા તેના ભત્રીજા મનોહરને મિશન માટે રોકી લીધા, અને તેમની મદદથી વોર્ડે ટાઈપની ફાઉન્ડ્રી સ્થાપન કરી. જોકે, આ માણસ વધુ સમય જીવ્યો નહિ, પરંતુ તેણે એ કામની તાલીમ બીજાઓને આપી હતી. એ કામ બહુ જ કઠિન અને કંટાળાજનક હતું. એકલા દેવનાગરી ટાઈપ માટે જ સાતસો જુદાં જુદાં છેદ પાડનાર યંત્રો જોઈતા હતાં. અડધી સદી કરતાં વધારે સમય સુધી સીરામપુર એશિયાની ભાષાઓ માટે મુખ્ય ફાઉન્ડ્રી ધરાવતું હતું.

પ્રેસ માટે સ્થાનિક બનાવટનો જે કાગળ મળતો હતો તે એવો હતો, કે થોડા જ સમયમાં બગડી જતો, એટલું જ નહિ, પણ જીવજંતુઓ તેને સહેલાઈથી બગાડી નાખતાં હતાં, આથી જ્યાં સુધી જંતુનાશક દવા મેળવવાની યોજના થઈ શકે નહિ, ત્યાં સુધી

શાસ્ત્રો છપાવવાનું ચાલુ રાખવું એ નકામું હતું, કારણ કે આ કાગળને પાંચ છ વર્ષમાં જંતુ લાગી જતાં અને તે નકામો થઈ જતો. ઘણી વાર એવું બનતું, કે પહેલો ફર્મો છપાયો હોય અને કામ છેલ્લા ફર્મા સુધી પહોંચે, ત્યાં સુધીમાં તો ખાઉધરાં જીવજંતુઓનો તે શિકાર થઈ પડતો. આથી મિશનરીઓએ અસરકારક એવી જંતુનાશક દવા શોધી કાઢી, અને કાગળની બનાવટમાં ઘણો સુધારો કર્યો. વળી તેમણે પોતાની પેપર-મિલ માટે બાર હોર્સ પાવરનું એક સ્ટીમ એન્જિન મંગાવ્યું. ભારતમાં સૌપ્રથમ આવું એન્જિન ગોઠવનાર તો માર્શમેન હતો. સ્થાનિક લોકો ઘણી ઇંતેજારીથી તેને જોવા માટે આવતા હતા, અને તેઓ તેને "અગ્નિયંત્ર" એવું નામ આપતા.

તરજુમાના કાર્યમાં થતી પ્રગતિ સંબંધી ઇંગ્લાંડના મિત્રોને માહિતગાર રાખવા અવારનવાર વીગત મોકલવામાં આવતી હતી. સાતમી વખતે જે વીગત મોકલી આપવામાં આવી, તે ટૂંકમાં નીચે મુજબ છે :

(૧) બંગાળી નવા કરારની પાંચમી આવૃત્તિ જેની ત્રણ વર્ષ પહેલાં ૫૦૦ નકલો છાપવામાં આવેલી, એ લગભગ ખલાસ થવા આવી છે. જૂના કરારના ભાગોની નકલો પણ થઈ રહી છે. નવા કરારની છઠ્ઠી અને ગીતશાસ્ત્રની ત્રીજી આવૃત્તિ છાપવામાં આવશે.

(૨) સંસ્કૃત જૂના કરારનું છેલ્લું પુસ્તક આશરે બે વર્ષ પહેલાં છપાયું હતું. નવા કરારની પહેલી આવૃત્તિ ખલાસ થઈ ગઈ છે. ભારતનો શિક્ષિત વર્ગ આ ભાષામાં શાસ્ત્રની માગણી કરે છે, તેથી આખા શાસ્ત્રની બીજી આવૃત્તિ પ્રેસમાં આપવાનું નક્કી કર્યું છે. આખું શાસ્ત્ર એક પુસ્તકરૂપે બહાર પડશે. ૨૦૦૦ નકલ છપાવવામાં આવશે, અને નવા કરારની બીજી વધારાની ૨૦૦૦ નકલ કાઢવામાં આવશે.

(૩) હિંદી જૂના કરારનું છેલ્લું પુસ્તક બે વર્ષ પહેલાં પ્રસિદ્ધ

થયું. નવા કરારની નકલો લગભગ ખલાસ થવા આવી છે. નવા કરારની ૨૦૦૦ નકલો છાપવાની છે. પ્રેસમાં તેનું અર્ધું કામ થઈ ગયું છે.

(૪) ઓરિસ્સાની ભાષામાં આખું પવિત્ર શાસ્ત્ર પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. નવા કરારની પ્રથમ આવૃત્તિ ખલાસ થઈ જવાથી હાલ બીજી આવૃત્તિનું કામ ચાલુ છે, અને તેમાં અર્ધું કામ થઈ ગયું છે. જેની ૪૦૦૦ નકલો છાપવાની છે.

(૫) મરાઠી ભાષામાં જૂના કરારનું છેલ્લું પુસ્તક કેટલાક મહિના પહેલાં પ્રસિદ્ધ થયું હતું. આ રીતે એ ભાષામાં આખું શાસ્ત્ર હવે પૂરું થઈ ગયું છે. નવા કરારની પ્રથમ આવૃત્તિની એક પણ નકલ રહી નથી, એટલે બીજી આવૃત્તિનું કામ પ્રેસમાં ચાલુ છે.

ઉપરોક્ત પાંચ ભાષાઓમાં હવે આખું બાઇબલ છપાઈ ગયું છે, અને તેનું વેચાણ પણ ચાલુ છે. છેલ્લી ચાર ભાષાઓના નવા કરાર પ્રેસમાં છે, અને બંગાળી ભાષાનો નવો કરાર જેને ૨૬ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવ્યો હતો, તેની છઠ્ઠી આવૃત્તિ છપાય છે.

નીચેની દસ ભાષાઓમાં નવો કરાર પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે; તેમાંની કેટલીકમાં જૂના કરારનો પંચગ્રન્થ અને કેટલાંક પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે.

(૧) ચાઇનીઝ ભાષામાં જૂના કરારના તરજુમાનું કામ કેટલાંક વર્ષો પહેલાં પૂરું થઈ ગયું હતું. નવા કરાર ઉપરાંત પ્રબોધકોનાં પુસ્તકો અને અન્ય પુસ્તકો હાલ છપાઈ રહ્યાં છે.

(૨) શીખ ભાષામાં નવા કરાર ઉપરાંત પંચગ્રન્થ અને ઐતિહાસિક પુસ્તકો છપાઈ ગયાં છે. આખા જૂના કરારનું કામ પૂરું થાય, તે પહેલાં નવા કરારની બીજી આવૃત્તિ છપાવવાનું કામ હાથ પર લેવું પડશે.

(૩) અફઘાન લોકોની ભાષા પુશ્તોમાં નવો કરાર છપાઈ

ગયો છે. પંચગ્રન્થ છાપવાનું શરૂ થઈ ગયું છે. પ્રેસમાં લેવીય સુધી કામ આવ્યું છે.

(૪) તેલુગુમાં નવો કરાર બે વર્ષ પહેલાં છપાઈ ગયો. પંચગ્રન્થ છપાય છે.

(૫) કોંકણી ભાષામાં નવો કરાર અઢાર માસ પહેલાં પૂરો થઈ ગયો છે. પંચગ્રન્થનું કામ પ્રેસમાં ચાલુ છે, અને ગણના સુધી કામ આવ્યું છે.

(૬) મુલતાની ભાષામાં નવો કરાર અઢાર માસ પહેલાં છપાઈ ગયો છે, પરંતુ વેચાણ બહુ જ મર્યાદિત છે.

(૭) આસામી ભાષામાં નવો કરાર લગભગ બે વર્ષ પહેલાં છપાઈ ગયો. જૂના કરારનું કામ પ્રેસમાં ચાલુ છે.

(૮) ગુજરાતી ભાષામાં પ્રથમ પંડિત મળ્યો, તે પછી ૧૩ વર્ષે નવો કરાર હવે પ્રેસમાંથી બહાર પડી ચૂક્યો છે. તેનાં પૃષ્ઠ આઠસોથી નવસોની વચમાં છે, અને તેને દેવનાગરી લિપિમાં છાપવામાં આવ્યો છે.

(૯) બિકાનેરી ભાષામાં પણ નવા કરારનું કામ હમણાં જ પૂરું થયું છે. તેના ૮૦૦ પૃષ્ઠ છે. તેને પણ દેવનાગરી લિપિમાં છાપવામાં આવ્યો છે. આ આવૃત્તિ લગભગ સાત વર્ષ પહેલાં શરૂ કરવામાં આવી હતી.

(૧૦) કાશ્મીરી ભાષામાં નવો કરાર છાપવાનું કામ લગભગ આઠ વર્ષથી હાથ પર છે, અને તે એકાદ મહિનામાં છપાઈ જશે. અગાઉ જણાવ્યું હતું, તે મુજબ તેને મૂળ લિપિમાં જ છાપવામાં આવે છે.

ઉપરોક્ત પંદર ભાષાઓ ઉપરાંત બીજી છ ભાષાઓમાં અડધા ઉપરાંત કામ પ્રેસમાં થઈ ગયું છે, - કર્ણાટકી, નેપાલી, હરૌટી, મારવાડી, ભૂગેલી અને ઉજ્જૈની. આવતા દસ મહિનામાં આ

આવૃત્તિઓને પ્રેસમાં મૂકવાની આશા રાખવામાં આવે છે. આ રીતે ૨૧ ભાષાઓમાં નવો કરાર છાપવામાં આવશે.

બાકીની જે ૧૦ ભાષાઓનું કામ હાથ પર લેવામાં આવ્યું છે, તે બધી પ્રેસમાં છે :

જમ્બુ, કનૌજ અને ખાસી-યોહાન સુધી છાપકામ થયું છે. ઓશુલ, ભૂતુનિયર, ડોગુરા અને મગધ-માર્ક સુધી છાપકામ થયું છે, અને કુમૌની, ગુડવાલ અને મણીપુરમાં માથ્થીની સુવાર્તાનું છાપકામ થયું છે.

કેરીના મૃત્યુ સમયે જુદી જુદી ૪૦ ભાષાઓના શાસ્ત્ર કે શાસ્ત્રભાગોના તરજુમા થઈ ગયા હતા.

૧૮૦૦-૧૮૩૨ના ગાળામાં સીરામપુર મિશન પ્રેસમાંથી જુદી જુદી ૪૮ ભાષાઓમાં પુસ્તકો બહાર પડ્યાં હતાં.

ઉપરોક્ત વીગત ખરેખર એક અનેરું મિશનરી સાહસ છે. કેરીએ પોતે પોતાના ભત્રીજા યુસ્તસને કહેલા શબ્દોનો ઉલ્લેખ કરીને આપણે આ પ્રકરણને યોગ્ય રીતે વીરમી શકીશું.

"મારી વિદાય પછી જો કોઈને મારું જીવનવૃત્તાંત લખવા જેવું લાગે તો હું તે માટે એક માપદંડ આપવા માગું છું. જો તે મને એક પરિશ્રમી માણસ તરીકેનો યશ આપશે તો મને ન્યાય આપેલો ગણાશે. એ સિવાય બીજું જે કંઈ હોય તે અતિશયોક્તિ ગણાશે. હું પરિશ્રમ કરી શકું છું. કોઈ પણ ચોક્કસ પ્રવૃત્તિ માટે હું સતત પ્રયાસ કરી શકું છું."

• • •

# પ્રકરણ ૨૩

# દુર્ઘટના

(ઈ. સ. ૧૮૧૧)

સને ૧૮૧૧ના માર્ચની ૧૧મી તારીખે મિશન પ્રેસનું દિવસનું કામ પતાવીને તમામ ભારતીય કર્મચારીઓ પોતપોતાના ઘેર પહોંચી ગયા હતા. સૂર્ય અસ્ત થઈ ગયો હતો. શાંત કમ્પોઝિંગ રૂમમાં હવે પ્રકાશ ઓછો થતો જતો હતો. કેટલુંક હિસાબી કામ પતાવવા દરવાજા પાસે આવેલી ઓફિસમાં વોર્ડ રોકાયેલો હતો. લગભગ છ વાગ્યે કંઈક સળગતું હોય, એવી તેને વાસ આવી. તેણે નજર ઊંચે કરીને જોયું, તો દૂર છેડા પર આવેલા ઓરડામાંથી ધુમાડો નીકળતો હતો, જ્યાં ૧૨૦૦ રીમ કાગળ રાખી મૂક્યા હતા. એકાદ બે કર્મચારીઓ જેઓ હજી ત્યાં જ હતા, તેમને તેણે બોલાવ્યા અને તે પોતે કારણ શોધી કાઢવા ત્યાં દોડી ગયો. કાગળની અભરાઈ સળગી રહી હતી, અને ધુમાડાના ગોટેગોટા તેમાંથી નીકળતા હતા, અને દરેક મિનિટે તે વધ્યે જ જતા હતા. તે પોતે અડધો ગુંગળાઈ ગયો હતો. એક કારીગરને તો અસહ્ય લાગવાથી તે બેભાન થઈને જમીન પર પડ્યો, પરંતુ તેને ત્યાંથી ખેંચી કાઢવામાં આવ્યો. "આગ! આગ!" એવી બૂમો સાંભળીને માર્શમેન પોતાના ઘેરથી ઉતાવળથી આવી પહોંચ્યો. કેરી કલકત્તા ગયો હતો, પણ ઘણા મદદગારોએ મકાન બચાવી લેવા પ્રયત્ન કર્યા. વોર્ડને એમ લાગ્યું

કે, જેટલા ભાગને આગ લાગી છે, તેથી તે આગળ ન વધે, અને બીજું બચાવી લઈએ. તેથી બધાં બારીબારણાં બંધ કરવાનું કહીને તે પોતે બહારના પગથિયે થઈને અગાસી પર ચઢી ગયો. તેણે બીજા માણસોને મદદમાં બોલાવ્યા, અને કાગળ બળી રહ્યા હતા, તેની ઉપર તરત એક ગાબડું પાડ્યું. નદી નજીક હોવાથી ઘણા લોકો - ભારતીય ને યુરોપિયનો, નોકરો અને પડોશીઓ– એકઠા થઈ ગયા, અને પિત્તળના વાસણો તથા મોટાં મોટાં માટલાં વડે અગાસી પર પાણી પહોંચાડ્યું. આગ તો કાગળની ચારે બાજુ ફરી વળી હતી, અને આ ભયંકર શત્રુ સામે ચાર કલાક ઝઝમૂવું પડ્યું.

જ્યારે એમ લાગ્યું, કે અમે ફતેહમંદ થયા છીએ, ત્યારે શું બન્યું? કોઈ એક મૂર્ખ માણસે નીચે બગીચામાં એક બારી ખોલી નાખી, અને થોડી જ પળોમાં આગ ફરીથી શરૂ થઈ ગઈ. તેની જ્વાળાઓ બારણામાં થઈને કમ્પોઝિંગ રૂમમાં ગઈ, જ્યાં જલદી સળગી ઊઠે, એવી વસ્તુઓ હતી. લાકડાનાં મેજ, ટાઈપ કેસીસ, છૂટા કાગળનો પડેલો જથ્થો, આ બધું જલદીથી સળગી ગયું. એશિયાની વિવિધ ભાષાઓનાં ચૌદ પ્રકારનાં છાપકામ કરવાનાં બીબાં લાકડાના ઘોડા પર હતાં. વળી ગ્રીક અને હિબ્રૂ તેમ જ અંગ્રેજી ભાષાના ટાઈપો જે તાજેતરમાં લંડનથી આવ્યા હતા, તેનાં કેટલાંક બીબાં ત્યાં હતાં.

માણસો પોતાનું કામ કરતાં કરતાં વસ્તુઓ એમ ને એમ મૂકીને સૂર્યાસ્ત થતાં સ્થળ છોડીને ચાલ્યા ગયા હતા - ગેલી પ્રૂફ્સ, ટાઈપો ગોઠવેલાં ચોકઠાં, રિવિઝન માટે આવેલાં પ્રૂફ, પંચાવન હજાર છાપેલા કાગળોનાં શીટ જે ફોલ્ડિંગ માટે ઓરડામાં એક બાજુ ઘોડા પર સાચવી રાખ્યાં હતાં - તેમાં હેનરી માર્ટિને ઉર્દૂ ભાષામાં તૈયાર કરેલા નવા કરારનાં પ્રથમ સાત શીટની એક હજાર કોપીઓ હતી. સૌથી વધુ મૂલ્યવાન તો શાસ્ત્રના તરજુમાના,

વ્યાકરણોના અને શબ્દકોશના તથા બીજાં પુસ્તકોના અને ટ્રાક્ટોના હસ્તલેખો હતા.

આ મોટા ઓરડામાંની કીમતી વસ્તુઓ બચાવી લેવા માટે વોર્ડ, માર્શમેને અને તેમના મદદગારોએ પોતાથી બને તેટલો તનતોડ પ્રયત્ન કર્યો. આ મોટી આગને પહોંચી વળવા માટે જોકે તમામ લોકોએ પોતાથી થાય તેટલી મહેનત કરી, તેમ છતાં પાણીનો જેટલો જથ્થો મળવો જોઈએ, તેટલો મળી શક્યો નહિ. એક સારી હોર્સ - પાઈપ હોત, તો મકાન બચાવી શક્યા હોત. પણ નદીમાંથી પાણી ભરીને વાસણો ઊંચકી લાવવાં એ ઈમરજન્સી માટે બહુ ધીમા પ્રકારની રીત કહેવાય. કટોકટીનો સમય જણાતાં કેટલાક માણસોએ પાણી રેડવા માટે બીજી કેટલીક બારીઓ ખોલી નાખી, પરંતુ થોડી જ વારમાં તમામ આશા નષ્ટ થઈ ગઈ. જ્વાળાઓ બારીમાંથી ભભૂકવા લાગી. લગભગ મધરાતે ભયંકર કડડભૂસ ધડાકા સાથે છાપરું તૂટી પડ્યું.

વોર્ડ અને માર્શમેને સમયસૂચકતા વાપરીને કેટલીક અગત્યની અને મહત્ત્વની વસ્તુઓ બચાવી લીધી - અગત્યના દસ્તાવેજો, રેકોર્ડ્ઝ, હિસાબી ચોપડા તથા ઑફિસના અન્ય પેપરો. વળી ગમે તેમ કરીને છાપવાનાં પાંચ યંત્રો પ્રિન્ટિગના રૂમમાંથી બચાવી લીધા. એ રૂમ મુખ્ય મકાનની જોડાજોડ બાંધેલો હતો.

પેપર મિલ જે થોડેક દૂર આવેલી હતી ત્યાં સુધી આગ પહોંચી નહોતી. તેમ જ ગોદામ જેમાં છાપેલાં પુસ્તકોનો જથ્થો રાખવામાં આવતો હતો, તે પણ બચી ગયું હતું.

સવાર થઈ, ત્યારે મકાનનું કાળું મેશ ખોખું જોઈને મિશનરીઓ હતાશામાં પડી ગયા. માર્શમેને હોડીમાં બેસીને કેરીને ખબર આપવા કલકત્તા ગયો.

વોર્ડે કારીગરોને એકત્ર કર્યા, અને ધૂંધવાતા અગ્નિમાંથી કોઈ

બચાવી લેવાય એવી વસ્તુઓ છે કે કેમ, તેની શોધ કરી. તેણે કાળજીપૂર્વક અડધીપડધી બળી ગયેલી ચોપડીઓ અને પાણીમાં પલળી ગયેલા કાગળો એકત્ર કર્યા. જે ટાઈપો ઓગળી ગયેલા, તેનાં મોટાં ને મોટાં ગચિયાં ભોંયતળિયે પડેલાં, તે એકઠાં કર્યાં. તેની સમગ્ર ધાતુનું વજન સાડા ત્રણ ટન હતું. કલાકોના શ્રમ પછી બધો કચરો કાઢી નાખ્યો, અને એ કાઢતાં કાઢતાં ભારતીય ટાઈપોનાં કીમતી બીબાં મળી આવ્યાં, જેમને બનાવતાં દસ વર્ષ લાગ્યાં હતાં. જો એ નાશ પામ્યાં હોત, તો વર્ષો સુધી મિશન કાર્ય અટકી ગયું હોત.

થયેલા નુક્સાનને પહોંચી વળવા શું કરવું, તેની યોજના કરી. આનંદની વાત તો એ છે કે, મિશનનું એક મકાન ખાલી હતું તેથી તેમાં ઓગળી ગયેલી ધાતુનાં ગચિયાંમાંથી ટાઈપો પાડવાનું કામ ફરીથી શરૂ કરી દીધું.

થોડા દિવસો પછી કેરીએ ફુલ્લર પર નીચે પ્રમાણે લખ્યું :

"ટાઈપો પાડવાનું કામ અમે તરત શરૂ કરી શક્યા છીએ. એક પખવાડિયામાં જો કંઈ અજુગતું ન બને, તો એક ભાષામાં છાપવાનું શરૂ કરી શકીશું. બીજા મહિને બીજી ભાષામાં, અને હું આશા રાખું છું કે, છ માસમાં પૂર્વની ભાષાઓમાં ટાઈપોને થયેલા નુક્સાનને પહોંચી વળી શકીશું."

આગળ જે સાધનસામગ્રીનું નુક્સાન થયું તે દસ હજાર પાઉન્ડ જેટલું હતું. પરંતુ કીમતી હસ્તલેખો બળી ગયા, તેના હિસાબમાં તે બહુ જૂજ કહેવાય. રામાયણનો તરજુમો સદંતર નાશ પામ્યો, અને અનેક ભાષી શબ્દકોશ તૈયાર કરવા કેરીએ જે વિગતો મેળવી હતી, તે જ્વાળામાં નાશ પામી હતી.

આગને કારણે ઘણા લોકોની સહાનુભૂતિ આવી મળી. આ સમાચાર ઇંગ્લાંડ પહોંચ્યા ત્યારે ફુલ્લરે પચાસ દિવસમાં દસ હજાર

પાઉન્ડ ઊભા કર્યા.

આગ પછી છ મહિનામાં બધા એશિયાઈ ટાઈપો ફરી બનાવવામાં આવ્યા, અને વર્ષના અંત ભાગમાં તો પહેલાંની માફક જ પ્રેસનું કામ ચાલવા માંડ્યું. આ અનુભવને કારણે કેરીને નાશ પામેલા તરજુમા સુધારવાની તક મળી, અને તમામ મિશનરીઓને ખાતરી થઈ, કે દુર્ઘટના દ્વારા ઈશ્વર કાયમી સમૃદ્ધિ લાવ્યો છે.

સને ૧૮૧૪માં કેરીએ ફુલ્લરને માહિતી આપતાં જણાવ્યું કે "શાસ્ત્રના ૨૬ તરજૂમા તૈયાર છે - કેટલાક પૂરા થયેલા, કેટલાક પ્રેસમાં અને કેટલાક તરજૂમાનું કામ ચાલુ છે."

૧૮૩૨ સુધીમાં પૂરા બાઇબલો, નવા કરાર, અથવા જુદા જુદા શાસ્ત્રભાગો જે મિશન પ્રેસમાંથી બહાર પાડ્યા, તે ૪૪ ભાષાઓમાં અને પ્રાદેશિક ભાષાઓમાં હતા.

• • •

## પ્રકરણ ૨૪

# કૉલેજની સ્થાપના

(ઈ.સ. ૧૮૧૩-૧૮૨૭) (ઉંમર ૫૨-૬૬ વર્ષ)

વર્ષો વીતતાં ગયાં, તેમ તેમ ધીમે ધીમે મિશન સ્ટાફ વધતો ગયો. ઈ.સ. ૧૮૧૨માં મિશન પાસે યુરોપિયનો અને ભારતીયો મળીને ૩૦ જણ સ્ટાફ પર હતા, અને અત્યાર સુધીમાં બાર સ્ટેશનો ખોલવામાં આવ્યાં હતાં. ઉત્તર ભારત, બંગાળા, ઓરિસ્સા, બર્મા, જાવા અને મોરેશિયસ વગેરે વિસ્તારોમાં તે પથરાયેલાં હતાં.

સુવાર્તિક કાર્યની પ્રગતિ થતી હોવાથી કેરીને અને તેના સાથીદારોને ખાતરી થવા લાગી કે, ઈશ્વરે તેમની મહેનતને આશીર્વાદ દીધો છે. લોકો ખ્રિસ્તનો સ્વીકાર કરે, એવું તેઓ ચાહતા હતા, અને એ પ્રમાણે બન્યું હતું. ૧૮૧૫-૧૮૧૮ના ગાળામાં ચારસો વીસ પુખ્ત વયનાં માણસોએ બાપ્તિસ્મા લીધું હતું, અને તેને આગલી સંખ્યા સાથે ગણીએ, તો તે એક હજાર કરતાં વધારે થાય.

૧૮૧૪માં એક નવી તક સાંપડી. એવા સમાચાર મળ્યા કે, પાર્લામેન્ટે નવી સનદ પસાર કરી છે, અને તેથી હવે મિશનરીઓને ભારતમાં આવવાની છૂટ મળી છે. લોર્ડ મિન્ટો પછી નવા ગવર્નર જનરલ લોર્ડ મોઈરા આવ્યા, અને તેમને પ્રથમથી જ મિશનકાર્ય પ્રત્યે ભાવ હતો. મિશનકાર્ય અંગે પોતાનો અભિપ્રાય દૃઢ કરવા

તેમણે પોતાની પત્ની તેમ જ કલકત્તાના નવા નિમાયેલા પ્રથમ બિશપ સાથે સીરામપુરની મુલાકાત લીધી. ત્યાંનું વિસ્તૃત કામ જોઈને બિશપ પર ઘણી સારી અસર થઈ. સત્તાવારની મુલાકાતનો આ દિવસ મિશનને માટે યાદગાર હતો. તે પછી થોડા જ સમયમાં લોર્ડ મોઈરાએ સીરામપુરની ત્રિપુટીના માણસોને બારકપુરમાં ખાણા પર બોલાવ્યા.

૧૮૧૩ના અંત ભાગમાં માર્શમેને વર્નાક્યુલર શાળાઓના વિકાસ માટે કાળજીપૂર્વક એક યોજના ઘડી કાઢી હતી. દરેક મિશન સ્ટેશન સાથે દસ ગ્રામ્ય શાળાઓ સ્થાપવામાં આવે, એવું યોજનામાં જણાવવામાં આવ્યું હતું. તે શાળાઓમાં ભારતીય શિક્ષકો કામ કરે, અને મહિનામાં એક વાર મિશનરી તેની મુલાકાત લે, અને એ રીતે માસિક એક હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવે, તો ચાર હજાર જેટલાં બાળકોને એ રીતે કેળવણી આપી શકાય. થોડા જ સમયમાં ઓગણીસ ગામડાંમાં થોડા થોડા માઈલને અંતરે શાળાઓ સ્થાપવામાં આવી. એક જ વર્ષમાં ૪૫ શાળાઓ ખોલવામાં આવી.

ભારતીય જુવાનોને માટે અને ખાસ કરીને ખ્રિસ્તી માબાપના છોકરાઓને ઉચ્ચ કેળવણી પ્રાપ્ત થાય, માટે કોઈ સંસ્થા ખોલવી જોઈએ, એવો વિચાર ઘણા વખતથી મિશનરીઓના મનમાં ઘોળાયા કરતો હતો. આથી સીરામપુરમાં એક કોલેજ સ્થાપવામાં આવે, એવી વાત લોર્ડ હેસ્ટિંગ્સને કરી. તેમણે તેમાં હાર્દિક અનુમતિ આપી, અને તે માટે ઉદાર દાન પણ આપ્યું. ભારતના લોકોને ખ્રિસ્ત માટે જીતવા સારુ ભારતના માણસોને કામમાં લેવા જોઈએ, કે જેઓ ઉપદેશનું તેમ જ શાળાઓનું કામ કરી શકે. પરંતુ આ માણસોને તેમના કામ માટે ખાસ ટ્રેનિંગની જરૂર છે. જેઓ સુવાર્તા પ્રચારનું કામ કરે, તેમણે ધર્મસિદ્ધાંતો વગેરેનું જ્ઞાન પણ પ્રાપ્ત કરવું જોઈએ.

આ બાબત લક્ષમાં રાખીને ડૉ. માર્શમેને ૧૮૧૮ના જુલાઈની ૧૫મી તારીખે એક માહિતીપત્રક બહાર પાડ્યું. મિશન કમ્પાઉન્ડની દક્ષિણ દિશાએ આવેલ જમીનને ખરીદી લેવામાં આવી. 'કૉલેજના પ્રથમ ગવર્નર' તરીકેનું સ્થાન ડેનિશ ગવર્નરે સ્વીકાર્યું, અને 'પ્રથમ પેટ્રન' તરીકેનું સ્થાન લોર્ડ હેસ્ટિંગ્સે સ્વીકારી લીધું. હજી ખાસ મકાન બાંધવાનું કામ બાકી હતું. એટલે ખરીદેલી જમીન પર એક મકાન હતું, તેને કૉલેજ તરીકે વાપરવામાં આવ્યું. કૉલેજના પ્રથમ વર્ષે ૩૭ વિદ્યાર્થીઓ હતા. તેઓમાં ૧૯ ખ્રિસ્તી, ૧૪ હિંદુ અને ૪ બીજા હતા.

યોગ્ય મકાન માટે નકશાઓ તૈયાર કરવામાં આવ્યા, અને મકાનને માટે ફંડ ખોલવામાં આવ્યું. શરુઆતમાં મિશનરીઓએ પોતે જ પોતાની આવકમાંથી દાન તરીકે ૨૫૦૦ પાઉન્ડ એકત્ર કર્યા. લોર્ડ હેસ્ટિંગ્સે એક હજાર રૂપિયા અને બીજાઓએ પણ દાન આપ્યું.

સીરમપુર કૉલેજનું મકાન પૂરું થયું, ત્યારે તેનો ખર્ચ રૂપિયા એક લાખ અને પચાસ હજાર થયો. આ તમામ ખર્ચ કેરીએ અને અન્ય મિશનરીઓએ પોતે ભોગવ્યો હતો. તે સમયે એ મકાન એશિયામાં સારામાં સારું ગણાતું.

૧૮૨૧માં કૉલેજનું મકાન પૂરું થયું, ત્યારે ડેન્માર્કના રાજાએ પોતાની સહી સાથે કેરી અને માર્શમેન પર જુદા જુદા પત્રો લખ્યા, અને તેમના કાર્યની કદર કરી. વળી તેમના પર સોનાના ચાંદ મોકલ્યા, અને પખવાડિયા પછી કૉલેજને માટે પાસે જ આવેલું મોટું મકાન તથા જમીન ભેટ આપ્યાં.

આ સમયે કેરીને આઘાત લાગે, એવા બેએક બનાવ બન્યા. ૧૮૨૨ના અંત ભાગમાં કેરીનો પુત્ર ફેલિક્સ તાવને કારણે ૩૭ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યો, અને ૧૮૨૩ના માર્ચ માસની ૭મીના

શુક્રવારે સાંજે પાંચ વાગ્યે ૫૩ વર્ષની વયે વોર્ડ કોલેરાથી ગુજરી ગયો. તે ઉંમરમાં કેરીના કરતાં આઠ વર્ષ નાનો હતો.

વોર્ડની વિદાય પછી થોડા મહિનામાં કેરીને એક અકસ્માત નડ્યો. કલકત્તામાં ઉપદેશ કર્યા પછી તે પોતાના એક ડૉક્ટર મિત્ર સાથે ૧૮૨૩ના ઑક્ટોબરની ૮મી તારીખે મધરાતે સીરામપુર પાછો ફરી રહ્યો હતો, ત્યારે અંધારામાં ઘાટ પાસે ઊતરતાં બંને જણ લપસી પડ્યા. કેરીને ઘણી ઇજા થઈ હતી, તેથી તેને ઊંચકીને ઘરમાં લઈ જવામાં આવ્યો. દસ દહાડા સુધી તેને તીવ્ર વેદના થઈ. જોકે તેના થાપાનું હાડકું ખસી ગયું નહોતું, તોપણ તે પર ઘણો સોજો આવી ગયો હતો. આથી તેને ઓછો કરવા માટે બે દિવસ સુધી એકસો દસ જળો લગાડવી પડી હતી. પછી તો તે સખત તાવમાં સપડાઈ ગયો, અને લીવર પર એટલી બધી અસર થઈ, કે તેનો જાન જોખમમાં આવી પડ્યો. પરંતુ કેટલાક કુશળ ડૉક્ટરોએ તેને માટે ઘણો શ્રમ કર્યો. તેઓ પૈકી એક તો ગવર્નર જનરલનો પણ ડૉક્ટર હતો. ધીમે ધીમે તેને સાજાપણું મળતું ગયું. છતાં વર્ષના અંત સુધી તે પોતાનો પગ જમીનથી ઊંચો કરી શક્યો નહિ. તેને પાલખીમાં ઊંચકીને ક્લાસ રૂમમાં લઈ જવામાં આવતો, અને તે બેસીને પ્રવચન તેમ જ બોધભાષણ કરતો. લાંબા સમય સુધી તેને લાકડીની ઘોડીઓનો ઉપયોગ કરવો પડ્યો હતો.

આવો માણસ કે જેને મદદ વિના ઓરડો પસાર કરવો મુશ્કેલ હતું, તેને આપણે જ્યારે પોતાના કાર્યમાં તલ્લીન થયેલો જોઈએ છીએ, ત્યારે તે ખરેખર હૃદયસ્પર્શી લાગે છે. તેને લાગેલા આઘાતની અસર પણ સંપૂર્ણપણે ઓછી થઈ નહોતી, તોપણ તરજુમાનું કે ચકાસણીનું કાર્ય કર્યા કરતો હતો.

પરંતુ ઈશ્વરની યોજના તો નીહાળો. આ અકસ્માત થયો, તે અગાઉ થોડા સમય પહેલાં જ કેરીએ ગ્રેસ હ્યુજીસ સાથે લગ્ન કર્યું

હતું. ખરેખર તે તેને માટે 'સહાયકારી' બની ગઈ. તે ૪૫ વર્ષની હતી, અને કેરીને વૃદ્ધાવસ્થામાં તે દિલસારૂપ બની ગઈ.

૧૮૨૭માં ફેબ્રુઆરીની ૨૩મી તારીખે શાહી સનદ બક્ષવામાં આવી, અને કૉલેજને ડિગ્રીઓ એનાયત કરવાનો અધિકાર આપવામાં આવ્યો. ડિગ્રી આપવાનો અધિકાર મળ્યો હોય, એવી એશિયાની આ પ્રથમ કૉલેજ હતી.*

• • •

* સીરામપુર કૉલેજમાં સને ૧૯૧૦-૧૯૬૭ દરમિયાન કુલ ૫૦૮ વ્યક્તિઓએ ઈશ્વરવિદ્યાનો અભ્યાસ કર્યો હતો. ગુજરાતમાંથી જે ચાર જણને ત્યાં આભ્યાસ કરવાની તક મળી તે આ પ્રમાણે છે : રેવ. જોન દયાળભાઈ, સને ૧૯૩૩; રેવ. એસ. ડી પરમાર, સને ૧૯૪૨; રાઈટ રેવ. જે. જી. ક્રિસ્પાલ, સને ૧૯૪૯ અને રાઈટ રેવ. પી. આર. ચૌહાણ, સને ૧૯૬૦.

ગુજરાત સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળા સીરામપુર કૉલેજ સાથે જોડાયેલી છે.

## પ્રકરણ ૨૫

# અંતિમ વર્ષો

(ઈ.સ. ૧૮૨૯-૧૮૩૪) (ઉંમર ૬૮-૭૩ વર્ષ)

૧૮૨૯ના ડિસેમ્બરની પાંચમીનો રવિવાર કેરીના જીવનમાં એક સૌથી આનંદદાયક દિવસ હતો.

એ દિવસે સવારે સીરામપુરમાં તે પોતાના અભ્યાસખંડમાં બેસીને બોધભાષણની તૈયારી કરી રહ્યો હતો, એવામાં ગવર્નર જનરલ લોર્ડ વિલિયમ બેન્ટીકના ત્યાંથી એક માણસ તાકીદનો પત્ર લઈને આવ્યો. તે તો કાઉન્સિલનો હુકમ હતો, અને તેનો બંગાળી ભાષામાં તાત્કાલિક તરજૂમો કરવામાં આવે, એવી વિનંતી કેરીને કરવામાં આવી હતી. રવિવારે સરકારી કાયદાનો તરજૂમો કરવાનું કામ આવી પડ્યું, એટલે પ્રથમ તો તેને આંચકો લાગ્યો. પરંતુ તેણે કાયદો વાંચી જોયો, તો માલૂમ પડ્યું કે તે તો ભારતભરમાં બ્રિટિશ હકૂમત હેઠળ આવેલ તમામ પ્રદેશોમાં સતીના રિવાજને નાબૂદ કરવામાં આવે, એ અંગેનો હતો. આથી તે કૂદીને ઊભો થયો, અને પોતાનો કાળો ઝભ્ભો ઉતારી મૂક્યો. "આજે હું દેવળમાં નહિ જાઉં" એમ કહીને એક પળ પણ ગુમાવ્યા વિના તેણે ભજનસેવા ચલાવવાનું પોતાના કાર્યકરને સોંપી દીધું. તે પછી તરત પોતાના પંડિતને બોલાવીને આ અગત્યનું કામ તેણે હાથ પર લીધું. છેલ્લાં

૨૫ વર્ષથી આ કાયદાની જરૂરિયાત માટે તે ઝંખી રહ્યો હતો, અને તે માટે પ્રયત્નો કર્યા કરતો હતો. તેણે કહ્યું : "જો હું આ કામ કરવામાં ઢીલ કરું, તો ત્યાં સુધીમાં તો કેટલીય વિધવાઓ પોતાના જાન ગુમાવી બેસશે.*" આથી સાંજ સુધીમાં તેણે આ કામ પતાવી નાખ્યું.

કેરીએ લૉર્ડ વેલેસ્લી પર રિપોર્ટ મોકલ્યો હતો, ત્યારથી આ બાબત તરફ હંમેશાં જાહેર પ્રજાનું ધ્યાન દોરવા તે પ્રયત્ન કર્યા કરતો. લૉર્ડ મિન્ટોએ અને લૉર્ડ હેસ્ટિંગ્સે આ બાબતમાં અમુક અંકુશ દાખલ કર્યા હતા, અને આ બાબત પ્રત્યે લૉર્ડ આમહર્સ્ટનું ખાસ ધ્યાન દોરવામાં આવ્યું હતું. પરંતુ જે રિવાજ જડ ઘાલી બેઠો હતો, તેને એકદમ બંધ કરાવવો, એ સલાહભર્યું નહિ લાગવાથી તે અંગે લોકોના સામાન્ય વિચારો ધીમે ધીમે વાળવામાં આવે, તો વધારે સારું, એમ તેને લાગ્યું. પરંતુ લૉર્ડ બેન્ટીક આવ્યો, અને તેણે મજબૂત હાથે કામ લઈને મક્કમ પગલું ભર્યું.

કાયદા દ્વારા સતી થવાનો આ રિવાજ બંધ થવાથી ઘણા ભારતીયોને તેમ જ યુરોપિયનોને આનંદ થયો. પરંતુ કેટલાક ભાગોમાંથી ભયંકર વિરોધ પણ થયો.

સતી થવાના રિવાજની તરફેણ કરતા હોય, તેઓએ એક અરજી કરી. તેમાં પંડિતો, બ્રાહ્મણો, ગુરુઓ અને શિક્ષિત વર્ગના લોકો હતા. આ અરજી પર ૮૦૦ માણસોની સહીઓ લેવામાં આવી હતી. સદરહુ નિવેદનપત્ર ગવર્નર જનરલને આપવામાં આવ્યું, અને તે પછી રાજાને આપીલ કરવામાં આવી. પરંતુ સમગ્ર ભારતે સતી થવાના રિવાજની નાબૂદીનો કાયદો સ્વીકારી લીધો હતો, અને તે પછી થોડાં વર્ષોમાં તે રિવાજ તદ્દન અદશ્ય થઈ ગયો.

---

* એવો અંદાજ કાઢવામાં આવ્યો છે, કે ૧૭૫૬ થી ૧૮૨૯ દરમિયાન બ્રિટિશ હકૂમત હેઠળના પ્રદેશોમાં સિત્તેર હજાર સ્ત્રીઓ સતી થઈ હતી.

મિશનરીઓને હવે ભારતમાં આવવાની છૂટ મળી છે, એ જાણીને કેરીને પોતાનાં પાછલાં વર્ષોમાં અતિ આનંદ થયો. ૧૮૩૦ના ઉનાળામાં આલેકઝાંડર ડફ નામનો એક આશાસ્પદ જુવાન બંગાળામાં આવ્યો. તેણે સીરામપુર શોધી કાઢ્યું, અને એક દિવસે ધખધખતી ગરમીમાં કૉલેજ પાસેના ઘાટ આગળ તે ઊતર્યો. તે કેરીની પાસે આવીને તેને મળ્યો. ખ્રિસ્તના એલચીને મળવાથી કેરીને ઘણો આનંદ થયો. કેરી હવે વૃદ્ધ થઈ ગયો હતો. ભારતની ગરમીથી તેમ જ શ્રમ અને કામના બોજાથી તે નબળો પડી ગયો હતો, અને તેનું શરીર વાંકું વળી ગયું હતું. પરંતુ તેનો વિશ્વાસ અડગ હતો, અને હજી પણ ઈશ્વર તરફથી મહાન વાનાંની તે આશા રાખતો હતો.

સને ૧૮૩૦ના જૂનની પાંચમી તારીખે પોતાની બહેનો પર લખતાં કેરી જણાવે છે : "છેલ્લા દોઢ વરસથી મારા પર તાવના અવારનવાર હુમલા આવ્યા હતા, તેથી મારું વજન ઘણું ઘટી ગયું છે. હું વારંવાર વિચારતો હતો, કે મારી વિદાય હવે નજીક છે. મારો સનાતન આનંદ ઈશ્વરની કૃપા પર આધારિત છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તે મારે માટે સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત કર્યું છે. તમામ લોકોને એ આશિષ પ્રાપ્ત થાય, એવી હું ઝંખના રાખી રહ્યો છું."

પોતાના પુત્ર યાબેસ પર લખ્યું : "હવે હું સિત્તેર વર્ષનો થયો છું. એ ઈશ્વરની દયા અને ભલાઈને કારણે છે. મારા જીવન તરફ નજર કરતાં મને જાણાય છે, કે મારે પોતે ઘણા નમ્ર બનવું જોઈતું હતું. મેં અસંખ્ય પાપ કર્યાં છે. ઈશ્વરના કાર્યમાં હું ઘણો બેદરકાર રહ્યો છું. તેના કાર્યને મેં ટેકો આપ્યો નથી... આ બધું હોવા છતાં ઈશ્વરે આજ દિન સુધી મને બચાવી રાખ્યો છે, અને હજી તેના કામમાં લીધો છે... મારી એ જ ઇચ્છા છે કે દિનપ્રતિદિન ઈશ્વરના કાર્ય માટે હું વધારે ને વધારે વપરાતો જાઉં."

૧૮૩૩ના ઉનાળામાં તે એટલો બધો નબળો થઈ ગયો હતો, કે જાણે હવે અંત પાસે હોય. તેણે પોતાની બહેન પર લખી જણાવ્યું : "હું માનું છું કે, મારા તરફથી આ છેલ્લો પત્ર હશે..." પરંતુ તેની શક્તિ પાછી આવી. તે પોતાના પલંગ પર સૂઈ રહેતો, અને પછી મેજ પાસે બેસીને બંગાળી નવા કરારનાં પ્રૂફ વાંચતો. જ્યારે છેલ્લું સુધારેલું પ્રૂફ તેણે પૂરું કર્યું, ત્યારે તે બોલી ઊઠ્યો, કે "મારું કામ પૂરું થયું છે, અને હવે પ્રભુની ઇચ્છા સિવાય મારે બીજું કાંઈ કરવાનું નથી."

પાનખર ઋતુ અને શિયાળાના ઠંડા વાતાવરણને કારણે તેને તાજગી મળી હતી. ઘણા મિત્રો તેને મળવા આવતા હતા. ગવર્નર જનરલનાં પત્ની લેડી વિલિયમ બેન્ટીક વારંવાર તેની મુલાકાતે આવતાં. કલકત્તાના બિશપ ડૉ. દાનિયેલ વિલ્સન તેનો આશીર્વાદ મેળવવા તેના પલંગ પાસે ઘૂંટણીએ પડ્યા. છેલ્લા મુલાકાતીઓમાં જુવાન ડફ પણ હતો. તેણે ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરી. મુલાકાત પૂરી કરીને તે જતો હતો, અને ઓરડાની બહાર નીકળ્યો, ત્યારે તેણે ધીમો અવાજ સાંભળ્યો કે "પાછા આવો." કેરીએ તેને ધીમેથી પણ ગંભીરતાપૂર્વક કહ્યું : "તમે ડૉ. કેરી, ડૉ. કેરી વિષે ઘણું બોલતા હતા. પણ હવે હું વિદાય થાઉં, ત્યારે ડૉ. કેરી વિષે નહિ, પણ ડૉ. કેરીના તારનાર વિષે બોલજો." કદી વીસરી ન જવાય એવો મહત્ત્વનો બોધપાઠ શીખીને તેણે વિદાય લીધી.

૧૮૩૪ના જૂનની ૮મીના રવિવારે કેરી વિદાય લેતો હોય, એમ જણાયું. રાત દરમિયાન તબિયત વધારે બગડી ગઈ, અને સોમવારે ૯મીના સવારે ૫-૩૦ વાગ્યે તેનો આત્મા ઈશ્વર પાસે પહોંચી ગયો.

બીજા દિવસે સીરામપુરની શેરીઓમાં થઈને તેનું શબ કબ્રસ્તાને લઈ જવામાં આવ્યું. ડેનીશ ગવર્નમેન્ટ હાઉસ પર અર્ધી કાઠીએ

ધ્વજ ફરકાવવામાં આવ્યો. સંખ્યાબંધ હિંદુ, મુસ્લિમો અને યુરોપિયનો હાજર થયા હતા. તેના ભ્રાતૃ મિશનરીઓ, દેશી ખ્રિસ્તીઓ, પુરુષો અને સ્ત્રીઓ, ડેનીશ ગવર્નર અને તેમનાં ધર્મપત્ની તથા કાઉન્સિલના સભ્યો અને કલકત્તાથી આવેલા ઘણા માણસો તેની કબરે હાજર રહ્યા હતા. ગવર્નર જનરલ આ સમયે દક્ષિણ ભારતમાં હતા, એટલે તેમના પ્રતિનિધિ તરીકે લેડી બેન્ટીકે રેવ. ફીશરને મોકલ્યા હતા. ગવર્નર જનરલનાં પત્ની લેડી બેન્ટીક નદીની પેલે પાર બારકપોરથી સરઘસને નિહાળી રહ્યાં હતાં. સરઘસરૂપે ધીમે ધીમે રસ્તા પર બધા જઈ રહ્યા હતા, ત્યારે રસ્તા પર બંને બાજુએ અસંખ્ય લોકો જમા થયા હતા. કબરે પહોંચ્યા પછી તેઓએ પુનરુત્થાનનું ગીત ગાયું. ત્યાર પછી માર્શમેને પ્રવચન કર્યું, અને કેરીની મારફતે ઈશ્વરે જે અજાયબ કામ કરાવ્યું હતું, તેની ઝાંખી કરાવી. છેલ્લે મિ. રોબિન્સને પ્રાર્થના કરાવી. આખી ભક્તિસભા ઘણી જ ગંભીરતાપૂર્વક ચલાવવામાં આવી હતી.

પોતાની કબર પર લખવાના લખાણ અંગે કેરીએ પોતે પોતાના વસિયતનામામાં જણાવેલું હતું, અને તે મુજબ તેની કબર પર નીચે પ્રમાણે લખાણ લખવામાં આવ્યું છે :

"કીડો છું લાચાર, દરિદ્રી ને બેહાલ,
પડું કરપલ્લવમાં તારા, પ્રભુ મુજ સ્નેહાળ."

● ● ●

## પ્રકરણ ૨૬

# કૌટુંબિક જીવન

વિલિયમ કેરીએ સને ૧૭૮૧માં ડૉરાથી પેકેટ સાથે લગ્ન કર્યું. ડૉરોથીથી તેને કુલ બે દીકરી અને પાંચ દીકરા થયા. બંને દીકરી બબ્બે વર્ષની ઉંમરે મૃત્યુ પામી, અને પીટર નામનો દીકરો ૭ વર્ષનો હતો, ત્યાર મદનાબટ્ટીમાં મરણ પામ્યો. કેરી અનેકવિધ પ્રવૃત્તિઓમાં રોકાયેલો હોવા છતાં, તે કૌટુંબિક જવાબદારીઓ પ્રત્યે બેદરકાર નહોતો. તેણે પોતાનાં બાળકોને પ્રભુના શિક્ષણમાં ઉછેર્યાં હતાં.

ડૉરોથી નાજુક બાંધાની હતી, અને માનસિક રોગથી ઘણાં વર્ષો સુધી પીડાતી હતી. પરંતુ કેરી તેના પ્રત્યે હંમેશાં માયાળુપણે વર્તતો અને ખરા દિલથી તેની સેવાચાકરી કરતો. ડૉરોથીએ આપેલો ભોગ કેરી કદી વીસરી ગયો નહિ. ૧૮૦૭ની ડિસેમ્બરની ૭મી તારીખે સાંજે ૭ વાગ્યે તે મૃત્યુ પામી. તેના જીવનનાં છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન તેની માનસિક બીમારી અતિશય વધી ગઈ હતી, અને એ સમય કેરીને માટે ખરેખરો કસોટીરૂપ હતો.

તે પછી ૧૮૦૮ના મે માસની નવમી તારીખે કેરીએ શાર્લોટ એમેલિયા સાથે લગ્ન કર્યું. તે રાજવંશી કુટુંબની હતી. તે ડેન્માર્કના રાજાના વહીવટી અધિકારીની સાળી હતી. તે લગભગ કેરીની ઉંમરની હતી. અને ઘણી બુદ્ધિશાળી હતી. તેનામાં ઉત્તમ આત્મા

હતો, અને બહુ ધાર્મિક હતી. ટ્રાન્કવેબારથી તે સીરામપુર આવી, ત્યારે ત્યાંના ગવર્નર બાયે સન્માન સહિત તેનો ઉષ્માભર્યો આવકાર કર્યો. ગવર્નરે તેને ત્યાંના મિશનરીઓ અને તેમનાં કુટુંબો સાથે ઓળખાણ કરાવી. તેને તેમના કામમાં ઘણો રસ પડ્યો, એટલું જ નહિ પણ તેમના ચારિત્ર્ય અને પરિશ્રમથી તે આકર્ષાઈ હતી. તેમની સાથેની સંગત દ્વારા તે શાસ્ત્રનું કાળજીપૂર્વક સંશોધન કરવા લાગી, અને તેણે પોતાનું હૃદય અને જીવન તારનારને સોંપ્યાં.

ડૉ. કેરી સાથે લગ્ન થવાથી તે સીરામપુર મિશન હાઉસના સભ્યોની સાથે સંગતમાં આવી. તે પોતાના પતિના કાર્યમાં હોંશભેર રસ લેતી. અહીં એક ઉલ્લેખ કરવો જોઈએ, કે લગ્ન પહેલાં તેણે પોતાને રહેવા માટે જે ઘર બાંધ્યું હતું, તે તેણે મિશનને સોંપી દીધું, અને તે માટે મળતું ભાડું દેશી ઉપદેશકોના નિભાવ માટે વાપરવામાં આવે, એવું તેણે જણાવ્યું.

શાર્લોટ ૧૮૨૧માં મૃત્યુ પામી. તે પછી તેની ધાર્મિકતા અને તેની વિદાયથી પડેલી ખોટ અંગે કેરીએ ડૉ. રાયલેન્ડ પર જે પત્ર લખ્યો, તેમાં નીચે પ્રમાણેની વીગત હતી :

"ઈશ્વરની યોજનામાં હું ફરીથી એક વાર શોક્તિ બની ગયો છું. ૩૦મી મેના બુધવારે રાત્રે બાર કલાકે અને વીસ મિનિટે મારી પ્રિય પત્નીને મરણ દ્વારા મારી પાસેથી લઈ લેવામાં આવી છે. તેની ઉંમર ૬૦ વર્ષ અને ૨ મહિનાની હતી. ૧૩ વર્ષ અને ૩ અઠવાડિયાંના અમારા લગ્નજીવન દરમિયાન અમે ખરેખર સુખી હતાં. તે બહુ જ ધાર્મિક હતી, અને ઈશ્વરની ઘણી નજીક રહેનારી હતી. બાઇબલ તો તેને માટે રોજના આનંદરૂપ હતું, અને ઈશ્વરથી બીજે નંબરે તે મારા પર પ્રેમ રાખતી. મારા સુખને માટે તે નિરંતર કાળજી રાખતી. મારો ચહેરો નિહાળીને તે સર્વસમયે મારી બાબતો સમજી શકતી, અને તેથી હું કોઈ પ્રકારે મારા મનનું દુઃખ,

સંતાપ કે ચિંતા છુપાવી શક્તો નહિ. અમે એકબીજાની લાગણી સમજી શક્તાં હતાં. તેની એક અડગ ટેવ એ હતી કે બાઇબલ વાંચતાં વાંચતાં તે પ્રત્યેક કલમને જર્મન, ફ્રેંચ, ઇટાલિયન અને અંગ્રેજીમાં સરખાવી જતી, અને તેના મનનું સમાધાન ન થાય, ત્યાં સુધી એ કદી આગળ વધતી નહિ. આથી ઈશ્વરના વચનનો તરજૂમો કરવામાં તે મને વિશિષ્ટ રીતે ઉપયોગી હતી."

તેને ગરીબો અને ગરજવાન પર પુષ્કળ કરુણા આવતી, અને પોતાના મરણ સુધી માસિક મદદ આપીને કેટલાક અંધ અને લંગડા માણસોને તેણે નિભાવ્યા હતા. હું માનું છું કે, આ રીતે તે મારે માટે કીમતી વારસો મૂકી ગઈ છે.

મિશનની દરેકેદરેક પ્રવૃત્તિમાં તે પૂરા દિલથી કાર્ય કરતી શાળાઓના નિભાવ અર્થે અને ખાસ કરીને ભારતની બાળાઓ માટે તેણે ઘણો શ્રમ કર્યો છે.

તે વિદાય લેવા તૈયાર હતી. છેલ્લા કેટલાક સમયથી તેના વિચારોમાં અને વાતચીતમાં સ્વર્ગીય બાબતો જ હતી. જોકે ઘણા લાંબા સમય સુધી તે પોતાના ઓરડામાં બહુ ફરી શક્તી નહોતી, અને દિવસમાં બે વાર તેને કસરત માટે હાથોમાં લાવવી પડતી હતી, તોપણ તેની તેજસ્વીતાથી કુટુંબ પ્રકાશમય રહેતું હતું.

કેરીને એકલવાયાપણું લાગવાથી સને ૧૮૨૨માં તેનાથી ઉંમરમાં ૧૩ વર્ષ નાની એવી એક ૫૫ વર્ષની વિધવા ગ્રેસ હ્યુજીઝ સાથે તેણે લગ્ન કર્યું. જોકે તે અગાઉની પત્ની જેટલી હોંશિયાર અને કુશળ નહોતી. પરંતુ ખ્રિસ્તી સિદ્ધાંત પ્રમાણે ચાલનારી હતી, અને તે તેને વૃદ્ધાવસ્થામાં ઘણી દિલાસારૂપ હતી.

કેરીને ચાર જીવિત દીકરા હતા - ફેલિક્સ, વિલિયમ, યાબેસ અને યોનાથાન. ફેલિક્સ છાપકામમાં અને ઉપદેશ કરવામાં કેવી સેવાઓ આપતો, તે આપણે જોઈ ગયા છીએ. તેણે બર્મા જઈને

વૈદકિય સેવા આપી હતી. તેમ જ બર્મી ભાષામાં તેણે વ્યાકરણ તૈયાર કર્યું હતું. વિલિયમ અને યાબેસ મિશનક્ષેત્રમાં જોડાયા હતા. યોનાથાને કલકત્તામાં કાયદા-વિષયક લાઈન લીધી હતી.

યાબેસ પર તેના પિતાએ લખેલા લગભગ સો પત્રો સંભાળી રાખવામાં આવ્યા છે. એ પત્રો બહુ રસિક છે, અને કેરીના કૌટુંબિક જીવન પર ઘણો પ્રકાશ પાડે છે. પોતાનાં બાળકો માટે તે પ્રાર્થના કરતો, અને તેઓ તારનારનાં બની જાય, અને તેની તેઓ સેવા કરે એ જ તેની મહત્ત્વાકાંક્ષા હતી. તેના પત્રમાંનાં કેટલાંક અવતરણ નીચે પ્રમાણે છે - "યુરોપિયનોની સાથે ગપ્પાં મારવાના પરીક્ષણથી સાવધ રહે, પ્રત્યેક બાબતમાં તેમના પ્રત્યે આદર દર્શાવ, પરંતુ હંમેશાં તારી મુખ્ય ફરજ વિષે વિચાર કર."

"બધા ઉપરાંત મારા પ્રિય યાબેસ! તું ઈશ્વરની નજીક રહે, અને યુરોપિયન દુનિયાથી પોતાને અલગ રાખ. તારી નજર સમક્ષ ઈશ્વરને રાખીને ચાલ, અને સમયસર બધું સરળ બનશે. મુશ્કેલીઓ અદશ્ય થઈ જશે, અને તારા પર આશીર્વાદ ઊતરશે."

ઈશ્વર આપણને કાર્ય સોંપે, ત્યારે તેને યોગ્ય પણ તે બનાવે છે, અને તે આપણો નિભાવ કરે છે, એ જ પૂરતું છે.

પવિત્ર શાસ્ત્ર સ્પષ્ટ કહે છે, કે તમે પોતાના નથી, કેમ કે મૂલ્ય આપીને તમને ખરીદવામાં આવ્યા છે. આથી તમારા શરીર વડે દેવને મહિમા આપો.

● ● ●

## પ્રકરણ ૨૭

# મિશનરી કાર્ય

જે નવા ખ્રિસ્તીઓ થયા હતા, તેઓ પણ સુવાર્તિક કામ કરી શકે, તે માટે તેમને તાલીમની જરૂર હતી. આથી આગેવાનોએ તેમને લાંબા લાંબા પ્રવાસે લઈ જઈને એ અંગેની તાલીમ આપી. કેરી પિતાંબરસીંગને સુખસાગર અને કૃષ્ણપાલને જેસ્સોર લઈ ગયો. વળી વોર્ડ કૃષ્ણપાલને દેહાર્તા પણ લઈ ગયો. કૃષ્ણપ્રસાદ અને રામરતનને મદનાબટ્ટી અને દીનાજપુર સુધી પણ લઈ જવામાં આવ્યા. પિતાંબર અસરકારક રીતે ઉપદેશ કરનાર બની ગયો. બજારમાં એકલો જઈને હિંમતથી ઉપદેશ કરવાની પહેલ કરનાર તે હતો. દેહાર્તાની મુલાકાત લીધી ત્યારે માલૂમ પડ્યું, કે કેરીએ ત્યાં જે બી વાવ્યાં હતાં, તેની અસર જણાતી હતી, અને લોકોમાં ચોપાનિયાંની ભૂખ જણાતી હતી. મદનાબટ્ટીમાં લોકો કેરીના સારા ઉપદેશ વિષે તથા તેના ફૂલઝાડ વિષે વાત કરતા હતા. શિવનાથ નામના કેરીના એક વિદ્યાર્થીએ સારી પ્રગતિ કરી હતી, અને વોર્ડે આપેલો નવો કરાર તે ગામના લોકોને વાંચી સંભળાવતો હતો.

બંગાળ સિવાય અન્ય પ્રદેશોમાં પણ સુવાર્તા પ્રગટ કરવામાં આવે, એવી તીવ્ર ઇચ્છા કેરી રાખતો હતો. સને ૧૮૦૫ના ડિસેમ્બરની ૨૫મી તારીખની તેની નોંધમાં તે આ પ્રમાણે લખે છે - "ઘણા લાંબા સમયથી હું મારા મનગમતા એક ધ્યેય વિષે વિચાર કરતો

આવ્યો છું. યુરોપિયન ભાઈઓને દેશના જુદા જુદા ભાગોમાં બસો બસો માઈલના અંતરે ગોઠવવા જોઈએ, અને ભારતીય ભાઈઓને પણ અમુક અમુક સ્થળે મૂકવા જોઈએ. આ સંબંધી મેં મારા સાથી ભાઈઓ સાથે વાત કરી, અને તેઓએ આ યોજનામાં સંમતિ આપી. આ બાબત લક્ષમાં રાખીને મને એ યોગ્ય લાગ્યું, કે આ અંગે સરકારની પરવાનગી મેળવવામાં આવે તો સારું. એવી પરવાનગી મળે, તો તે દેશના કોઈ પણ ભાગમાં છૂટથી વિના સંકોચે સુવાર્તાપ્રચાર થઈ શકે. આથી મેં ગવર્નર જનરલ સર જી. બાર્લોની એક દિવસે મુલાકાત લીધી, અને અમે શું કરવા માગીએ છીએ, તે વિષે સમજૂતી આપી. તેમ જ આ અંગે એક વિનંતીપત્ર પણ આપવામાં આવ્યો."

પરવાનગી મળવાથી ઉત્તર ભારતમાં આવેલા મોટા શહેર આગ્રામાં તેમ જ શીખોના પ્રદેશમાં નવાં સ્ટેશનો ખોલવામાં આવ્યાં. પાછળથી મોંઘીર, બરહાનપુર, મુરશંદાબાદ, ઢાકા, ચિત્તાગોંગ અને આસામમાં સ્ટેશનો ખોલ્યાં. ભૂતાનમાં મિશનરીઓને લૂંટી લેવામાં આવ્યા, અને તેઓને હાંકી કાઢવામાં આવ્યા. ઉત્તર ભારતના સેવાક્ષેત્રમાં નીચેનાં સ્થળોનો સમાવેશ થતો હતો, - ગયા, પટણા, દીગાહ, ઘાઝીપોર, બનારસ, અલ્લાહાબાદ, કાનપુર, અજમેર અને દિલ્હી. વળી કેરીની યોજના લાહોર, કાશ્મીર અને અફઘાનિસ્તાન, જ્યાં તેણે પુસ્તુ બાઇબલ મોકલી આપ્યું હતું, તે બધાંનો સમાવેશ થતો હતો.

વળી કેરી મરાઠા અને ગુજરાતીઓને પણ ખ્રિસ્તની પાસે લાવવા માગતો હતો. આથી નાગપુર અને પશ્ચિમ ભારતમાં કામ કરવા માટે આરાતુનની પસંદગી કરવામાં આવી. સને ૧૮૧૩ના ફેબ્રુઆરીની બીજી તારીખે આરાતુન સુરત આવી પહોંચ્યો. ગુજરાતમાં આવનાર એ સૌથી પ્રથમ પ્રોટેસ્ટંટ મિશનરી હતો. તેણે મુસાફરી

કરીને ભરૂચ, ખંભાત તથા દમણ વગેરે સ્થળે જઈને સુવાર્તા પ્રગટ કરી, અને ખ્રિસ્તી સાહિત્ય આપ્યું. તે રોજ સવારના પાંચ વાગે જાગી જતો, અને સવારમાં તથા સાંજે પગપાળા ચાલીને ઉપદેશ કરવા નીકળી પડતો. બપોરના સમયે તે શોધકોની સાથે વાતચીત કરતો.*

કેરીને આટલાથી સંતોષ થયેલો નહિ હોવાથી, એશિયા ખંડની બહાર અન્ય પ્રદેશોમાં પણ તેણે મિશનરી કાર્યની શરૂઆત કરી. આ રીતે જાવા અને એમ્બોઈન તેમ જ પેનાંગ, સીલોન અને ઠેઠ મોરિશીયસ સુધી મિશનરીઓને મોકલવામાં આવ્યા. સીરામપુરની ત્રણ વિશ્વાસુ વ્યક્તિઓએ સને ૧૮૧૭ના અંત સુધીમાં કરેલા સેવાકાર્યની વિશાળતા તરફ આપણે નજર કરીએ છીએ, ત્યારે આપણને ખરેખર અચંબો લાગે છે.

કેરીના પુત્રોમાંથી ફેલિક્સ બર્મામાં અને વિલિયમ દીનાજપુરમાં મિશનરી સેવામાં જોડાયા હતા, અને તેથી કેરીને ઘણો આનંદ થયો હતો. પરંતુ તેને યાબેસ નામનો ત્રીજો પુત્ર હતો, તેનાથી તેને દુઃખ થતું હતું. કેરીએ પોતાના બંને પુત્રોને તેને માટે પ્રાર્થના કરવા જણાવ્યું, અને ઈશ્વરે તેમની પ્રાર્થના સાંભળી. ૧૮૧૨ના ઉનાળામાં એવા સમાચાર મળ્યા કે યાબેસે પણ પોતાના ખરા હૃદયથી ઈસુનો પોતાના પ્રભુ તથા તારનાર તરીકે સ્વીકાર કર્યો છે. આ તો તેના પિતાના હર્ષાનંદનો આરંભ જ હતો.

હવે એવું બન્યું, કે યાબેસ હજી તો વીસ વર્ષનો હતો, ત્યારે તેને બંગાળના ચીફ જસ્ટીસ થવા માટે સરકારે આમંત્રણ આપ્યું હતું, અને તેને નિમણૂક પણ આપવામાં આવી હતી. આ અંગે યાબેસે પોતાના પિતા પર પત્ર લખ્યો.

---

* આરાતુન સંબંધી વિશેષ વીગત માટે જુઓ - ડૉ. બોયડ કૃત "ચર્ચ હિસ્ટરી ઓફ ગુજરાત", પૃ. ૧૯-૨૧.

"હું આગળ પગલું ભરું, તે પહેલાં હું મારા પ્રભુ અને તારનાર ખ્રિસ્તના નમૂનાને અનુસરવા માગું છું. મારા પ્રિય પિતા, તમે મારે સારુ પ્રાર્થના કરજો, કે જેથી મારા ખરા દિલથી ઈશ્વરને હું પોતાનું અર્પણ કરી શકું."

યાબેસ હવે મિશનરી સેવામાં જોડાય છે, અને તેને દૂરના પ્રદેશ એમ્બોઈના મોકલવામાં આવ્યો. તેનો પિતા અને અન્ય તેને માટે લાંબા સમયથી પ્રાર્થના કરતા હતા, કે તે પણ મિશનરી બને, અને એ વાત હવે સાકાર બની હતી. તેથી કેરીનું હૃદય આનંદથી ઊભરાઈ ગયું.

સને ૧૮૧૩ના છેલ્લા અઠવાડિયામાં વોર્ડે ઇંગ્લાંડ પત્ર લખીને જણાવ્યું કે "અમે કાર્યમાં હજી પ્રગતિ કરી રહ્યા છીએ. દસ છાપખાનાં ચાલે છે, અને લગભગ ૨૦૦ જેટલા કર્મચારીઓ પ્રિન્ટિંગ ઑફિસમાં રોકાયેલા છે. અમારા હાથ થોડા છે, અમારા દિવસો ટૂંકા છે, અમારી શક્તિ વિસ્તૃત કાર્ય માટે નજીવી છે. સીરામપુર, જેસ્સોર, કાટવા, દીનાજપુર, પટણા, દીગાહ, અલ્લાહાબાદ, આગ્રા, સીરધાના, નાગપુર, સુરત, ઓરિસ્સા, કલકત્તા, સીલોન, બર્મા અને જાવામાં તારણનો સંદેશો લઈ જવામાં આવ્યો છે. હવે ગવર્નર જનરલે પોતે અમને એમ્બોઈના સહાય મોકલવાનું કહ્યું છે."

૧૮૧૩ની સનદ પછી લેફટેનન્ટ ગવર્નરે મિશનરીઓને જણાવ્યું, કે એમ્બોઈનાના પચાસ હજાર રહેવાસીઓ માટે મલાયા બાઇબલો મોકલી આપવામાં આવે. ગવર્નર જનરલે સત્તાવાર વારંવાર આ વિનંતી કરી, અને રાજ્યના ખર્ચે તે મોકલવામાં આવ્યાં.

કેરીએ પોતાના પુત્ર યાબેસ પર ૧૮૧૪ના જાન્યુઆરીની ૨૪મી તારીખે જે શિખામણો મોકલી આપી તેનો સાર નીચે પ્રમાણે છે :

"તું હવે એક મહાન કાર્યમાં રોકાયેલો છે, અને તેથી અમે તારે માટે પ્રાર્થના કરતા રહીશું. સર્વસમયે ઈશ્વર સાથે અને માણસ સાથે તું કેવો સંબંધ રાખે છે, તે પર ધ્યાન રાખ. હૃદયમાં શુદ્ધ રહે, અને ઈશ્વરના શુદ્ધ અને પવિત્ર સ્વભાવનું મનન કર. પ્રાર્થનાવાદી જીવન જીવ, અને ઈશ્વર પ્રત્યે નિષ્ઠાવાન બન. તું નમ્ર અને સાલસ બનજે. તારાથી કોઈ ભૂલ થાય, તો તે તરત સુધારી લેજે. તું પોતાને કદી પણ સંપૂર્ણ માનતો નહિ. તું હવે પરિણીત છે. રૂપ અને સુંદરતા ટૂંક સમયમાં જતાં રહેશે, પણ ચારિત્ર્ય અને સ્વભાવની સુંદરતા ટકી રહેશે. પ્રત્યેક દિવસના આરંભમાં અને અંતમાં સાથે મળીને પ્રાર્થના અને ઈશ્વરની સ્તુતિ કરજો. તમારા કુટુંબમાં હંમેશાં ધર્મને સ્થાન આપો. ઈશ્વર જો તમને બાળકોનું દાન આપીને આશીર્વાદ આપે, તો તેમને ઈશ્વરના ભયમાં ઉછેરો. ધાર્મિક્તામાં બીજાઓ સમક્ષ હંમેશાં નમૂનારૂપ થજે. તું લોકોનો આત્મિક શિક્ષક છે, એ યાદ રાખ, અને તેમનું ભલું કરવાનો પ્રયત્ન કર. ટાપુ પરના ૨૦,૦૦૦ કે તેથી વધારે માણસો માટે આત્મિક જવાબદારી તને સોંપાયેલી છે, એ યાદ રાખ, અને તેમની સાથે પ્રાર્થના કર."

• • •

## પ્રકરણ ૨૮

# કેળવણીકાર અને ભાષાશાસ્ત્રી

આપણે જોઈ ગયા, કે વિલિયમ કેરી પોતાના ધંધા સાથે શાળા પણ ચલાવતો હતો, અને તે પોતે શિક્ષક તરીકે સેવા આપતો હતો. વિદ્યાર્થીઓને શિક્ષણમાં રસ પડે તે માટે ઘણા પ્રયાસો કરતો. વળી પોતે સાથે સાથે બીજી ભાષાઓ પણ શીખતો હતો.

ભારતમાં આવ્યા પછી પણ તેણે પોતાનું કેળવણી કાર્ય ચાલુ રાખ્યું. મદનાબટ્ટીમાં કેરી ગળીની ખેતી કરતો હતો, ત્યારે ભારતમાં બાળકો માટે ૧૭૯૪માં સૌપ્રથમ શાળાની તેણે સ્થાપના કરી. વખત જતાં સરકારી દેખરેખ હેઠળ ભારતમાં જે પ્રાથમિક શાળાની સંસ્થા ઊભી કરવામાં આવી, એ આખી સંસ્થાની પુરોગામી આ શાળા હતી. મદનાબટ્ટીમાં રહીને તે બંગાળી ભાષા શીખ્યો, અને નવા કરારનો તે ભાષામાં તરજૂમો કરવાનું કાર્ય શરૂ કરી દીધું.

સીરામપુર આવ્યા પછી તેણે બાઇબલના તમજૂમાનું કામ, ઉપદેશ કરવાનું, ભાષાઓ શીખવાનું અને શિક્ષણ આપવાનું ચાલુ રાખ્યું. ૧૮૦૦ના જૂનની પહેલી તારીખે ભારતીય બાળકો માટે સીરામપુરમાં એક પ્રાથમિક શાળા ખોલવામાં આવી. સને ૧૮૧૮ સુધીમાં કેરીએ તથા તેના સાથીદારોએ ૧૨૬ જેટલી સ્થાનિક શાળાઓ સ્થાપન કરી હતી, જેમાં ૧૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા હતા. સીરામપુરના મિશનરીઓએ યુરોપિયન

અને એંગ્લો ઇન્ડિયન બાળકો માટે પણ સીરામપુર તેમ જ કલકત્તામાં શાળાઓ ખોલી હતી.

ભારતીય લોકોને અંગ્રેજી ભાષા શીખવવાની પ્રેરણા પણ પ્રથમ સીરામપુરના મિશનરીઓને થઈ હતી. સને ૧૮૦૦ ઑક્ટોબરની ૧૦મી તારીખે મિશનરીઓએ ઇંગ્લાંડ લખીને જણાવ્યું કે, અહીં વેપારધંધો વધતો જાય છે અને લોકોમાં જાગૃતિ આવવાથી સેંકડો માણસો અંગ્રેજી ભાષા શીખવા તત્પર છે.

હવે કેરી ભારતના જુવાન વર્ગના શિક્ષણ માટે વિચાર કરવા લાગ્યો. તેઓને માટે એક કૉલેજ સ્થાપવામાં આવે, એવું તેને દર્શન થયું. આ સમયે ધનિક લોકોએ કલકત્તામાં એક કૉલેજ ખોલી હતી, જેમાં માત્ર ઉચ્ચ વર્ણના હિંદુઓને જ પ્રવેશ મળતો હતો. આથી કેરીએ તમામ વર્ગના લોકોને માટે એક કૉલેજ શરૂ કરવાનો નિર્ણય કર્યો. તેણે જણાવ્યું કે આ કૉલેજમાં પ્રવેશ મેળવવા માટે કોઈ પણ નાતજાતનું બંધન રહેશે નહિ. આ રીતે ૧૮૧૮માં સીરામપુર કૉલેજની સ્થાપના કરવામાં આવી.

કૉલેજના અભ્યાસક્રમમાં એશિયાની ભાષાઓના ત્રણ વર્ગ હતા : (૧) સંસ્કૃત (૨) ચાઈનીઝ (૩) અરેબિક અને ફારસી. વળી અંગ્રેજી ભાષા સિવાય યુરોપની બીજી ભાષાઓ જેવી કે ગ્રીક, હિબ્રૂ, લાટિન વગેરે તેમ જ પાશ્ચાત્ય તથા પૌર્વાત્ય સાયન્સ, ઇતિહાસ, ફિલોસોફી અને સાહિત્યને અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવ્યાં.

વળી મંડળીના આગેવાનોની તાલીમ માટે ઈશ્વરવિદ્યાનો અભ્યાસક્રમ પણ દાખલ કરવામાં આવ્યો.

સદરહુ કૉલેજમાં કેરીએ ઈશ્વરવિદ્યાના પ્રોફેસર તરીકે તેમ જ વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્રના અધ્યાપક તરીકે સેવા આપવાનું શરૂ કર્યું.

કેરી એક ભાષાશાસ્ત્રી પણ હતો. તેણે સાત ભાષામાં વ્યાકરણ રચ્યાં - બંગાળી, સંસ્કૃત, તેલુગુ, મરાઠી, પંજાબી, કર્ણાટકી અને ભૂતાની. આ પ્રસંગે આપણને રેવ. જે. વી. એસ. ટેલરનું સ્મરણ થઈ આવે છે કારણ કે, તેમણે ગુજરાતી ભાષાનું પ્રથમ વ્યાકરણ રચ્યું હતું. એક રસપ્રદ બાબત છે કે જે. વી. એસ. ટેલરનું બાપ્તિસ્મા વિલિયમ કેરીના હસ્તે થયું હતું. વળી કેરીએ બંગાળી શબ્દકોશ પ્રસિદ્ધ કર્યા. બંગાળી શબ્દકોશની પાછળ ૩૦ વર્ષની જહેમત હતી.

કેરીને બંગાળી ભાષાના ગદ્યનો સર્જક કહેવામાં આવે છે. "ભારતમાં અંગ્રેજી ભણતરનો પાયો કોણે અને ક્યારે નાખ્યો" * એ શીર્ષક હેઠળ શ્રી. અશોક હર્ષે આપેલા એક લેખમાંનું કેટલુંક લખાણ નીચે પ્રમાણે છે:

"કલકત્તાની ફોર્ટ વિલિયમ કૉલેજમાં સંસ્કૃત, બંગાળી અને મરાઠી શીખવવા ઈ.સ. ૧૮૦૧માં વિલિયમ કેરીની નિમણૂક કરવામાં આવી. એને અહીંના ભાષા અને સાહિત્યના ઉત્તેજન માટે એટલો બધો ઉત્સાહ હતો, કે તેણે કૉલેજમાં બંગાળીનો એક ખાસ વિભાગ ઊભો કર્યો. એને અનુલક્ષીને ફોર્ટ વિલિયમ કૉલેજની કાઉન્સિલ પર લખેલા પત્રમાં એણે જણાવેલું :

'બંગાળી ભાષાની આંતરિક ગુણવત્તા મને અન્ય ભાષાઓ કરતાં વિશેષ લાગે છે.'

મુદ્રણ અને પ્રકાશન માટે કૉલેજે પહેલાં તો સીરામપુર ખાતે આવેલી કેરીના મિશનરી મુદ્રણાલયનો ઉપયોગ કરવા માંડેલો, અને તેને સરકારી સહાય આપવા માંડેલી, પરંતુ પછીથી ખુદ કૉલેજ જ મુદ્રણ, પ્રકાશન અને શિક્ષણનું કેન્દ્ર બની રહી.

---

* SANDESH, AHMEDABAD - તારીખ. ૧૭-૧-૧૯૮૬. આ લેખની સાથે ડૉ. કેરીનું ચિત્ર પણ આપવામાં આવ્યું છે.

કેરીએ બંગાળી વ્યાકરણ બહાર પાડવા ઉપરાંત ૮૦,૦૦૦ શબ્દોને સમાવતો એક શબ્દકોશ ત્રણ ખંડમાં બહાર પાડ્યો.*

વિલિયમ કેરીના ગ્રંથલેખનનો ચેપ બંગાળાના તે વખતના અન્ય વિદ્વાનોને પણ લાગ્યો અને કૉલેજમાં સેવા આપી રહેલા ભારતીઓએ પણ એ પ્રયત્ન હાથ ધર્યો, જેમાં મુખ્ય હતા, રામરામ બસુ, મૃત્યુંજય વિદ્યાલંકાર અને રાજીવલોચન મુખોપાધ્યાય.''

સંસ્કૃત ભાષા પર કેરીનો સારો કાબૂ હતો. ૧૮૦૪ના સપ્ટેમ્બરની ૨૦મીના ગુરુવારે એસેમ્બલી સમક્ષ કેરીએ સંસ્કૃત ભાષામાં પ્રવચન કર્યું, જે સમયે લોર્ડ વેલેસ્લી, સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશો, સુપ્રિમ કાઉન્સિલ, શહેરના વિદ્વાન લોકો, પ્રોફેસરો વગેરે હાજર હતા. આવું પ્રવચન કરનાર આ પ્રથમ યુરોપિયન હતો.

સર રવિન્દ્રનાથ ટાગોરે (૧૯૨૧માં) પોતાનું મંતવ્ય જણાવતાં કહ્યું, ''પ્રાંતિય ભાષાઓમાં નવેસરથી રસ પેદા કરવામાં કેરીએ પહેલ કરી હતી.''

વળી એશિયાટિક સોસાયટીના સેક્રેટરી રામ કોમલ સેને (૧૮૩૦માં) જણાવતાં કહ્યું, ''મારે એ કબૂલવું રહ્યું કે, બંગાળી ભાષામાં નવચેતના જગાડવા માટે અને તેને વધુ સઘન બનાવવા સારુ જે કાંઈ કરવામાં આવ્યું છે તેનો યશ ડૉ. કેરીને તથા તેમના સાથીદારોને જ ઘટે છે.''

• • •

* આપણા સાર્થ ગુજરાતી જોડણીકોશની પાંચમી આવૃત્તિમાં ૬૮૪૬૭ શબ્દો છે.

## પ્રકરણ ૨૯

# વનસ્પતિશાસ્ત્રી તથા કૃષિકાર

પૌલસપુરીમાં પોતાના બાળપણ દરમિયાન કેરીને કુદરતનો કેટલો બધો શોખ હતો, તે આપણે જોઈ ગયા છીએ. શાળાની સાથે જે મેદાન હતું તેને તેણે વનસ્પતિના બગીચામાં ફેરવી નાખ્યું હતું. પોતાના મિત્રો પાસેથી અને આસપાસના પ્રદેશોમાંથી છોડવાં અને ફૂલઝાડ લાવીને તેણે તેમાં રોપ્યાં હતાં. ત્યાર પછી ઇંગ્લાંડમાં જે જે સ્થળે તે રહ્યો હતો, ત્યાં બધે તેણે બગીચા બનાવ્યા હતા.

ભારતમાં આવ્યા પછી મદનાબટ્ટીમાં તે એકલો જેવો અનેક પ્રકારની નિરાશાઓ મધ્યે હતો, ત્યારે પણ તેણે ત્યાં બગીચો બનાવ્યો હતો, અને તેની સંભાળ લેવા તેણે કેટલાક માળી પણ રાખ્યા હતા. આ બગીચામાં તે મનન અને પ્રાર્થના માટે નિયમિત જતો હતો. અહીંથી તેણે જે પ્રથમ પત્ર લખ્યો, તેમાં તેણે આ પ્રમાણે લખ્યું હતું : "ભારતને મારો પોતાનો દેશ ગણું છું, અને તેના કાયમી લાભને માટે હું આ કાર્ય કરવા ઇચ્છા રાખું છું. તેથી ખેતીવાડીનાં સાધનો તથા ફળઝાડ તેમ જ ફૂલઝાડ અને અન્ય ઝાડનાં બી મારા પર મોકલી આપજો."

અહીંથી તેણે કંપનીના બોટાનિકલ ગાર્ડનના સુપ્રિન્ટેન્ડેન્ટ રોક્સબર્ગ સાથે પત્રવ્યવહાર કર્યો, અને બંને જણે છોડવાઓની ભેટની આપલે કરી. રોક્સબર્ગે ભૂતાનનો પ્રવાસ કર્યા પછી ચોવીસ

પ્રકારના છોડ મોકલી આપ્યા હતા, જેમાં સાગનો એક નવીન પ્રકાર હતો અને રોક્સબર્ગે તેને "કેરીઆ" એવું નામ આપ્યું હતું.

સને ૧૮૦૦ના આરંભમાં કેરી સીરામપુર આવ્યો અને ત્યાં પણ છ મહિનામાં જ સુંદર બગીચો બનાવી દીધો. રોક્સબર્ગ પર પત્ર લખીને તેણે જણાવ્યું કે, તેના બગીચામાં ૪૨૭ જાતના છોડ ઉગાડ્યા છે. તેણે ઘણા પ્રકારના છોડ મદનાબટ્ટીના બગીચામાંથી આણ્યા હતા. તેણે રોક્સબર્ગ પર તમામ છોડવાઓની યાદી મોકલી આપીને જણાવ્યું, કે જે છોડવા જોઈએ તેની તે પસંદગી કરે અને ખબર આપે.

સીરામપુરમાં બગીચા માટે તેને બે એકર જમીન મળી હતી. એટલે પોતાના બગીચાને સમૃદ્ધ બનાવવા તેણે બી તેમ જ છોડ મેળવવા પોતાનાં સગાં સ્નેહીઓ તથા મિત્રો પર દેશપરદેશ પત્રો લખ્યા. પોતાના પુત્ર યાબેસ પર લખ્યું કે "જે કંઈ વનસ્પતિ મળે, તે જરૂરથી મારા પર મોકલી આપજે. બની શકે તો દરેક પ્રકારનાં બસો કે ત્રણસો બી મોકલજે. નાનામાં નાનો છોડ હોય, તેને પણ નજીવો ગણતો નહિ. બને તેટલાં જીવતાં પક્ષી મારા પર મોકલી આપજે, અને નાનાં ચોપગાં પ્રાણીઓ પણ."

સીરામપુરના બગીચાનો ધીમે ધીમે એટલો બધો વિકાસ થયો કે, પૂર્વના પ્રદેશોમાં તે શ્રેષ્ઠ સ્થાન ધરાવવા લાગ્યો. તેમાં ૩૦૦૦ છોડવા હતા. ત્યાં આખો સમય માળીઓ કામ કરતા, અને કેરી સ્થળ પર હોય, ત્યારે દિવસનો અમુક સમય દોરવણી આપવામાં અને દેખરેખ રાખવામાં ગાળતો.

રોક્સબર્ગના બોટાનિકલ ગાર્ડનમાં જે વૃક્ષો અને છોડવા હતા, તે પૈકી ૮૦ જેટલા નમૂના તો કેરી પાસેથી મળ્યા હતા.

બંગાળામાં સૌપ્રથમ જે બટાકા જોવામાં આવ્યા, તેનું વાવેતર કેરીએ કર્યું હતું. તેણે દ્રાક્ષનું પણ વાવેતર કર્યું અને તેમાં તેને

એટલી બધી સફળતા મળી, કે તેને ભેટ તરીકે તે ગવર્નર જનરલને આપી શક્યો.

તેણે ઇંગ્લાંડનાં ઓક ઝાડ પણ લાવીને વાવ્યાં. તે છ કે આઠ ફૂટથી વધ્યાં નહિ.

મહોગની નામનું ઝાડ હજી પણ મુલાકાતીઓનું ધ્યાન ખેંચે છે. મહોગની એક અમેરિકન વૃક્ષ છે, અને તે રતુંમડા રંગનું કઠણ કાષ્ઠ આપનારું છે.

કલકત્તા યુનિવર્સિટીના પ્રોફેસર બ્રુલ કહે છે : "બંગાળામાં આજે જે અનેક પ્રકારના છોડવા જોવા મળે છે, તે કેરીના બગીચામાંથી કાં તો પક્ષીઓ મારફતે કે કાં તો પવન મારફતે લાવવામાં આવેલાં બીનું પરિણામ છે."

ભારતીય વનસ્પતિશાસ્ત્રમાં બે વૃક્ષ અને એક છોડવાને કેરીના નામ પરથી નામ આપવામાં આવ્યાં છે. એ છોડવામાં ઔષધીય મૂલ્ય રહેલું છે, અને તે માત્ર ભારતમાં જ મળે છે.

કેરીના પર બહારથી જે કંઈ આવ્યું હોય, તેનો તે હંમેશાં સદુપયોગ કરતો. એક વાર તેણે લોર્ડ મિન્ટોના માળી કુપર વેન્ટવર્થ પર આ પ્રમાણે લખ્યું : "તમારી કીમતી ભેટમાંનું કંઈ નકામું ન જાય, એટલે એક છાયાવાળી જગામાં મેં થેલી ખંખેરી નાખી. થોડાક દિવસો પછી મને આશ્ચર્ય અને આનંદ સાથે શું માલૂમ પડ્યું? ત્યાં તો ઇંગ્લિશ ડેઈઝીના છોડ ફૂટી નીકળ્યા હતા, અને એ જોઈને તો મને અત્યાનંદ થયો."

વનસ્પતિશાસ્ત્રી તરીકે ભારતનાં જંગલોની સાચવણી માટે તે સરકારને સલાહ આપતો હતો.

ઘણાં વર્ષોથી કેરીના મનમાં ખેતીની તેમ જ બાગાયત જમીન અંગે એક સોસાયટી સ્થાપવનો વિચાર ઘર ઘાલી બેઠો હતો. તેણે ખેડૂતોની સ્થિતિ જોઈ હતી. ખેડૂતો અભણ અને બહુ જ ગરીબાવસ્થામાં

હતા. જમીનદારો તેમના પર જુલમો ગુજારતા હતા. આથી કેરીને લાગ્યું કે ભારત માટે એગ્રિકલ્ચરલ સોસાયટી સ્થાપવી જોઈએ. ગવર્નર જંનરલનાં પત્ની લેડી હેસ્ટિંગ્સે આ વિચારને ખરા દિલથી માન્ય રાખ્યો. અને પાછળથી લોર્ડ હેસ્ટિંગ્સ પોતે પણ તેમાં સંમત થયા. આથી કલકત્તા મુકામે ૧૮૨૦માં "એગ્રિકલ્ચરલ સોસાયટી ઓફ ઇન્ડિયા" હસ્તીમાં આવી. લોર્ડ હેસ્ટિંગ્સ તેના પેટ્રન બનવામાં સંમત થયા. સોસાયટીના સેક્રેટરી તરીકે કેરીની નિમણૂક કરવામાં આવી.

સોસાયટીના કાર્યને વેગવતું બનાવવા એક પ્લેન્ટેશન કમિટી નીમવામાં આવી. આ કમિટીએ સો પાઉન્ડની કિંમતના કલમ કરેલાં ફળઝાડ ઇંગ્લાંડથી મંગાવ્યાં. કોફી, કપાસ, તમાકુ, શેરડી અને અન્ય અનાજના અખતરા હાથ ધરવામાં આવ્યા. જેઓ ખાનગી ઢબે પાક પકવતા હોય, તેમને માટે હરીફાઈ રાખવામાં આવી, અને તેમને ઇનામો આપવાનું જાહેર કર્યું. આવી એક હરીફાઈમાં કેરીનો એક જુવાન માળી જેનું નામ હલીધર હતું, તેણે પણ ભાગ લીધો, અને તે એક વાર કોબીજની હરીફાઈમાં ચાંદ અને રૂા. ૪૦/-નું ઇનામ જીતી ગયો.

કંપનીના બોટાનિકલ ગાર્ડનના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે પણ કેરીએ કેટલોક સમય સેવા આપી હતી. કેરીની વિશેષતાને ધ્યાનમાં લઈને કલકત્તાના બોટાનિકલ ગાર્ડનમાં તેની આસરપહાણની અર્ધપ્રતિમા મૂકવામાં આવી છે.

● ● ●

## પ્રકરણ ૩૦

# વૈદકીય અને અન્ય સેવા

વિલિયમ કેરી અને જોન થોમસને અલગ કરીને ભારતમાં મિશનરી તરીકે મોકલવામાં આવ્યા હતાં. પરંતુ થોમસ તો તે અગાઉ પણ ભારતમાં આવ્યો હતો, એ આપણે જોઈ ગયા છીએ. થોમસ સર્જન હતો અને તે ઉંમરમાં કેરી કરતાં ચાર વર્ષ મોટો હતો.

ઈશ્વરે થોમસનો ઉપયોગ કર્યો, અને તેને સેવા કરવા માટે બંગાળાના લોકો મધ્યે મોકલી આપ્યો. તેણે કલકત્તામાં તેમ જ અન્ય સ્થળે રહીને વૈદકીય સેવા આપી હતી. તેના સંબંધી લખવામાં આવ્યું છે કે, "ઘણાઓની જિંદગી બચાવવામાં તે સાધનરૂપ બન્યો હતો. તેનું ઘર હંમેશાં બીમાર અને પીડિત માણસોથી ભરચક રહેતું હતું. થોમસ પોતાના દરદીઓની આત્મિક કાળજી પણ રાખતો હતો, અને તેથી પોતાના પ્રત્યેક દરદીને ઈસુ ખ્રિસ્તના પ્રેમનો સંદેશો આપવાનું તે ચૂકતો નહિ. પ્રથમ ખ્રિસ્તી થનાર કૃષ્ણપાલે પણ સૌપ્રથમ થોમસ પાસેથી સુવાર્તા સાંભળી હતી."

કેરીએ પણ થોમસ પાસેથી કેટલુંક વૈદકીય જ્ઞાન મેળવ્યું હતું. મદનાબટ્ટીમાં તેનું ઘર એક પ્રકારના નાના દવાખાનારૂપ બની ગયું હતું. લોકો દવા અને સલાહ લેવા માટે માઈલોના માઈલો ચાલીને લગભગ દરરોજ તેના ઘરે આવતા હતા.

સીરામપુરમાં આવ્યા પછી પણ તેણે વૈદકીય સેવા આપવાનું ચાલુ રાખ્યું. લંગડા તેમ જ આંધળા તથા કેટલાક પાટાપટ્ટી માટે ત્યાં આવતા. વળી કેટલાક એવા લોકો પણ આવતા કે જેમનાં આંગળાં અને અંગૂઠા રક્તપિત્તથી ખવાઈ ગયાં હોય, તથા તેમાં ધારાં પડી ગયાં હોય. તે બધાંને દવા આપવાનું તથા પાટા બાંધવાનું કાર્ય કેરી કરતો હતો, તેમ જ આત્મિક રોગનો ઇલાજ પણ તેમને બતાવતો હતો.

કોઢિયા તથા રક્તપિત્તના દર્દીઓ જેઓ લોકોથી તજાયેલા હતા, તેઓ પ્રત્યે કેરીનું ધ્યાન દોરાતું. કેરીનો એક પુત્ર કુત્વામાં મિશનરી સેવા આપી રહ્યો હતો, ત્યારે સને ૧૮૧૨માં તેણે ત્યાં જે બનાવ જોયેલો તેનું વર્ણન તે આ પ્રમાણે કરે છે : "દસેક હાથ ઊંડો એક ખાડો ખોદવામાં આવતો, અને તેમાં અગ્નિ સળગાવવામાં આવતો. પછી જે માણસને કોઢ લાગેલો હોય, તે આળોટતો આળોટતો તેમાં પડતો. જો તે બહાર નીકળવા પ્રયત્ન કરે, તો તેની મા અને બહેન તેને પાછો ધકેલી દેતી અને એમ ક્રૂર રીતે એ માણસને મારી નાખવામાં આવતો. મને માલૂમ પડ્યું કે એ પ્રદેશમાં આવો એક સામાન્ય રિવાજ હતો. લોકોને એવું શીખવવામાં આવતું હતું કે આવી રીતે જીવનનો અંત લાવવાથી શરીર શુદ્ધ કરાય છે, અને બીજા જન્મ વખતે તેને તંદુરસ્ત શરીર પ્રાપ્ત થાય છે. તે માણસનું કુદરતી રીતે મૃત્યુ નીપજે, તો તેના ચાર જન્મ પછી પાંચમી વાર તે કોઢિયા તરીકે જ જન્મે છે. આ તો સતી થવાના રિવાજ કરતાં પણ વધારે ક્રૂર રિવાજ હતો."

આ બાબત વિષે કેરી ગંભીરતાપૂર્વક વિચાર કરવા લાગ્યો. આ અંગે સિરામપુરમાં બંને સામયિકોમાં એટલે "સમાચાર દર્પણ" અને "ફ્રેન્ડ ઓફ ઇન્ડિયા"માં અવારનવાર લખાણો આપીને એ પ્રત્યે લોકોનું ધ્યાન દોરવામાં આવ્યું. જ્યાં સુધી કલકત્તામાં કોઢી

કે રક્તપિત્તના દરદીઓ માટે એક દવાખાનાની સ્થાપના થઈ નહિ, ત્યાં સુધી કેરીને જંપ વળ્યો નહિ.

કેરીનો મોટો દીકરો ફેલિક્સ કેરી પણ એક નિષ્ણાત મેડિકલ મિશનરી હતો. તેણે બર્મામાં વૈદકીય સેવા આપી. તે વોર્ડની પાસે રહીને છાપકામ શીખ્યો હતો. તેણે સંસ્કૃત, પાલી, બંગાળી અને બર્મી ભાષા પર સારો કાબૂ મેળવ્યો હતો. તેણે બર્મી અને પાલી ભાષામાં શબ્દકોશ તૈયાર કર્યો. તેણે બાઇબલનાં કેટલાંક પુસ્તકોનો બર્માની પ્રાદેશિક ભાષામાં તરજૂમો કર્યો.

ગરીબ વર્ગના લોકો પર કેરીને હંમેશાં અનુકંપા આવતી હતી, અને તેમની ઉન્નતિ માટે વિચાર કરતો હતો. લોભી વેપારીઓ અને નાણાં ધીરનાર તેમના પર જુલમ ગુજારતા હતા. આથી સામાન્ય ગર્વના માણસો કરકસર કરતાં શીખે, તથા તેઓનું જીવનધોરણ ઊંચું આવી શકે, તે માટે તે મનમાં યોજના વિચારવા લાગ્યો. છેવટે તેણે સીરામપુરમાં ૧૮૧૯માં એક સેવિંગ્સ બેન્કની સ્થાપના કરી. ભારતમાં આવા પ્રકારની આ પ્રથમ બેન્ક હતી. એકાદ દશકામાં ગવર્નર જનરલ વિલિયમ બેન્ટીકે આ જ સિદ્ધાંત પર ગવર્નમેન્ટ સેવિંગ્સ બેન્કની સ્થાપના કરી.

• • •

## પ્રકરણ ૩૧

# વિલિયમ કેરીના જીવનની અનોખી ભાત

'મિશનરી તરીકે રહેવામાં મને પૂરો સંતોષ છે, અને વિધર્મીઓ મધ્યે સુવાર્તા પ્રચાર કરવો, એ મારે માટે મોટું માન છે. આખી દુનિયાનું દ્રવ્ય મને પ્રાપ્ત થાય, તોપણ હું મારું સ્થાન છોડીશ નહિ.'

"ભારતમાં ખ્રિસ્તની મંડળીનો પાયો નાખવામાં હું ઉપયોગી થાઉં, એ સિવાય મારે બીજું કોઈ ઇનામ કે માન જોઈતું નથી."

૧૭૯૩માં કેરીની નિમણૂક થઈ ત્યારથી તેનું મરણ થયું ત્યાં સુધીમાં તેને મિશન ફંડમાંથી ૬૦૦ પાઉન્ડ કરતાં વધારે મળ્યા નહોતા. પરંતુ તેની પોતાની આવકમાંથી તેણે ૪૦,૦૦૦ પાઉન્ડ મિશન કાર્ય માટે આપ્યા હતા.

તે કદી ફર્લો પર ગયો નહિ. પોતાને સારુ તે દ્રવ્યનો ખડકલો કરી શક્યો હોત, પણ તે એક દરિદ્રી તરીકે મૃત્યુ પામ્યો.

સંસ્કૃતમાં વ્યાખ્યાન આપનાર એ પ્રથમ યુરોપિયન હતો.

હુગલી નદીમાં સ્નાન કરતાં કરતાં એક હિંદુ માણસે બીજાને કહ્યું, "માર્શમેન અને કેરીનાં નામ વહેલી પ્રભાતે યાદ કરવા જેવાં છે."

"આપણો સમય, આપણાં કૃપાદાન, આપણી શક્તિ, આપણાં કુટુંબો અને વળી આપણે પહેરીએ છીએ તે કપડાં પણ આપણા પોતાનાં છે, એમ કદી ધારશો નહિ. ઈશ્વર અને તેના કાર્યને માટે તે સર્વને પરિશુદ્ધ કરીએ."

"મારી વિદાય પછી જો કોઈને મારું જીવનવૃત્તાંત લખવા જેવું લાગે, તો હું તે એક માપદંડ આપવા માગું છું. જો તે મને એક પરિશ્રમી માણસ તરીકેનો યશ આપશે, તો મને ન્યાય આપેલો ગણાશે. એ સિવાય બીજું કંઈ હોય, તે વધારે પડતું છે. હું પરિશ્રમ કરી શકું છું, કોઈ પણ ચોક્કસ પ્રવૃત્તિ માટે હું સતત પ્રયાસ કરી શકું છું."

એક વખતે કેરીના મુખ્ય પંડિત મૃત્યુંજયે વોર્ડને પૂછ્યું : "કેરી સાહેબ કયા પ્રકારનો દેહ ધરાવે છે? તેમને હું સમજી શક્તો નથી. તે કદી ભૂખ્યા દેખાતા નથી, કે કદી થાકેલા જણાતા નથી, અને કોઈ કામ કદી અધૂરું મૂકતા નથી."

• • •

## પ્રકરણ ૩૨

# કેરીના અનુવાદની યાદી જ્યોર્જ સ્મિથ નીચે પ્રમાણે આપે છે

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮૦૧ | બંગાળી | નવો કરાર | જૂનો કરાર | ૧૮૦૨ દરમિયાન |
| ૧૮૧૧ | ઉરિયા | ,, ,, | ,, ,, | ૧૮૧૯ |
| ૧૮૨૪ | મગધી | ,, ,, | - - | — |
| ૧૮૧૫-૧૮૧૯ | આસામીસ | ,, ,, | જૂનો કરાર | ૧૯૩૨ |
| ૧૮૨૪ | ખાસી | | | |
| ૧૮૧૪-૧૮૨૪ | મણીપુરી | | | |
| ૧૮૦૮ | સંસ્કૃત | નવો કરાર | જૂનો કરાર | ૧૮૧૧-૧૮૧૮ |
| ૧૮૦૯-૧૮૧૧ | હિંદી | ,, ,, | ,, ,, | ૧૮૧૩-૧૮૧૮ |
| ૧૮૨૨-૧૮૩૨ | વ્રજભાષા | ,, ,, | | |
| ૧૮૧૫-૧૮૨૨ | કનૌજી | ,, ,, | | |
| ૧૮૨૦ | ખોસલી | માત્થીની સુવાર્તા | | |
| ૧૮૨૨ | ઉદેપુરી | નવો કરાર | | |
| ૧૮૧૫ | જયપુરી | ,, ,, | | |

| | | | |
|---|---|---|---|
| ૧૮૨૧ | ભુગલી | ,, ,, | |
| ૧૮૨૧ | મારવાડી | નવો કરાર | |
| ૧૮૨૨ | હશૈતી | ,, ,, | |
| ૧૮૨૩ | બીકાનેરી | ,, ,, | |
| ૧૮૨૩ | ઉજ્જૈની | ,, ,, | |
| ૧૮૨૪ | ભાટ્ટી | ,, ,, | |
| ૧૮૩૨ | પલ્પા | ,, ,, | |
| ૧૮૨૬ | કુમૌની | ,, ,, | |
| ૧૮૩૨ | ગુર્વાલી | ,, ,, | |
| ૧૮૨૧ | નેપાળી | ,, ,, | |
| ૧૮૧૧ | મરાઠી | ,, ,, | જૂનો કરાર ૧૮૨૦ |
| ૧૮૨૦ | ગુજરાતી | ,, ,, | |
| ૧૮૧૯ | કોંકણી | ,, ,, | પંચગ્રંથ ૧૮૨૧ |
| ૧૮૧૫ | પંજાબી | ,, ,, | પંચગ્રંથ અને ઐતિહાસિક પુસ્તકો - ૧૮૨૨ |
| ૧૮૧૯ | મુલતાની | ,, ,, | |
| ૧૮૨૫ | સિંધી | માત્થીની સુવાર્તા | |
| ૧૮૨૦ | કાશ્મીરી | નવો કરાર | જૂનો કરાર-૨ રાજા સુધી |
| ૧૮૨૦-૧૮૨૬ | ડોંગરી | ,, ,, | |
| ૧૮૧૯ | પુષ્તુ | ,, ,, | જૂનો કરાર-ઐતિહાસિક પુસ્તકો |
| ૧૮૧૫ | બલુચી | ત્રણ સુવાર્તા | |
| ૧૮૧૮ | તેલુગુ | નવો કરાર | પંચગ્રંથ ૧૮૨૦ |
| ૧૮૨૨ | કન્નડ | નવો કરાર | |
| | માલ્દીવીઅન | ચાર સુવાર્તા | |

• • •

## સંપાદિત કરીને કેરીએ છપાવ્યા

| | | | |
|---|---|---|---|
| ૧૮૪૧ | ફારસી | ૧૮૨૩ | સિંહાલી |
| ૧૮૩૯ | ઉર્દુ | ૧૮૦૫ | ચાઈનીઝ (ડૉ. માર્શમેનનો) |
| ૧૮૧૧ | મલયાલમ | ૧૮૨૯ | જાપાનીઝ |
| ૧૮૧૫ | બર્મી-માત્થીની સુવાર્તા | ૧૮૧૪-૩૫ | મલાયા |

• • •

1BGW2

## ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાય

| ક્રમ | પુસ્તકનું નામ | |
|---|---|---|
| ૧ | પ્રેષિતોના કાર્યો દ્વારા મળતો ઈશ્વ | |
| ૨ | માર્કનો સંદેશ | ૫૦-૦૦ |
| ૩ | ગિરિપ્રવચનનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | કરિંથવાસીઓને લખેલા પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૫ | અયૂબ | ૬૦-૦૦ |
| ૬ | રૂથનો સંદેશ | ૨૫-૦૦ |
| ૭ | વિશ્વવ્યાપી જળપ્રલય | ૧૫-૦૦ |
| ૮ | તમારા સંજોગોના સંચાલક | ૨૫-૦૦ |
| ૯ | ખાલી કબરનો ચુકાદો | ૨૦-૦૦ |
| ૧૦ | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૩૦-૦૦ |
| ૧૧ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૧૨ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૧૩ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૧૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૧૭ | આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૮ | બેન-હર | ૨૦-૦૦ |
| ૧૯ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨૦ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૨૧ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૩ | ૩૦-૦૦ |
| ૨૨ | વિશ્વાસ માર્ગદર્શિકા | ૨૫-૦૦ |
| ૨૩ | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૨૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૨૫ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૫-૦૦ |
| ૨૬ | વહાલાં પંખીડા | ૧૫-૦૦ |
| ૨૭ | ચિરાયેલો પડદો | ૨૦-૦૦ |
| ૨૮ | નિર્મળા | ૧૦-૦૦ |
| ૨૯ | યોનેકો | ૧૫-૦૦ |
| ૩૦ | અને કમાની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫-૦૦ |
| ૩૧ | સભાશિક્ષક | ૩૦-૦૦ |